
ISSN-0971-8397

વિશેષાંક

# યોજના

ઑક્ટોબર-૨૦૧૬ વિકાસને સમર્પિત માસિક ₹ ૩૦



## કાપડ ઉદ્યોગ : નવા અધ્યાયની શરૂઆત

ટકાઉ હસ્તકલા

કામદારોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું

રોજગારી સર્જન અને સમાવેશક વિકાસ

હાથશાળ : ભૂતકાળ, વર્તમાન અને ભાવિ

વિશેષ લેખ :

ખાદી : પર્યાવરણની દૃષ્ટિએ અનુકૂળ ઉદ્યોગ

## આપણી હેન્ડલૂમ પરંપરાને ભારત અને વિશ્વની ફેશનમાં કેન્દ્ર સ્થાને લાવવાની આવશ્યકતા: પ્રધાનમંત્રી

### ૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ નેશનલ હેન્ડલૂમ ડે પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીનો સંદેશ

- નેશનલ હેન્ડલૂમ ડે પ્રસંગે આપણે નિર્ધાર કરીએ કે હેન્ડલૂમ ક્ષેત્રને વેગ આપવા આપણે આપણાં રોજબરોજનાં જીવનમાં હેન્ડલૂમનો વધુ ઉપયોગ કરીશું.
- આપણું હેન્ડલૂમ ક્ષેત્ર વિવિધીકરણ ધરાવતું, ઈકો-ફ્રેન્ડલી અને અસંખ્ય વણકરોને રોજગારીનો સ્રોત છે, જેમને ટેકો મળશે તો ઘણું પ્રોત્સાહન પ્રાપ્ત થશે.
- હેન્ડલૂમ ક્ષેત્ર સાથે ઘણી મહિલાઓ જોડાયેલી હોવાથી હેન્ડલૂમ ક્ષેત્રનો વિકાસ એ મહિલા સસક્તિકરણ તરફનું પણ મહત્ત્વનું કદમ છે.

### ૩૧મી જાન્યુઆરી ૨૦૧૬ની  મન કી બાતમાંથી અવતરણો

- ખાદી હવે એક પ્રતીક બની ગઈ છે, તેની અલગ ઓળખ છે. ખાદી હવે યુવાપેઢી માટે આકર્ષણનું કેન્દ્ર બની છે અને જે લોકોને ઓર્ગેનિક અને સમગ્રલક્ષી હેલ્થકેર તરફનું વલણ છે તેમને માટે, તેવી યુવા પેઢી માટે, ખૂબ જ નિશ્ચિત ઉપાય બની રહે છે.
- ફેશનની દુનિયામાં ખાદીએ અનોખી આભા ઊભી કરી છે.
- ખાદીમાં લાખો લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા છે.
- બાપુ હંમેશાં ટેક્નોલોજિકલ અપગ્રેડેશન અને જાગૃતિ માટે આગ્રહી હતા અને એ બાબતે મોખરે રહ્યા છે.
- ૩૦ જાન્યુઆરીએ આપણે જ્યારે આદરણીય બાપુને યાદ કરીએ છીએ ત્યારે તમારા અનેક વસ્ત્રોમાંથી એક વસ્ત્ર ખાદીનું જરૂર વસાવો અને તે રીતે ખાદીના ટેકેદાર બની રહો.

### નેશનલ હેન્ડલૂમ ડે ૨૦૧૫ પ્રસંગે પ્રધાન મંત્રીશ્રીનું પ્રવચન

- "હેન્ડલૂમ ક્ષેત્રમાં એક આંતરિક તાકાત છે, જેનું આપણે માર્કેટિંગ કરવાનું છે. હેન્ડલૂમ મુખ્યત્વે રૂ, રેશમ, ઊન, શણ વગેરે કુદરતી રેશાઓનો ઉપયોગ કરે છે. આથી તે ઈકો-ફ્રેન્ડલી છે. આપણે વેજિટેબલ ડાઈઝ અને અન્ય ઓર્ગેનિક પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને તેને વધુ ઈકો-ફ્રેન્ડલી બનાવી શકીએ."
- આપણે આપણી હેન્ડલૂમ પરંપરાને ભારત અને દુનિયાની ફેશનમાં કેન્દ્ર સ્થાને મૂકવાની જરૂર છે.
- ઈન્ડિયન હેન્ડલૂમ બ્રાન્ડ ગ્રાહકોનો વિશ્વાસ હાંસલ કરવાના એકમાત્ર ઉદ્દેશથી રજૂ કરાઈ છે.
- તાજેતરમાં આપણે "ડિજિટલ ઈન્ડિયા મૂવમેન્ટ" શરૂ કરી છે, જે દ્વારા આપણે તમામ ભારતીયોને ઈન્ટરનેટ સાથે જોડીશું. યુવાન ગ્રાહકો હવે ઈ-કોમર્સ પ્લેટફોર્મ મારફતે વ્યાપક ખરીદી કરતા થયા હોવાથી આપણે હેન્ડલૂમ પ્રોડક્ટ્સના વેચાણનો વ્યાપ પણ ઈ-કોમર્સ દ્વારા વિસ્તારવો જોઈએ.
- હેન્ડલૂમના પ્રચાર માટે સારા માર્કેટિંગનું પીઠબળ ધરાવતી નવતર પ્રકારની ડિઝાઈન આવશ્યક છે.
- વ્યક્તિગત વણકરોને વર્કશેડ બાંધવા શાળ તેમ જ એસેસરીઝ ખરીદવા માટે સહાય હવે સીધી તેમના બેંકના ખાતામાં જમા કરાશે. આપણે બ્લોક લેવલે હેન્ડલૂમ ક્લસ્ટર્સ સ્થાપવાનું મહત્ત્વનું કદમ ઉઠાવ્યું છે. અગાઉ એક હેન્ડલૂમ ક્લસ્ટરને માત્ર રૂ.૬૦ લાખની સહાય અપાતી હતી, જે વધારીને રૂ.૨ કરોડ કરવામાં આવી છે.
- પ્રિ-લૂમ પ્રવૃત્તિમાં આપણે ઉત્પાદકતા વધારવા તથા શ્રમ ઘટાડવા ટેક્નોલોજીમાં સુધારો કરવાની જરૂર છે.
- માઈક્રો સ્મોલ અને મધ્યમ કદના ઉદ્યોગોની નાણાકીય સમસ્યાઓ હલ કરવા માટે સરકારે મુદ્રા બેંકની રચના કરી છે. આ બેંક રૂ.૨૦,૦૦૦ કરોડનું ભંડોળ અને રૂ.૩,૦૦૦ કરોડનું ક્રેડિટ ગેરંટી ભંડોળ ધરાવે છે. મુદ્રા બેંક એ બાબતની ખાતરી રાખશે કે ઓછામાં ઓછું ૬૦ ટકા ધિરાણ રૂ.૫૦,૦૦૦થી ઓછા ધિરાણનું હોય. મને ખાતરી છે કે આ પ્રયાસ દ્વારા હેન્ડલૂમના વણકરોને મોટા પાયે લાભ થશે.

**આગામી આકર્ષણ**

**Taxation Reforms | વેરા માળખામાં સુધારા**
**નવેમ્બર-૨૦૧૬**

આયોજન અને વિકાસને સમર્પિત

ઑક્ટોબર-૨૦૧૬

વર્ષ : ૪૪ અંક : ૦૭ સળંગ અંક : ૭૯૦

# યોજના

મુખ્ય તંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઇન્દ્રેકર

યોજના કાર્યાલય
લૉંગ લાઇફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

ટકાઉ હસ્તકળા -
સ્મૃતિ ઈરાની ..... ૫

કામદારોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું
અજય ટમ્ટા ..... ૮

રોજગારી સર્જન અને સમાવેશક વૃદ્ધિ માટે કાપડ ક્ષેત્રમાં પહેલ
રશ્મી વર્મા ..... ૧૧

ભારતમાં હેન્ડલૂમઃ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય
જયા જેટલી ..... ૧૫

ખાદી - આધુનિક ભારતનું નિર્માણ કરવા આપણી પાયારૂપ તાકાત
વી. કે. સક્સેના ..... ૨૧

ભારતનાં ટેક્સ્ટાઇલ અને વસ્ત્રોની નિકાસ માટે વિકાસશીલ બજારો
અદિતી દાસ રાઉત ..... ૨૪

કાપડ નિકાસ : હાલની પરિસ્થિતિ અને ભવિષ્યનો માર્ગ
ડૉ. વિજ્યા કટ્ટી ..... ૨૯

સિલ્ક કાપડ ઉદ્યોગઃ પડકારો અને ભાવિ માર્ગ
બી એસ અંગાડી, કે કે શેટ્ટી અને નાગેશ પ્રભુ ..... ૩૮

ભારતીય સ્વાતંત્ર્યનું પ્રતીક : ખાદી
એ. અન્નામલાઈ ..... ૪૫

ભારતીય શણ ક્ષેત્રને પ્રોત્સાહન - જેપીએમ કાયદો
સુબ્રતા ગુપ્તા ..... ૪૯

ભારતમાં કાપડ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે 'કલસ્ટર' અભિગમનું વ્યૂહાત્મક મહત્ત્વ
ડૉ. એ. કે. કૃષ્ણ કુમાર ..... ૫૫

ભારતીય કાપડ : વૈશ્વિક પરિસ્થિતિ
શ્રી આર. કે. દાલમીયા ..... ૬૧

૨૦૧૬-૧૭માં કાપડ ઉદ્યોગની તરાહો
અંજુ મોદી ..... ૬૪

ભારતનો શણ ઉદ્યોગ : સમસ્યાઓ અને ભાવિ વિકાસ
ડૉ. રમા શાહ ..... ૬૬

સરદાર વલ્લભભાઈ પટેલ અને બારડોલી સત્યાગ્રહ
ઉર્વીશ કોઠારી ..... ૬૮

### ટાઈટલ

- આવરણ ડિઝાઇન : – ૧
- હાથશાળ ક્ષેત્ર - પ્રધાનમંત્રીના વિચારો : – ૨
- હૅન્ડલૂમ સ્ટોલની ફાળવણી માટે ઓનલાઈન પોર્ટલ : – ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪


**છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/બૅંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.**
**યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઓનલાઈન ભરી શકાશે. www.yojana.gov.in**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# યોજના

## તંત્રીલેખ

### ભવિષ્યની ડિઝાઇન




'ટેક્સ્ટાઈલ' શબ્દ - સૂતરાઉ, રેશમી, શિફોન, લેસ વગેરે સુંદર વસ્ત્રોની છાપ લઈને આવે છે. આવાં વસ્ત્રો મોહંજોદરોની મહિલાના શરીરને વિંટાયેલાં હોય કે ક્લિયોપેટ્રાના સ્ટાઈલિસ્ટ વસ્ત્ર હોય, કે પછી પોશાક હોય, આપણી રાણીઓ અને રાજકુમારીઓ દ્વારા પહેરાતાં સુંદર પોશાક હોય વસ્ત્રો હંમેશાં વ્યક્તિના જીવનનો અંતર્ગત હિસ્સો રહ્યો છે. વિવિધ યુગોમાં વિવિધ પ્રકારનાં કાપડ પહેરાયાં છે, જેમાં રૂ, શણ અને સિલ્ક જેવા કુદરતી રેસાઓથી માંડીને રેયોન, શિફોન અને મુસલીન જેવા માનવસર્જિત રેસાઓથી બનેલા કાપડનો સમાવેશ થાય છે.

દુનિયાભરમાં ભારતીય કાપડ તેના સુંદર રંગો અને ડિઝાઈનોને કારણે જાણીતું છે. દુનિયાના કોઈ પણ દેશમાં ભારત જેવી સંસ્કૃતિના વૈવિધ્ય અને ભિન્ન પ્રકારની ટેક્સ્ટાઈલ ટ્રેડિશન જોવા મળતી નથી, એ ભલે ને પછી રાજસ્થાનની બાંધણી હોય, બંગાળની કાંથા હોય, ગુજરાતની તનછોઈ હોય કે તામિલનાડુનું કાંજીવરમ હોય. આ દરેક કાપડ એક પ્રાદેશિક સંસ્કૃતિ અને પરંપરાની અનોખી છાપ છોડી જાય છે. બનારસી સિલ્ક, ઓડિશા સિલ્ક, ટસર, મૂંગા અને ચંદેરી એવી બ્રાન્ડઝ છે કે જેને દુનિયાભરમાં પ્રશંસા પ્રાપ્ત થઈ છે.

ભારત હંમેશાં સૂતરાઉ કાપડના ઉત્પાદનમાં મોખરે રહ્યું છે. ધોતી, કુર્તા, સાડી કે લહેંગા જેવાં કોઈ પણ વસ્ત્રને ઇતિહાસમાં સૂતરાઉ કાપડને સામાન્ય માણસના કપડા તરીકે ઓળખવામાં આવ્યું છે. રૂના મુખ્ય ઉત્પાદક તરીકે એક સમયે સૂતરાઉ કાપડનો ઉદ્યોગ એટલો ધમધમતો હતો કે તે ગ્રેટ બ્રિટનના સૂતરાઉ કાપડ ઉદ્યોગ માટે જોખમરૂપ બની ગયો હતો. એટલી હદે કે બ્રિટિશરોએ તેમનું પોતાનું કાપડ ઉદ્યોગનું ઉત્પાદન બચાવવા માટે એવી વિવિધ નીતિઓ લાવ્યા કે જે ભારતના કાપડને દુનિયા સુધી પહોંચતુ અટકાવે અને ભારતીય ગ્રાહકોને તેમનું સૂતરાઉ કાપડ ખરીદવાની ફરજ પડે. બ્રિટિશ સરકારની આવી પદ્ધતિઓ રાષ્ટ્રિય ચળવળ ઊભી કરવામાં મહત્ત્વનું પરિબળ બની રહી હતી. આ કારણે પણ ખાદીનો આઝાદીના પ્રતીક તરીકે જન્મ થયો.

વીતેલાં વર્ષોમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ સહિત વ્યાપક માનવ સમુદાય માટે ખાદી સ્વમાનપૂર્વક રોજગારી મેળવવાનું મૂલ્યવાન સાધન અને અમૂલ્ય વારસો બની રહી. ખાદીની લાખો લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા જોઈને પ્રધાનમંત્રીશ્રીએ તેમની 'મન કી બાત' માં ભારતના યુવાનોને તેમનાં ઘણાં વસ્ત્રોમાંથી ઓછામાં ઓછું એક ખાદીનું વસ્ત્ર અપનાવવા જણાવ્યું હતું. ખાદી એ સૌથી સ્વચ્છ અને પર્યાવરણની દૃષ્ટિએ અસલામત એવા આધુનિક સિન્થેટિક ફાઈબરનો મજબૂત વિકલ્પ પૂરો પડવાની લાંબાગાળાની ક્ષમતા ધરાવે છે. હેન્ડલૂમ એ એક અન્ય વિવિધતા ધરાવતું અને ઇકો-ફ્રેન્ડલી સેક્ટર છે, જેની સાથે આધુનિક ઈનોવેશન ઉપરાંત સમૃદ્ધ પ્રાચીન પરંપરાઓ જોડાયેલી છે. પ્રધાનમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો આપણે પરંપરાગત હેન્ડલૂમ પ્રોડક્ટ્સને યોગ્ય સ્થાન આપવાની જરૂર છે અને તેને ભારત અને દુનિયાની ફેશનમાં કેન્દ્ર સ્થાને મૂકવાની જરૂર છે.

ભારતનું રેશમ દુનિયાભરમાં અનંતકાળથી પ્રસિદ્ધ છે. તેની મોતી, મોર અને મસાલાઓની સાથે નિકાસ થતી હતી. ભારતનું રેશમ અને મુસલીનની દુનિયાભરમાં ખૂબ જ માંગ હતી. દેશના ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ભાગમાં રેશમ ઉદ્યોગ રોજગારી આપવામાં મોખરે છે. શણ, એક ફાઈબર તરીકે મુખ્યત્વે પૅકેજિંગ મટીરિયલ તરીકે ઉપયોગમાં લેવાય છે, પણ હવે તે ફેશન અને ડિઝાઈનર્સની કલ્પનામાં વસી ગયું છે અને શણની કાપડ સામગ્રીનું મોટા પાયે માર્કેટિંગ થઈ રહ્યું છે. ટેક્નિકલ ટેક્સ્ટાઈલ એ એક ઉભરતું ક્ષેત્ર છે, જેનો તબીબી ઉપયોગીતા, સિવિલ એન્જિનિરિંગ, ઑટોમોબાઈલ્સ વગેરે ક્ષેત્રે ઉપયોગ થાય છે.

દુનિયામાં કાપડ અને વસ્ત્રોના સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર તરીકે ભારતનો કાપડ ઉદ્યોગ બીજા નંબરે છે. ખેતી પછી રોજગારી આપવામાં પણ બીજા નંબરે રહીને તે ૪.૫ કરોડ ભારતીયો માટે સીધી અને ૬ કરોડ લોકો માટે આડકતરી રોજગારીનું નિર્માણ કરે છે. દેશની જીડીપીમાં તેનું પ્રદાન ૪ ટકા જેટલું છે. કસબીઓના કલ્યાણની સંભાળ લેવા માટે અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી ટેક્નૉલૉજિકલ પ્રગતિનો લાભ આપવા માટે સરકારે વિવર્સ સર્વિસ સેન્ટર, ક્રાફ્ટ ક્લસ્ટર, ઈ-કોમર્સ પ્લેટફોર્મ જેવી સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકી છે. કાપડ વર્ષ ૨૦૧૫-૧૬માં દુનિયાની નિકાસમાં ૬.૪૫ ટકા અને ભારતની કુલ નિકાસમાં ૪ ટકા હિસ્સો ધરાવતું હતું. તે ચીન, બંગલાદેશ, યુરોપિયન યુનિયન, હોંગકોંગ, વિયેતનામ, ઈન્ડોનેશિયા, અમેરિકા અને કમ્બોડિયાની આકરી સ્પર્ધાનો સામનો કરી રહ્યું છે. આમ છતાં ટેક્સ્ટાઈલ સેક્ટરમાં ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડી રોકાણની છૂટ, એમેન્ડેડ અપગ્રેડેશન ફંડ સ્કીમ, ટેક્નિકલ ટેક્સ્ટાઈલનું ટેક્નૉલૉજી મિશન (TMTT), ફોકસ ઈન્ક્યુબેશન સેન્ટર્સ, બજાર વિકાસ સહાય, મેગા ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ્સ વગેરે જેવી સાનુકૂળ સરકારી નીતિઓ અને યોજનાઓનો સમાવેશ થાય છે જેને કારણે ટેક્સ્ટાઈલ ક્ષેત્ર ચોક્કસપણે માત્ર ભારતીય અર્થતંત્રમાં જ નહીં, વિશ્વની નિકાસમાં નવી ઊંચાઈઓ સર કરશે અને સાથે સાથે તે સામાન્ય માણસની 'રોટી, કપડાં અને મકાન' ની જરૂરિયાત પણ સંતોષશે.

# ટકાઉ હસ્તકળા

સ્મૃતિ ઈરાની



*હસ્તકળા અને હાથશાળની ચીજવસ્તુઓની બનાવટ ઘણા બધા સ્થળ સાથે સંકળાયેલી ખાસિયત હોવાથી સરકાર તરફથી મેગા હેન્ડલૂમ ક્લસ્ટર્સ સ્કીમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ કોઈ એક સ્થળે એકત્ર થયેલા ધંધામાં સંકળાયેલા કારીગરો કૌશલ્ય સંવર્ધન, માળખાગત સુવિધાઓ, કાચા માલની ઘેર બેઠા ખરીદીનો વ્યવહાર, બજારપ્રવાહની ઉત્તમ અને સમયસર માહિતી વગેરેનો પ્રબંધ કરવામાં આવે છે. લાખો વણકરની આજીવિકા આ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી તેમનું જીવનસ્તર ઉન્નત બનાવવા માટે આવો બૌદ્ધિક તથા આર્થિક હસ્તક્ષેપ જરૂરી છે. પરિણામે ૭ ઑગસ્ટ રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે વણકર સમાજના કૌશલ્ય સંવર્ધન માટે વસ્ત્ર મંત્રાલય દ્વારા ઉચ્ચ તાલીમના કરાર કરવામાં આવ્યા હતા. જ્ઞાન વહેંચણી, અનુભવના વિનિમય અને રંગ ડિઝાઈનની પરંપરાની માહિતી અલગ અલગ સ્થળે વસતા વણકર સમાજમાં વિનિમય પામે તે સરકારની ગણતરી છે.*

ભારતના સાંસ્કૃતિક વારસામાં હસ્તકળા અને હાથશાળ તેનાં અભિન્ન અંગ ગણાય. ગામડામાં છૂટાછવાયા વસવાટ કરતા ગરીબ લોકોએ રોજીરોટી માટે હસ્તકળા અને હાથશાળને જીવાડી જે હવે રોજગારી સર્જન સાથે વિદેશી હૂંડિયામણની આવક આપતો સ્ત્રોત બન્યો છે.

ખેતમજૂરી અને પશુપાલન સાથે જોડાયેલાં પરિવાર હસ્તકળાનો કોઇ ને કોઈ કસબ શીખી પૂરક આવક ઊભી કરતા હોય છે, જેમની એકંદર સંખ્યા ૨૩૦ લાખ આસપાસ થવા જાય છે. ભારતીય હસ્તકળાનાં ઉત્તમ ઉત્પાદન ખરીદનાર દેશમાં અમેરિકા, ઈટલી, લેટિન અમેરિકાના નાના-મોટા દેશ, નેધરલેન્ડ, કેનેડા તથા ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. ભારતની કળાકારીગરીનો વારસો અનેક દેશમાં ઝબકી રહ્યો છે. જેની પાછળ ગામડે વસતા અભણ ગરીબ કારીગરની જહેમત રહેલી છે તે ભૂલાવું જોઈએ નહિ.

હસ્તકળા કારીગરી એવું ક્ષેત્ર છે જેમાં મજૂરી ખૂબ સસ્તી છે, કાચો માલ સ્થાનિક ધોરણે જ ઉપલબ્ધ છે અને નજીવા મૂડીરોકાણથી ધંધો થઈ શકે છે. પરંતુ પ્રકૃતિદત્ત કારીગરવૃત્તિ પેઢી દર પેઢી ઊતરી આવતી હોય તેવા અનેક સમાજ દેશી ભારતના ટેકે વૈશ્વિક નામના મેળવી ચૂક્યા છે. પરંતુ તેમના માટે પણ હરીફાઇના દિવસો શરૂ થયા છે. પાવરલૂમ અને સિન્થેટીક કાપડ તથા કાચ, મેલામાઇન જેવી બનાવટ ચલણી બની છે. શુદ્ધ માટીના વાસણ ઓછા વપરાય છે.

ગ્રામીણ સમાજમાં પેઢી દર પેઢી જીવંત રહેતી કળાસૂઝને ધંધારોજગારમાં વ્યવસ્થિત રીતે તબદીલ કરવામાં મોટા વિદેશ વેપારની તક પડેલી છે. એક અંદાજ પ્રમાણે હસ્તકળા બનાવટોનું વૈશ્વિક બજાર ૨૦૧૭ દરમિયાન ૭૦૦ બિલિયન ડૉલર રહેવાની ધારણા છે, જેમાં ભારતનો હિસ્સો માંડ ૨ ટકા છે. પર્યાવરણ સંગત રંગ સામગ્રી અને કાચો માલ વાપરી તૈયાર થતી હસ્તકળા બનાવટ કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરે છે. આ ક્ષેત્રમાંથી ઓછુ ભણેલાં ગ્રામીણ સ્ત્રી-પુરુષને રોજગારી મળતી હોવાથી તેનું આર્થિક મહત્ત્વ અમૂલ્ય ગણાય. આ ક્ષેત્રની ખીલવણી માટે કળાત્મક ચીજવસ્તુનું ઉત્પાદન વધારે તેવા મૂડીરોકાણની જરૂર છે તો સાથે સાથે કારીગરની આવક વધે તેનો પણ ખ્યાલ

રાખવો જોઈએ.

હસ્તકળાની ઉત્પાદન શૃંખલાની પ્રત્યેક કડી કારીગર સાથે જોડાયેલી હોવાથી તેના કૌશલ્ય, કોઠાસૂઝ તથા સિદ્ધહસ્તપણાને ઉંમરના ઘસારા સામે ટકાવી રાખવાની આર્થિક ગોઠવણ વહેલી તકે જરૂરી છે. કારીગર વસતિ છૂટીછવાયી હોવાથી તેમના ક્ષેત્રકુશળની ચિંતા કરતી વ્યવસ્થા પણ એ રીતે જ ગોઠવાય તે જરૂરી છે. બજારમાં ગ્રાહક પસંદગીના પ્રવાહથી કારીગર સમૂહને વાકેફ રાખતી વ્યવસ્થા પણ હોવી જોઈએ. હાથશાળ વિકાસ કમિશનરની કચેરી દ્વારા ચાલતા વણકર સેવા કેન્દ્ર મહદંશે આ પ્રકારની પ્રવૃત્તિ કરી રહ્યા છે. વણકરની ઉત્પાદકતા વધારે તેવી ટેક્નૉલૉજી વિના ખર્ચે તેમના સુધી પહોંચાડવા સરકાર મહેનત કરે જ છે. વણાટ, ડાઈંગ, રંગ નિયોજન, ડિઝાઇનમાં પ્રયોગશીલતા તથા ગુણવત્તા ઉન્નત બને તેવી કળા વણકરોને શીખવવા ઠેરઠેર ખાસ તાલીમ કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. વણકર સેવા કેન્દ્ર સાથે સંકળાયેલા વણકર પરિવારને તેમનો માલ સારા ભાવે વેચાય તેની વ્યવસ્થા પણ કરી આપવામાં આવે છે. ઉપરાંત વેપાર મેળા તથા વેચાણ પ્રદર્શનમાં કાઉન્ટર ખોલવા માટે વણકરને વિનામૂલ્યે જગ્યા અપાય છે.

હસ્તકળા અને હાથશાળની ચીજવસ્તુઓની બનાવટ ઘણા બધા સ્થળ સાથે સંકળાયેલી ખાસિયત હોવાથી સરકાર તરફથી મેગા હેન્ડલૂમ કલ્સ્ટર્સ સ્કીમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ કોઈ એક સ્થળે એકત્ર થયેલા ધંધામાં સંકળાયેલા કારીગરો કૌશલ્ય સંવર્ધન, માળખાગત સુવિધાઓ, કાચા માલની ઘેર બેઠા ખરીદીનો વ્યવહાર, બજારપ્રવાહની ઉત્તમ અને સમયસર માહિતી વગેરેનો પ્રબંધ કરવામાં આવે છે. લાખો વણકરની આજીવિકા આ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી તેમનું જીવનસ્તર ઉન્નત બનાવવા માટે આવો બૌદ્ધિક તથા આર્થિક હસ્તક્ષેપ જરૂરી છે. પરિણામે ૭ ઑગસ્ટ રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે વણકર સમાજના કૌશલ્ય સંવર્ધન માટે વસ્ત્ર મંત્રાલય દ્વારા ઉચ્ચ તાલીમના કરાર કરવામાં આવ્યા હતા. જ્ઞાન વહેંચણી, અનુભવના વિનિમય અને રંગ ડિઝાઇનની પરંપરાની માહિતી અલગ અલગ સ્થળે વસતા વણકર સમાજમાં વિનિમય પામે તે સરકારની ગણતરી છે.

કળાની પરંપરા હંમેશા વિતેલા સમયમાં દૃઢ બની હોવાથી તેનું ઐતિહાસિક અસ્તિત્વ અને મહત્ત્વ જાળવી રાખવા સાથે તેને શહેરી સમાજની પસંદગી પ્રમાણે ઢાળવી પડે, જેથી ધંધો સારો મળે વિદેશી બજારમાં માલ ઉતારવા માટે ત્યાંની પંસદગી પણ ધ્યાનમાં રાખવી પડે. કારીગરીને વેપાર ધંધાના નિયમ પ્રમાણે ઢાળવી એ પ્રત્યેક વણકર માટે પડકાર હોય છે. પરિણામે 'ઇન્ડિયા હેન્ડલૂમ બ્રાન્ડ' જેવી ટેગ તથા લોગો શરૂ કરવામાં આવ્યા છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭ ઓગષ્ટ રાષ્ટ્રીય હાથશાળ દિવસે 'બ્રાન્ડ' જેવી ઓળખ લોન્ચ કરતા કહ્યું હતું કે, ગ્રાહક સુધી પહોંચતા તમામ ઉત્પાદન 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' હોવા જોઈએ. કાચા માલની ગુણવત્તાથી માંડી ગ્રાહકના હાથમાં પહોંચે ત્યાં સુધીની દરેક પ્રક્રિયામાં ક્વોલિટી ઉત્તમ હોવી જોઈએ તેવો પ્રધાન મંત્રીનો આગ્રહ છે.

ગ્રાહક પસંદગીના પ્રવાહ દરેક દેશ, શહેર અને સમાજદીઠ ચંચળ હોવાથી બદલાયેલી હવાથી કારીગરોને વાકેફ કરવાની તથા નવી ડિઝાઇનમાં ઢળવાની સજ્જતા માટે વ્યાવસાયિક તાલીમ હોવી જોઈએ. આ મર્યાદા દૂર કરવા માટે નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફૅશન ટેક્નૉલૉજી દ્વારા અભ્યાસક્રમમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે કારીગર અને વણકર સાથે જોડાઈને વિદ્યાર્થી ફિલ્ડ વર્ક કરે. હસ્તકળાકાર અને વિદ્યાર્થી એમ બંને માટે આ ફાયદાનો સોદો છે. હસ્તકળા અને હાથશાળ ક્ષેત્રમાં કારીગર અને કારખાનાની વાસ્તવિક દશા કેવી છે તેનો જાતઅનુભવ કરવાની તક વિદ્યાર્થીને મળે છે, જ્યારે વિશ્વ બજારના પ્રવાહ તથા ટેક્નિકનું જ્ઞાન વણકર મેળવે છે. ચેન્નાઈ ખાતે આવેલું એન.આઈ.એફ.ટી. કેરળમાં કોઝીકોડ નજીક આવેલા કલ્સ્ટર સાથે જોડાઈને કળા તથા કારીગરની ભલાઈ માટે કામ કરી રહ્યું છે. તેણે ૩૦ જેટલી સહકારી મંડળી બનાવી છે જેના સભ્ય તરીકે કારીગરો 'ઉરૂ' કહેવાતી પરંપરાગત બોટની પ્રતીકૃતિ તૈયાર કરી વહેંચે છે.

કારીગરો પાસે કાચા માલનો જથ્થો વાજબી ભાવે નિયમિત રીતે ઉપલબ્ધ હોય અને ઉત્પાદન અવિરત રાખી બજારમાં માલ સતત ઉતારતા રહેવાની ધગશ હોય તો કળાનો વેપાર તેમને પૈસેટકે સધ્ધર

બનાવી શકે તેટલો કસદાર છે. નાના કારીગર માટે મોટાં શહેરો સુધી સારા ભાવ મળે તેવા બજાર સુધી પહોંચવુ સંભવ નથી હોતું. પરિણામે તેને માર્કેટિંગનો ટેકો આપવો જ પડે.

હસ્તકળા બનાવટોનું વેચાણ ઈ-કૉમર્સ પોર્ટલ દ્વારા ગોઠવાય તે માટે વસ્ત્ર મંત્રાલય ખાસ જહેમત ઉઠાવી રહ્યું છે. ઘણીબધી ઓનલાઇન વેચાણ કરતી માર્કેટિંગ સાઈટ ઉપર હેન્ડીક્રાફ્ટ અને હેન્ડલૂમ શ્રેણી હેઠળ વસ્તુઓ મૂકવામાં આવી છે. ઓનલાઈન વેચાણની આવક કારીગરના હાથમાં કેટલી અને કેવી રીતે પહોંચે તે જોવાની ફરજ વસ્ત્ર મંત્રાલયની રહેશે.

હસ્તકળા અને હાથશાળ ક્ષેત્રને ઊંચું લાવવા માટે એક સાથે અનેક એજન્સીના ટેકાની જરૂર છે. સરકાર, નાણાં સંસ્થા, બૅંક સ્વૈચ્છિક અને સમાજસેવા સંસ્થા, ડિઝાઇનર તથા કારીગરીનું સંવર્ધન અને જતન કરતા લોકો વગેરે ભેગા મળી ગામડે વસતા અભણ કારીગરોની છૂટીછવાયી હાજરી ઉપર ઘટાયેલા ક્ષેત્રને ઉત્તમ ટેકો આપી શકે. આસામમાં કાર્યરત નોર્થ ઇસ્ટર્ન ડેવલપમેન્ટ ફાઈનાન્સ કૉર્પોરેશન આવા બહુવિધ હસ્તક્ષેપ મૉડલનું સફળ ઉદારણ છે. હસ્ત કળાકૃતિઓની ડિઝાઈન માટે આ નિગમ થાઈલૅન્ડ અને મલેશિયાની મદદ મેળવી કારીગરોને વિનામૂલ્યે આપે છે, તો બીજી બાજુ અમદાવાદની નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન સાથે પણ ગરીબ અભણ કારીગરોનું સંકલન તેણે સ્થાપી દીધું છે. પરિણામે અહીં બનતી ચીજવસ્તુની માંગ નેપાળ અને જાપાન સહિત અનેક દેશમાં ખીલી છે જેનો મોટો આર્થિક ફાયદો કારીગરોને મળી રહ્યો છે.

ભારતનો કળાવારસો ભૌગોલિક વૈવિધ્ય ધરાવે છે. કોઇ ને કોઈ હસ્તકળા અલગ અલગ ભૌગોલિક સ્થળ સાથે ઐતિહાસિક કાળથી સંકળાયેલી હોવાથી 'જિયોગ્રાફીકલ ઇન્ડિકેશન' એટલે કે ''GI'' માર્ક લગભગ ૧૪૩ પ્રકારનાં કાપડ તથા હસ્તકળાકૃતિ માટે સરકારે બહાર પાડ્યા છે. મધ્ય ભારતની વસ્ત્રવણાટ કળાના નમૂના જેવી ચંદેરી તેમાં સામેલ છે તો રાજસ્થાનના બરહાન જિલ્લાના ગામડામાં સુતરાઉ અને સિલ્ક સાડીઓના વણાટકામને પણ તેમાં સામેલ કરાયું છે.

સદીઓની ઓળખ બનેલા અદભુત વસ્ત્રાવણાટ કામ પાછળ વણકરની પેઢીઓનું યોગદાન અને બલિદાન રહ્યું છે, તેવા તમામ વસ્ત્ર 'GI' માર્કમાં સામેલ કરાયા છે. જેમ કે પોચમપલી ઈકાત, કાંજીવરમ સિલ્ક, શ્રીકળાહસ્તિત્વ કલમકારી, મહેશ્વર, કંઠ, જમદાની, બલુચેરી, ઈકાત વગેરે. 'GI' માર્કની રચના એવા રક્ષણ સાથે કરવામાં આવી છે જે વણકરના બૌદ્ધિક તથા કળા અધિકારનું જતન કરે છે. તેની નકલખોરીને રોકી કળા સાચવતા સમાજને ટેકો આપે છે.

મશીનરી વડે માલસામાનનું જંગી ઉત્પાદન કરી મોટો નફો ગજવે કરી લેવાની કળાનો પ્રચાર અર્થશાસ્ત્ર અને વેપારશાસ્ત્રને નામે થવા લાગ્યો ત્યારથી નાના નાના ગરીબ કારીગરોએ જાળવી રાખેલી કળા સામે અસ્તિત્વનો પડકાર ઊભો થયો છે. કારીગરોની નવી પેઢીને વારસાગત કળા જીવતી રહે તેમાં જરાય રસ નથી. તેમનું ધ્યેય મોજમજા મળે તેટલી આવક ગમે ત્યાંથી ઊભી કરવા પાછળ રહે છે. સૌ કોઈ એ બાબતે ચેતવા જેવું છે. ભારતનો કળા વારસો સચવાય, સંવર્ધન પામે તે જોવાની ફરજ સૌ નાગરિકની છે. કારીગરનાં પરિવારમાં કળા શીખવાનુ નવી પેઢી માટે આસાન હોય છે કારણ કે લોહીના સંસ્કાર કળાના હોય છે. માટે કારીગરનાં બાળકોની તમામ જરૂરિયાતો પૂરી થાય તેવો સામાજિક ટેકો આપવો જ પડશે. કારીગર અને વણકરના બાળકને શિક્ષણ મળે, રહેવા માટે સારું ઘર હોય, જીવનધોરણ ઉન્નત રહે તેટલી આવક હોય તેવો ઘણાબધો બંદોબસ્ત કારીગર સમાજને આપણે કરી આપવો પડશે. અગાઉના સમયમાં રાજા રજવાડા તરફથી કળાને રાજ્યાશ્રય મળતો તેવી આ વાત છે. ભારતનો કળા વારસાનો દુનિયામાં ડંકો સદાય વાગતો રાખવો હોય તો કારીગર આલમને પૈસેટકે સધ્ધર અને કળાજનત માટે સમર્પિત બનાવ્યા વગર છૂટકો જ નથી.

**સ્મૃતિ ઈરાની કાપડ મંત્રાલયના કેબિનેટ મંત્રી છે.**

# કામદારોનું કલ્યાણ સુનિશ્ચિત કરવું

અજય ટમ્ટા



*આજે કાપડ ઉદ્યોગ દ્વારા લાખો લોકોને મિલમજૂર તરીકેની રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. કાપડ ઉદ્યોગમાં કામ કરતા અન્ય લાખો કામદારોને પણ રોજગારી મળે એવા પ્રયાસો થઈ રહ્યા છે. ભારત સરકાર કાપડ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોને સારું, આરોગ્યપ્રદ વાતાવરણ મળે તેવા પ્રયાસો કરી રહી છે. જેથી આ શ્રમિકો ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી શકે અને તે દ્વારા ઉદ્યોગમાં કામ કરતા તમામ શ્રમિકોનું કલ્યાણ થઈ શકે. કાપડ ઉદ્યોગ એક વિશાળ ઉદ્યોગ છે. મોટા કદના આ મહત્ત્વના કાપડ ઉદ્યોગમાં અનેક ક્ષેત્રો છે. આ ક્ષેત્રમાં શ્રમિકોની જરૂર પડતી હોય છે. ભારત સરકાર કાપડ ઉદ્યોગમાં કામ કરતા લાખો શ્રમિકોના હિતમાં તેમની જરૂરિયાત મુજબ કલ્યાણકારી યોજનાઓનું અમલ કરી રહી છે.*

ભારતમાં કાપડ ઉદ્યોગ સૌથી જૂનો અને સૌથી મોટા ઉદ્યોગો પૈકીનો એક ઉદ્યોગ છે. પુરાતત્વીય અભ્યાસો અને મોજણીઓ દર્શાવે છે કે ચાર હજાર વર્ષ પહેલાંની હડપ્પન સંસ્કૃતિકાળના લોકો કાંતવાનું વણવાનું કામ જાણતા હતા. છેલ્લાં સદીઓ કરતાં પણ વધુ સમયથી કાપડ ઉદ્યોગ ક્ષેત્રમાં થયેલા વિકાસની ગૌરવપૂર્ણ ગાથા અવિરતપણે હજુ પણ આગળ ધપી રહી છે. આજે કાપડ ઉદ્યોગ દ્વારા લાખો લોકોને મિલમજૂર તરીકેની રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. કાપડ ઉદ્યોગમાં કામ કરતા અન્ય લાખો કામદારોને પણ રોજગારી મળે એવા પ્રયાસો થઈ રહ્યા છે. ભારત સરકાર કાપડ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોને સારું, આરોગ્યપ્રદ વાતાવરણ મળે તેવા પ્રયાસો કરી રહી છે. જેથી આ શ્રમિકો ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી શકે અને તે દ્વારા ઉદ્યોગમાં કામ કરતા તમામ શ્રમિકોનું કલ્યાણ થઈ શકે. કાપડ ઉદ્યોગ એક વિશાળ ઉદ્યોગ છે. મોટા કદના આ મહત્ત્વના કાપડ ઉદ્યોગમાં અનેક ક્ષેત્રો છે. આ ક્ષેત્રમાં શ્રમિકોની જરૂર પડતી હોય છે. ભારત સરકાર કાપડ ઉદ્યોગમાં કામ કરતા લાખો શ્રમિકોના હિતમાં તેમની જરૂરિયાત મુજબ કલ્યાણકારી યોજનાઓનું અમલ કરી રહી છે. તેમાંથી કેટલીક નીચે મુજબ છે :

(૧) યંત્રશાળા ક્ષેત્ર માટે લાભદાયી પગલાં

(અ) જૂથ વીમા યોજના

પાવરલૂમ (યંત્રશાળા) ક્ષેત્રમાં કામ કરતા વણાટ શ્રમિકો કોઈ પણ આરોગ્ય વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાયા નથી. આ શ્રમિકો સમાજના ઓછી આવક ધરાવતા જૂથના ગણાય છે અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણમાં રહે છે. જુલાઈ ૨૦૦૩માં કાપડ ઉદ્યોગના વણકરો માટે જૂથવીમા યોજના અમલમાં મૂકવામાં આવી જે ૧૨મી પંચવર્ષીય યોજના સુધી ચાલુ હતી. આ યોજના કાપડ ઉદ્યોગ મંત્રાલય દ્વારા તેમની કચેરીઓ દ્વારા અમલમાં મુકવામાં આવે છે. જેમ કે મુંબઈની કાપડ કમિશનર કચેરી દ્વારા વણકરો માટે નીચે મુજબના લાભો આપવામાં આવે છે :

(અ) કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂા. ૬૦ હજાર

(બ) આકસ્મિક મૃત્યુના કિસ્સામાં રૂા. ૧.૫૦ લાખ

(ક) અકસ્માતમાં આંશિક વિકલાંગતા કિસ્સામાં રૂા. ૭૫ હજાર

જૂથ વીમા યોજના હેઠળ આવરી લેવાયેલા શ્રમિકનાં પરિવારનાં બે બાળકોને શૈક્ષણિક મદદ યોજના હેઠળ ૯ અને ૧૦માં ધોરણમાં ભણવા માટે વધુમાં વધુ રૂ. ૨૪૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વણકર શ્રમિકે વાર્ષિક વીમા પ્રીમિયમના રૂ. ૪૭૦માંથી માત્ર રૂ. ૪૦ જ આપવાના હોય છે. બાકીની રકમ ભારત સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

**(બી) કાપડ ઉદ્યોગ વણકર પુનઃ વસવાટ ફંડ યોજના ટી ડબલ્યુ આર એફ એસ**

આ યોજના હેઠળ કાપડ મિલ બંધ પડી જાય કે આંશિક બંધ પડી જાય ત્યારે તેમને વચગાળાની રાહત મળે છે. ભારતમાં આ યોજના હેઠળ ૯૮ બંધ મિલોની ૧,૧૭,૭૫૧ શ્રમિકોને રાહતરૂપે રૂા. ૩૧૯.૬૬ કરોડ ઑગસ્ટ ૨૦૧૬ સુધી વહેંચવામાં આવ્યા છે.

**(૨) હાથશાળ શ્રમિકો માટે કલ્યાણકારી યોજનાઓ**

હાથશાળ ક્ષેત્રે કામ કરતા વણકર શ્રમિકોની આર્થિક અને સામાજિક સ્થિતિ પણ યંત્રશાળા (પાવરલૂમ) ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકો કરતા અલગ નથી. હાથશાળ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો સમગ્ર ભારતમાં પથરાયેલા અને દૂર અંતરિયાળ આદિવાસી કે મૂળ નિવાસી વિસ્તારોમાં પણ જોવા મળે છે. તેમની સમાજિક સુરક્ષા જિંદગી દિવસે દિવસે જટિલ બની રહી છે તેનું કારણ આ જ છે. ભારત સરકાર દ્વારા આ ક્ષેત્રના શ્રમિકો માટે કેટલીક યોજનાઓ શરૂ કરવામાં આવી છે, જે આ મુજબ છે :

(એ) મહાત્મા ગાંધી વિવર્સ ઈન્સ્યોરન્સ સ્કીમ (એમજીબીબીવાય)

મહાત્મા ગાંધી વણકર વીમા યોજના હેઠળ વીમા સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે. વીમાથી સુરક્ષિત વણકર શ્રમિકોને નીચે મુજબના લાભો મળે છે :

- કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂ. ૬૦ હજાર

- અકસ્માતે નિધનના કિસ્સામાં રૂ. ૧.૫૦ લાખ

- અકસ્માતમાં કાયમી અપંગતાના કિસ્સામાં રૂ. ૧.૫૦ લાખ

- અકસ્માતમાં આંશિક અપંગતાના કિસ્સામાં રૂ. ૭૫ હજાર

(બી) આરોગ્ય વીમા યોજના

૧૨મા આયોજનપંચમાં કેબિનેટની આર્થિક બાબતોની સમિતિ(સીસીઈએ) દ્વારા શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાની જેમ જ આરોગ્ય વીમા યોજના અમલમાં મૂકવામાં આવી છે. હાલમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ યોજના ચલાવવામાં આવે છે. ૨૯ માર્ચ ૨૦૧૬ના રોજ આરોગ્ય મંત્રાલય દ્વારા આરએસબીવાયના લાભો હાથશાળ વણકર શ્રમિકોને આપવા માટે નિર્દેશો બહાર પાડવામાં આવ્યા હતા. આ યોજના હેઠળ અસરગ્રસ્ત શ્રમિક હૉસ્પિટલમાં હોય ત્યારે તેને ૩૦ હજાર વીમાની રકમ મળે છે. રાષ્ટ્રીય સુરક્ષા વીમા યોજનાનો ૧૯ રાજ્યોમાં અમલ થઈ રહ્યો છે. આ રાજ્યોમાં આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પ.બંગાળનો સમાવેશ થાય છે.

કેબિનેટ મંત્રીમંડળના નિર્ણય અનુસાર તમિલનાડુમાં (આ રાજ્ય દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો અમલ કરાયો નથી.) અન્ય યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના મુજબ જ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ (એચઆઈએસ) અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા બીમાર અને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલા શ્રમિકને રૂ. ૩૦ હજારની સહાય આપવામાં આવે છે. જ્યારે બહારના દર્દી તરીકે માત્ર સારવાર લીધી હોય, અર્થાત્ હૉસ્પિટલમાં દાખલ થયા ના હોય તેમને ૭૫૦૦ રૂપિયાની સહાય મળે છે. ૧, ઑક્ટોબર ૨૦૧૫ સુધીમાં આ યોજના હેઠળ ૧,૪૪,૨૯૪ વણકર શ્રમિકો નોંધાયા છે.

કાપડ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાની જાણકારી માટે કાર્યશાળાનું સમયાંતરે આયોજન થાય છે. આ કાર્યશાળામાં રાજ્ય હેન્ડલૂમ વિભાગના કમિશનરો - ડિરેક્ટરો ઉપરાંત અધિકારીઓ ભાગ લે છે અને આ યોજનાના સફળ અમલીકરણ માટેની વિવિધ રચનાત્મક બાબતો અંગે મનન કરે છે.

**(૩) હસ્તકળા ક્ષેત્રના શ્રમિકો માટે કલ્યાણકારી યોજનાઓ :**

ભારતમાં હસ્તકળા ઉદ્યોગ ખૂબ જ સમૃદ્ધ અને દરેક વિસ્તારોમાં ફેલાયેલા છે. ગ્રામીણ અને આદિવાસીથી લઈને દૂર અંતરિયાળ વિસ્તારોમાં વિવિધ હસ્તકળાઓ જોવા મળે છે. આ ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોના લાભ માટે ભારત સરકાર દ્વારા સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે નીચે મુજબ છે.

**(એ) રાજીવ ગાંધી શિલ્પી સ્વાસ્થ્ય વીમા યોજના :**

૨૦૦૬-૦૭માં આ યોજના પ્રયોગાત્મક રીતે અમલમાં મૂકવામાં આવી હતી. જોકે ત્યાર બાદ ૧૧મી અને ૧૨મી યોજનામાં પણ તે કાર્યરત રહી હતી. તેનો ઉદ્દેશ્ય હસ્તકળા ક્ષેત્રે કામ કરતા હસ્ત કલાકારોને તબીબી સુવિધા પૂરી પાડવાનો છે. આ યોજના હેઠળ હસ્ત કારીગરોને નોંધણી માટે માત્ર રૂ. ૩૦ આપવાના હોય છે અને યોજનાના ૭૫ ટકા રકમ ભારત સરકાર આપે છે જ્યારે બાકીની સરકાર રકમ જે તે રાજ્ય સરકારો આપે છે જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તર રાજ્યોના કિસ્સામાં ૯૦ ટકા રકમ કેન્દ્ર આપે છે, જે

પ્રીમિયમ તરીકે ભરવામાં આવે છે.

આ યોજના હેઠળ હસ્ત કારીગર અને તેનાં પરિવારના ચાર સભ્યોને આરોગ્ય વીમા સુરક્ષાના લાભો હેઠળ આવરી લેવામાં આવે છે. પરિવારના આવરી લવાયેલા સદસ્યો પૈકી કોઇને હૉસ્પિટલમાં દાખલ થવું પડે તો તેમને ૩૦ હજાર રૂપિયા મળે છે. જ્યારે ઓપીડી સારવાર માટે રૂ. ૭૫૦૦ મળે છે. હાલમાં જોકે આ યોજના ૧-૪-૨૦૧૭થી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ વિલીન કરવામાં આવી છે. તેના અલમની જવાબદારી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયને સોંપવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨૩,૭૪,૯૩૮ હસ્ત કારીગરો નોંધાયા છે.

**(બી) આમ આદમી વીમા યોજના**

હસ્તકળા ક્ષેત્રના હસ્ત કારીગરોને જીવન વીમા સુરક્ષા કવચ હેઠળ જીવન વીમા નિગમ દ્વારા આવરી લેવાયા છે. ૨૦૦૪-૦૫થી આ યોજના અમલમાં છે. આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ૧૧મી યોજના માટે આ સ્કીમને મંજૂરી આપી હતી. ખર્ચ નાણાં સમિતિ(ઇએફસી)ની ભલામણ હેઠળ તેનું નામ બદલીને આમ આદમી વીમા યોજના રાખવામાં આવ્યું છે. છેલ્લાં ૩ નાણાકીય વર્ષ (જેમ કે ૨૦૧૩-૧૪થી ૨૦૧૫-૧૬) અને વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ (જૂન-૨૦૧૬ સુધીમાં) કુલ ૨૩,૩૧,૨૫૮ હસ્ત કારીગરો આ યોજના હેઠળ પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ ભેળવી દેવાની દરખાસ્ત છે.

**ગરીબ હસ્ત કારીગરોને આર્થિક સહાય**

આ યોજના હેઠળ હસ્ત કારીગરોને તેમની પાછલી જિંદગીમાં નાણાકીય મદદ કરવામાં આવે છે. ગરીબ હસ્ત કારીગરો કે જેઓ ૬૦ વર્ષની વય કરતા વધુ છે અને જેમણે શિલ્પગુરુ, રાષ્ટ્રીય પુરસ્કાર કે રાષ્ટ્રીય મેરિટ પુરસ્કાર કે પછી રાજ્ય હસ્તકળા પુરસ્કાર મેળવ્યો હોય અને જેની વાર્ષિક આવક ૩૦ હજાર કરતા ઓછી છે તેમને યોજના હેઠળ મહિને ૩ હજાર રૂપિયાની નાણાકીય સહાય મળે છે. આ યોજના હેઠળ ૧૦૩૫ હસ્ત કારીગરોને ૨૦૧૪-૧૫, ૨૦૧૬-૧૭ના વર્ષમાં રૂ. ૧૬૪.૦૬ની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે.

**(૪) શણ ઉદ્યોગ ક્ષેત્રના શ્રમિકો માટે કલ્યાણકારી યોજનાઓ**

**(ક) શણ શ્રમિક કલ્યાણ યોજનાઃ મિલ વિસ્તારમાં સ્વચ્છતા :**

આ યોજનાનો હેતુ શણ ઉદ્યોગ મિલમાં કામ કરનાર શ્રમિકોને આરોગ્ય સ્વચ્છતા સુવિધા પૂરી પાડવાનો રહેલો છે. આ યોજનામાં શ્રમિકના પરિવારના સદસ્યોને પણ આવરી લેવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ શૌચાલય, વૉશબેઝિન સહિત સ્વચ્છ બ્લોક પૂરા પાડવામાં આવે છે. જે તે મિલમાં કામ કરતાં સ્ત્રી અને પુરુષ શ્રમિકોને તેમાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજના હેઠળ રાષ્ટ્રીય શણ બોર્ડ દ્વારા કુલ ખર્ચના ૯૦ ટકા અને મહત્તમ રૂ. ૪૦ લાખ ફાળવાય છે.

**(ખ) શણ મિલ કારીગરોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા માટે છાત્રવૃત્તિ :**

આ સ્કીમ હેઠળ શણ મિલ કામદારોનાં બાળકો શિક્ષણમાં રસ લેતાં થાય તે માટે તેમને છાત્રવૃત્તિ આપવામાં આવે છે. શિક્ષિત દીકરી માટે ખાસ યોજના છે. આવાં પરિવારોની દીકરીઓ માધ્યમિક શાળા શિક્ષણ પૂરું કરે ત્યારે સરકાર દ્વારા ૫ હજાર અને ૧૦ હજાર રૂપિયાની છાત્રવૃત્તિ આપવામાં આવે છે.

૨૦૧૫-૧૬માં આ યોજનાનો લાભ વધારીને સ્નાતક માટે વિદ્યાર્થી માટે રૂ. ૨૦ હજારની સહાય નક્કી કરવામાં આવી છે. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો (જેમ કે ઇજનેરી, ટેક્નૉલૉજી, વ્યવસ્થાપન સી.એ., સીએસ, આઈસીડબલ્યુ એઆઈ) માટે ટ્યૂશન ફી પણ નક્કી કરવામાં આવી છે. આ યોજના હેઠળ ૨૦૧૩-૧૪ સુધીમાં ૬,૭૩૩ વિદ્યાર્થીઓને તેનો લાભ મળ્યો છે.

**(ગ) અનુસૂચિત જાતિ-જનજાતિના શણ મિલ મજૂરો માટે જીવન વીમા યોજના :**

અનુસૂચિત જાતિ અને જનજાતિના શણ મિલ શ્રમિકો માટે જીવન સુરક્ષા સ્કીમ અમલમાં મૂકવામાં આવી છે. આ સ્કીમ (ઑગષ્ટ ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૯) ૩ વર્ષ માટે માન્ય છે. આ સ્કીમના એ ભાગો છે. (એ) પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) અને (બી) પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીવાય).

કાપડ મંત્રાલય પર સમયાંતરે આ યોજનાઓ પર દેખરેખ રાખવામાં આવે છે. મંત્રાલય દ્વારા આ પ્રકારના શ્રમિકોના લાભ માટે અગ્રતા આપવામાં આવી છે. આ યોજનાઓના જેને લાભ મળ્યો છે તે શ્રમિકો સમગ્રતયા રીતે કલ્યાણકારી યોજનાઓથી લાભિત થયા છે.

**શ્રી અજય ટમ્ટા ભારત સરકારના કાપડ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી છે.**
Email: mos-textiles@gov.in

# રોજગારી સર્જન અને સમાવેશક વૃદ્ધિ માટે કાપડ ક્ષેત્રમાં પહેલ

રશ્મી વર્મા



*ટેક્સ્ટાઈલ સેક્ટરમાં રોજગારી સર્જન માટેની અસાધારણ સંભાવના અને વૈશ્વિક બજારમાં ઊભરતી તકોને ધ્યાનમાં લેતાં સરકારે ટેક્સ્ટાઈલ અને એપરલ સેક્ટરમાં ઝડપી વૃદ્ધિ અને વધુ સંખ્યામાં રોજગારીના સર્જન માટે વ્યૂહરચના ઘડી કાઢી છે. ટેક્નૉલૉજી અપ-ગ્રેડેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેદા કરવું અને પરંપરાગત સેગમેન્ટને વધુ મજબૂત કરવા વર્તમાન યોજનાઓ ઉપરાંત સરકારે સ્કીલ ડેવલપમેન્ટ પર વિશેષ ભાર મૂક્યો છે. ભારતીય એપરલ સેક્ટરને સ્પર્ધાત્મક બનાવવા ગાર્મેન્ટિંગ સેક્ટર માટે વિશેષ પૅકેજ મુક્ત કરવામાં આવ્યું છે, જેનો આશય ઉત્પાદકતા પરના વર્તમાન અવરોધો દૂર કરવાનો અને રોજગારી સર્જન તથા નિકાસને પ્રોત્સાહન આપવાનો પણ છે.*

વૈશ્વિક અર્થતંત્રમાં મંદી અને અંધકારભર્યા વાતાવરણ વચ્ચે તાજેતરનાં વર્ષોમાં ૭ ટકાથી વધુના વૃદ્ધિ દર સાથે ભારત માટે થોડુંક આશાસ્પદ વાતાવરણ છે તેમ છતાં દેશમાં વધતા કાર્યબળ સાથે સુમેળ સાધવા રોજગારી સર્જનની જરૂરિયાત પરની અસ્વસ્થતા સમજી શકાય તેમ છે. આધુનિક વિશ્વના ઈતિહાસમાં નજર કરીએ તો નીતિ ઘડનારાઓ રોજગારી સર્જન અને તેમના અર્થતંત્રની આગેકૂચ માટે ટેક્સ્ટાઈલ્સ સેક્ટર પર નિર્ભર છે. તાજેતરના મહિનાઓમાં ભારતે પણ તેના રાષ્ટ્રીય હેતુઓ હાંસલ કરવા માટે આ ક્ષેત્રને વિશેષ દરજ્જો આપ્યો છે. વર્તમાન સમયમાં વિશ્વ આર્થિક ક્ષેત્રે ફેલાયેલો નિરાશાવાદ દૂર કરવા કામ કરી રહ્યું છે. ભારતે ઊંચી વૃદ્ધિના આગામી તબક્કા સાથે સંતુલન સાધવા માટે કાપડ અને એપરલ સેક્ટરને તેનાં મહત્ત્વનાં ક્ષેત્રોના કેન્દ્રમાં રાખ્યું છે.

**ભારતીય ટેસ્કટાઈલનો પુનરોદ્ધારઃ** કેટલીક સદીઓ સુધી ભારત કપાસના કાપડ અને સિલ્કના કાપડનું સૌથી મોટું ઉત્પાદક અને નિકાસકાર હતું, કારણ કે પરંપરાગત સેગમેન્ટ્સમાં તે ખૂબ જ મજબૂત હતું. પરંતુ બ્રિટિશ યુગમાં બ્રિટિશરો દ્વારા અમલમાં મુકાયેલી નીતિઓના કારણે ભારતે કાપડ ઉદ્યોગમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. સ્વતંત્રતા બાદ કાપડ ઉદ્યોગ લાખો ગ્રામીણ પરિવારો અને આધુનિક ટેક્સ્ટાઈલ ફૅક્ટરીઓમાં કામ કરનારા હજારો કામદારો માટે જીવન ટકાવવાનો મુખ્ય આધાર હતો. ૧૯૯૦ના દાયકામાં ભારતીય અર્થતંત્રે મુક્ત બજારની નીતિ અપનાવવા સાથે અને ટેક્સ્ટાઈલ પર સરકારે વિશેષ ધ્યાન આપતા ભારતીય કાપડ ઉદ્યોગ ફરી એક વખત વૃદ્ધિના તબક્કામાં પ્રવેશ્યો છે. અમેરિકા અને યુરોપમાં ઉત્પાદનખર્ચમાં વૃદ્ધિના કારણે ભારત સહિતના એશિયન દેશો કાપડ ઉત્પાદનોના ઉત્પાદન માટે આકર્ષક સ્થળ બન્યાં છે. તેનાં કેટલાંક મહત્ત્વના પરિબળોમાં કુદરતી સંસાધનોની વિપુલ ઉપલબ્ધતા, સાનુકૂળ આર્થિક નીતિઓ અને સસ્તાં માનવબળનો સમાવેશ થાય છે. ભારતીય કાપડ ઉદ્યોગ કુદરતી તેમ જ માનવ સર્જિત રેસાના કાચા માલની ઉપલબ્ધતા અને રોજગારક્ષમ માનવબળની ઉપલબ્ધતાનો લાભ ધરાવે છે. બાંગ્લાદેશ અને વિયેતનામ તેમનાં સેક્ટર્સનો વિકાસ ટકાવી રાખવા માટે મુખ્યત્વે નિકાસ બજારો પર જ નિર્ભર છે ત્યારે ભારત નિકાસ કરતા સ્થાનિક વપરાશ પર પણ નિર્ભર છે. તેના આ વિશેષ લાભનો ઉપયોગ કરતા ભારતે વર્ષોથી વિશ્વમાં ટેક્સ્ટાઈલ અને એપરેલની નિકાસમાં બીજા ક્રમના દેશ તરીકે ઉભરી આવ્યું છે.

ભારતનું નિકાસ મૂલ્ય ૪૦ અબજ યુએસ

ડૉલરે પહોંચ્યું છે જે વૈશ્વિક વેપારના અંદાજે ૫ ટકા જેટલો હિસ્સો છે. દેશના ૨.૩ ટ્રિલિયન યુએસ ડૉલર જીડીપીમાં ટેક્સ્ટાઇલ સેક્ટરનું યોગદાન ૨ ટકા જેટલું છે અને કૃષિ બાદ તે બીજા ક્રમનો સૌથી મોટો રોજગાર ઉદ્યોગ છે. તે ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૦ ટકા અને દેશની એકંદર નિકાસમાં ૧૩ ટકાનું યોગદાન આપે છે.

**ભારતનો વસતીવિષયક લાભ :** અંદાજે ૧.૨૮ અબજની વસતી સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો બીજા ક્રમનો દેશ છે. ભારતની અંદાજે ૬૬ ટકા વસતી એટલે કે ૮૫ કરોડ લોકો હાલમાં વર્કિંગ એજના છે. વર્ષ ૨૦૩૦ના અંત સુધીમાં આ સંખ્યામાં ૧૬.૯ કરોડનો વધારો થવાની સંભાવના છે. આ વસતીવિષયક લાભ ભારતને નજીકના ભવિષ્યમાં ટેક્સ્ટાઇલ અને એપરલ જેવા કામદાર આધારિત ઉત્પાદનોના ઉત્પાદક તરીકે સફળતાથી અગ્રેસર રહેવા સક્ષમ બનાવશે. તેની વધુ વસતીનો લાભ ઉઠાવતા ભારતે માસિક લાખો નોકરીઓના દરે રોજગારીનું સર્જન કર્યું છે, તેથી ભારત વાર્ષિક ૮થી ૧૦ ટકાના દરે વિકાસ સાધી શકયો છે અને રોજગારી સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે સમાવેશ વૃદ્ધિનું મૉડેલ અપનાવી શક્યો છે.

**ટેસ્કટાઈલ સેક્ટરમાં રોજગારીની સંભાવના :** ટેક્સ્ટાઇલ સેક્ટર રોજગારી સર્જનના સંદર્ભમાં નોંધપાત્ર મૂલ્ય અને સંભાવના ધરાવે છે. આ સેક્ટર હાલમાં ૫ કરોડથી વધુ લોકોને પ્રત્યક્ષ અને અન્ય ૬.૭ કરોડથી વધુ લોકોને સંલગ્ન સેક્ટર્સમાં રોજગારી પૂરી પાડે છે. સંલગ્ન સેક્ટર્સમાં કપાસ અને શણની ખેતી, પશુપાલન, ટેક્સ્ટાઇલ મશિનરીઝ વગેરેનો સમાવેશ થાય છે.

**ટેબલ :** ટેક્સ્ટાઇલ અને એપરલ વેલ્યૂ ચેઇનમાં અંદાજિત રોજગારી (મિલિયનમાં)

| સેક્ટર / ઉદ્યોગ | માર્ચ ૨૦૧૧ સુધી | ૨૦૧૭ માટે અંદાજિત | ૨૦૧૫-૧૬ (પી) |
|---|---|---|---|
| કપાસ / માનવ સર્જિત રેસા / યાર્ન ટેક્સ્ટાઇલ / મિલ સેક્ટર (એસએસઆઈ સ્પિનિંગ અને વિશેષ વણાટ એકમો સહિત) | ૧.૪ | ૧.૬૧ | ૧.૫૮ |
| માનવ સર્જિત રેસા / ફિલામેન્ટ યાર્ન ઉદ્યોગ (ટેક્સ્ચરાઈઝિંગ ઉદ્યોગ સહિત) | ૦.૨૪ | ૦.૨૮ | ૦.૨૭ |
| પાવરલૂમ્સ સેક્ટરનું વિકેન્દ્રીકરણ | ૫.૦૮ | ૫.૮૪ | ૫.૭૧ |
| હૅન્ડલૂમ સેક્ટર | ૭ | ૮.૦૫ | ૭.૮૮ |
| નાઈટિંગ સેક્ટર | ૦.૪૫ | ૦.૫૨ | ૦.૫૧ |
| પ્રોસેસિંગ સેક્ટર | ૦.૪૪ | ૦.૫૧ | ૦.૫૦ |
| વૂલન સેક્ટર | ૩.૨ | ૩.૬૮ | ૩.૬૦ |
| રેડિમેડ ગાર્મેન્ટ સેક્ટર (નાઇટવેર સેક્ટર સહિત) | ૧૧.૨૨ | ૧૨.૯ | ૧૨.૬૨ |
| સેરિકલ્ચર | ૭.૭ | ૮.૮૬ | ૮.૬૭ |
| હેન્ડિક્રાફ્ટ સેક્ટર | ૮ | ૯.૨ | ૯.૦૦ |
| શણ ઉદ્યોગ | | | |
| ૧) સંગઠિત શણ ઉદ્યોગ | ૦.૨૬ | ૦.૩ | ૦.૨૯ |
| ૨) વિસંગઠિત શણ ઉદ્યોગ | ૦.૨ | ૦.૨૩ | ૦.૨૩ |
| **કુલ (૧)** | **૪૫.૧૯** | **૫૧.૯૭** | **૫૦.૮૪** |
| **સંલગ્ન સેક્ટર** | | | |
| કપાસ | | | |
| ૧) કપાસની ખેતી | ૨૦ | ૨૩ | ૨૨.૫૦ |
| ૨) કપાસ જિનિંગ / પ્રેસિંગ | ૧.૩ | ૧.૫ | ૧.૪૭ |
| ૩) કપાસ ટ્રેડ | ૧૯ | ૨૧.૮૫ | ૨૧.૩૮ |
| **કુલ** | **૪૦.૩** | **૪૬.૩૫** | **૪૫.૩૪** |
| પશુપાલન | ૨.૮ | ૩.૨૨ | ૩.૧૫ |
| શણની ખેતી | ૧૭ | ૧૯.૫૫ | ૧૯.૧૩ |
| કાપડ મશીનરી અને એસેસરીઝ | ૦.૧ | ૦.૧૨ | ૦.૧૨ |
| **કુલ (૨)** | **૬૦.૨** | **૬૯.૨૩** | **૬૭.૭૩** |
| **કુલ (૧ + ૨)** | **૧૦૫.૪** | **૧૨૧.૨** | **૧૧૮.૫૭** |

***સ્રોત : ૧૨મા પ્લાન વર્કિંગ ગ્રૂપનો અહેવાલ, કાપડ મંત્રાલય, ભારત સરકાર***

નીચેનું ટેબલ એન્યુઅલ સર્વે ઑફ ઇન્ડસ્ટ્રી દ્વારા પ્રકાશિત કરાયેલા આંકડા પર આધારિત છે, જે રોજગારી સર્જન માટે અન્ય ક્ષેત્રો સામે ટેક્સ્ટાઇલ્સની સરખામણી રજૂ કરે છે. :

**ટેબલ : રોજગારી સર્જન માટે અન્ય ક્ષેત્રોની સામે ટેક્સ્ટાઇલ્સની સરખામણી**

| ઉત્પાદન ક્ષેત્ર | નિશ્ચિત મૂડી (લાખમાં) | વ્યક્તિઓને રોજગારી | રોજગારી પ્રતિ કરોડ રૂપિયાનું રોકાણ |
|---|---|---|---|
| ડેરી ઉત્પાદનો | ૧૨૦૩૮૬૯ | ૧૪૫૬૦૧ | ૧૨ |
| બેવરેજીસ | ૨૬૭૫૨૪૭ | ૧૫૮૫૦૭ | ૬ |
| ફર એપરલ સિવાય વેરિંગ એપરલ | ૧૨૮૦૫૬૪ | ૭૧૩૮૩૩ | ૫૬ |
| નાઇટેડ અને ક્રોશેટેડ એપરલ | ૧૩૬૯૧૪૧ | ૨૬૪૨૬૧ | ૧૯ |
| પેપર અને પેપર ઉત્પાદનો | ૬૪૨૫૩૬ | ૨૪૮૫૨૯ | ૩૯ |
| રબર ઉત્પાદનો | ૨૬૬૮૫૧૨ | ૨૧૮૭૫૪ | ૮ |
| બેઝિક આયર્ન અને સ્ટીલ | ૪૦૯૯૯૬૬૧ | ૬૫૦૬૮૦ | ૨ |
| ઇલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ્સ | ૪૨૧૧૫૪ | ૭૬૬૧૯ | ૧૮ |
| સામાન્ય હેતુની મશીનરિઝ | ૩૪૧૭૪૫૩ | ૩૩૮૯૬૪ | ૧૦ |
| મોટર વાહનો | ૭૦૮૮૦૨૦ | ૧૭૬૫૨૩ | ૨ |

***માહિતીનો સ્રોત : એન્યુઅલ સર્વે ઑફ ઈન્ડસ્ટ્રીઝ, ૨૦૧૩-૧૪***

સંપૂર્ણ એકીકૃત ટેક્સ્ટાઇલ અને એપરલ ઉત્પાદન સેટઅપમાં પ્રત્યેક રૂ. ૧ કરોડના રોકાણથી ૩૦ લોકોને રોજગારી મળે છે જ્યારે એકલા એપરલ ઉત્પાદન માટે જ પ્રત્યેક રૂ. ૧ કરોડના રોકાણ પર ૭૦ લોકોને રોજગારી મળે છે. વર્ષ ૨૦૧૧-૧૨નો ઑલ ઇન્ડિયા ટેક્સ્ટાઇલ ઍન્ડ ગાર્મેન્ટ ઈન્ડસ્ટ્રી સર્વે મુજબ નૉન-એસએસઆઈ ગાર્મેન્ટ એકમો માટે પ્રત્યેક રૂ. ૧ કરોડના રોકાણ પર ૬૮થી ૧૬૯ વચ્ચે રોજગારીનું સર્જન થાય છે. આમ, નિશ્ચિતપણે એમ કહી શકાય કે રોજગારી સર્જનમાં રોકાણના મૂલ્યની દષ્ટ્રીએ ટેક્સ્ટાઇલ સેક્ટરની કોઈ સરખામણી થઈ શકે તેમ નથી.

**ટેક્સ્ટાઇલ અને સમાવેશક વૃદ્ધિ :** રોજગારી સર્જનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ઊપરાંત આ સેક્ટર મહિલા સસક્તિકરણ પર સરકારની પહેલ સાથે પણ ખૂબ જ સારી રીતે સંકલન સાધે છે. એપરલ સેક્ટરમાં અંદાજે ૭૦ ટકા કાર્યબળ મહિલાઓનું છે. આ સેક્ટર સમાજના લાખો ગરીબોને રોજગારીની તક પૂરી પાડીને તેમને સ્થિર આવક રળી આપે છે અને તેમને જીવનનું ધોરણ સુધારવાની તક પૂરી પાડે છે. તેથી ભારત જેવા દેશમાં રોજગારીના સર્જન માટે ટેક્સ્ટાઇલ સેક્ટરની અન્ય કોઈ સેક્ટર સાથે સરખામણી થઈ શકે તેમ નથી. ગ્રામીણ ભારતમાં મોટાભાગની વસતી ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને પાયાની અન્ય સુવિધાઓથી વંચિત છે. ટેક્સ્ટાઇલ સેક્ટરમાં નીચલા સ્તરની નોકરીઓમાં હાઈ ટેક્નિકલ કુશળતા અથવા શૈક્ષણિક પૃષ્ઠભૂમિની જરૂર નથી. ટેક્સ્ટાઇલ સેક્ટરમાં ગ્રામ્ય ભારતની કોઈ પણ વ્યક્તિ માત્ર ૩થી ૪ સપ્તાહની સામાન્ય તાલીમ લઈને રોજગારી મેળવી શકે છે.

**વૈશ્વિક ઉદ્યોગમાં માળખાગત પરિવર્તન :** છેલ્લાં ત્રણ દાયકાઓથી વૈશ્વિક વેપારમાં ચીન બિનવિવાદાસ્પદ રીતે લીડર બની રહ્યો છે. ટેક્સ્ટાઇલ અને એપરલ સેગ્મેન્ટમાં ચીન છેલ્લાં ૨૦ વર્ષથી વધુ સમયમાં ૪૦ ટકાથી વધુના હિસ્સા સાથે પ્રભુત્વ ધરાવે છે. વર્ષ ૨૦૦૯ની આર્થિક કટોકટી બાદ વેપારમાં ચીનની વૃદ્ધિ ધીમી પડીને વર્ષ ૨૦૧૪માં સરેરાશ ૧૫ ટકાથી ૪ ટકા જેટલી ઘટી હતી. નજીકના ભવિષ્યમાં પણ આ ટ્રેન્ડ હજુ આગળ ચાલુ રહેવાની સંભાવના છે. હાલમાં ચીન ઊંચા ભથ્થા અને સ્થાનિક બજાર તરફ ધ્યાન કેન્દ્રિત કરવાના કારણે વૈશ્વિક નિકાસ બજારથી દૂર થઈ રહ્યું છે. વૈશ્વિક ટેક્સ્ટાઇલ અને એપરલના વેપારમાં ચીન દ્વારા છોડવામાં આવેલી જગ્યાનો મોટો હિસ્સો ભરવામાં ભારત પાસે સારી તકો છે. ભારત તેના કાચા માલ અને માનવબળના લાભનો ફાયદો ઉઠાવી શકે છે.

**ટેક્સ્ટાઇલ બજાર વૃદ્ધિના અંદાજો :** નિકાસમાં અપેક્ષિત ઊંચા વૃદ્ધિદર સિવાય ગ્રાહકોની ખર્ચ કરવાની ક્ષમતા પણ વધી છે અને કપડાં પર ખર્ચ કરવાના તેમના સ્વાભાવિક વલણને પગલે સ્થાનિક બજારનો વૃદ્ધિદર દ્વિ-અંકી થયો છે. ઉભરતા વૈશ્વિક અને સ્થાનિક બજારોના ટ્રેન્ડના આધારે એક અપેક્ષા મુજબ ભારતીય ટેક્સ્ટાઇલ અને એપરલ બજાર વર્તમાન ૧૧૯ અબજ યુએસ ડૉલરથી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં વધીને ૪૦૦ અબજ યુએસ ડૉલર થઈ જશે.

**ભારતીય ટેક્સ્ટાઇલ અને એપરલ બજારના વૃદ્ધિના અંદાજો**

| | ૨૦૧૫-૧૬ | ૨૦૨૫-૨૬ | સીએજીઆર |
|---|---|---|---|
| નિકાસો | ૪૦ અબજ યુએસ ડૉલર | ૧૫૦ અબજ યુએસ ડૉલર | ૧૪ ટકા |
| સ્થાનિક બજાર | ૭૯ અબજ યુએસ ડૉલર | ૨૫૦ અબજ યુએસ ડૉલર | ૧૨ ટકા |
| કુલ | ૧૧૯ અબજ યુએસ ડૉલર | ૪૦૦ અબજ યુએસ ડૉલર | ૧૩ ટકા |

***સ્રોત : આંતરિક અંદાજો, કાપડ મંત્રાલય, ભારત સરકાર***

**રોજગારી સર્જન અને સમાવેશક વૃદ્ધિ માટેની વ્યૂહરચના :** ટેક્સ્ટાઇલ સેક્ટરમાં રોજગારી સર્જન માટેની અસાધારણ સંભાવના અને વૈશ્વિક બજારમાં ઉભરતી તકોને ધ્યાનમાં લેતાં સરકારે ટેક્સ્ટાઇલ અને એપરલ સેક્ટરમાં ઝડપી વૃદ્ધિ અને વધુ સંખ્યામાં રોજગારીના સર્જન માટે વ્યૂહરચના ઘડી કાઢી છે. ટેક્નૉલૉજી અપ-ગ્રેડેશન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પેદા કરવું અને પરંપરાગત સેગમેન્ટને વધુ મજબૂત કરવા વર્તમાન યોજનાઓ ઉપરાંત સરકારે સ્કીલ ડેવલપમેન્ટ પર વિશેષ ભાર મૂક્યો છે. ભારતીય એપરલ સેક્ટરને સ્પર્ધાત્મક બનાવવા ગાર્મેન્ટિંગ સેક્ટર માટે વિશેષ પૅકેજ મુક્ત કરવામાં આવ્યું છે, જેનો આશય ઉત્પાદકતા પરના વર્તમાન અવરોધો દૂર કરવાનો અને રોજગારી સર્જન તથા નિકાસને પ્રોત્સાહન આપવાનો પણ છે.

**કુશળ કામદારો - સાનુકૂળ વાતાવરણ બનાવવું :** આગામી વર્ષોમાં રોજગારી સર્જન માટે ઊંચો વૃદ્ધિદર જરૂરી છે. આ વૃદ્ધિદર હાંસલ કરવા માટે ઉત્પાદન ક્ષેત્રમાં મોટા પાયે રોકાણની જરૂર ઊભી થશે. પરિણામે આ સેક્ટર માટે કુશળ કામદારોની માગ ઊભી થશે. કુશળ કામદારોની માગ પૂરી કરવા માટે દેશમાં સ્કીલ ડેવલપમેન્ટ પહેલો પર વિશેષ ધ્યાન આપવું પડશે. ટેક્સ્ટાઇલ સેક્ટર માટે કુશળ કામદારો ઊભા કરવા માટે ઇન્ટેગ્રેટેડ સ્કીલ ડેવલપમેન્ટ સ્કીમ (આઈએસડીએસ) કાર્યાન્વિત કરાઈ છે, જેમાં વર્તમાન ટેક્સ્ટાઇલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂશન્સની પહોંચ અને નિપુણતાનો લાભ લેવાયો છે તથા રાજ્ય સરકારની સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીને આમંત્રણ અપાયું છે. ૧લી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં ૭.૭ લાખ કામદારોને આઈએસડીએસ હેઠળ તાલીમ અપાઈ છે, જેમાંથી ૫.૦૬ (૬૬ ટકા) કામદારોને ઉદ્યોગમાં જગ્યા મળી ગઈ છે. આઈએસડીએસ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં ૧૫ લાખ કામદારોને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે. વધુમાં, ભારત સરકારની હૅન્ડલૂમ સેક્ટર ઍન્ડ હેન્ડિક્રાફ્ટસ સેક્ટર સ્કીમ્સ હેઠળ અસંગઠિત ક્ષેત્રમાં કુશળતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ઉપરાંત તાજેતરમાં સ્કીલ ઇન્ડિયા મિશન હેઠળ અસરકારક તાલીમ માળખું પણ અમલમાં મુકવામાં આવ્યું છે. ટેક્સ્ટાઇલ અને એપરલ સેક્ટર માટે ટેક્સ્ટાઇલ્સ સેક્ટર સ્કીલ કાઉન્સિલ ઍન્ડ એપરલ, મેડ-અપ્સ ઍન્ડ હોમ ફર્નિશિંગ સેક્ટર સ્કીલ કાઉન્સિલ જેવી બે સેક્ટર સ્કીલ કાઉન્સિલ્સની રચના કરવામાં આવી છે.

**ગાર્મેન્ટિંગ સેક્ટર માટે વિશેષ પૅકેજ :** રોજગારી સર્જન માટે વ્યાપક સંભાવનાઓ ધરાવતો ગાર્મેન્ટિંગ ઉદ્યોગ કેટલાંક અવરોધક પરિબળોનો સામનો કરી રહ્યો છે, જેમાં વૈશ્વિક બજારોની અસમાન પહોંચ, એકંદરે ઊંચાં ભથ્થાંનો ખર્ચ, અવરોધક કામદાર નિયમોથી ઉત્પાદકતામાં અવરોધો, રોકાણ અને નિકાસ માટે અપૂરતાં પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે. ગાર્મેન્ટિંગ ઉદ્યોગોમાં અવરોધોને તોડતા અને વૃદ્ધિને બળ આપવા સરકારે ભારતીય ગાર્મેન્ટિંગ સેક્ટરની સ્પર્ધાત્મક્તા સુધારવા માટે એક વિશેષ પૅકેજ આપ્યું છે. તાજેતરમાં મંજૂર કરવામાં આવેલા પૅકેજમાં ગાર્મેન્ટ નિકાસો માટે વધારાની ખામીઓ દૂર કરવી, ફિક્સ પગારદારની રજૂઆત જેવા કામદાર સુધારા, ઑવરટાઈમ મર્યાદામાં વધારો અને આવકવેરા કાયદાની કલમ ૮૦ જેજેએએ હળવી કરવી જેવાં પરિબળોનો સમાવેશ થાય છે, જે ગાર્મેન્ટિંગ સેક્ટરમાં રોજગારીને સહાયક બનશે. પહેલાં ત્રણ વર્ષ માટે બધા જ નવા કર્મચારીઓ માટે એમ્પલોઈ પ્રૉવિડન્ટ ફંડ(ઈપીએફ)માં એમ્પ્લોયરના બધા જ ૧૨ ટકાનો બોજો હવે સરકાર ઉઠાવશે. માસિક રૂ. ૧૫,૦૦૦થી ઓછી આવકવાળા માટે ઈપીએફમાં કર્મચારીઓના યોગદાનની જોગવાઈ વૈકલ્પિક બનાવાઈ છે જેથી કામદારોના હાથમાં વધુ રોકડ આવશે. ચોક્કસ મુદતની રોજગારીની રજૂઆતથી કામદાર પુરવઠો અને ગાર્મેન્ટ સેક્ટરમાં ઉદ્યોગની પીક મોસમ દરમિયાન રોજગારી વધશે. કામના કલાકો, ભથ્થાં, પગાર અને નિયમનકારી લેણાંની દૃષ્ટિએ ફિક્સ પગારના કામદારોને કાયમી કામદારો સમકક્ષ ગણવામાં આવશે. પ્રતિ ત્રિમાસિક ઓવરટાઈમની મર્યાદા પણ ૫૦ કલાકથી વધારીને ૧૦૦ કલાક કરાઈ છે જેથી કામદારોની આવકમાં વધારો થશે. ગાર્મેન્ટ સેક્ટર માટે નવું પૅકેજ આ સેક્ટરમાં આગામી ત્રણ વર્ષમાં અંદાજે ૧ કરોડ રોજગારી પેદા કરશે, જે નીચેના ટેબલમાં દર્શાવ્યું છે:

**સેગ્મેન્ટ / દરમિયાનગીરી રોજગારી પ્રત્યક્ષ અને પરોક્ષ (લાખમાં)**

| | |
|---|---|
| એપરલ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવાનાં પગલાં | ૯.૭ |
| ૮૦ જેજેએએ સુધારો | ૧૨.૨૫ |
| ગાર્મેન્ટિંગ માટે વધારાના ટીયુએફએસ | ૯.૫ |
| વધારાનું ૩.૬૭ ટકા ઈપીએફ યોગદાન ગાર્મેન્ટ્સ માટે વધારાના ડ્યુટી ડ્રોબેક્સ | |
| કામદાર કાયદામાં સુધારો | ૧.૭૫ |
| અપસ્ટ્રીમ સેગ્મેન્ટ્સમાં રોજગારી ૩૫ ટકા (યાર્ન, ફેબ્રિક અને પ્રોસેસિંગ) | ૧૦.૭ |
| પરોક્ષ રોજગારી (૧:૧.૩) | ૫૬.૪ |
| **કુલ** | **૧૦૦.૩** |

**સ્રોત : આંતરિક અંદાજો, કાપડ મંત્રાલય, ભારત સરકાર.**

સમાપન : રોજગારીમાં અપેક્ષિત તેજી અને કુશળ માનવબળ સર્જન ટેક્સ્ટાઇલ સેક્ટરમાં સ્થાનિક તેમ જ એફડીઆઈ બંનેનું મોટા પાયે રોકાણ આકર્ષશે અને ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન પૂરું કરી શકશે. ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા લેક્ચર સિરિઝના ઉદ્‌ઘાટન પ્રવચન દરમિયાન સિંગાપોરના નાયબ વડા પ્રધાન શ્રી થર્મન શણમુગુરત્નમે જણાવ્યું હતું કે, 'ભારત સામાજિક મોબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરીને, લાંબા ગાળાના લક્ષ્યાંકો નિશ્ચિત કરીને અને સામાજિક અને માનવ મૂડીમાં રોકાણ દ્વારા વૈશ્વિક અર્થતંત્રમાંથી નિરાશાવાદ અને નકારાત્મક્તા દૂર કરવા સક્ષમ છે.' ટેક્સ્ટાઇલ અને એપરલ સેક્ટરમાં તેની તાજેતરની પહેલો મારફત ભારત સરકારે આશાવાદ, નિકાસ વૃદ્ધિ, રોજગારી સર્જન અને તેને પરિણામે સામાજિક પરિવર્તનનો નવો પ્રાણસંચાર કર્યો છે.

**રશ્મી વર્મા કાપડ મંત્રાલયના સચિવ છે.**
**Email: secy-textiles@nic.in**

# ભારતમાં હેન્ડલૂમઃ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય

જયા જેટલી




*મેક ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા વગેરેને કારણે ભારતની છાપ ઝડપથી વિકસતા એક અર્થતંત્ર તરીકે ઊભી થઈ છે. આ ઓળખ ઊભી થવાને કારણે ભારતને ત્રીજા વિશ્વના દેશ તરીકે ઓળખવાને બદલે હવે ભારે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓ ધરાવતા સક્ષમ દેશ તરીકેની ઓળખ મળી છે, જેની સાથે સાથે આધુનિકતાનાં પાસાંઓ પણ ઉપસી આવ્યાં છે. આ ફેરફારને કારણે કસબ, પરંપરાગત કલાઓ અને હેન્ડલૂમના દુનિયાભરના ચાહકોની વિચાર-પ્રક્રિયામાં પરિવર્તન આવ્યું છે. આપણે હેન્ડલૂમને જેટલું વ્યાપક રીતે રજૂ કરવાનો પ્રયાસ કરીશું, વિશેષપણે ઉપસાવીશું અને તેનાં સાંસ્કૃતિક અને સર્જનાત્મક પાસાં દર્શાવવાનો જેટલો વધુ પ્રયાસ કરીશું તેટલું હેન્ડલૂમ સાથે સંકળાયેલા વર્ગને પ્રોત્સાહન મળશે અને વિકાસ પામતા અને પ્રગતિશીલ દેશ તરીકે ભારતની જે છાપ ઊભી થઈ રહી છે તેનો લાભ મળશે.*

ભારત સર્જનાત્મક અને હસ્ત કૌશલ્ય અને સૌંદર્યની અભિવ્યક્તિ બાબતે અક્ષયપાત્ર જેવું સમૃધ્ધ છે. આપણે એની ચમકને પારખી શકતા નથી પરંતુ અન્ય સંસ્કૃતિઓની દરિદ્રતા ઉપર નજર ટેકવી રાખતા હોઈએ છીએ અને એકરૂપતા, ખાલીપણું કે મિકેનાઇઝ સોલ્યુશન પસંદ કરતા હોઈએ છીએ; કારણ કે આપણે વર્તમાન વાસ્તવિકતાના બદલે વિદેશી સંસ્કૃતિ માટે એક ખોટો આત્મવિશ્વાસ અને સલામતિની ભાવના ધરાવીએ છીએ, આપણે ભૂલી જઈએ છીએ, કે આપણી પરંપરાઓ, જેમાં આપણાં મૂળ નંખાયા છે તે નવા સંજોગો અને વાસ્તવિકતાઓને કારણે દેશના બદલાતા જતા સ્વરૂપનો એક હિસ્સો છે. આ એવી પરંપરાઓ છે, જે આપણને વખતોવખત એક ભારતીય તરીકેની સલામત ઓળખ બક્ષતી રહે છે.

**અર્થ, ઓળખ અને શૈલી**

ભારતને ઘણી વાર આધ્યાત્મિકતામાં ડૂબેલા દેશ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં ચિત્રકારી ધરાવતાં કે છપાઈ થઈ હોય તેવાં મોટા ભાગનાં કપડાંમાં પ્રાર્થના અંગેની ધજાઓ તથા બુદ્ધવાદનો સંદેશો પૂર્વના પ્રદેશોને અપાતો જોવા મળે છે. પવિત્ર શ્લોકો દર્શાવ્યા હોય તેવું રેશમી કાપડ, ચમકતા સુવર્ણના દોરાઓથી વણવામાં આવે અને તેના વડે મંદિરોમાં પથ્થરમાં ઘડેલી દેવી-દેવતાઓના શણગાર તરીકે જોવા મળે છે. આવાં કપડાં રાજાના શણગાર તરીકે પણ પવિત્રતાની છાપ ઊભી કરતાં જોવા મળ્યાં છે. લાંબા અને સુખી લગ્નજીવનના આશીર્વાદ અને સંદેશાઓ સાડીઓની બોર્ડર પર વણી લેવામાં આવે છે અને એ દ્વારા પવિત્રતા દર્શાવવામાં આવે છે. આમાં ઘણી વાર પાલવ પર ભજનો અને મહાકાવ્યોના અંશો વણી લેવાયા હોય તેવું ઓડીશાની ઈકટ શૈલીની સાડીઓમાં જોવા મળ્યું છે. ભારતમાં કોઈ પણ પ્રસંગે અપાતા આશીર્વાદને પવિત્ર ગણવામાં આવે છે. જો કોઈ યુવાન વ્યક્તિ પહેલી વાર સ્વતંત્રપણે રળેલી રોજીમાંથી તેની માતા માટે હાથવણાટની સાડી ખરીદતો હોય ત્યારે માતા માટેનાં સન્માન અને કૃતાર્થતાની ભાવના એમાં વણાઈ જતી હોય છે.

કાપડ સિવાય મૂળભૂત કપડાંની વાત કરીએ તો સંસ્કૃતિ અને સમાજની લાક્ષણિકતા કપડાંમાં જોવા મળતી હોય છે. હાથવણાટનાં મોટાભાગનાં કપડાંમાં સુશોભન તથા જે હેતુ માટે ઉપયોગમાં લેવાતાં હોય તે બાબતની અભિવ્યક્તિ કરાય છે. આ કારણે ભારતનું કાપડ વિશિષ્ટ અને


અર્થપૂર્ણ બની રહે છે. દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને દક્ષિણ એશિયાના કેટલાક મૂળ સમુદાંયો હાલમાં પણ આ પ્રકારનાં કપડા ખાસ પ્રસંગો માટે તૈયાર કરે છે, પરંતુ તેનો ઉપયોગ ભારતમાં થાય છે તે રીતે વ્યાપકપણે થતો નથી. ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં વિવિધ પ્રકારની શાળનાં નોંધપાત્ર ઉદાહરણો જોવાં મળે છે, જેમાં વણાટ અને પેટર્નમાં ચોક્કસ સમુદાય, તેની સાથેનું જોડાણ અને સામાજિક દરજ્જો વર્તાતો હોય છે. એવી જ રીતે ભારતમાં હેન્ડલૂમના દરેક વણાટને ચોક્કસ પ્રદેશ સાથે જોડવામાં આવે છે.



ભારતમાં મોગલોના આગમન પહેલા મોટે ભાગે ટાંકા લીધા વગરના કપડાં પહેરવામાં આવતાં હતા. પુરુષોના વસ્ત્રો/કપડાં લૂંગીઓ, ધોતી, વેસ્ટી, ડગલા, બંડી, અંગવસ્ત્ર, પાઘડી, ઝભ્ભા, અંતરવસ્ત્ર વગેરે તથા મહિલાઓ માટે સાડીઓ, લૂંગીઓ, માથે વીટવાનાં કપડાં, સ્કાર્ફ અને શાલ હેન્ડલૂમનાં વિવિધ કદમાં વણેલાં કાપડ સ્વરૂપે જોવાં મળતાં હતાં. મોગલ રાજાઓ સીવણ જેવા વિવિધ કૌશલ્ય ધરાવતા કારીગરો લાવ્યા. પર્સિયન શેરવાણીઓ, સલવાર, કુર્તા, સરારા અને ઝૂલ ધરાવતા લહેંગાને કારણે બનારસમા વણેલાં સિલ્કનાં કપડાંની માંગ વધતી ચાલી. અને બંગાળનું ઝીણું મુસલઇન કાપડ પણ વપરાવા લાગ્યું, જેને ભારતમાં ખૂબ જ ચોકસાઈથી સીવવામાં આવતું હતું. આ બધું ભારત અને યુરોપમાં ૧૪મી અને ૧૫મી સદીમાં જોવા મળતું હતું. એ પછી ભારતમાં બ્રિટિશરો આવ્યા અને એમનું શાસન પણ આવ્યું. એ ગાળામાં ભારતમાં માન્ચેસ્ટર અને લેન્કેશાયર જેવી કાપડની મિલોની તરાહ પર યાંત્રિકીકરણ શરૂ થયું. આ પછી ભારતમાં સંસ્થાનવાદી (Colonial) શાસનનો પ્રારંભ થયો અને ભારતના હેન્ડલૂમ વણતા લોકો પર વેરા નાખીને તેમની સ્થિતિ વણસાવવામાં આવી. જે ટકી શકે તેવા હોય તે, અને અત્યંત ગરીબ હોય તેવા લોકો ટકી ગયા. આ લોકોમાં ખૂબ જ સાદા અને બહુવિધ ઉપયોગ ધરાવતા સ્કાર્ફનું રોજબરોજના વપરાશ માટે ઉત્પાદન થતું હતું. જેમાં માથે બાંધવા માટે, ટુવાલ તરીકે, કમર પટા, પાઘડી, અડધી લૂંગી, ચાદર અને વિંટાળવા માટે ઉપયોગમાં લેવાતાં વસ્ત્રોનો સમાવેશ થતો હતો. કેટલીક ધાર્મિક પરંપરાઓ સાથે સંકળાયેલું કાપડ ટકી ગયું; જેમાં ઘેરા લાલ રંગના હાથે વણેલા ખભા પર નાખવાનાં કપડાં અને વિવિધ પ્રાણીઓના પ્રતીકો દર્શાવતાં કપડાંનો સમાવેશ થાય છે. કર્ણાટકની થિગાલરુ આદિવાસી જાતિઓમાં ધર્મરાજા(યુધિષ્ઠિર)ની પૂજા માટેના પ્રસંગમાં વપરાતાં છિદ્રોવાળા કપડાંઓનો પણ એમાં સમાવેશ થાય છે. લોકો તહેવારોમાં અગ્નિની વેદી સમક્ષ આવાં કપડાં પહેરીને પ્રદક્ષિણા કરતા હતા.

**<u>સાતત્ય</u>**

ભારતમાં પોષાકના સાતત્યને કારણે હેન્ડલૂમની કેટલીક પરંપરાઓ ટકી શકી છે. તેમાં પ્રથમ બાબત - પવિત્રતા અને તે કાપડનો પ્રકાર અને પેટર્ન કારણરૂપ હતાં. આ પ્રકારનું કાપડ પહેરવાને કારણે એક ચોક્કસ ઓળખ પણ ઊભી થતી અને તે કયા પ્રદેશ કે ધર્મમાંથી આવે છે તે આસાનીથી જાણી શકાતું હતું. ત્રીજું, જાતિ પ્રથા ચાલુ રહી હોવાને કારણે માણસોની અન્ય પ્રદેશોમાં હેરફેર ઓછી રહેતી હતી. આ કારણે વણકરો હતાશામાં રહેતા હતા અને માત્ર તેમના પરંપરાગત કૌશલ્યમાં કામ કરતા હતા. મુક્તપણે અન્ય બહેતર વ્યવસાયમાં જઇને આર્થિક સ્થિતિ સુધારી શકતા ન હતા. સમૃદ્ધ અને શક્તિશાળી વણકરોના સમુદાયને મંદિરો અને રાજાઓ તરફથી નાણાકીય સહાય મળતી હતી. આ પ્રથા દક્ષિણ ભારતનાં વિજયનગર અને બ્રહ્માણી રાજ્યોમાં જોવા મળી હતી, જે પછીનાં વર્ષોમાં આ પ્રથા ટકી નહીં. વેપારીઓ દ્વારા શોષણ અને કપરી આર્થિક પરિસ્થિતિ ઊભી



થવાને કારણે સામાજિક અસમાનતા પેદા થઈ. બ્રિટન દ્વારા કાપડની મિલો મારફતે જે યાંત્રિકકીરણ કરવામાં આવ્યું તેને કારણે ચાલી આવતી વણાટની આ વ્યાપક પરંપરાને એક મોટો ફટકો પડ્યો હતો.

**ગ્રાહક વર્ગ**

ભૂતકાળનું આકલન કરીએ તો વ્યક્તિએ તે સમયના ગ્રાહકોની પણ સમીક્ષા કરવી પડે તેમ છે. ૫૦૦ વર્ષ પહેલાં વસ્ત્રના આકારની તુલનામાં તેને વીંટવાનું વિશેષ મહત્ત્વ હતું. દરેક વ્યક્તિ પોતાના શરીર ઉપર હાથવણાટનાં કપડાં પહેરવાનું પસંદ કરતી હતી અને તેને કારણે હાથે વણેલાં કપડાં દરેક ગ્રાહકોના દરેક વર્ગને મળી રહેતાં હતા. મુગલોને કારણે ટાંકાં લીધેલાં કપડાંઓ આવ્યા. સમાજનો ઉચ્ચ વર્ગ અને ખાનદાન વર્ગ મોંઘાં કપડાં પહેરવા લાગ્યો હતો, પણ એ વખતે નિમ્ન વર્ગ રોજબરોજના વપરાશમાં એકસરખાં કપડાં પહેરતા હતો. તે પછી લેંઘા, બ્લાઉઝ અને કુર્તાને કેટલુંક વધારાનું સ્ટીચિંગ કરાવાની પ્રથા આવી.

વર્તમાન સમયમાં શહેરોનો મધ્યમ વર્ગ અન્ય સંસ્કૃતિઓની જીવનશૈલી આયાતી કપડાં તરફ ઢળતી જોવા મળે છે ત્યારે ભારતના વૈવિધ્ય ધરાવતા કાપડનો વારસો વિસરાતો જતો હોય તેવું લાગે છે.

વિશ્વમાં ચાલતી ફેશનોમાં હેન્ડલૂમનો ખાસ વપરાશ ન થયો અને ગ્રાહકોને સિન્થેટિક કપડાંઓ દ્વારા ચમકનું મહત્ત્વ આકર્ષવા લાગ્યું. કેટલાક સ્થાનિક સમુદાયોએ તેમના જીવનની પરંપરામાં હેન્ડલૂમને એક મૂલ્યવાન વારસા તરીકે અપનાવી છે. આવા લોકો અલગ વર્તાઈ રહ્યા છે. વર્તમાન સમયમાં જે કેટલાંક પરિવર્તનો જોવાં મળ્યાં છે તેની આ લેખમાં હવે પછી છણાવટ કરાશે.

**સ્વતંત્ર ભારતમાં વહીવટ**

ભારતમાં આઝાદી આવી તે પહેલાં ભારતમાં કોઈ પણ કાપડનું બજારનું સંચાલન બજારના કેટલાંક પરિબળોને આધીન રહેતું હતું અને એ સમયે કેટલાક શાસકોએ કેટલાક નિયમો પણ લાદેલા હતા. મહાત્મા ગાંધીના પ્રયાસોને કારણે વર્ષ ૧૯૪૭ પહેલાં જે ગરીબોનાં કલ્યાણ, વિકાસ અને તેમને ટેકો પૂરી પાડવાની ભાવના ઊભી થઈ તેનાથી ખાદીની રાષ્ટ્રવાદી ચળવળ જોવા મળી. એ પછી કમલાદેવી ચટ્ટોપાધ્યાય અને ત્યાર બાદ પુપુલ જયકર જેવી વ્યક્તિઓએ અસરકારક રીતે પ્રભાવ દર્શાવી આ માળખું પુનર્જીવિત કરવા પ્રયાસ કર્યો. આમ છતાં આઝાદી પછી ઉદ્યોગિકીરણ આવ્યું અને મિલનું કાપડ, સિન્થેટિક કાપડ અને પાવરલૂમનું કાપડ વધુ પ્રમાણમાં વપરાવા માંડ્યું, જે ખૂબ સસ્તું અને વર્કિંગ ક્લાસ માટે વપરાશમાં સરળ હતું. આ કારણે વણાટમાંથી આજીવિકા મેળવનાર વર્ગના લોકોની સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં ઘટવા માંડી.

પ્રથમ તબક્કે વણાટને પુનર્જીવિત કરવા જે રીતે પ્રયાસો થયા તેમાં અને પછીના દાયકાઓમાં નિકાસ, સબસિડીઓ અને વેચાણનુ ગંભીર સર્વેક્ષણ કર્યા વગર જે લોકો આ વ્યવસાયમાં હયાત હતા તેમને સહાય આપવામાં આવી, પરંતુ જેમને ખરેખર ટકાવવાની જરૂર હતી તે સમુદાય નાબૂદ થઈ રહ્યો હતો. હાલની પરિસ્થિતિ અંગે વિવિધ સ્રોતોમાંથી જે માહિતી મળે છે તેમાં જણાય છે કે આ વર્ગનું વિશ્લેષણ અને આકલન વ્યાવસાયિક ધોરણે સાચી રીતે થયું નથી. આ કારણે વણકરો વધુ તકલીફમાં મુકાયા. આખરે તેમણે ઘરમાં વણાટકામ કરવાનું તથા ગામડાંમાં વસવાટ કરવાનું ત્યજીને રિક્ષાઓ

ખેંચવા લાગ્યા અથવા તો શહેરોમાં આવીને સિંગ-ચણા વેચવા લાગ્યા છે.

૧૯૮૦ પછીના વર્ષોમાં ખૂબ ઝડપથી પાવરલૂમની વૃદ્ધિ થઈ, પરંતુ જે રીતે પેશકદમી થઈ તેમાં પેશકદમી રોકવા માટે કાપડ વચ્ચેના તફાવતનો ખ્યાલ આપવાની તથા નિયમન તંત્ર ઘડવાની કે ગ્રાહક શિક્ષણ જેવી કોઈ પરિવર્તનને અસર કરે તેવી સ્થિતિ જોવા મળી નહીં અને તેની હેન્ડલૂમ પર અને હેન્ડલૂમના પ્રચારને પણ માઠી અસર થઈ. શરૂઆતમાં પ્રચારમાં જે નિષ્ઠા અને ઉત્સાહ જોવા મળતો હતો તે ક્રમશઃ ઘટતો ગયો અને તે સામાજિક અથવા કૉમર્શિયલ વર્કની ખૂબ જ નાની ચેનલોમાં છૂટો છવાયો જોવા મળતો હતો. રાજ્ય સરકારોની માર્કેટિંગ સંસ્થાઓ અને સરકારી માળખાંઓ દ્વારા જે દરમિયાનગિરી થઈ તેનો આશય સારો હતો, પણ તેના અમલમાં ઉદાસીનતા અને વૈચારિક પીઠબળનો અભાવ જોવા મળતો હતો.

સરકારી તંત્ર દ્વારા આશ્રયના અભાવને કારણે તેમ જ પછીના દાયકાઓમાં દુનિયાભરના મુક્ત બજારની તકો ઊભી થવાને કારણે તથા તે સમય ગાળામાં સરકાર દ્વારા થયેલા વિવિધ પ્રયાસો ચાલતા હતા. તમામ સ્તરે ખાદીના વપરાશનું પ્રમાણ ઘટી રહ્યું હોવા છતાં તેને જીવતી રાખવા પ્રયાસ થઈ રહ્યો હતો.

આ બાબતે પુનઃ સ્થાપનાના જે ઉત્તમ પ્રયાસો થયા તેમાં કસબ અને કાપડના ક્ષેત્રે વ્યાપક અનુભવ અને સર્જનાત્મકતા ધરાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા હાથ ધરાયેલાં કેટલાંક ઈનોવેશનનો પણ સમાવેશ થાય છે. આવાં કેટલાંક ઉદાહરણોમાં સરકારના વિશ્વકર્મા પ્રોજેક્ટ અને ૧૯૮૦ના દાયકાથી શરૂ કરાયેલાં પ્રદર્શનોને કારણે સેંકડો સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૭મા અને ૮મા દાયકામાં *હેન્ડલૂમ એક્સપો*નું આયોજન કરવામાં આવ્યું. છેલ્લા બે દાયકાથી બજારનાં પરિબળો ફરીથી મેદાનમાં આવ્યાં. આ કારણે જ્યાં હેન્ડલૂમ અસરકારક માર્કેટિંગ પ્લૅટફૉર્મ સાથે સંકળાયેલું હતું અને ફૅશન ઉદ્યોગે સાથે સંકલન હતું ત્યાં તેને પુનર્જીવિત કરી શકાયું અને ભારતીય વણાટના ઘણા પ્રમોટર્સની કદર પણ કરવામાં આવી.

## સપોર્ટ સિસ્ટમને ચેતનવંતી કરવાના નવા સંભવિત અભિગમો

હેન્ડલૂમ સેકટરને પુનઃ જોમવંતુ કરવા માટેના જ અભિગમો હાથ ધરાઈ રહ્યા છે તેની તાકીદે સમીક્ષા કરવી જરૂરી બની રહે છે. આ ક્ષેત્રને મૃતઃપ્રાય થઈ રહેલા અને દયાજનક ક્ષેત્ર તરીકે ઓળખવાને બદલે વ્યાપક ક્ષમતા ધરાવતા ક્ષેત્ર તરીકે જોવું જોઈએ. કેટલાંક વાસ્તવિક ફૉર્મેટ અપનાવીને સ્થિતિ પલટી શકાય તેમ છે.

હાલની વિકાસ યોજનાઓ અને સ્કીમોમાં વ્યાપક સાનુકૂળતા માટે ફેરફાર ક્ષમતા(flexibility) જરૂરી બને છે અને મહદંશે સ્વરોજગારી ધરાવતા આ ક્ષેત્રને કસબીઓ દ્વારા મુદ્રા લોન કઈ રીતે મેળવવી, સ્ટાર્ટઅપ તરીકેનો લાભ કઈ રીતે લેવો તથા સ્કીલ ઇન્ડિયા પ્રોગ્રામમાં કઈ રીતે સામેલ થવું - તે માટેનું માર્ગદર્શન આપવું જરૂરી બને છે. બૅંકર્સને પણ વધુ તાલીમ આપીને હેન્ડલૂમ ક્ષેત્ર તરફ સંવેદનશીલ બનાવવાની અને આ ક્ષેત્ર તરફ યોગ્ય પ્રતિભાવ આપે તેવી સ્થિતિ ઊભી કરવાની



જરૂર છે. મનરેગા પ્રોગ્રામથી વણકરોને કોઈ લાભ મળતો નથી અને ગુમાવેલું કૌશલ્ય અન્યને શીખવી શકાતું નથી. ઘણી વાર વિવિધ કૌશલ્ય જાળવી રાખવાનું પ્રોત્સાહક બનતુ નથી. ઘણી વાર કૌશલ્ય જાળવવાની કામગીરી કરતાં હેન્ડલૂમ માટે કામ કરતા તથા મનરેગા યોજનામાં કામ કરતા અધિકારીઓ વિવિધ હેતુઓ માટે કામ કરવાનું ટાળતા હોય તેવું જોવા મળે છે.

વાજબી ભાવે ગુણવત્તા ધરાવતું યાર્ન મેળવવાની પણ મુશ્કેલી છે. આ ઉપરાંત શણ, ઓર્ગેનિક કોટન અને લિનન જેવા વિકલ્પો અંગે જાણકારીનો પણ અભાવ વર્તાય છે. આ એક એવું ક્ષેત્ર છે કે જ્યાં કાપડ ઉદ્યોગ અને ફૅશન ડિઝાઈનર્સ દાખલ થઈને નવતર પ્રયાસો દ્વારા નવા કાપડ અને હેન્ડલૂમમાં વણી શકાય તેવું ફૅશન ઉદ્યોગની જરૂરિયાતો મુજબના કાપડનું ઉત્પાદન કરવાનાં કદમ ભરીને સહાયરૂપ થઈ શકે તેમ છે. ઝડપથી યોજાતા ફૅશન શૉ અને એવી જ ઝડપથી યોજાતા પ્રમોશનલ ઈવેન્ટને બદલે, જો બે વર્ષ ગંભીર થઈને કામગીરી કરવામાં આવે તો બહેતર પરિણામો મળી શકે તેમ છે.

તાલીમ તરફ ચોકસાઈથી ધ્યાન આપીને તથા કુદરતી ડાઈંગને પ્રોત્સાહન આપીને આ ક્ષેત્રને પુનઃર્જીવન કરવાથી પ્રદૂષણમાં પણ ભારે ઘટાડો થશે અને પર્યાવરણ સુધરવાની સાથે સાથે દુનિયાભરમાં આ પ્રકારના કાપડને સ્વીકૃતિ મળશે. કુદરતી ડાઈંગ પ્રક્રિયામાં જે કચરો પેદા થાય છે તે જમીનને નુકસાન કરતો નથી. નેચરલ ડાઇઝ ભવિષ્ય માટે અસ્કયામત બની રહે છે, કારણ કે સમગ્ર દેશમાં નેચરલ ડાઈંગ અંગે વ્યાપક જાણકારી જોવા મળે છે.

પહાડી અને દરિયા કાંઠાના પ્રદેશોમાં વિવિધ પ્રકારના નેચરલ ફાઈબર માટે ઈન્ટરનૅશનલ ટેક્નૉલૉજીનો સહયોગ મેળવી વાંસ, પાઈનેપલ અને કેળાંના ફાઈબરનો ઉપયોગ કરી વસ્ત્ર ઉત્પાદન થઈ શકે તેમ છે. આવા નવા કાચા માલના ઉપયોગથી હેન્ડલૂમ ક્ષેત્રના વણકરોને નવા ઓર્ગેનિક સ્રોતો પ્રાપ્ત થશે અને વણકરોને ફરીથી આ ક્ષેત્ર સાથે જોડી શકાશે.

એમેઝોન, ફ્લિપકાર્ટ અને ન્યૂ ઈન્ડીમાર્ટ જેવા ઓનલાઈન જાયન્ટ્સ દ્વારા વિવિધ કસબ અને હેન્ડલૂમ ક્ષેત્ર માટે માર્કેટિંગની તકો જ્યારે વિસ્તરી રહી છે ત્યારે તેનો લાભ લેવાવો જોઈએ. કેટલીક નાની ખાનગી સંસ્થાઓ તેમના મર્યાદિત ગ્રાહકોને અનોખી રીતે વેચાણ કરે છે. વણકરોએ આ પ્રકારને બજારોના લાભ અને ગેરલાભ સમજવાની જરૂર છે, જેથી તે નિર્ધારિત કાર્યક્રમ મુજબ અને ચોક્કસ ઑર્ડર પ્રમાણે આ બજારોને પુરવઠો આપી શકે. આ વ્યવસાય અને કસબ સાથે સંકળાયેલા લોકો જાતે ફેસબુક એકાઉન્ટ ઊભાં કરી શકે અને પોતાના કામને પ્રોજેક્ટ કરવા માટે વેબસાઈટ પણ તૈયાર કરી શકે છે.

અત્યંત સરળ અને પ્રતિભાશાળી વણકરો તથા વણકરોની સંસ્થાઓ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ રવાના કરવા માટે જરૂરી બનતાં પેપરવર્કને સમજી શકતા નથી. નવી જીએસટીની પદ્ધતિ વાસ્તવિક રીતે અમલમાં આવશે ત્યારે પણ કાપડની આંતરરાજ્ય હેરફેર અને રવાનગી ઘણા લોકો માટે અટપટી અને અજાણી બની રહેશે. કરવેરા અંગેનો ભય અને આધુનિક સમયમાં આવશ્યક હોય તેવી પ્રક્રિયાઓ અંગે જાણકારીનો અભાવ બજારો સુધી પહોંચવામાં અને તેના વિસ્તરણમાં ઘણા લોકોને ખૂબ જ અવરોધરૂપ બની શકે છે. સ્થાનિક બજારોમાં વેચાણ વધારવા માટે ખાસ પ્રયાસોની જરૂર છે. આવા પ્રયાસોથી વધેલી ખરીદશક્તિ તેમ જ સાંસ્કૃતિક ભાવના અને સૌંદર્ય પ્રત્યે અભિરુચિ ધરાવતા વર્ગનો લાભ મળી શકે છે. ભારતીય રુચિ અનુસાર વિવિધ સ્તર ધરાવતા અને ભિન્ન પ્રકારનાં બજારો વિકસાવવાની તાતી જરૂર છે. હેન્ડલૂમ જેને માટે સક્ષ્મ નથી તેવા તથા સ્ટાન્ડર્ડાઈઝ મોટા જથ્થાનું ઉત્પાદન નહીં કરી શકવાને કારણે તથા નિકાસ બજારોની તરફેણ કરવા માટે હેન્ડલૂમના વિકાસના પ્રયાસોને અવગણી શકાય નહીં. આવા સંજોગોમાં પાવરલૂમનું કાપડ હેન્ડલૂમના કાપડ તરીકે વેચાય છે અને નિકાસ થાય છે. આવા સંજોગોમાં ક્યારેક ભરોંસા પાત્રતા અંગેના ગંભીર સવાલો ઊભા થઈ શકે છે.

સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સાથે મળીને ઘનિષ્ટપણે કામગીરી કરી ખુલ્લી, પારદર્શક અને પ્રામાણિક વ્યવસ્થા ઊભી કરવાના પ્રયાસો કર્યા નથી. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં ઉત્તમ પ્રણાલિઓ અપનાવવા માટે અરજીઓ મંગાવી શકાય. આવું થશે તો સ્થળની વાસ્તવિક પરિસ્થિતિને અનુસાર અસરકારક કાર્યક્રમો હાથ ધરી શકાશે.

દેશભરમાં વણકરોનાં વિવિધ સર્વિસ સેન્ટરો સ્થાપવામાં આવ્યાં હતાં, જે ૧૯૮૦થી અસરકારક કામગીરી બજાવતાં હતાં અને હાલમાં પણ કામગીરી કરી રહ્યાં છે. જે સંસ્થાઓ સ્થાનિક સ્તરે અસરકારક કામગીરી બજાવે છે તેની અન્ય લોકોને ખબર નથી. આવી સંસ્થાઓને પ્રદર્શનો, નિદર્શનો અને વિકાસ કેન્દ્રો દ્વારા વિવિધ કડીઓ સાથે જોડાઇને વણકરો સાથે પરામર્શની વ્યવસ્થા ઊભી થઈ શકે. તેમનું સ્વરૂપ અને પદ્ધતિઓ અપગ્રેડ અને અપડેટ કરવાની જરૂર છે. આંકડાઓ એકઠા કરીને પારદર્શક ડિજિટલ તંત્ર વ્યવસ્થા ગોઠવી શકાય. તેમની કામગીરી અંગે સ્વતંત્ર અભ્યાસ કરવાનું અને તેમની વ્યાપક ક્ષમતા અંગે માર્ગદર્શન આપીને લોકોમાં સ્વીકાર્ય બનાવી શકાય તેમ છે. માસ્ટર વિવર્સને તેમના સમુદાયની નજીક એપ્રેન્ટીસ વણકરોનાં ગ્રૂપ પાસે લાવીને સહાય, શિક્ષણ અને જરૂરી પ્રક્રિયાઓ માટે જાણકારી આપી શકાય. ભાવિ પેઢીઓ માટે દસ્તાવેજીકરણ જરૂરી હોવાથી આવાં કેન્દ્રોમાં પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને તેમને ઓનલાઇન વ્યવસ્થા સાથે જોડી શકાય.

આ ક્ષેત્રને આગળ ધપાવવા માટે એક મહત્ત્વનો સ્કીલ સર્વે પ્રોગ્રામ હાથ ધરવાની જરૂર છે, જેમાં વણકરોના સમુદાયમાં હાલમાં જે કૌશલ્ય ઉપલબ્ધ છે તે તથા તેમના આર્થિક અને સામાજિક દરજ્જા અંગેની બાબતોને આવરી લઈ શકાય. આવું થશે તો તેમની ક્ષમતા વિકસાવવાના પધ્ધતિસરના આયોજનમાં સહાય થશે. ફોટોગ્રાફી, હિસાબી આવડત, વિન્ડો પ્રેઝન્ટેશન, પ્રદર્શનોમાં રજૂઆત, એર્ગોનોમિક પૅકેજિંગ અને ઓનલાઇન વેચાણની પદ્ધતિઓ દ્વારા આ ક્ષેત્રના કૌશલ્યને નોંધપાત્ર પ્રમાણમાં વિસ્તારી શકાય તેમ છે.

**<u>પુનરુત્થાન</u>**

વર્તમાન સમયમાં હેન્ડલૂમ ક્ષેત્રમાં ઉત્સાહપ્રેરક અને પુનરુત્થાનની શક્યતા ધરાવતી પરિસ્થિતિ ઊભી થઈ છે. આ કારણે દુનિયાભરમાં ગ્લોબલાઈઝ બ્રાન્ડ્ઝની એકરૂપતા (monotony) ઓછી થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આથી વિપરીતપણે ભારતનું હેન્ડલૂમ શુદ્ધ યાર્નમાંથી બનતું હોવાથી એક્સક્લુસ્ત્વિ ઉત્પાદન, કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ્સ અને પરંપરાગત તથા વારસા સાથે સંકળાયેલા રોમાંચ સાથે સંકળીને વ્યાપક વૈવિધ્ય પૂરું પાડી શકે તેમ છે. દરેક કાપડ સાથે એર્ગોનોમિક લાભો તથા સાંસ્કૃતિક કથા વણાયેલી હોય છે.

સોશિયલ મીડિયા હેન્ડલૂમના પ્રચાર માટેના ઘણા પ્રયાસોમાં સહાયરૂપ બન્યું છે. કાપડ મંત્રાલય દ્વારા The #Iwearhandlooms ટેગની રચના કરાઈ હતી, જેમાં વગેરે #100 saris uact દ્વારા સમર્પિત પ્રયાસો કરાયા હોવાના કારણે હેન્ડલૂમ પ્રત્યે ગ્રાહકોનો એક નવો વર્ગ આકર્ષાયો છે.

મેક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા વગેરેને કારણે ભારતની છાપ ઝડપથી વિકસતા એક અર્થતંત્ર તરીકે ઊભી થઈ છે. આ ઓળખ ઊભી થવાને કારણે ભારતને ત્રીજા વિશ્વના દેશ તરીકે ઓળખવાને બદલે હવે ભારે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓ ધરાવતા સક્ષમ દેશ તરીકેની ઓળખ મળી છે, જેની સાથે સાથે આધુનિકતાનાં પાસાંઓ પણ ઉપસી આવ્યાં છે. આ ફેરફારને કારણે કસબ, પરંપરાગત કલાઓ અને હેન્ડલૂમના દુનિયાભરના ચાહકોની વિચાર-પ્રક્રિયામાં પરિવર્તન આવ્યું છે. આપણે હેન્ડલૂમને જેટલું વ્યાપક રીતે રજૂ કરવાનો પ્રયાસ કરીશું, વિશેષપણે ઉપસાવીશું. તેના સાંસ્કૃતિક અને સર્જનાત્મક પાસાં દર્શાવવાનો જેટલો વધુ પ્રયાસ કરીશું તેટલું હેન્ડલૂમ સાથે સંકળાયેલા વર્ગને પ્રોત્સાહન મળશે અને વિકાસ પામતા અને પ્રગતિશીલ દેશ તરીકે ભારતની જે છાપ ઊભી થઈ રહી છે તેનો લાભ મળશે.


ક્ષમતાની કોઈ સીમા નથી અને સમસ્યાઓ પણ અનેક હોઈ શકે છે. આમ છતાં, જે પડકાર છે તે ક્રિએટિવ અને પ્રેરણાદાયી છે. આ દિશામાં વિવિધ સ્તરે કાપડના વારસા અને વેરાયટીને અનોખા કૌશલ્યનું પીઠબળ, ટેક્નિક અને પ્રક્રિયાઓ દ્વારા જાળવવાનો પ્રયાસ થવો જોઈએ, કારણ કે બાકીની દુનિયામાં સમાન પ્રકારનો કસબ ઉપલબ્ધ નથી. છેલ્લે અત્યંત મહત્ત્વની બાબત એ છે કે વણકરોના સમુદાયને સાચા અર્થમાં આર્થિક સસક્તિકરણ દ્વારા અર્થપૂર્ણ રોજગારી પૂરી પાડવાની જરૂર છે.

**જયા જેટલી દસ્તકારી હાટ સમિતિના સ્થાપક છે અને હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રના નિષ્ણાંત છે.**

**Email: dastkarihaat@gmail.com**

# ખાદી - આધુનિક ભારતનું નિર્માણ કરવા આપણી પાયારૂપ તાકાત

**વી. કે. સક્સેના**




*ખાદીનું ઉત્પાદન દુનિયામાં સૌથી મોટી ગ્રામીણ ઉત્પાદકતાનો કાર્યક્રમ છે, જેમાં હજારો કુટુંબો પોતાનાં ઉત્પાદનો વચેટિયા કે જટિલ માર્કેટિંગ વિના સીધા ગ્રાહકો સુધી પહોંચાડતા હતા. તે ગ્રામીણ સમુદાયોને તેમના પ્રયાસોનું ઊંચું મૂલ્ય પ્રદાન કરે છે, ત્યારે ગ્રાહકોને નાણાંના બદલામાં શ્રેષ્ઠ મૂલ્ય આપે છે. એક રાષ્ટ્ર માટે તે અમૂલ્ય વારસાગત અસ્ક્યામત છે.*

*ભારતમાં કેવીઆઈસીના ઉદ્દેશો અને કાર્યક્રમોનો અમલ કરવા ૫૦૦૦થી વધારે સંસ્થાઓ અને ૩.૨૦ લાખથી વધારે સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોનું બહોળું નેટવર્ક કામ કરે છે. ભારતમાં કેવીઆઈસી હેઠળ ૧ કરોડથી વધારે વ્યક્તિઓ ઉત્પાદન કામગીરીમાં સંકળાયેલા છે. ખાદીની કામગીરી મુખ્યત્વે મહિલા કેન્દ્રિત છે અને ખાદીની કળામાં ૮૦ ટકાથી વધારે મહિલાઓ છે. ગ્રામીણ ઉદ્યોગ કાર્યક્રમમાં મહિલાઓનો હિસ્સો ૩૦ ટકા છે. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ ક્ષેત્રનું ટર્નઓવર રૂ. ૪૦,૦૦૦ કરોડ છે, જેમાંથી ૪૦ ટકા આવક આજીવિકાના સહકાર તરીકે ગ્રામીણ સમુદાયોની ખાદી પ્રવૃત્તિ હેઠળ પરત મળે છે.*

આ આપણે સતત આધુનિક રાષ્ટ્રના નિર્માણ વિશે વાત કરી રહ્યા છે. આધુનિક રાષ્ટ્રના નિર્માણ માટે માળખાગત સુવિધા, વૈજ્ઞાનિક ઉત્સાહ, ટેક્નિકલ ક્ષમતા, સૈન્ય શક્તિ, ઉત્કૃષ્ટ કળા અને આધુનિકતાનું પ્રતિનિધિત્વ કરતી તમામ વિવિધ લાક્ષણિકતા વિકસાવવી મહત્ત્વપૂર્ણ છે ત્યારે આગળ જતાં આપણી મૂળભૂત ક્ષમતાને ઓળખવી મહત્ત્વપૂર્ણ છે. જે રાષ્ટ્ર પોતાની ક્ષમતાના આધારે વિકાસ કરે છે તેનો વિકાસ સ્થાઇ હોય છે. જે દેશ પોતાની ક્ષમતાને આધારે સ્વપ્નો સાકાર કરે છે તેની સફળતા લાંબા સમય સુધી જળવાઈ રહે છે.

બ્રિટિશ શાસનની ધુરા હેઠળ સદીઓ સુધી રહ્યા બાદ આપણે એક રાષ્ટ્ર તરીકે સાંસ્કૃતિક અને પરંપરાગત રીતે વિકાસ કર્યો છે. મહાત્મા ગાંધી એ ઝડપથી સમજી ગયા હતા, કે આપણું ભવિષ્ય આપણી પોતાની ક્ષમતામાં રહેલું છે. તેઓ સમજતા હતા કે, અન્ય કોઈ રાષ્ટ્રની નકલ કરીને ભારતની પ્રગતિ નહીં કરી શકાય એટલે જ તેમણે ભારતમાં અંગ્રેજોના શાસનકાળમાં ૧૯૨૦માં ખાદીને સ્વદેશી આંદોલનની અંદર રાષ્ટ્રવાદનું મુખ્ય શસ્ત્ર બનાવ્યું હતું. તેમણે ખાદીને આઝાદીનો પોશાક ગણાવ્યો હતો. તેમણે ભારતને સ્વનિર્ભર કરવા ખાદીને પ્રતીક બનાવી દીધી હતી. તેમણે અંગ્રેજોને દેખાડી દીધું હતું, કે ભારત પોતાની રીતે ટકી શકે છે અને સાથે સાથે તેમણે ભારતીયોને રોજિંદા જીવન માટે ખાદી વણીને પોતાની રીતે ગર્વ સાથે પ્રગતિ સાધવાનો માર્ગ દેખાડ્યો હતો.

ખાદી અને ગ્રામીણ ઉત્પાદકતા રાષ્ટ્રવાદનો મુખ્ય સ્રોત બની ગયો હતો તથા ભારતે દુનિયાને દેખાડી દીધું હતું કે આપણા સમાજનો પાયો ગ્રામીણ સમાજના પ્રયાસો અને પ્રદાન છે. આ રીતે ખાદી કાપડનો ટુકડો નહીં, પણ શાંતિનું માધ્યમ તથા આપણી સ્વતંત્રતા અને રાષ્ટ્રીય અસ્તિત્વનું પ્રતીક બની ગયો હતો.

આઝાદી પછી ભારત સરકારે ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ પંચ-(કેવીઆઇસી)ની સ્થાપના કેવીઆઇસી ધારા, ૧૯૫૬ હેઠળ કરી હતી. આ પંચ રાષ્ટ્રના નિર્માણમાં સ્વનિર્ભરતાની તાકાતને સમર્પિત હતું. વિશાળ માનવ સંસાધન ધરાવતો એક દેશ કામ કરવા ઇચ્છતો હતો, પણ આર્થિક સંસાધનોને સંયુક્ત માનવઊર્જામાં એકતાંતણે જોડવાના હતા અને પ્રતિભાઓને પ્રોત્સાહન આપીને ઉપયોગી રાષ્ટ્રીય ઉત્પાદનોનું નિર્માણ કરવાનું

હતું, ત્યારે આજીવિકા મેળવવા અને સમૃદ્ધિ માટે વ્યક્તિઓને સહકાર પણ આપવાનો હતો. ભારતે ખાદી અને ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની કામગીરી આટલા મોટા પાયે ક્યારેય હાથ ધરી નહોતી.

ખાદીનું ઉત્પાદન દુનિયામાં સૌથી મોટી ગ્રામીણ ઉત્પાદકતાનો કાર્યક્રમ છે, જેમાં હજારો કુટુંબો પોતાનાં ઉત્પાદનો વચેટિયા કે જટિલ માર્કેટિંગ વિના સીધા ગ્રાહકો સુધી પહોંચાડતા હતા. તે ગ્રામીણ સમુદાયોને તેમના પ્રયાસોનું ઊંચું મૂલ્ય પ્રદાન કરે છે ત્યારે ગ્રાહકોને નાણાંના બદલામાં શ્રેષ્ઠ મૂલ્ય આપે છે. એક રાષ્ટ્ર માટે તે અમૂલ્ય વારસાગત અસ્ક્યામત છે.

ભારતમાં કેવીઆઈસીના ઉદ્દેશો અને કાર્યક્રમોનો અમલ કરવા ૫૦૦૦થી વધારે સંસ્થાઓ અને ૩.૨૦ લાખથી વધારે સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોનું બહોળું નેટવર્ક કામ કરે છે. ભારતમાં કેવીઆઈસી હેઠળ એક કરોડથી વધારે વ્યક્તિઓ ઉત્પાદન કામગીરીમાં સંકળાયેલા છે. ખાદીની કામગીરી મુખ્યત્વે મહિલા કેન્દ્રિત છે અને ખાદીની કળામાં ૮૦ ટકાથી વધારે મહિલાઓ છે. ગ્રામીણ ઉદ્યોગ કાર્યક્રમમાં મહિલાઓનો હિસ્સો ૩૦ ટકા છે. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ ક્ષેત્રનું ટર્નઓવર રૂ. ૪૦,૦૦૦ કરોડ છે જેમાંથી ૪૦ ટકા આવક આજીવિકાના સહકાર તરીકે ગ્રામીણ સમુદાયોની ખાદી પ્રવૃત્તિ હેઠળ પરત મળે છે.

જ્યારે દુનિયા આબોહવાના ફેરફારની અસરો અને ઉદ્યોગીકીકરણના કારણે પર્યાવરણમાં કાર્બનના ઉત્સર્જનની સમસ્યા વિશે ગંભીર ચર્ચા કરી રહી છે ત્યારે ભારતને ખાદી ઉદ્યોગ મારફતે કાર્બનનું ઝીરો ઉત્સર્જન કરવા પોતાને વૈશ્વિક સ્તરે સ્થાપિત કરવાની જરૂર છે. એક અંદાજ મુજબ, વૈશ્વિક સ્તરે દર વર્ષે ૬૦ અબજ કિલોગ્રામ રેસાનું ઉત્પાદન થાય છે, જેના માટે અંદાજે ૧,૦૭૪ અબજ કિલોવોટ વીજળી (૧૩૨ મિલિયન મેટ્રિક ટન કોલસો) અને ૬થી ૯ ટ્રિલિયન લિટર પાણીની જરૂર પડશે. કૃત્રિમ કાપડ ઉદ્યોગ ગ્રીન હાઉસ વાયુઓના સૌથી મોટા ઉત્સર્જક ઉદ્યોગોમાં સામેલ છે, જે કુલ ઉત્પાદિત કાર્બનના આશરે ૨૦મા ભાગનું ઉત્પાદન કરે છે.

જોકે ખાદીને હાથથી કાંતવામાં અને હાથથી વણવામાં આવે છે, જેના ઉત્પાદનની પ્રક્રિયામાં વીજળીનો ઉપયોગ થતો નથી. તે સંપૂર્ણપણે ઓર્ગેનિક છે અને તેમાં કાર્બનનું ઉત્સર્જન થતું નથી. ઘણી રીતે ખાદી ભવિષ્યના યાર્ન તરીકે ફેબ્રિક ઉદ્યોગમાં ખાદીને મહત્ત્વપૂર્ણ સ્થાન મળવું જોઈએ. આ મૂળભૂત આધાર છે, જેના આધારે આપણે ખાદીને વૈશ્વિક સ્તરે લઈ જવાની જરૂર છે તથા સ્વચ્છ અને સ્થાઈ દુનિયા માટે આધુનિક પ્રસ્તુતતા અને ભવિષ્યના ભૂમિકા પ્રદર્શિત કરવાની જરૂર છે.

આપણા પ્રધાન મંત્રીએ 'મન કી બાત'માં યથાર્થપણે જણાવ્યું હતું કે, ''અમે ભારતનાં ગામડાંઓમાં ખાદી ગ્રામોદ્યોગ નેટવર્ક સ્થાપિત કરવા ઇચ્છીએ છીએ. ખાદી લાખો લોકો માટે મોટા પાયે રોજગારીનું સર્જન કરવાની સંભવિતતા ધરાવે છે.''

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી ખાદીને કલાકારોના હિત સાથે જોડે છે, રાષ્ટ્રના નિર્માણમાં તેમની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. તેમણે તાજેતરમાં સૂત્ર આપ્યું છે - ''આઝાદી અગાઉ રાષ્ટ્ર માટે ખાદી અને આઝાદી પછી ફેશન માટે ખાદી.'' તેમણે જણાવ્યું હતું કે, ''આપણે ખાદીના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ. ખાદીમાંથી બનેલી ઓછામાં ઓછી ચીજ ખરીદો. જો તમે ખાદીની ખરીદી કરશો, તો તમે ગરીબ વ્યક્તિના કુટુંબમાં સમૃદ્ધિનો દીપ પ્રકટાવશો.'' તેમની અપીલ પછી ગયા વર્ષે ખાદીના રેસા અને વસ્ત્રોના વેચાણમાં ૨૯ ટકાનો વધારો થયો છે. આ વધારો હજુ પણ જળવાઈ રહ્યો છે.

ફેબ્રિક તરીકે ખાદીએ આધુનિક સમાજની બદલાતી જરૂરિયાતો અપનાવી છે અને અત્યારે હજારો ઉત્પાદન કેન્દ્રો ફ્યૂઝન ફેબ્રિક ઉત્પાદનો બનાવે છે, જ્યાં વપરાશકર્તાઓની જરૂરિયાતોને આધારે કોટન, પોલિસ્ટર, રેશમ અને અન્ય ચીજવસ્તુઓને વિવિધ પ્રમાણમાં મિશ્ર કરવામાં આવે છે.

હવે નવી ટેગલાઇન 'એક યાર્ન, એક રાષ્ટ્ર' છે. બ્રાન્ડિંગ ખાદીમાંથી ખાદી ઇન્ડિયા થઈ ગઈ છે. એક યાર્ન, એક રાષ્ટ્રની ટેગલાઇન હેઠળ કેવીઆઈસીએ એક મહિનાનું રાષ્ટ્રીય ખાદી પ્રદર્શન ૫ મેથી ૪ જૂન, ૨૦૧૬ વચ્ચે શ્રીનગરમાં કર્યું હતું. આતંકવાદથી પીડિત જમ્મુ-કાશ્મીરમાં આઝાદી પછી આ પ્રકારનું પ્રથમ પ્રદર્શન યોજાયું હતું. તેમાં સમગ્ર

દેશની ૧૯૮ ખાદી સંસ્થાઓએ બનાવેલાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં, જેમાંથી ૫૬ સંસ્થાઓ જમ્મુ-કાશ્મીરની હતી. તેને જબરદસ્ત સફળતા મળી હતી, જેમાં એક લાખથી વધારે મુલાકાતીઓ આવ્યા હતા અને રૂ. ૨ કરોડનું વેચાણ થયું હતું. કેવીઆઇસીએ મે, ૨૦૧૬માં કાશ્મીરમાં પેમ્પોર નજીક ૨૫ ચરખા અને પાંચ લૂમ સાથે એક યુનિટ શરૂ કર્યું હતું તથા જમ્મુ જિલ્લામાં નગરોટા ગામમાં નૅપ્કિન સીવવાનો પ્રોજેક્ટ પણ શરૂ કર્યો હતો, જેમાં ૨૯૬ મહિલાઓને રોજગારી આપવામાં આવી હતી.

વૈશ્વિક સ્તરે ફૅશન ક્ષેત્રે ભવ્ય પ્રવેશ અપાવવા કેવીઆઇસીએ ઇન્ટરનૅશનલ ફૅશન ડિઝાઇનર શ્રીમતી રીતુ બેરીને પંચના સલાહકાર તરીકે નીમ્યાં છે, જેઓ ખાદીનાં તૈયાર વસ્ત્રોમાં આધુનિક મલ્ટિ-ફૅશન ડિઝાઇન અને સ્ટાઇલ રજૂ કરવા તથા દેશવિદેશમાં ખાદીને પ્રોત્સાહન આપવા સલાહ આપશે.

આ પૃષ્ઠભૂમિ સાથે કેવીઆઇસી ઉત્પાદનની કામગીરીમાં ગરીબો અને ગ્રામીણ લોકોને જોડવાની મોટી જવાબદારી ધરાવે છે. એટલે કેવીઆઇસી ભારતમાં ગ્રામીણ વિકાસ માટેનું મુખ્ય માધ્યમ તરીકે કાર્યરત છે, જે સ્થાઇ ગ્રામીણ ઉદ્યોગોની રચના કરે છે, પ્રોત્સાહન આપે છે અને જાળવે છે. આ ઉત્પાદનોમાં ખાદી મુખ્ય ઉત્પાદન છે.

મારું હંમેશાં માનવું છે કે ચરખા અજાણ્યા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમની ઓળખ છે, જેમણે રાષ્ટ્રપતિની અપીલ પર સ્વનિર્ભરતા અને શ્રમની પ્રતિષ્ઠા સ્થાપિત કરી હતી. આપણે ખાદીનો ધાગો વણીને અહિંસક સ્વતંત્રતા આંદોલનના સૈનિક બનેલા દરેક વ્યક્તિને યાદ ન કરી શકીએ, પણ જ્યારે આપણે ચરખાની ઉજવણી કરીએ ત્યારે આપણે તેમને ખાદીની ચીજવસ્તુઓ દ્વારા પ્રતીકાત્મક શ્રદ્ધાંજલિ આપી શકીએ. આ દૃષ્ટિએ મારું માનવું છે કે સ્વરાજનું આ પ્રતીક રાજધાનીમાં યોગ્ય સતત ધ્યાન દોરશે.

ચરખાના મહત્ત્વને ધ્યાનમાં રાખીને વિશ્વનો સૌથી મોટો ૩૦ ફૂટ લાંબો, ૧૭ ફૂટ ઊંચો, ૯ ફૂટ પહોળો, ૪ ટનથી વધારે વજન ધરાવતો અને બર્માના સાગમાંથી બનેલો ચરખો કેવીઆઇસી દ્વારા નવી દિલ્હીના આઇજીઆઇ ઍરપૉર્ટ પર ત્રીજા ટર્મિનલ પર સ્થાપિત કરવામાં આવ્યો હતો, જ્યાં દુનિયાના લાખો લોકોને ભારતના ઐતિહાસિક પ્રતીકને યાદ કરવાની તક મળશે. નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ રાષ્ટ્રીય હવાઈ ક્ષેત્રનું પ્રવેશદ્વાર છે. અહીં ચરખાની હાજરી આપણે મહાત્મા ગાંધીના ૧૯૨૪માં સ્વરાજની યાદ અપાવે છે, જે સ્વતંત્રતાની આપણી આકાંક્ષાને પાંખો આપે છે.

કેવીઆઇસીનો એક મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનું સર્જન કરવાનો છે. દેશમાં તેની સ્થાપનાથી અત્યાર સુધી પીએમઇજીપી દ્વારા ૨૦ લાખથી વધારે રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. કેવીઆઇસીની રોજગારી યોજનાનું એક મુખ્ય પ્રદાન ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી સ્થળાંતરણને અટકાવવાનું છે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં સ્વદેશી પ્રતિભાને પ્રોત્સાહન મળે.

ઉપરાંત પંચના ચૅરમૅન તરીકે મારી આકાંક્ષા કેવીઆઇસી દ્વારા હાથ ધરવામાં આવેલ ઘણા કાર્યક્રમો અને પહેલો દ્વારા ગ્રામીણ ઉદ્યોગોને બેઠા કરવાની, વેચાણ બમણું કરવાની અને ગ્રામીણ કલાકારોને ઊંચું વળતર પ્રદાન કરવા એક વ્યવસ્થા વિકસાવવાની છે. કેવીઆઇસીમાં અમે વણાટ એકમોનું સંચાલન કરવા સૌર ઊર્જાનો ઉપયોગ કરવા પણ ઇચ્છીએ છીએ, જેથી શારીરિક શ્રમ પર નિર્ભરતા ઘટાડી શકાય. અમે કેવીઆઇસીમાં અત્યારે વણકરોનો વીમો ઊતરાવવા, તેમને આરોગ્ય સેવાઓના ભરોસાપાત્ર નેટવર્કમાં સમાવવા, તેમની શૈક્ષણિક ક્ષમતા વધારવા, તેમને ઓળખ અપાવવા અને તેમના પ્રયાસોને મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉદ્દેશો ધરાવીએ છીએ.

સંપૂર્ણપણે જોઈએ તો ખાદી અને ગ્રામીણ ઉદ્યોગો આધુનિક ભારત અને આધુનિક વિશ્વને વધુ ને વધુ લાભદાયક છે, કારણ કે તે માનવ ઇતિહાસમાં સૌથી વધુ સ્થાઇ સામાજિક-આર્થિક મૉડેલ્સમાંનું એક છે.

**વી. કે. સક્સેના ભારત સરકારના સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયમાં ખાદી અને ગ્રામોદ્યોગ પંચના અધ્યક્ષ છે.**
**Email: chairmankvic2015@gmail.com**

# ભારતનાં ટૅક્સ્ટાઇલ અને વસ્ત્રોની નિકાસ માટે વિકાસશીલ બજારો

અદિતી દાસ રાઉત



ટૅક્સટાઇલની નિકાસ વર્ષ ૨૦૧૫માં ૮.૬ અબજ ડૉલર હતી, જે વર્ષ ૨૦૧૭માં વધીને ૯.૩ અબજ ડૉલર થવાની શક્યતા છે. ટેક્નિકલ ટૅક્સટાઇલ ઉદ્યોગ એવો છે, જેમાં એપ્લિકેશન અને ટેક્નૉલૉજી સતત બદલાય છે અને એટલે નિકાસના પ્રવાહમાં પણ ફેરફાર થાય છે. ઉત્તર અમેરિકા ટેક્નિકલ ટૅક્સટાઇલનું સૌથી મોટું ઉપભોક્તા છે, કારણ કે ત્યાં તેનો ઉપયોગ કરતાં ઉદ્યોગોની હાજરી છે. ભારત કેનેડામાં ટેક્નિકલ ટૅક્સ્ટાઇલની નિકાસમાં તકો શોધી શકે છે, જેની સાથે વિસ્તૃત આર્થિક ભાગીદારી સમજૂતી (સીઇપીએ) પર વાટાઘાટા થઈ છે. ટેક્નિકલ ટૅક્સ્ટાઇલ ભારતના ટૅક્સ્ટાઇલ ઉદ્યોગની અંદર સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતાં ક્ષેત્રોમાંનો એક છે. અત્યારે દુનિયામાં ટેક્નિકલ ટૅક્સ્ટાઇલના કુલ વપરાશનો આશરે ૯ ટકા હિસ્સો ભારતમાં બને છે. આઇટીએ ટેક્નિકલ ટૅક્સ્ટાઇલ્સ ટોપ માર્કેટ રિપૉર્ટ, ૨૦૧૬ મુજબ ટેક્નિકલ ટૅક્સ્ટાઇલ ક્ષેત્રમાં ભારતનો બજારહિસ્સો વર્ષ ૨૦૧૩માં ૧૧.૬ અબજ ડૉલર હતો, જે વર્ષ ૨૦૧૭માં ૨૬ અબજ ડૉલર થવાની અપેક્ષા છે.

ભારતનું ઔદ્યોગિકીકરણ અગાઉના સમયથી વિવિધ પ્રકારનાં વસ્ત્રોના વ્યાપાર માટે પ્રસિદ્ધ છે. ઇબ્ન બતુતા જેવા ઘણાં વિદેશી પ્રવાસીઓએ સલ્તનત કાળ દરમિયાન બજારોમાં વેચાતાં વિવિધ પ્રકારનાં વસ્ત્રો વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું. પ્રાચીન સમયમાં ભારતીય વસ્ત્રોનું વેચાણ ચીન, ઇન્ડોનેશિયા તેમ જ રોમમાં થતું હતું. સમયની સાથે રોમની વેપારી નૌકાઓનું સ્થાન આરબ વેપારીઓ અને તેમનું સ્થાન પોર્ટુગીઝોએ લીધું હતું. ૧૫મી સદીમાં વાસ્કો દી ગામાનું ભારતમાં આગમન થયા પછી ૧૬મી સદીમાં યુરોપિયન કંપનીઓએ ભારતીય ઉપખંડમાં પોતાના થાણાં સ્થાપિત કર્યાં હતાં અને આ આકર્ષક વેપારી જોડાણનો ભાગ બન્યાં હતાં. ભારત વિશ્વમાં વસ્ત્રોનો સૌથી મોટો નિકાસકર્તા દેશ હતો, જેનાં વસ્ત્રોનો વેપાર ૧૮મી અને ૧૯મી સદીમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો.

મુઘલ કાળ દરમિયાન દેશમાંથી મુખ્યત્વે સોનાચાંદી, કાચું રેશમ, ઘોડા, હાથી દાંત અને કીમતી રત્નો, મખમલ અને કિનખાબની આયાત થતી હતી; જ્યારે વસ્ત્રો, ગળી, મરીમસાલા અને વિવિધ ચીજવસ્તુઓની નિકાસ થતી હતી. જમીન માર્ગે અવરજવર મર્યાદિત અને અસુરક્ષિત હતી એટલે દરિયાઈ માર્ગે અને નદીઓ વાણિજ્યિક હેતુઓ માટે સૌથી વધુ લાભદાયક છે. સદીઓ સાથે દક્ષિણ-પૂર્વ એશિયા સાથે હિંદ સમુદ્રમાં ભારતીય વસ્ત્રોના વેપારનું પ્રભુત્વ હતું.

વિદેશી બજારોમાં પહોંચતું ભારતીય કાપડ સસ્તું હોવાની સાથે સુંદર હતું. અત્યારે ઉપલબ્ધ તેના સાહિત્યિક પુરાવા જણાવે છે કે ભારતમાં ડિઝાઇનરો આ બજારોની ચોક્કસ જરૂરિયાતો અનુસાર પેટર્ન બનાવતા હતા તથા નવી વણાટ અને પેટર્ન્સ સાથે પ્રયોગ કરતા હતા. ભારતીય વણકરો અને ડાયર્સ વિદેશી પદ્ધતિઓનું સંચાલન સક્ષમતા સાથે કરતા હતા અને માંગ પ્રમાણે તેમાં ઝડપથી ફેરફાર થતો હતો. ભારતીય વસ્ત્રોની લોકપ્રિયતાનો તાગ અંગ્રેજી શબ્દકોશમાં સમાવિષ્ટ શબ્દો પરથી મળી શકે છેઃ *કેલિકો, પાયજામા, મુસ્લિન, સુતરાઉ કાપડ, શાલ, ડંગરી, ચિન્ટ્ઝ અને ખાખી.*

### વૈશ્વિક વેપાર : પ્રવાહો

ઇતિહાસે ભારતીય વસ્ત્રો પર ઉપેક્ષા દાખવી છે. સંસ્થાનવાદ હેઠળ ભારતમાં સસ્તાં વસ્ત્રો બનાવતાં મશીનો અને ચીજવસ્તુઓની મોટા પાયે આયાત થઈ હતી, જેનાથી ઘરગથ્થું કાંતણ ઘટી ગયું હતું અને વણકરો બેરોજગાર થયા હતા. હજુ તાજેતરમાં વૈશ્વિકરણની અસર અને પરિવર્તન હેઠળ એકથી વધારે ઉત્પાદન કેન્દ્રો અને સંકલિત વૈશ્વિક સપ્લાય ચેઇનના પડકારો ઊભા થયા છે. જોકે ભારતની વિવિધ હાથવણાટની કામગીરીનું મૂલ્ય જળવાઈ રહ્યું છે અને મોટાં બજારોમાં પ્રભુત્વ ધરાવે છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મંદી પ્રવર્તે છે. વિશ્વનાં મોટાં અને વિકસિત ગણાતાં અર્થતંત્રમાં અપર્યાપ્ત અને અસંતુલિત સુધારો દેખાય છે તથા વિકાસશીલ દેશોમાં મધ્યમ વૃદ્ધિ થઈ છે. ચાલુ વર્ષે વૈશ્વિક વેપારમાં વધારો થવાની શક્યતા નથી અને ગયા વર્ષની જેમ ૨.૮ ટકાની જ વૃદ્ધિ જળવાઈ રહેશે તેવી શક્યતા છે. વિકસિત દેશોમાંથી ચાલુ વર્ષે પણ આયાત ઓછી રહેશે, ત્યારે એશિયાનાં વિકાસશીલ અર્થતંત્રોમાં માંગ વધશે તેવું વિશ્વ વેપાર સંસ્થાએ જણાવ્યું હતું. વિશ્વ વેપાર સંસ્થાના અર્થશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ, વૈશ્વિક વેપારમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ૩.૬ ટકાની વૃદ્ધિ જળવાઈ રહેશે.

અત્યારે વૈશ્વિક સ્તરે આર્થિક સ્થિતિ પડકારજનક છે. વર્ષોથી અમેરિકા અને યુરોપિયન યુનિયનના દેશો ભારત માટે મહત્ત્વપૂર્ણ વેપારી કેન્દ્રો રહ્યાં છે, પણ છેલ્લાં થોડાં વર્ષોમાં અન્ય વિકાસશીલ બજારોનો હિસ્સો પણ વધતો જાય છે. ઘણાં મોટાં વિકાસશીલ અર્થતંત્રો મૂળભૂત આર્થિક પરિબળોના પડકારનો સામનો કરે છે. વર્ષ ૨૦૧૬માં લગભગ તમામ વિકાસશીલ અર્થતંત્રો માટે મધ્યમ વૃદ્ધિની સંભાવના છે, જેમાં બ્રાઝિલ, ભારત, ઇન્ડોનેશિયા, મેક્સિકો, રશિયન સંઘ, દક્ષિણ આફ્રિકા અને તૂર્કી સામેલ છે. ચીનમાં આંશિક સુધારાની શક્યતા છે અને લાંબા સમય સુધી ઓછી વૃદ્ધિ જળવાઈ રહેવાની શક્યતા છે.

ઉપરોક્ત સંદર્ભમાં ચીનના અર્થતંત્રમાં ઘટાડો મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેની અસર તમામ વિકાસશીલ અર્થતંત્રો, નાનાં વિકાસશીલ દેશો અને ફેરફાર અનુભવતા અર્થતંત્રો પર થઈ શકે છે. વળી તેનાથી વિકસિત દેશો, ખાસ કરીને યુરો ઝોનમાં પણ સુધારાને ફટકો પડી શકે છે તેવો ડર છે. ઐતિહાસિક રીતે જોઈએ તો ટૅક્સ્ટાઇલ ઉદ્યોગનો વિકાસ ઔદ્યોગિકીકરણની દિશામાં પ્રથમ પાયારૂપ પગલું હતું, જેણે મોટા પાયે મહિલાઓ અને ઓછી કુશળતા ધરાવતા લોકો માટે રોજગારીનું સર્જન કર્યું હતું. જો ટૅક્સ્ટાઇલ ક્ષેત્ર ચીનના અર્થતંત્રમાં ઓછો હિસ્સો ધરાવે, તો તેનાથી વૈશ્વિક સ્તરે ટૅક્સ્ટાઇલના વેપારમાં નવો તબક્કો શરૂ થઈ શકે છે અને ભારતે આ તકને ઝડપવી જોઈએ, ભલે ચીન સૌથી મોટા નિકાસકાર તરીકે જળવાઈ રહેશે. આપણા પસંદગીનાં બજારોમાં આરટીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### વૈશ્વિક ટેક્સ્ટાઇલ્સ નિકાસ

વર્તમાન વૈશ્વિક વસ્ત્ર બજારનું કદ લગભગ ૧૧૦૦ અબજ ડૉલરનું હોવાનો અંદાજ છે જેમાં ટ્રેડ વોલ્યૂમ ૭૫૦ અબજ ડૉલર કરતા વધારે છે. ઇયુ એ સૌથી મોટું ગ્રાહક બજાર છે અને તે વાર્ષિક ૩૫૦ અબજ ડૉલરે પહોંચ્યું છે. વૈશ્વિક ટેક્સ્ટાઇલ અને એપેરલ સેક્ટર વાર્ષિક ૫ ટકાના સીએજીઆર દરે વૃદ્ધિ કરીને ૨૦૨૫ સુધીમાં ૨૧૦૦ અબજ ડૉલરના સ્તરે પહોંચે તેવી શક્યતા છે.

ચીન એ વિશ્વમાં સૌથી મોટું કાપડનું નિકાસકાર છે જે વિશ્વની કુલ કાપડ નિકાસમાં ૩૫થી ૩૯ ટકા હિસ્સો ધરાવે છે. ત્યાર બાદ ઇયુ, બાંગ્લાદેશ, હોંગ કોંગ, વિયેતનામ, ભારત, તૂર્કી, ઇન્ડોનેશિયા, યુએસએ અને કમ્બોડિયા આવે છે. વિશ્વમાં કપડાનું સૌથી મોટું આયાતકાર ઇયુ છે જે વિશ્વની કુલ કપડા આયાતમાં ૩૫થી ૩૮ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે અમેરિકાનો હિસ્સો ૧૮ ટકા અને જાપાનનો હિસ્સો લગભગ ૬ ટકા છે. ત્યાર પછી મહત્ત્વનાં બજારોમાં હોંગ કોંગ છે. તેના પછી કેનેડા, રશિયા, સાઉથ કોરિયા, ઓસ્ટ્રેલિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને ચીનનો વારો આવે છે. પરંતુ આ સાત આયાતકારો વિશ્વની ક્લોથિંગ આયાતમાં બહુ નાનો હિસ્સો ધરાવે છે.

ચીન આગામી પાંચ વર્ષ કે એટલા ગાળા સુધી ટેક્સ્ટાઇલ અને વસ્ત્રોનું અગ્રણી સપ્લાયર રહેશે. ચીને ટેક્સ્ટાઇલ મિલ્સના બાંધકામ અને આધુનિકીકરણ માટે સફળતાપૂર્વક રોકાણ આકર્ષ્યું છે અને ટેક્સ્ટાઇલ મશીનરીમાં તે અગ્રણી આયાતકાર છે. તેથી તેને એક વિસ્તરતું વૈશ્વિક બજાર જોઈએ છે પરંતુ સ્થાનિક માંગમાં વધારો થવાના કારણે તે વૈશ્વિક બજારમાં કોઇ પણ ઘટાડાને સરભર કરી શકવાની સ્થિતિમાં હશે.

### ટેક્સ્ટાઇલ ક્લોથિંગમાં ભારતની નિકાસ

૨૦૧૫ માટે ડબલ્યુટીઓ ઇન્ટરનેશનલ ટ્રેડના આંકડા પ્રમાણે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું ટેક્સ્ટાઇલ નિકાસકાર છે અને ૨૦૧૪માં તે ૫.૮ ટકા હિસ્સો ધરાવતું હતું. ૨૦૧૪માં કુલ ૪૧ અબજ ડૉલરની કુલ નિકાસ નોંધાઈ હતી તેમાંથી ૧૮.૪ અબજ ડૉલર ટેક્સ્ટાઇલની નિકાસ કરવામાં આવી હતી જ્યારે વૈશ્વિક વ્યાપાર ૩૧૪ અબજ ડૉલરનો હતો. ભારત છઠ્ઠા ક્રમનું સૌથી મોટું ક્લોથિંગ (આરએમજી) નિકાસકાર છે જેમાં તે ૩.૭ ટકા વૈશ્વિક હિસ્સો ધરાવે છે.

ભારતીય ટેક્સ્ટાઇલ ઉદ્યોગના નિકાસ આધારિત નફાએ તેને મૂલ્ય અને શક્તિ બંને પ્રદાન કર્યાં છે. જોકે, વૈશ્વિક બજારની નબળી સ્થિતિ અને સ્થાનિક પડકારો, જેવા કે ઉર્જાના ભાવમાં વધારો, ઊંચો પરિવહન ખર્ચ અને જટિલ શ્રમ કાયદા હોવા છતાં અન્ય સેક્ટરની સરખામણીમાં ટેક્સ્ટાઇલ ઉદ્યોગે નિકાસના મોરચે સારો દેખાવ કર્યો હતો અને ૨૦૧૫-૧૬માં ભારતની કુલ નિકાસમાં ટેક્સ્ટાઇલનો હિસ્સો લગભગ ૧૪ ટકા હતો.

### નવું ઉત્પાદન કેન્દ્ર

ભારતને નીચા શ્રમ ખર્ચનો જે ફાયદો હતો તે ધીમે ધીમે ઘટી રહ્યો છે કારણ કે બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા દેશો પણ સ્કીલ્ડ વર્કફોર્સ અને નીચો શ્રમ ખર્ચ ધરાવે છે. નિકાસલક્ષી ઇન્ડસ્ટ્રિયલ સેક્ટર બાંગ્લાદેશના જીડીપીમાં એક ચતુર્થાંશ કરતા વધારે હિસ્સો ધરાવે છે અને વૈશ્વિક ઉત્પાદન હબ તરીકે તે વિકસવાનું ચાલુ રાખશે. બાંગ્લાદેશ ઉપરાંત વિયેતનામ, કમ્બોડિયા, ઇથોપિયા અને મ્યાનમાર જેવા દેશો પણ વૈશ્વિક આરએમજી ટ્રેડમાં નવા સંભવિત હરીફો છે. મ્યાનમારમાં કપડા ઉદ્યોગ આગામી વર્ષોમાં નોંધપાત્ર રીતે વૃદ્ધિ કરે તેવી શક્યતા છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૦માં તેમાં ૧૫ લાખ લોકોને રોજગારી મળતી હશે જ્યારે ૨૦૧૫માં આ આંકડો માત્ર ૨.૩૦ લાખનો હતો. મ્યાનમારે ટેક્સ્ટાઇલ અને ગારમેન્ટ ઉદ્યોગ માટે એક વ્યૂહરચના પ્રકાશિત કરી છે જેને નેશનલ એક્સપોર્ટ સ્ટ્રેટેજી ૨૦૧૫-૧૯ નામ આપવામાં આવ્યું છે જે અત્યારના ઉદ્યોગને કટિંગ, મેકિંગ ઍન્ડ પૅકેજિંગ (સીએમપી) બેસિસથી આગળ વધારીને એફઓબી (ફ્રી ઓન બોર્ડ) સ્તરે લઇ જશે જેથી તેના વોલ્યૂમમાં વધારો થશે અને નિટેડ પ્રોડક્ટની ગુણવત્તા સુધરશે જેનો હેતુ નિકાસ બજાર રચવાનો છે.

સ્પર્ધાત્મક ટેક્સ્ટાઇલ ઉદ્યોગ માટે જે જોઈએ તે બધું ઇથોપિયા પાસે છે. તેમાં કાચી સામગ્રી, નીચા વેતન અને નીચા વીજળી ખર્ચનો સમાવેશ થાય છે. સ્થાનિક સ્તરે કપાસનું ઉત્પાદન થાય છે અને તેને ટેક્સ્ટાઇલ સેક્ટરમાં સારી રીતે સંકલિત કરવામાં આવ્યું છે તેના કારણે વૃદ્ધિની અપાર શક્યતાઓ રહેલી છે. ગારમેન્ટ ફૅક્ટરીઓ સ્થાનિક સ્તરે ઉત્પાદિત કપાસ પર આધાર રાખી રહી છે. ઇથોપિયા ટેક્સ્ટાઇલ સેક્ટરમાં વધારે આધુનિકીકરણને સક્રિય રીતે પ્રમોટ કરે છે જેનો હેતુ વિદેશી રોકાણ આકર્ષવાનો છે. એજીઓએ (ધ આફ્રિકન ગ્રોથ ઍન્ડ ઓપોર્ચ્યુનિટી ઍક્ટ), કોમેસા (ધ કોમન માર્કેટ ઑફ ઇસ્ટર્ન ઍન્ડ સધર્ન આફ્રિકા) દ્વારા અને બીજા ઘણા દ્વિપક્ષીય કરારો દ્વારા નિકાસની નવી તક પેદા કરવામાં આવી રહી છે. ઇથોપિયા એ એવરીથિંગ બટ આર્મ્સ પ્રોગ્રામનો હિસ્સો છે જેના હેઠળ ઓછા વિકસિત લાભાર્થી દેશોને ઇયુનું બજાર એક્સેસ મળી શકે છે.

વિશ્વ બૅન્ક દ્વારા પ્રકાશિત ડેટા પ્રમાણે ૨૦૧૫માં બાંગ્લાદેશ, કમ્બોડિયા, ઇથોપિયા, મ્યાનમાર અને વિયેતનામનો વાર્ષિક જીડીપી વૃદ્ધિદર અનુક્રમે ૬.૬ ટકા, ૭ ટકા, ૯.૬ ટકા, ૭ ટકા અને ૬.૭ ટકા હતો. આ દેશો નવા મેન્યુફેક્ચરિંગ અને નિકાસ આધારિત હબ છે. તેઓ રોજગારીના સર્જન માટે તક પેદા કરે છે, રોકાણમાંથી લાભ મેળવે છે અને ઉત્પાદન ચીનથી બહાર જઇ રહ્યું છે. ભવિષ્યમાં આ દક્ષિણ પૂર્વ એશિયન પ્રદેશ મોટી સંખ્યામાં ગ્રાહક આધાર રચે તેવી શક્યતા છે.

ટેક્સ્ટાઇલ ઇન્ટેલિજન્સ લિ. ૨૦૧૬ પ્રમાણે ૨૦૦૦માં આફ્રિકન ગ્રોથ ઍન્ડ ઓપોર્ચ્યુનિટી ઍક્ટ (અગોઆ) લાગુ કરવામાં આવ્યો ત્યાર બાદ આફ્રિકન ટેક્સ્ટાઇલ આયાત બજારમાં નોંધપાત્ર વધારો થયો છે. આ ધારો આ વિસ્તારમાં ગારમેન્ટ ઉત્પાદનને ઉત્તેજન આપવા માટે ઘડવામાં આવ્યો હતો જેમાં કેટલાંક સબ-સહારન આફ્રિકન દેશોમાં નિકાસકારોને યુએસ માર્કેટમાં ડ્યુટી ફ્રી નિકાસ અને ક્વોટા ભી એક્સેસ આપવામાં આવશે. આ ધારો ઘડવામાં આવ્યો ત્યારથી કેટલાંક સબ-સહારન આફ્રિકન દેશોમાંથી ગારમેન્ટની નિકાસમાં વધારો થયો છે. તેથી આ પ્રદેશમાં ગારમેન્ટનું ઉત્પાદન પણ વધ્યું છે અને તેના કારણે આયાતી ટેક્સ્ટાઇલ મટીરિયલની માંગમાં પણ વધારો નોંધાયો છે. જોકે, આ ધારો સબ-સહારન આફ્રિકન દેશોમાં સંપૂર્ણ સપ્લાય ચેઇનના વિકાસ માટે છે જેમાં સ્પિનિંગ, વિવિંગ, ડાઇંગ અને ફિનિશિંગ સુવિધાઓ સ્થાપવામાં આવશે તથા તેમાં એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે, કે યુએસએના બજારને એક્સેસ કરવા માટે તેની સામગ્રી માત્ર આ પ્રદેશમાં ઉત્પાદિત (અથવા અમેરિકામાં) હોવી જોઈએ અને તેમાંથી જ ગારમેન્ટ બનેલા હોવા જોઈએ.

નાઇજિરિયા અને ઇથોપિયાએ કર્યું છે તે રીતે આફ્રિકા તેની વ્યૂહરચનાને કોમોડિટી અને કૃષિથી આગળ લઇ જાય તો તેની પાસે પુષ્કળ ક્ષમતા રહેલી છે. એક અંદાજ પ્રમાણે લગભગ ૧૧ દેશો આફ્રિકાના જીડીપીના ૫૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. અહીં મધ્યમવર્ગમાં ૧૫ મિલિયન પરિવારો છે જે ૨૦૩૦ સુધીમાં વધીને ૪૨ મિલિયન થવાની શક્યતા છે. જોકે, આફ્રિકામાં સતત સુરક્ષાનો ખતરો અને રાજકીય અસ્થિરતાનો પડકાર રહેલો છે. અહીં આરોગ્યના જોખમો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સમસ્યા છે જેમાં પાણી અને વીજળીનો અપૂરતો પુરવઠો સામેલ છે.

### ભારતીય ટેક્સ્ટાઇલ અને વસ્ત્રો માટે નવાં વિકસતાં બજાર

રસપ્રદ રીતે, આપણી ટેક્સ્ટાઇલ નિકાસ માટે ટોચનાં ૧૦ બજારો એવા દેશો છે જેની સાથે ભારતે એફટીએ કે પીટીએ કરાર કર્યા નથી. તેમાં માત્ર બાંગ્લાદેશ અપવાદ છે જે સાફટાનો હિસ્સો છે. વૈશ્વિક અર્થતંત્રમાં બદલાતી સ્થિતિના આધારે બજારોનું વૈવિધ્યકરણ મહત્ત્વનું છે જેથી નિકાસની વૃદ્ધિ સુનિશ્ચિત કરી શકાય અને આપણે એવા દેશો અને પ્રદેશો સાથે જોડાણ કરવા માટે વિચારવું જોઈએ જે આપણા ટેક્સ્ટાઇલ માટે મહત્ત્વનું બજાર બની શકે. આંતરરાષ્ટ્રીય માંગ ખાસ કરીને કોટન અને વુલ જેવા નેચરલ ફાઈબર્સના બદલે મેન-મેડ ફાઇબર્સ માટે છે. તેના કારણે

અમુક પ્રમાણમાં અનિશ્ચિતતા આવી શકે છે કારણ કે નાના ઉત્પાદકોને કાચી સામગ્રીના ભાવની અસ્થિરતાથી અસર થઈ શકે છે અને ઊંચો વેતન ખર્ચ તેમને નુકસાન કરી શકે છે. આ ઉપરાંત વિદેશી બજારમાં સ્પર્ધાત્મક બનવા માટે આ સેક્ટરે ઝડપથી બદલાતા ફેશન ટ્રેન્ડને અને વય જૂથ પ્રમાણે ગ્રાહકોની નવી રુચિને અનુરૂપ થવું પડશે.

પરંપરાગત રીતે વિકસિત બજારો જેવાં કે ઉત્તર અમેરિકા અને યુરોપમાં ભારતીય નિકાસની માંગ ધીમે ધીમે નરમ પડવાની શક્યતા છે અને વ્યાપારની દૃષ્ટિથી જોવામાં આવે તો ટીપીપીને સુધારવામાં આવશે તો આપણા હરીફોની સરખામણીમાં ભારતીય નિકાસકારો માટે તે પડકારજનક બનવાની શક્યતા છે. તેની સરખામણીમાં ભવિષ્યની વૃદ્ધિ કદાચ વિકાસશીલ અને ઉભરતાં અર્થતંત્રોમાં રહેલી છે કારણ કે ત્યાં એક સશક્ત મધ્યમ વર્ગ ઉભરી રહ્યો છે. લેટિન અમેરિકા, આસિયાન, યુરેશિયા અને ડબલ્યુએએનએનાં બજારો તથા તૂર્કી, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવાં બજારો વૈવિધ્યકરણ માટે કેન્દ્રમાં રાખવાં જોઈએ. નીચે આપેલો ગ્રાફ તે દર્શાવે છે.

ઇજિપ્ત આફ્રિકાના ખંડમાં કપાસ અને ટેક્સ્ટાઇલનું સૌથી મોટું ક્લસ્ટર ધરાવે છે. ઇજિપ્તના અર્થતંત્રમાં ટેક્સ્ટાઇલ ઉદ્યોગ પણ યાર્ન, રેસા અને અન્ય ચીજવસ્તુઓની આયાત પર નિર્ભર છે. ઇજિપ્તની એપેરલની આયાતમાં ૨૦૧૫માં ૧૭ ટકાના દરે વધારો થયો હતો (૦.૨ અબજ) અને તેમાં ભારતનો હિસ્સો ફક્ત ૧ ટકા હતો. છેલ્લાં થોડાં વર્ષોમાં અહીં માનવનિર્મિત ફાઇબર ટેક્સ્ટાઇલની માંગમાં વધારો થયો છે. ઇજિપ્તની એમએમએફ આયાતમાં છેલ્લાં ૫ વર્ષ

**Table-1**






**Table-2**




*The above graphs represent a trend analysis*

દરમિયાન આશરે ૩ ટકાના દરે વધારો થયો છે. ભારત અગ્રણી સપ્લાયર છે. ઈજિપ્તની જીડીપીમાં ૨૦૧૫માં ૪ ટકાના દરે વૃદ્ધિ થઈ હતી અને ઈજિપ્ત સૌથી મોટા ઉત્પાદન નિકાસ આધારમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે તેવી અપેક્ષા છે.

તૂર્કી ભારતીય માનવનિર્મિત ફાઈબર ટૅક્સ્ટાઈલ માટે અગ્રણી બજારોમાંનું એક છે. રેસા, યાર્ન અને ગારમેન્ટ સેક્ટર માટે ફેબ્રિક્સ જેવા કાચા માલ અને વચગાળાની ચીજવસ્તુઓનું સ્થાનિક ઉત્પાદન અપર્યાપ્ત છે, જે રેસા, યાર્ન અને ફેબ્રિકની નિકાસ માટે ટૅક્સ્ટાઈલ સામગ્રીની નોંધપાત્ર આયાત તરફ દોરી જશે. તૂર્કીની જીડીપીમાં વેપારનો હિસ્સો ૫૮ ટકા છે. વર્ષ ૨૦૧૫માં તૂર્કીની ટી.ઍન્ડ સી.ની આયાત આશરે ૨.૯ અબજ ડૉલર હતી, પણ નકારાત્મક વૃદ્ધિ દર્શાવી હતી. એટલે તૂર્કી પર ધ્યાન કેન્દ્રિત કરવું ઉપયોગી છે, કારણ કે અત્યારે ભારતનો હિસ્સો બજારમાં ૨ થી ૩ ટકા છે.

છેલ્લા થોડા દાયકામાં ભારતનો લેટિન અમેરિકાના દેશો સાથે સંબંધમાં વધારો થયો છે. આપણે વિવિધ દેશો સાથે ઊર્જા, નૉલેજ વહેંચણીમાં સહકાર સ્થાપિત કરવા રોકાણ કર્યું છે તેમ જ જી-૨૦, બ્રિક્સ અને આઈબીએસએ (ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા) જેવા મંચ પર પણ પ્રવેશ કર્યો છે. ભારત ચીલી સાથે પ્રેફરેન્શિયલ વેપારી સમજૂતી ધરાવે છે. આ સમજૂતીઓથી ભારતમાં વ્યાવસાયિક સમુદાયો માટે મોટી તકો ઊભી થઈ છે. ટૅક્સ્ટાઈલ વેપારની દૃષ્ટિએ મેક્સિકો, પેરુ અને ચીલી મહત્ત્વપૂર્ણ દેશો છે તથા મેક્સિકો અને ચીલી અનુક્રમે ટૅક્સ્ટાઈલ અને ગાર્મેન્ટના સૌથી મોટા આયાતકાર દેશોમાં સામેલ છે. મેક્સિકો, ચીલી અને પેરુએ ૨૦૧૫માં એપેરલ અને હોમ ટૅક્સટાઈલની કુલ આયાત અનુક્રમે ૪.૧ અબજ ડૉલર, ૩.૧ અબજ ડૉલર અને ૦.૭ અબજ ડૉલરની કરી હતી. એલએસી દેશોમાં સ્થાનિક ઉદ્યોગો ઓછા સ્પર્ધાત્મક બન્યા છે અને આ દેશો ચીન પરની નિર્ભરતા ઘટાડવા ઈચ્છે છે તેવું માનવામાં આવે છે. જોકે આ બજારોમાં ભારતનો હિસ્સો એપેરલ અને હોમ ટૅક્સ્ટાઈલમાં અનુક્રમે ફક્ત ૧ અને ૪ ટકા હતો, મેક્સિકોમાં એપેરેલ અને હોમ ટૅક્સ્ટાઈલમાં ૩ ટકા અને પેરુમાં આ બંનેમાં ફક્ત ૨ ટકા હતો, જે આ દેશોમાં નોંધપાત્ર વૃદ્ધિની તક પ્રદર્શિત કરે છે.

**અન્ય વિકાસશીલ બજારો: ઓશેનિયા અને કેનેડા**

જ્યારે પરંપરાગત બજારો (વિકસિત દેશો) મૂલ્ય-સંવર્ધિત ઉત્પાદનો (એપેરલ)ની નિકાસ જાળવી રાખશે, ત્યારે કૅનેડા એવું બજાર છે, જ્યાં કોમોડિટી પ્રકારનાં વસ્ત્રોનો હિસ્સો ઘટી રહ્યો છે અને ટેક્નિકલ ટૅક્સ્ટાઈલ ઉદ્યોગમાં ઝડપથી વિસ્તરણ થઈ રહ્યું છે. લેટેસ્ટ ડેટાના આધારે ટેક્નિકલ ટૅક્સટાઈલની નિકાસ વર્ષ ૨૦૧૫માં ૮.૬ અબજ ડૉલર હતી, જે વર્ષ ૨૦૧૭માં વધીને ૯.૩ અબજ ડૉલર થવાની શક્યતા છે. ટેક્નિકલ ટૅક્સટાઈલ ઉદ્યોગ એવો છે, જેમાં એપ્લિકેશન અને ટેક્નૉલૉજી સતત બદલાય છે અને એટલે નિકાસના પ્રવાહમાં પણ ફેરફાર થાય છે. ઉત્તર અમેરિકા ટેક્નિકલ ટૅક્સટાઈલનું સૌથી મોટું ઉપભોક્તા છે, કારણ કે ત્યાં તેનો ઉપયોગ કરતાં ઉદ્યોગોની હાજરી છે. ભારત કેનેડામાં ટેક્નિકલ ટૅક્સ્ટાઈલની નિકાસમાં તકો શોધી શકે છે, જેની સાથે વિસ્તૃત આર્થિક ભાગીદારી સમજૂતી (સીઈપીએ) પર વાટાઘાટા થઈ છે.


ટેક્નિકલ ટૅક્સ્ટાઈલ ભારતના ટૅક્સ્ટાઈલ ઉદ્યોગની અંદર સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતાં ક્ષેત્રોમાંનો એક છે. અત્યારે દુનિયામાં ટેક્નિકલ ટૅક્સ્ટાઈલના કુલ વપરાશનો આશરે ૯ ટકા હિસ્સો ભારતમાં બને છે. આઈટીએ ટેક્નિકલ ટૅક્સ્ટાઈલ્સ ટોપ માર્કેટ રિપૉર્ટ, ૨૦૧૬ મુજબ ટેક્નિકલ ટૅક્સ્ટાઈલ ક્ષેત્રમાં ભારતનો બજારહિસ્સો વર્ષ ૨૦૧૩માં ૧૧.૬ અબજ ડૉલર હતો, જે વર્ષ ૨૦૧૭માં ૨૬ અબજ ડૉલર થવાની અપેક્ષા છે.

ઓસ્ટ્રેલિયામાં ટૅક્સ્ટાઈલ, ક્લોથિંગ અને ફૂટવેર (ટીસીએફ) ઉત્પાદન ઉદ્યોગો વિવિધતાસભર છે અને ઉપયોગ કરવા માટે તૈયાર ટૅક્સ્ટાઈલ, વસ્ત્ર, ફૂટવેર, કાર્પેટ અને ઓટોમોટિવ ઉપયોગિતા માટે ટૅક્સ્ટાઈલ જેવા ટેક્નિકલ ટૅક્સ્ટાઈલ સહિત વિવિધ ઉત્પાદનોને આવરી લે છે. એપેરલ માટે ઓસ્ટ્રેલિયાના બજારની સાઈઝ પાંચ ટકાના દરે વધીને ૨૫ અબજ ડૉલરથી વધીને ૨૦૨૫ સુધીમાં ૪૫ અબજ ડૉલર થવાની ધારણા છે. ભારત આ બજારોમાં ઓસ્ટ્રેલિયા સાથે સીઈસીઈ વાટાઘાટોમાં આગળ વધીને તકો ઝડપી શકે છે.

**અદિતી દાસ રાઉત, કાપડ મંત્રાલયમાં વેપાર સલાહકાર છે.**
Email: adrout@nic.in

# કાપડ નિકાસ : હાલની પરિસ્થિતિ અને ભવિષ્યનો માર્ગ

ડૉ. વિજયા કટ્ટી



*કાપડ ઉદ્યોગ એ ભારતમાં સૌથી જૂના ઉદ્યોગો પૈકીનો એક છે. ભારતના આર્થિક જીવનમાં કાપડ ઉદ્યોગ એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિદેશી હૂંડિયામણની કમાણી અને રોજગારીના સંદર્ભમાં આ સેક્ટરે નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને તે અર્થતંત્રના મુખ્ય આધારો પૈકી એક છે. આ ઉદ્યોગ વિશ્વમાં સૌથી મોટા ઉદ્યોગો પૈકી એક છે અને જંગી કાચી સામગ્રી અને કાપડ મેન્યુફેક્ચરિંગનો બેઝ ધરાવે છે. ૨૭ ટકા જેટલી વિદેશી હૂંડિયામણની કમાણી કાપડ નિકાસ અને કપડા પર આધારિત છે. ભારત વિશ્વમાં કાપડ અને ગારમેન્ટનું સૌથી મોટું ઉત્પાદક છે. વિશ્વમાં કુલ સ્પિન્ડલ ક્ષમતામાં આ ઉદ્યોગ લગભગ ૨૪ ટકા હિસ્સો ધરાવે છે અને વૈશ્વિક રોટર ક્ષમતામાં તેનો હિસ્સો ૮ ટકા છે. કપાસ, ઊન, રેશમ અને શણ જેવી કાચી સામગ્રી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી અને કૌશલ્ય ધરાવતું શ્રમબળ મળી રહેતું હોવાથી ભારત એક સોર્સિંગ હબ બન્યું છે. પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારીના સર્જનની બાબતમાં તથા વિદેશી હૂંડિયામણની ચોખ્ખી આવકના સંદર્ભમાં કાપડ ઉદ્યોગ રાષ્ટ્રીય અર્થતંત્રમાં અગ્રણી યોગદાન આપે છે.*

કાપડ ઉદ્યોગ એ ભારતમાં સૌથી જૂના ઉદ્યોગો પૈકીનો એક છે. ભારતના આર્થિક જીવનમાં કાપડ ઉદ્યોગ એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિદેશી હૂંડિયામણની કમાણી અને રોજગારીના સંદર્ભમાં આ સેક્ટરે નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને તે અર્થતંત્રના મુખ્ય આધારો પૈકી એક છે. આ ઉદ્યોગ વિશ્વમાં સૌથી મોટા ઉદ્યોગો પૈકી એક છે અને જંગી કાચી સામગ્રી અને કાપડ મેન્યુફેક્ચરિંગનો બેઝ ધરાવે છે. ૨૭ ટકા જેટલી વિદેશી હૂંડિયામણની કમાણી કાપડ નિકાસ અને કપડા પર આધારિત છે. ભારત વિશ્વમાં કાપડ અને ગારમેન્ટનું સૌથી મોટું ઉત્પાદક છે. વિશ્વમાં કુલ સ્પિન્ડલ ક્ષમતામાં આ ઉદ્યોગ લગભગ ૨૪ ટકા હિસ્સો ધરાવે છે અને વૈશ્વિક રોટર ક્ષમતામાં તેનો હિસ્સો ૮ ટકા છે. કપાસ, ઊન, રેશમ અને શણ જેવી કાચી સામગ્રી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી અને કૌશલ્ય ધરાવતું શ્રમબળ મળી રહેતું હોવાથી ભારત એક સોર્સિંગ હબ બન્યું છે. પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારીના સર્જનની બાબતમાં તથા વિદેશી હૂંડિયામણની ચોખ્ખી આવકના સંદર્ભમાં કાપડ ઉદ્યોગ રાષ્ટ્રીય અર્થતંત્રમાં અગ્રણી યોગદાન આપે છે. આ સેક્ટર ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૪ ટકા, કુલ રાષ્ટ્રીય પેદાશ(જીડીપી)માં ૪ ટકા અને દેશમાં વિદેશી હૂંડિયામણના પ્રવાહમાં ૨૭ ટકા હિસ્સો ધરાવે છે. ભારતીય કાપડ ઉદ્યોગ દેશમાં ૪.૫ કરોડ લોકોને પ્રત્યક્ષ રોજગારી આપે છે અને ૬ કરોડ લોકોને પરોક્ષ રોજગારી મળે છે તથા તે કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતો ઉદ્યોગ છે, તેથી વૃદ્ધિ અને આ ઉદ્યોગમાં એકંદરે વિકાસની સીધી અસર ભારતના અર્થતંત્ર પર પડે છે.

કાપડ અને વસ્ત્રોના ઉદ્યોગમાં ટકી રહેવાની ક્ષમતાનાં ત્રણ પાસાં છે : સામાજિક, આર્થિક અને પર્યાવરણીય. વૈશ્વિકરણના કારણે ભારતીય કાપડ ઉદ્યોગ પર હકારાત્મક અસર પડી છે. કાપડનું ઉત્પાદન અને નિકાસ કરતા દેશોએ સ્પિનિંગ અને વિવિંગ ઉપકરણોમાં રોકાણ વધાર્યું છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વિકાસશીલ દેશો ખર્ચની બાબતમાં સ્પર્ધાત્મક ફાયદો ધરાવે છે છતાં તેઓ વૈશ્વિક ખરીદદારોના ઊંચાં ધોરણોને પહોંચી વળવા માળખાકીય ફેરફારો લાગુ કરી રહ્યા છે.


ભારતીય કાપડ ઉદ્યોગ પુષ્કળ પ્રમાણમાં વૈવિધ્ય ધરાવે છે. હેન્ડ-સ્પન અને હાથેથી વણવામાં આવતું કાપડ સેક્ટર આ સ્પેક્ટ્રમમાં એક છેડે છે; જ્યારે મૂડીરોકાણ પર આધારિત અત્યાધુનિક મિલ સેક્ટર તેના બીજા છેડે છે. કાપડ સેક્ટરમાં સૌથી મોટો હિસ્સો વિકેન્દ્રિત પાવર લૂમ્સ, હોઝિયરી અને નિટિંગ સેક્ટરનો છે. કાપડ સેક્ટરનું કૃષિ સાથે ગાઢ જોડાણ (કપાસ જેવી કાચી સામગ્રી માટે) અને પ્રાચીન સંસ્કૃતિ અને દેશની પરંપરાઓ સાથે તેના સંબંધના કારણે બીજા દેશોના કાપડ ઉદ્યોગની સરખામણીમાં ભારતીય કાપડ

ઉદ્યોગ એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતીય કાપડ ઉદ્યોગ ભારત તથા વિદેશમાં અલગ અલગ માર્કેટ સેગમેન્ટ માટે વૈવિધ્ય ધરાવતાં ઉત્પાદનો તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારતીય કાપડ ઉદ્યોગ ટૂંક સમયમાં ૫૦૦ અબજ ડૉલરના સ્તરે પહોંચવાની ક્ષમતા ધરાવે છે. આ વૃદ્ધિનો અર્થ એવો થયો કે સ્થાનિક વેચાણ હાલના ૬૮ અબજ ડૉલરથી વધીને ૩૧૫ અબજ ડૉલર સુધી પહોંચશે. સાથે સાથે નિકાસ પણ હાલમાં ૪૧ અબજ ડૉલરથી વધીને ૧૮૫ અબજ ડૉલરના સ્તરે પહોંચશે. છેલ્લાં પાંચ વર્ષમાં કાપડ ઉદ્યોગમાં રોકાણમાં ભારે વૃદ્ધિ થઈ છે. આ ઉદ્યોગમાં એપ્રિલ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૧૫ વચ્ચે ૧.૭૭ અબજ ડૉલરનું સીધું વિદેશી મૂડીરોકાણ (એફડીઆઇ) ઠલવાયું હતું.

**ભારતીય કાપડ ઉદ્યોગ : બજારનું કદ અને વૃદ્ધિ**

મેન મેડ ફાઇબર્સ(એમએમએફ)નું આગમન એ ભારતીય કાપડ ઉદ્યોગમાં સૌથી મહત્ત્વનું પરિવર્તન હતું. ભારતે વિશ્વના લગભગ દરેક દેશમાં પોતાના એમએમએફ કાપડની નવીનતાસભર રેન્જ પ્રસ્થાપિત કરી છે. એમએમએફના ઉત્પાદનમાં ૧૦ ટકાના દરે વધારો થયો હતો અને ફેબ્રુઆરી ૨૦૧૪ મહિનામાં ફિલામેન્ટ યાર્ન ઉત્પાદનમાં ૬ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. એપ્રિલ ૨૦૧૩થી ફેબ્રુઆરી ૨૦૧૪ વચ્ચે એમએમએફ ઉત્પાદન લગભગ ૪ ટકા જેટલું વધ્યું હતું. **આકૃતિ – ૩**




*સ્રોત: કાપડ મંત્રાલય*

**કાપડની નિકાસ :**

અગાઉના વર્ષની સરખામણીમાં ૨૦૧૩માં વૈશ્વિક કાપડ ઉદ્યોગમાં ભારતનો હિસ્સો ૧૭.૫ ટકા વધ્યો હતો. હાલમાં વિશ્વમાં ભારતની કાપડ નિકાસ ૨૦.૨ અબજ ડૉલર છે. ભારતની સાથે સરખામણી કરીએ તો વૈશ્વિક કાપડ વૃદ્ધિદર માત્ર ૪.૭ ટકા હતો તેથી ભારતે ૨૩ ટકાની વૃદ્ધિ સાથે જોરદાર દેખાવ કર્યો કહેવાય. તેની સરખામણીમાં ચીન અને બાંગ્લાદેશે અનુક્રમે ૧૧.૪ ટકા અને ૧૫.૪ ટકા વૃદ્ધિ નોંધાવી હતી.

કુલ વૈશ્વિક કાપડ નિકાસ ૭૭૨ અબજ ડૉલરની હતી જેમાં ભારત ૫.૨ ટકા હિસ્સો ધરાવે છે. કાપડ નિકાસમાં ભારતનો હિસ્સો વધ્યો તેના માટે મુખ્યત્વે એપેરલ અને તૈયાર વસ્ત્રોના સેક્ટરની વૃદ્ધિને જવાબદાર ગણી શકાય કારણ કે તે લગભગ ૪૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. વસ્ત્રોની નિકાસના રેન્કિંગમાં પણ સુધારો થયો છે અને ભારત ૨૦૧૨માં આઠમા ક્રમે હતું તે ૨૦૧૩માં છઠ્ઠા ક્રમે પહોંચ્યું છે. ૨૦૧૩માં ભારતની વસ્ત્રોની નિકાસ ૧૫.૭ અબજ ડૉલરની હતી જ્યારે ૨૦૧૨માં નિકાસ ૧૨.૯ અબજ ડૉલરની નોંધાઈ હતી. વસ્ત્રોની નિકાસ કરતા ટોચના પાંચ સપ્લાયર્સમાં વિયેતનામને બાદ કરતા ભારતમાંથી વસ્ત્રોની નિકાસનો વૃદ્ધિદર ૨૦૧૩માં ૨૧.૮ ટકા વૃદ્ધિ સાથે સર્વોચ્ચ હતો. વૈશ્વિક રેડીમેડ ગારમેન્ટ નિકાસમાં ભારતીય નિકાસનો હિસ્સો ૩.૭ ટકા હતો.

કોષ્ટક ૧ અને ૨માં જોઈ શકાય છે તેમ વિશ્વમાં ટોચના પાંચ નિકાસકર્તા દેશ ચીન, ભારત, બાંગ્લાદેશ, જર્મની અને ઇટાલી છે અને આયાત કરતા ટોચના પાંચ દેશ જર્મની, જાપાન, યુનાઇટેડ કિંગ્ડમ અને ફ્રાન્સ છે. ભારત ટોચના પાંચ નિકાસકાર દેશમાં મુખ્ય સ્થાન ધરાવે છે, પરંતુ ટોચના આયાતકારોની યાદીમાં ભારત સ્થાન ધરાવતું નથી.

**કોષ્ટક ૧: કાપડ અને ક્લોધિંગમાં વૈશ્વિક વ્યાપાર-નિકાસ**

World Textile & Clothing Exports
Year To Date: January - March

| Rank | Reporting Country | Million United States Dollars | | | % Change |
|---|---|---|---|---|---|
| | | 2014 | 2015 | 2016 | 2016/2015 |
| | World | 186271 | 175976 | 172019 | -2.25 |
| 1 | China | 56458 | 57944 | 54873 | -5.30 |
| 2 | India | 10944 | 9942 | 9482 | -4.62 |
| 3 | Bangladesh | 8126 | 8244 | 8896 | 7.91 |
| 4 | Germany | 9508 | 7952 | 7969 | 0.22 |
| 5 | Italy | 9795 | 8002 | 7899 | -1.29 |
| 6 | Vietnam | 5928 | 6590 | 6923 | 5.04 |
| 7 | Turkey | 7322 | 6207 | 6493 | 4.61 |
| 8 | United States | 7107 | 6635 | 5845 | -11.90 |
| 9 | Hong Kong | 6609 | 6015 | 5202 | -13.52 |
| 10 | Spain | 4219 | 3718 | 3953 | 6.33 |

Top 10 countries cover around 66% of Trade
Source: GTIS, Geneva

- ટી ઍન્ડ સીમાં વૈશ્વિક નિકાસ ૨.૨૫ ટકા ઘટી હતી અને જાન્યુઆરી-માર્ચ ૨૦૧૫ દરમિયાન તે ૧૭૫.૯૭ અબજ ડૉલર હતી જે જાન્યુઆરી-માર્ચ ૨૦૧૬ દરમિયાન ૧૭૨.૦૧ અબજ ડૉલર થઇ હતી.
- ટોચનાં દશ બજારોમાં બાંગ્લાદેશે સૌથી ઊંચો ૭.૯૧ ટકા વૃદ્ધિદર નોંધાવ્યો હતો જ્યારે બીજા ક્રમે સ્પેને જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૬ દરમિયાન ૬.૬૩ ટકા વૃદ્ધિદર નોંધાવ્યો હતો.

- ભારતે નિકાસમાં ૪.૬૨ ટકા ઘટાડો નોંધાવતા જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૫ વચ્ચે નિકાસ ૯.૯૪ અબજ ડૉલર હતી જે ઘટીને જાન્યુઆરી-માર્ચ ૨૦૧૬માં ૯.૪૮ અબજ ડૉલર નોંધાઈ હતી.
- ૫૪.૮૭ અબજ ડૉલરની નિકાસ સાથે ચીન સૌથી મોટું નિકાસકાર હોવાના નાતે તેની નિકાસ ૫.૩૦ ટકા ઘટી હતી જ્યારે ઇટાલીએ ૧.૨૯ ટકા ઘટાડો નોંધાવ્યો હતો.

કોષ્ટક ૩ છેલ્લાં ત્રણ વર્ષમાં કાપડ અને ક્લોથિંગમાં ભારતની નિકાસ દર્શાવે છે. કુલ કાપડ નિકાસમાં સહેજ ઘટાડો થયો છે. વૈશ્વિક આર્થિક મંદીના સંદર્ભમાં તેની સમજણ આપી શકાય. અહીં જણાવેલા દેશોમાં ભારતની નિકાસ વધી છે : અમેરિકા, યુએઇ, પાકિસ્તાન, સ્પેન, શ્રીલંકા, કેનેડા વગેરે.

વિયેતનામ, બેલ્જિયમ, ઇજિપ્ત, નેધરલેન્ડ્સ, તૂર્કી અને ચીન વગેરેમાં નિકાસમાં ઘટાડો થયો છે.

**કોષ્ટક ૨: કાપડ અને ક્લોધિંગમાં વૈશ્વિક વ્યાપાર - આયાત**

**કોષ્ટક ૩ : વિશ્વમાં કાપડ અને ક્લોધિંગમાં ભારતની નિકાસ**

| ક્રમ | ભાગીદાર દેશ | વર્ષ / મૂલ્ય / ટકા હિસ્સો | | | ટકા ફેરફાર |
|---|---|---|---|---|---|
| | | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬/૨૦૧૫** |
| | વિશ્વ | **૩૭૫૧૭.૧૧ (૧૦૦.૦૦)** | **૩૭૬૬૧.૪૭ (૧૦૦.૦૦)** | **૩૬૭૬૨.૦૦ (૧૦૦.૦૦)** | **-૨.૩૯ (૧૦૦.૦૦)** |
| ૧ | યુનાઈટેડ સ્ટેટ્સ | ૬૭૧૨.૫૦ (૧૭.૮૯) | ૭૧.૫૫.૩૮ (૧૯.૦૦) | ૭૫૨૩.૮૮ (૨૦.૪૭) | ૫.૧૫ |
| ૨ | યુએઇ | ૨૬૭૯.૯૩ (૭.૧૪) | ૩૭૭૩.૮૨ (૧૦.૦૨) | ૪૪૬૬.૬૬ (૧૨.૧૫) | ૧૮.૩૬ |
| ૩ | યુનાઈટેડ કિંગ્ડમ | ૨૨૭૧.૧૪ (૬.૦૫) | ૨૪૮૩.૭૬ (૬.૫૯) | ૨૩૯૯.૧૧ (૬.૫૩) | -૩.૪૧ |
| ૪ | બાંગ્લાદેશ | ૧૯૨૮.૨૦ (૫.૧૪) | ૧૯૭૩.૭૭ (૫.૨૪) | ૨૦૮૮.૪૬ (૫.૬૮) | ૫.૮૧ |
| ૫ | ચીન | ૪૦૭૫.૨૩ (૧૦.૮૬) | ૨૫૯૩.૫૪ (૬.૮૯) | ૧૯૭૦.૬૦ (૫.૩૬) | -૨૪.૦૨ |
| ૬ | જર્મની | ૧૮૨૨.૯૧ (૪.૮૬) | ૧૮૨૭.૭૪ (૪.૮૫) | ૧૬૮૨.૮૭ (૪.૫૮) | -૭.૯૩ |
| ૭ | ફ્રાન્સ | ૯૭૪.૩૨ (૨.૬૦) | ૧૧૦૨.૫૦ (૨.૯૩) | ૧૦૨૮.૫૨ (૨.૮૦) | -૬.૭૧ |
| ૮ | પાકિસ્તાન | ૬૩૯.૧૬ (૧.૭૦) | ૩૮૭.૫૫ (૧.૦૩) | ૯૯૦.૧૭ (૨.૬૯) | ૧૫૫.૪૯ |
| ૯ | સ્પેન | ૮૨૮.૦૬ (૨.૨૧) | ૯૦૭.૦૯ (૨.૪૧) | ૯૬૩.૦૬ (૨.૬૨) | ૬.૧૭ |
| ૧૦ | ઇટાલી | ૮૭૨.૨૧ (૨.૩૨) | ૮૬૧.૭૬ (૨.૨૯) | ૭૭૬.૮૨ (૨.૧૧) | -૯.૮૬ |
| ૧૧ | તૂર્કી | ૮૬૮.૪૨ (૨.૩૧) | ૭૩૭.૪૮ (૧.૯૬) | ૬૧૯.૧૬ (૧.૬૮) | -૧૬.૦૪ |
| ૧૨ | શ્રીલંકા | ૫૭૪.૩૫ (૧.૫૩) | ૫૭૧.૦૬ (૧.૫૨) | ૫૯૪.૮૪ (૧.૬૨) | ૪.૧૬ |
| ૧૩ | નેધરલેન્ડ્સ | ૬૪૭.૩૩ (૧.૭૩) | ૬૪૩.૭૩ (૧.૭૧) | ૫૬૯.૮૩ (૧.૫૫) | -૧૧.૪૮ |
| ૧૪ | કેનેડા | ૪૪૯.૬૪ (૧.૨૦) | ૪૪૦.૧૪ (૧.૧૭) | ૪૮૦.૬૫ (૧.૩૧) | ૯.૨૧ |
| ૧૫ | સાઉદી અરેબિયા | ૪૬૭.૯૩ (૧.૨૫) | ૪૪૬.૦૯ (૧.૧૮) | ૪૪૦.૧૪ (૧.૨૦) | -૧.૩૪ |
| ૧૬ | બેલ્જિયમ | ૫૫૦.૬૯ (૧.૪૭) | ૫૦૦.૩૩ (૧.૩૩) | ૩૯૫.૭૩ (૧.૦૮) | -૨૦.૯૧ |
| ૧૭ | ઓસ્ટ્રેલિયા | ૩૧૯.૫૬ (૦.૮૫) | ૩૬૪.૯૫ (૦.૯૭) | ૩૮૪.૫૫ (૧.૦૫) | ૫.૩૭ |
| ૧૮ | જાપાન | ૪૨૫.૨૯ (૧.૧૩) | ૪૦૭.૫૨ (૧.૦૮) | ૩૭૩.૧૨ (૧.૦૧) | -૮.૪૪ |
| ૧૯ | ઇજિપ્ત | ૪૦૨.૬૧ (૧.૦૭) | ૪૩૨.૦૦ (૧.૧૫) | ૩૬૨.૮૬ (૦.૯૯) | -૧૬.૦૦ |
| ૨૦ | વિયેતનામ | ૪૩૫.૬૫ (૧.૧૬) | ૫૪૦.૯૨ (૧.૪૪) | ૩૬૨.૧૩ (૦.૯૯) | -૩૩.૦૫ |

***સ્રોતઃ જીટીએ – વાણિજ્ય મંત્રાલય (કૌંસમાં આપેલ મૂલ્ય ટકામાં હિસ્સો દર્શાવે છે)***

૨૦૧૪-૧૫ની સરખામણીમાં ૨૦૧૫-૧૬માં કાપડ માટે ખર્ચમાં વૃદ્ધિદર ૧૨ દેશો માટે ઘટ્યો હતો અને માત્ર ૮ દેશમાં વધ્યો હતો. પાકિસ્તાનમાં વૃદ્ધિનો દર સૌથી ઊંચો હતો જ્યારે બીજા ક્રમે યુએઇ હતું. અન્ય કેટલાંક દેશોમાં અસાધારણ નિકાસનું કારણ ભારતીય કાપડનો પરોક્ષ પ્રવેશ હોઈ શકે છે. પરંતુ તેનાં કારણો જાણવાનાં બાકી છે.

**કોષ્ટક ૪ : ટેક્સ્ટાઈલ્સ અને ક્લોથિંગની અમેરિકાની આયાત**

- જાન્યુઆરી- એપ્રિલ ૨૦૧૬ દરમિયાન ચીન અને વિયેતનામ પછી ભારત અમેરિકાને ટી ઍન્ડ સીનું સૌથી મોટું સપ્લાયર હતું (જાન્યુઆરી-એપ્રિલ ૨૦૧૬માં ૦.૨૧ ટકા વૃદ્ધિ નોંધાવી.)

ઇયુ (૨૮)માં ટી ઍન્ડ સીની એકંદરે કુલ આયાત ૧.૪૯ ટકા વધી હતી અને જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૫ દરમિયાન ૪૦.૧૬ અબજ ડૉલર નોંધાઇ હતી જે જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૬ દરમિયાન ૪૦.૭૫ અબજ ડૉલરની હતી.

- અગ્રણી સપ્લાયર ચીનમાંથી આયાત જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૬ દરમિયાન ૭.૪૭ ટકા ઘટી હતી જેમાં જાન્યુઆરીથી એપ્રિલ -૨૦૧૬ દરમિયાન બાંગ્લાદેશે ૮.૯૦ ટકા વૃદ્ધિ નોંધાવી હતી અને તૂર્કીએ આ ગાળામાં ૭.૬૫ ટકા વૃદ્ધિ નોંધાવી હતી.
- કમ્બોડિયાએ જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૬ના સમયગાળામાં સૌથી ઊંચી ૨૩.૧૨ ટકા વૃદ્ધિ નોંધાવી હતી જ્યારે ત્યાર બાદ વિયેતનામ અને મોરોક્કોએ અનુક્રમે ૧૦.૪૯ ટકા અને ૧૧.૯૪ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી. પાકિસ્તાને (છઠ્ઠું સપ્લાયર) આ સમય ગાળામાં ૬.૬૬ ટકા વૃદ્ધિ નોંધાવી હતી.
- જાન્યુઆરી-એપ્રિલ ૨૦૧૬ દરમિયાન ભારતે (ચોથા સૌથી મોટા સપ્લાયર) માત્ર ૦.૩૪ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી.

કોષ્ટક ૬ કેટેગરી પ્રમાણે કાપડ

કોમોડિટીની નિકાસ દર્શાવે છે. ભારતની કુલ નિકાસમાં કાપડની ટકાવારીમાં હિસ્સો વધ્યો છે. તેમાં આ કોમોડિટીના આંકડા પરથી તે જાણી શકાય છે : કોટન યાર્ન, કોટન ફેબ્રિક્સ, મેડ અપ્સ વગેરે, મેન મેડ યાર્ન, ફેબ્રિક્સ, મેડ-અપ્સ, આરએમજી કોટન એક્સેસરિઝ સહિત, આરએમજી મેનમેડ ફાઈબર્સ, અન્ય કાપડ સામગ્રીનું આરએમજી, વગેરેમાં પણ વધારો થયો છે. કોષ્ટક ૭ દર્શાવે છે કે કાપડ આઈટમ્સની આયાત કેટલી રહી હતી.

ભારતની કુલ આયાતમાં કાપડનો ટકાવારીમાં હિસ્સો ખૂબ મહત્ત્વનો છે. મેનમેડ યાર્ન, ફેબ્રિક્સ, મેડ-અપ્સ એવી આઈટમો છે જે અન્યની સરખામણીમાં ભારતમાં વધારે આયાત કરવામાં આવે છે.

## કોષ્ટક ૬ : કાપડ કોમોડિટીની નિકાસ

(અમેરિકન મિલિયન ડૉલરમાં મૂલ્ય)

| | April-March 2013 | | April-March 2014 | | | April-March 2015 | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Value | % Share | Value | % Growth | % Share | Value | % Growth | % Share |
| **TOTAL** | **3,00,400.57** | | **3,14,405.29** | **4.7%** | | **3,10,338.47** | **-1.3%** | |
| **TEXTILES & ALLIED PRODUCTS** | **32,885.45** | **10.95** | **36,967.56** | **12.4%** | **11.76** | **37,140.74** | **0.5%** | **11.97** |
| MANMADE STAPLE FIBRE | 516.24 | 1.57 | 597.79 | 15.8% | 1.62 | 551.59 | -7.7% | 1.49 |
| COTTON YARN | 3,532.29 | 10.74 | 4,550.26 | 28.8% | 12.31 | 3,937.41 | -13.5% | 10.60 |
| COTTON FABRICS, MADEUPS ETC. | 4,710.52 | 14.32 | 5,118.47 | 8.7% | 13.85 | 5,516.42 | 7.8% | 14.85 |
| OTHER TEXTILE YARN, FABRIC MADEUP ARTICLE | 380.48 | 1.16 | 422.09 | 10.9% | 1.14 | 399.59 | -5.3% | 1.08 |
| SILK,RAW | 0.53 | 0.00 | 0.04 | -92.5% | 0.00 | 0.11 | 175.0% | 0.00 |
| NATURAL SILK YARN,FABRICS,MADEUP | 155.35 | 0.47 | 142.93 | -8.0% | 0.39 | 124.97 | -12.6% | 0.34 |
| MANMADE YARN,FABRICS,MADEUPS | 4,536.00 | 13.79 | 5,183.47 | 14.3% | 14.02 | 5,275.03 | 1.8% | 14.20 |
| WOOL, RAW | 0.19 | 0.00 | 0.2 | 5.3% | 0.00 | 0.04 | -80.0% | 0.00 |
| WOLLEN YARN,FABRICS,MADE UPS ETC | 132.86 | 0.40 | 127.07 | -4.4% | 0.34 | 201.85 | 58.8% | 0.54 |
| RMG COTTON INCL ACCESSORIES | 8,443.59 | 25.68 | 9,106.39 | 7.8% | 24.63 | 9,282.83 | 1.9% | 24.99 |
| RMG SILK | 236.7 | 0.72 | 236.54 | -0.1% | 0.64 | 303.97 | 28.5% | 0.82 |
| RMG MANMADE FIBRES | 2,521.20 | 7.67 | 3,148.83 | 24.9% | 8.52 | 3,997.13 | 26.9% | 10.76 |
| RMG WOOL | 293.38 | 0.89 | 307.47 | 4.8% | 0.83 | 307.75 | 0.1% | 0.83 |
| RMG OF OTHER TEXTILE MATERIAL | 1,453.85 | 4.42 | 2,190.68 | 50.7% | 5.93 | 2,941.65 | 34.3% | 7.92 |
| COIR AND COIR MANUFACTURES | 196.39 | 0.60 | 229.85 | 17.0% | 0.62 | 285.13 | 24.1% | 0.77 |
| HANDLOOM PRODUCTS | 515.31 | 1.57 | 373.01 | -27.6% | 1.01 | 369.56 | -0.9% | 1.00 |
| SILK WASTE | 11.58 | 0.04 | 16.25 | 40.3% | 0.04 | 17.86 | 9.9% | 0.05 |
| JUTE, RAW | 17.54 | 0.05 | 18.81 | 7.2% | 0.05 | 19.41 | 3.2% | 0.05 |
| JUTE YARN | 40.54 | 0.12 | 23.46 | -42.1% | 0.06 | 22.64 | -3.5% | 0.06 |
| JUTE HESSIAN | 161.05 | 0.49 | 141.7 | -12.0% | 0.38 | 126 | -11.1% | 0.34 |
| FLOOR COVERING OF JUTE | 53.23 | 0.16 | 63.6 | 19.5% | 0.17 | 86.3 | 35.7% | 0.23 |
| OTHER JUTE MANUFACTURES | 135.42 | 0.41 | 152.82 | 12.8% | 0.41 | 112.55 | -26.4% | 0.30 |
| CARPET(EXCL. SILK) HANDMADE | 1,089.55 | 3.31 | 1,175.73 | 7.9% | 3.18 | 1,358.17 | 15.5% | 3.66 |
| SILK CARPET | 3.92 | 0.01 | 2.57 | -34.4% | 0.01 | 2.62 | 1.9% | 0.01 |
| COTTON RAW INCLD. WASTE | 3,747.73 | 11.40 | 3,637.53 | -2.9% | 9.84 | 1,900.19 | -47.8% | 5.12 |

***સ્રોત :ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાર્ષિક અહેવાલના આધારે.***

## કોષ્ટક ૭: ટેક્સ્ટાઈલ કોમોડિટીની આયાત

(અમેરિકન મિલિયન ડૉલરમાં મૂલ્ય)

| | April-March 2013 | | April-March 2014 | | | April-March 2015 | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Value | % Share | Value | % Growth | % Share | Value | % Growth | % Share |
| **TOTAL** | **4,90,736.64** | | **4,50,199.78** | | | **4,48,033.40** | | |
| **TEXTILES & ALLIED PRODUCTS** | **4918.65** | **1.00** | **4,835.93** | **-1.7%** | **1.07** | **5,512.44** | **14.0%** | **1.23** |
| MANMADE STAPLE FIBRE | 282.23 | 5.74 | 328.29 | 16.3% | 6.79 | 406.78 | 23.9% | 7.38 |
| COTTON YARN | 52.14 | 1.06 | 54.28 | 4.1% | 1.12 | 41.33 | -23.9% | 0.75 |
| COTTON FABRICS, MADEUPS ETC. | 516.44 | 10.50 | 509.42 | -1.4% | 10.53 | 506.1 | -0.7% | 9.18 |
| OTHER TEXTILE YARN, FABRIC MADEUP ARTICLE | 590.15 | 12.00 | 614.17 | 4.1% | 12.70 | 737.33 | 20.1% | 13.38 |
| SILK,RAW | 227.21 | 4.62 | 148.51 | -34.6% | 3.07 | 158.93 | 7.0% | 2.88 |
| NATURAL SILK YARN,FABRICS,MADEUP | 80.33 | 1.63 | 65.67 | -18.2% | 1.36 | 51.72 | -21.2% | 0.94 |
| MANMADE YARN,FABRICS,MADEUPS | 1662.5 | 33.80 | 1,659.69 | -0.2% | 34.32 | 1,885.71 | 13.6% | 34.21 |
| WOOL, RAW | 330.93 | 6.73 | 325.22 | -1.7% | 6.73 | 348.73 | 7.2% | 6.33 |
| WOLLEN YARN,FABRICS,MADE UPS ETC | 55.61 | 1.13 | 52.11 | -6.3% | 1.08 | 64.46 | 23.7% | 1.17 |
| RMG COTTON INCL ACCESSORIES | 171.27 | 3.48 | 217.52 | 27.0% | 4.50 | 236.49 | 8.7% | 4.29 |
| RMG SILK | 4.05 | 0.08 | 5.17 | 27.7% | 0.11 | 6.13 | 18.6% | 0.11 |
| RMG MANMADE FIBRES | 66.59 | 1.35 | 102.81 | 54.4% | 2.13 | 142.51 | 38.6% | 2.59 |
| RMG WOOL | 13.77 | 0.28 | 15.19 | 10.3% | 0.31 | 16.06 | 5.7% | 0.29 |
| RMG OF OTHER TEXTILE MATERIAL | 71.9 | 1.46 | 93.03 | 29.4% | 1.92 | 122.72 | 31.9% | 2.23 |
| COIR AND COIR MANUFACTURES | 17.24 | 0.35 | 9.61 | -44.3% | 0.20 | 5.55 | -42.2% | 0.10 |
| HANDLOOM PRODUCTS | 13.75 | 0.28 | 18.83 | 36.9% | 0.39 | 10.2 | -45.8% | 0.19 |
| SILK WASTE | 3.19 | 0.06 | 4.77 | 49.5% | 0.10 | 4.24 | -11.1% | 0.08 |
| JUTE, RAW | 68.48 | 1.39 | 25.71 | -62.5% | 0.53 | 23.18 | -9.8% | 0.42 |
| JUTE YARN | 45.59 | 0.93 | 47.24 | 3.6% | 0.98 | 49.94 | 5.7% | 0.91 |
| JUTE HESSIAN | 16.09 | 0.33 | 13.43 | -16.5% | 0.28 | 29 | 115.9% | 0.53 |
| FLOOR COVERING OF JUTE | 0.87 | 0.02 | 1.29 | 48.3% | 0.03 | 0.91 | -29.5% | 0.02 |
| OTHER JUTE MANUFACTURES | 116.99 | 2.38 | 68.06 | -41.8% | 1.41 | 81.14 | 19.2% | 1.47 |
| CARPET(EXCL. SILK) HANDMADE | 55.04 | 1.12 | 61.33 | 11.4% | 1.27 | 74.42 | 21.3% | 1.35 |
| SILK CARPET | 0.52 | 0.01 | 0.1 | -80.8% | 0.00 | 0.07 | -30.0% | 0.00 |
| COTTON RAW INCLD. WASTE | 455.75 | 9.27 | 394.47 | -13.4% | 8.16 | 508.8 | 29.0% | 9.23 |

***સ્રોત : ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાર્ષિક અહેવાલના આધારે.***

કોષ્ટક ૮ ભારતની પસંદગીની કાપડ કેટેગરી માટે ટોચના પાંચ નિકાસના સ્થળો દર્શાવે છે. કોષ્ટકમાં જોઈ શકાય છે તેમ યુએસએ, યુકે, બાંગ્લાદેશ, ચીન લગભગ તમામ કોમોડિટી માટે સામાન્ય છે. ઈરાન મેનમેડ સ્ટેપલ ફાઇબર(૫૫)ના અગ્રણી પાંચ આયાતકારોની યાદીમાં સ્થાન ધરાવે છે જ્યારે તૂર્કી વેડિંગ, ફેલ્ટ અને નોનવુવન્સ (૫૬) માટે ટોચના આયાતકારોમાં સ્થાન ધરાવે છે. તેમાં સ્પેશિયલ યાર્ન, ટ્વાઇન, કોર્ડેજ, રોપ્સ અને કેબલ્સ અને તેની ચીજો સામેલ છે. અહીં એ નોંધવું જરૂરી છે કે આ કેટેગરીમાં કોઇ વેલ્યૂ એડિશન હોતું નથી તેથી તેની નિકાસ વધારવા માટે કોઈ વિશેષ પ્રયાસ કરવાની જરૂર નથી. તેના બદલે વેલ્યૂ એડેડ ઉત્પાદનો પર વધારે ધ્યાન આપવું જોઈએ જેની વિગતો કોષ્ટક નંબર ૯ અને ૧૦માં આપેલી છે.

**કોષ્ટક ૮ : ૨૦૧૫-૧૬માં પસંદગીની કાપડ કોમોડિટી માટે ટોચના પાંચ નિકાસના દેશો**

| (૫૦) સિલ્ક | (૫૧) ઊન, બરછટ અથવા ફાઇન પ્રાણીના વાળ, હોર્સ હેર યાર્ન અને વુવન ફેબ્રિક | (૫૨) કપાસ | (૫૩) અન્ય વેજિટેબલ ટેક્સ્ટાઇલ ફાઇબર્સ, પેપર યાર્ન અને પેપર યાર્નના વુવન ફેબ્રિક્સ | (૫૪) માનવ સર્જિત ફિલામેન્ટ્સ | (૫૫) માનવ સર્જિત સ્ટેપલ ફાઇબર્સ | (૫૬) વેડિંગ, ફેલ્ટ અને નોન વુવન્સ, સ્પેશિયલ યાર્ન, ટ્વાઇન, કોર્ડેજ, દોરડા અને કેબલ તથા તેની ચીજો. |
|---|---|---|---|---|---|---|
| યુએસએ | યુકે | ચીન | ચીન | યુના. આરબ અમીરાત | બાંગ્લાદેશ | ઈરાન |
| યુકે | ઇટાલી | બાંગ્લાદેશ | યુએસએ | તૂર્કી | તૂર્કી | યુના. આરબ અમીરાત |
| ચીન | જાપાન | પાકિસ્તાન | નેધરલેન્ડ | બ્રાઝિલ | યુના. આરબ અમીરાત | યુએસએ |
| યુના. રૂારબ અમીરાત | કોરિયા આરપી | વિયેતનામ | કોરિયા | યુએસએ | યુએસએ | યુકે |
| જર્મની | યુએસએ | શ્રીલંકા | યુકે | બાંગ્લાદેશ | ઈરાન | તૂર્કી |

***સ્રોત : ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની એક્સપોર્ટ ઈમ્પોર્ટ ડેટા બેન્કના આધારે.***

કોષ્ટક ૯ અને ૧૦ ભારતની નિકાસની માહિતી (એચએસ કોડ ૬૧) આપે છે જેમાં એપેરલ અને ક્લોથિંગ એક્સેસરીઝની ચીજો, નિટેડ અથવા કોર્ચેટેડ (એચએસ કોડ ૬૨), એપેરલ અને ક્લોથિંગ એક્સેસરીઝની ચીજો , નોટ નિટેડ અથવા ક્રોચેટેડ અને (એચએસ કોડ ૬૩) અન્ય મેડ અપ કાપડ આર્ટિકલ્સ, સેટ, વોર્ન ક્લોથિંગ અને વોર્ન કાપડ આર્ટિકલ્સ, રેગ્સ વગેરેની માહિતી આપે છે. કોષ્ટકમાં દરેક દેશની ટકાવારીમાં હિસ્સો દર્શાવાયેલ છે અને ૨૦૦૫થી ૨૦૧૫ દરમિયાન આ કોમોડિટીના વૃદ્ધિદરની માહિતી આપેલી છે. કેટેગરી ૬૧ અને ૬૨માં યુએઇના કોષ્ટક ટકાવારી હિસ્સામાંથી જોઈ શકાય છે તેમ અન્ય દેશોની સરખામણીમાં તેમાં તીવ્ર ઉછાળો નોંધાયો છે. ટ્રેડ અને ઉદ્યોગ તથા સરકારે ભારતનો દેખાવ સુધારવા અને આ પસંદગીના દેશોમાં ભારતની નિકાસ સામેના અવરોધો દૂર કરવા માટે વિશેષ પ્રયાસ હાથ ધરવા જોઈએ.

**કોષ્ટક ૯ : છેલ્લાં ૧૦ વર્ષમાં પસંદગીની કાપડ કોમોડિટીની નિકાસમાં વધતી ટકાવારી ધરાવતા દેશો**

| *વર્ષ* | *(૬૧) એપેરલ અને ક્લોથિંગ એક્સેસરીઝની ચીજો, નિટેડ અથવા કોર્ચેટેડ* | | | *(૬૨) એપેરલ અને ક્લોથિંગ એક્સેસરીઝની ચીજો, નોટ નિટેડ અથવા કોર્ચેટેડ* | | *(૬૩) અન્ય મેડ અપ ટેક્સ્ટાઇલ આર્ટિકલ્સ, સેટ, વોર્ન ક્લોથિંગ અને વોર્ન ટેક્સ્ટાઇલ આર્ટિકલ્સ, રેગ્સ* | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | *યુએઇ* | *યુકે* | *સાઉદી અરેબિયા* | *યુએઇ* | *સ્પેન* | *યુએસએ* | *યુએઇ* | *ઓસ્ટ્રેલિયા* | *કેનેડા* |
| *૨૦૦૫-૦૬* | *૫.૦૩* | *૧૦.૩૨* | *૧.૭૫* | *૫.૨૮* | *૪.૪૪* | *૪૨.૫૭* | *૨.૨૫* | *૧.૮૫* | *૨.૩૧* |
| *૨૦૦૬-૦૭* | *૫.૦૦* | *૯.૫૮* | *૧.૩૮* | *૬.૪૭* | *૩.૫૯* | *૪૩.૧૭* | *૨.૨૦* | *૧.૮૭* | *૨.૫૨* |
| *૨૦૦૭-૦૮* | *૬.૦૬* | *૧૧.૩૭* | *૧.૩૬* | *૭.૯૮* | *૩.૯૪* | *૪૨.૫૬* | *૨.૨૫* | *૧.૭૧* | *૨.૫૫* |
| *૨૦૦૮-૦૯* | *૭.૨૭* | *૧૨.૦૯* | *૧.૭૯* | *૯.૮૯* | *૫.૫૭* | *૪૦.૩૨* | *૨.૭૫* | *૨.૧૫* | *૨.૧૮* |
| *૨૦૦૯-૧૦* | *૮.૨૫* | *૧૧.૯૪* | *૧.૫૮* | *૯.૬૩* | *૫.૮૪* | *૪૪.૬૫* | *૨.૯૩* | *૨.૩૨* | *૧.૯૬* |
| *૨૦૧૦-૧૧* | *૧૦.૮૯* | *૯.૫૬* | *૧.૮૪* | *૮.૪૩* | *૫.૬૭* | *૪૫.૨૯* | *૨.૮૨* | *૨.૩૫* | *૧.૮૬* |
| *૨૦૧૧-૧૨* | *૧૦.૮૪* | *૧૦.૧૯* | *૨.૦૩* | *૯.૧૧* | *૪.૯૦* | *૪૪.૭૯* | *૩.૧૭* | *૨.૫૨* | *૨.૦૯* |
| *૨૦૧૨-૧૩* | *૧૧.૫૭* | *૧૨.૩૩* | *૨.૧૮* | *૧૦.૭૦* | *૫.૦૫* | *૪૮.૫૦* | *૩.૨૪* | *૨.૮૫* | *૨.૨૪* |
| *૨૦૧૩-૧૪* | *૧૧.૮૬* | *૧૨.૦૨* | *૧.૮૪* | *૧૧.૩૬* | *૪.૮૨* | *૪૬.૯૭* | *૨.૯૮* | *૨.૪૨* | *૨.૫૦* |
| *૨૦૧૪-૧૫* | *૧૪.૯૩* | *૧૧.૮૦* | *૧.૬૬* | *૧૬.૪૦* | *૪.૭૫* | *૪૭.૬૬* | *૩.૨૩* | *૨.૫૩* | *૨.૩૯* |
| *૨૦૧૫-૧૬* | *૨૧.૬૭* | *૧૧.૭૦* | *૧.૮૭* | *૧૮.૯૦* | *૫.૫૦* | *૪૯.૯૩* | *૩.૬૬* | *૨.૫૯* | *૨.૩૭* |

**સ્રોતઃ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની એક્સપોર્ટ ઈમ્પોર્ટ ડેટા બેન્કની માહિતીના આધારે**

**કોષ્ટક ૧૦ : ટોચના ૫ નિકાસના દેશોમાં પસંદગીની ટેક્સ્ટાઈલ કોમોડિટીમાં ભારતની નિકાસ**

(યુએસ મિલિયન ડૉલરમાં મૂલ્ય)

| COMMODITIES | COUNTRY | 2005-06 | 2006-07 | 2007-08 | 2008-09 | 2009-10 | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (61) ARTICLES OF APPAREL AND CLOTHING ACCESSORIES, KNITTED OR CORCHETED | U S A | 925.43 | 1,123.16 | 1,209.77 | 1,216.12 | 1,164.31 | 1,378.95 | 1,382.82 | 1,327.12 | 1,496.97 | 1,620.15 | 1,675.03 |
| | U ARAB EMTS | 160.36 | 181 | 259.01 | 367.04 | 378.56 | 539.5 | 626.33 | 642.64 | 789.86 | 1,142.70 | 1,661.22 |
| | U K | 329.21 | 346.58 | 485.87 | 610.23 | 548.2 | 473.39 | 588.54 | 684.56 | 799.96 | 903.34 | 896.63 |
| | GERMANY | 369.64 | 342.56 | 490.53 | 688.88 | 584 | 489.5 | 528.98 | 489.43 | 624.33 | 645.69 | 595.81 |
| | FRANCE | 256.4 | 304.11 | 355.93 | 405.43 | 325.28 | 300.97 | 334.57 | 295.59 | 379.97 | 477.67 | 443.99 |
| (62) ARTICLES OF APPAREL AND CLOTHING ACCESSORIES, NOT KNITTED OR CROCHETED | U S A | 1,928.31 | 1,773.06 | 1,623.42 | 1,498.37 | 1,495.26 | 1,577.75 | 1,805.28 | 1,768.02 | 1,926.94 | 1,994.79 | 2,186.93 |
| | U ARAB EMTS | 286.97 | 342.6 | 432.31 | 583.51 | 589.87 | 562.5 | 725.04 | 792.64 | 947.94 | 1,507.56 | 1,762.53 |
| | U K | 615.49 | 601.69 | 708.46 | 682.04 | 732.77 | 844.55 | 913.12 | 811.08 | 859.33 | 955.88 | 905.72 |
| | GERMANY | 309.02 | 305.64 | 370.35 | 429.3 | 473.63 | 593.85 | 632.26 | 501.38 | 565.49 | 574.96 | 517.22 |
| | SPAIN | 241.26 | 190.25 | 213.8 | 329.02 | 357.99 | 378.35 | 389.75 | 374.2 | 401.93 | 436.61 | 512.47 |
| (63) OTHER MADE UP TEXTILE ARTICLES; SETS; WORN CLOTHING AND WORN TEXTILE ARTICLES; RAGS | U S A | 1,013.41 | 992 | 1,012.63 | 956.11 | 1,100.21 | 1,404.36 | 1,770.13 | 1,958.62 | 2,093.36 | 2,213.75 | 2,289.88 |
| | U K | 176.83 | 179.93 | 183.01 | 163.72 | 171.96 | 210.89 | 261.49 | 268.62 | 278.2 | 296.97 | 277.76 |
| | GERMANY | 173.34 | 168.77 | 190.16 | 207.38 | 177.86 | 232.36 | 298.49 | 238.01 | 277.46 | 289.83 | 247.87 |
| | U ARAB EMTS | 53.67 | 50.59 | 53.47 | 65.22 | 72.28 | 87.41 | 125.29 | 130.67 | 132.95 | 149.82 | 168.05 |
| | AUSTRALIA | 44.08 | 43.01 | 40.72 | 50.91 | 57.15 | 72.9 | 99.62 | 114.99 | 108.07 | 117.71 | 118.75 |

**સ્રોતઃ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની એક્સપોર્ટ ઈમ્પોર્ટ ડેટા બેન્કની માહિતીના આધારે**

કોષ્ટક ૧૦ દર્શાવે છે કે આ ત્રણ પસંદગીની કોમોડિટીમાં મૂલ્યવર્ધન આધારિત ભારતની નિકાસ ચાર સામાન્ય દેશો – યુએસએ, યુએઈ, યુકે અને જર્મની લક્ષી છે.

**સરકાર અને કાપડ ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલી તાજેતરની પહેલ**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં વસ્ત્રોના ઉત્પાદનની કામગીરી ચીન જેવા દેશમાં શિફ્ટ થઈ છે જે ખર્ચની બાબતમાં ફાયદો ધરાવે છે. જોકે, ચીનમાં કામદારોના વેતનમાં વધારો થયો હોવાથી ખર્ચની બાબતમાં જે ફાયદો હતો તે અમુક અંશે ઘટી ગયો છે, ભારતને મોટા કદના ઈકોનોમીનો ફાયદો છે. તેથી સરકારે આ સેક્ટરને ઉત્તેજન આપવા માટે કેટલાંક પગલા લીધા છે.

સરકારે આગામી ત્રણ વર્ષમાં એક કરોડ નવી જોબના સર્જન માટે કાપડ અને એપેરલ સેક્ટરને રૂ. ૬૦૦૦ કરોડના સ્પેશિયલ પૅકેજને મંજૂરી આપી છે. તેમાં ૧૧ અબજ ડૉલરનું નવું રોકાણ મેળવવામાં આવશે અને નિકાસમાં ૩૦ અબજ ડૉલરનું સર્જન થશે. જે પગલાં મંજૂર કરવામાં આવ્યાં છે તેમાં ગારમેન્ટ માટે ડ્યૂટી ડ્રોબૅક સિસ્ટમ, ઉત્પાદકતા વધારવા માટે કામદાર કાયદામાં સુધારા અને ગારમેન્ટ ઉત્પાદનમાં રોજગારીના સર્જન માટે ટૅક્સ અને ઉત્પાદનનાં પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે.

આપણે યોગ્ય રીતે આ પૅકેજ લાગુ કરી શકીએ તો આગામી ત્રણ વર્ષમાં ગારમેન્ટની નિકાસમાં ભારત વિયેતનામ અને બાંગ્લાદેશ કરતા આગળ નીકળી જાય તેવી શક્યતા છે. કામદાર કાયદામાં લવચિકતા લાવવા માટે જે સુધારા કરવામાં આવ્યા છે તેમાં કામદારો માટે ઓવરટાઈમના કલાકો વધારાયા છે જે આઈએલઓ નિયમો પ્રમાણે પ્રતિ સપ્તાહ ૮ કલાકથી વધુ નહીં હોય અને ગારમેન્ટ સેક્ટરની સિઝનલ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને તેમાં ફિક્સ્ડ ટર્મ રોજગારી શરૂ કરવામાં આવશે. ફિક્સ ગાળા માટે કામ પર લેવામાં આવનાર કામદારને કામના કલાકો, વેતન, એલાઉન્સ કે અન્ય કાયદેસરની ફરજોમાં કાયમી કામદાર સમકક્ષ ગણવામાં આવશે. આ પૅકેજ નવી શરૂઆત કરે છે કારણ કે તે ઈનપુટથી આઉટકમ આધારિત પ્રોત્સાહન તરફ જાય છે જેમાં ગારમેન્ટ સેક્ટર માટે સુધારેલ ટીયુએફએસ હેઠળ સબસિડી વધારીને ૧૫ ટકામાંથી ૨૫ ટકા કરવામાં આવશે તથા રોજગારીના સર્જનને ઉત્તેજન આપવામાં આવશે.

આ સ્કીમની વિશેષતા એ છે કે અપેક્ષિત રોજગારીનું સર્જન થાય પછી જ સબસિડી વહેંચવામાં આવશે. નવી રોજગારીમાંથી મોટા ભાગની રોજગારી મહિલાઓને મળવાની શક્યતા છે કારણ કે ગારમેન્ટ ઉદ્યોગમાં ૭૦ ટકા જેટલી મહિલા શ્રમબળ કામ કરે છે. તેથી આ પૅકેજ મહિલાઓના સસક્તિકરણ દ્વારા સામાજિક પરિવર્તનમાં મદદ કરશે.

ભારત સરકારે કાપડ સેક્ટર માટે નિકાસને ઉત્તેજન આપવા અનેક નીતિઓ જાહેર કરી છે. તેણે ઓટોમેટિક રૂટ હેઠળ ભારતીય કાપડ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને પણ મંજૂરી આપી છે.

આ ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલી કેટલીક પહેલ આ પ્રમાણે છે :

- કેન્દ્રીય કપડા મંત્રાલયે આગામી ૧૦ વર્ષમાં કાપડની નિકાસ બમણી કરવાની યોજના ઘડી છે. તે આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથે દ્વિપક્ષીય કરાર કરવા યોજના ધરાવે છે. તે વેલ્યૂ એડિશનને ઉત્તેજન આપવા નવી કાપડ નીતિ પર

કામ કરશે અને સુધારેલ કાપડ અપગ્રેડેશન ફંડ સ્કીમ (ટીયુએફએસ) માટે માર્ગદર્શિકાને આકાર આપશે.

- કપડા મંત્રાલયે ટેકનૉલૉજી મિશન ઓન ટેક્નિકલ કાપડ (ટીએમટીટી) શરૂ કર્યું છે જેમાં રૂ. ૨૦૦ કરોડ(૨૯.૬ મિલિયન ડૉલર)નો કુલ ફંડ આઉટલેટ છે. ટીએમટીટીનો હેતુ ભારતભરમાં આઠ સેન્ટર ઑફ એક્સેલન્સ ખાતે વિશ્વ સ્તરની ટેસ્ટિંગ સુવિધાઓ વિકસાવવામાં મદદ કરીને ટેક્નિકલ કાપડને ઉત્તેજન આપવાનો છે, તેમાં પ્રોટોટાઈપના સ્વદેશી વિકાસને ઉત્તેજન અપાશે, સ્થાનિક અને નિકાસ બજાર માટે ટેકો પૂરો પાડવામાં આવશે અને કોન્ટ્રાક્ટ રિસર્ચને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે.
- મશીનરી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર સબસિડી
  - રિવાઇઝ્ડ રિસ્ટ્રક્ચર્ડ ટેક્નૉલૉજી અપગ્રેડેશન ફંડ સ્કીમ (આરઆરટીયુએફએસ) ટેક્નિકલ કાપડ માટે મોટી મશીનરીને આવરી લે છે જેમાં ૫ ટકા વ્યાજ રિઇમ્બર્સમેન્ટ અને ૧૦ ટકા કેપિટલ સબસિડી ૫ ટકા વ્યાજ રિઇમ્બર્સમેન્ટ સાથે સ્પેસિફાઇડ ટેક્નિકલ કાપડ મશીનરી માટે આરઆરટીયુએફએસ હેઠળ આપવામાં આવે છે.
  - સ્કીમ ફોર ઇન્ટિગ્રેટેડ કાપડ પાર્ક્સ (એસઆઇટીપી) માટેની યોજના હેઠળ ભારત સરકાર પાર્ક્સમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર રચવા માટે ૪૦ ટકા સુધીની સહાયતા રૂ. ૪૦ કરોડ સુધી (૬ મિલિયન ડૉલર) પૂરી પાડે છે. આ સ્કીમ હેઠળ ટેક્નિકલ કાપડ યુનિટ્સ પણ આ લાભ મેળવી શકે છે.
  - ટેક્નિકલ ટેક્સ્ટાઇલના ઉત્પાદન માટેની મોટી મશીનરીને ૫ ટકાની કન્સેસનલ કસ્ટમ્સ ડ્યૂટી રાહત મળે છે.
  - ચોક્કસ ટેક્નિકલ ટેક્સ્ટાઇલ પ્રોડક્ટ્સને ફોકસ પ્રોડક્ટ સ્કીમ હેઠળ આવરી લેવાયેલ છે. આ સ્કીમ હેઠળ આ પ્રોડક્ટની નિકાસને નિકાસના મૂલ્યના ફ્રેઇટ ઓન બોર્ડ (એફઓબી)ના બે ટકા સમકક્ષ ડ્યુટી ક્રેડિટ સ્ક્રીપ મળે છે.

**ઈશાન ભારતમાં ટેક્સ્ટાઇલ સેક્ટરને કેન્દ્ર તરફથી ઉત્તેજન મળ્યું**

કાપડ નિકાસને ઉત્તેજન આપવા, રોજગારીનું સર્જન કરવા અને કામદારોના સ્થળાંતરને અટકાવવા માટે કેન્દ્ર સરકારે ઈશાન ભારતમાં રૂ. ૧૦૩૮ કરોડ(૧૫૬ મિલિયન ડૉલર)ની સ્કીમ શરૂ કરી છે. આ પ્રોજેક્ટથી આ સેક્ટરનું આધુનિકીકરણ કરી શકાશે જેમાં અમલીકરણ માટે વિસ્તારના આધારે લવચિકતા અપાશે. કેન્દ્રિય કાપડ મંત્રાલય નોર્થ ઇસ્ટ રિજન ટેક્સ્ટાઇલ પ્રમોશન સ્કીમ (એનઇઆરટીપીએસ) હેઠળ પ્રોજેક્ટને ફંડ કરશે. એનઇઆરટીપીએસ હેઠળ કાપડ મંત્રાલય ઈશાન ભારતનાં તમામ આઠ રાજ્યોમાં એપેરલ ઍન્ડ ગારમેન્ટ મેકિંગ સેન્ટર (એજીએમસી) માટે રેડીમેડ ગારમેન્ટ ઉત્પાદન એકમ સ્થાપવા દરેકને રૂ. ૧૮ કરોડ આપશે. તે શરૂ થયા પછી યુનિટ્સના સંચાલન માટે તે નાણાકીય મદદ પણ પૂરી પાડશે.

**રોકાણ**

ઉદ્યોગની સ્થાપના માટે વધુ એક મહત્ત્વનું પરિબળ રોકાણ છે, ખાસ કરીને ટેક્નૉલૉજી લાગુ કરવા તથા નવી પ્રોડક્ટ રજૂ કરવા માટે. સત્તાવાર આંકડા પ્રમાણે કાપડ સેક્ટરે છેલ્લાં પાંચ વર્ષમાં રોકાણમાં ઉછાળો નોંધાવ્યો છે. ઉદ્યોગે (ડાઇડ અને પ્રિન્ટેડ સહિત) એપ્રિલ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૧૫ના ગાળા દરમિયાન ૧.૭૭ અબજ ડૉલરનું સીધું વિદેશી મૂડીરોકાણ (એફડીઆઇ) મેળવી હતી. મહત્ત્વની વાત એ છે કે સરકારે ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડીરોકાણની મંજૂરી આપી છે.

**પશ્મિના પ્રોડક્ટ્સ માટે ઇ-પોર્ટલ**

પશ્મિના પ્રોડક્ટની જાણીતી બ્રાન્ડ્સ વેચવા માટે એક ઇ-કોમર્સ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું જેનાથી હાથેથી વણવામાં આવેલા ફેબ્રિકના વૈશ્વિક વેચાણને ઉત્તેજન આપવામાં આવશે. કાશ્મીરના ડિવિઝનલ કમિશનરે પાશ્મિના પ્રોડક્ટ્સ માટે ઇ-કોમર્સ પોર્ટલ www.phamb.co.in લોન્ચ કર્યું હતું.

**સોલર પાવર્ડ ચરખાને અપનાવતું ખાદી સેક્ટર**

બદલાતા સમયની સાથે ખાદી સેક્ટરમાં પરંપરાગત હાથેથી ચાલતા ચરખાની જગ્યાએ સૌરઊર્જા આધારિત ચરખાનો પ્રવેશ થયો છે. આ પહેલ દ્વારા ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ પંચ (કેવીઆઇસી) ચરખો ચલાવનારની મહેનત ઘટાડવા અને ઉત્પાદકતાને વેગ આપવાની આશા રાખે છે. કામદારોની મામૂલી આવકને ધ્યાનમાં રાખતા સૌરઊર્જા સંચાલિત ચરખાથી કામદારોની મહેનત ઘટશે અને તેઓ રિન્યુએબલ ઉર્જાનો ઉપયોગ કરી શકશે. સૌરઊર્જા આધારિત વ્હીલથી આઠ કલાકમાં યાર્નના ૭૫થી ૯૦ દડા તૈયાર થઈ શકશે જ્યારે હાલમાં હાથેથી સંચાલિત ચરખામાં માત્ર ૨૫-૩૦ યાર્નના દડા બની શકે છે. નવા મોડલના ચરખા લોન્ચ થવાની સાથે કેવીઆઇસી ઉત્પાદન બમણું કરી શકશે અને યાર્નની ગુણવત્તામાં સુધારો કરી શકશે.

**પડકારો અને ભવિષ્યનો માર્ગ**

**ભારતીય ગારમેન્ટ કંપનીઓએ બાંગ્લાદેશમાં ઉત્પાદન બેઝ સ્થાપ્યો**

નિકાસકારો બાંગ્લાદેશ શિફ્ટ થઇ રહ્યા છે જ્યાં બિઝનેસ કરવામાં વધુ સરળતા છે. નવી સ્ટાઇલ પર ઝડપી આર ઍન્ડ ડી, ફેબ્રિક્સની ઝડપી આયાત વગેરેના કારણે વધારે ઝડપથી આયાત અને નિકાસ શક્ય હતી. ભારતીય ગારમેન્ટ નિકાસ વાર્ષિક ૧૭ અબજ ડૉલરના સ્તરે સ્થગિત થઇ ગઈ છે ત્યારે બાંગ્લાદેશની વસ્ત્રોની નિકાસમાં બે આંકડામાં વૃદ્ધિદર નોંધાયો છે. સંબંધિત સેક્ટરના આરએનઆર કરતા સીજીએસટી અને એસજીએસટી ઊંચા રહેવાની શક્યતા છે તેથી ટેક્સ્ટાઇલના ભાવ વધશે. તેનાથી ટેક્સ્ટાઇલ પ્રોડક્ટની માંગને વિપરીત અસર થશે.

### લઘુતમ વેતનમાં વધારો

૨૦૧૬માં મોટા ભાગના એશિયન દેશોમાં વસ્ત્ર ઉદ્યોગમાં લઘુતમ વેતનમાં વધારો થયો છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યા પ્રમાણે સમગ્ર એશિયાના વસ્ત્ર ઉત્પાદકો ૨૦૧૬માં ઓછામાં ઓછો ૫ ટકા વેતન વધારો નોંધાવે તેવી શક્યતા છે. અગ્રણી એશિયન વસ્ત્ર ઉત્પાદકો પૈકી ભારત, મલેશિયા, થાઇલૅન્ડ અને પાકિસ્તાનમાં લઘુતમ વેતનમાં સૌથી વધુ વધારો થવાની શક્યતા છે (૧૫ ટકાથી વધારે); જ્યારે બાંગ્લાદેશ અને ફિલિપાઇન્સમાં ગયા વર્ષ જેટલા જ વેતન રહેવાની શક્યતા છે.

### કાપડ ઉદ્યોગ પર જીએસટીની અસર

ભારત સરકારના કાપડ મંત્રાલયના અહેવાલ 'ભારતીય ટેક્સ્ટાઇલ ઉદ્યોગ પર ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (જીએસટી)ની અસર' પ્રમાણે તેમાં એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે તમામ ટેક્સ્ટાઇલ સેગમેન્ટમાં જીએસટીનો દર ૧૨ ટકા રહેશે તો ટેક્સ્ટાઇલ સેક્ટર માટે માંગના કારણે ભાવ વધારાની અસર હકારાત્મક રીતે સરભર થઇ જશે. પરંતુ ત્રણ ટેક્સ્ટાઇલ સેગમેન્ટ - ખાદી અને હૅન્ડલૂમ, કોટન ટેક્સ્ટાઇલ અને કારપેટમાં માંગને વિપરીત અસર થશે જ્યારે અન્ય સેક્ટર પર તેની ચોખ્ખી પોઝિટિવ અસર પડશે. તેનાથી ટેક્સ્ટાઇલ સેક્ટરમાં સબસ્ટિટ્યૂશન અસર થશે જે માનવ સર્જિત ફાઇબર આધારિત ટેક્સ્ટાઇલ અને પ્રમાણમાં વધુ સિન્થેટિક ફાઇબર ધરાવતા બ્લેન્ડના વપરાશને ઉત્તેજન આપશે.

પ્રથમને બાદ કરતા બાકીની તમામ અસર ઉદ્યોગ પર હકારાત્મક અસર પેદા કરશે. પ્રથમ અસર, એટલે કે જીએસટી હેઠળ ટૅક્સ રેટમાં વધારો કરવાના કારણે ટૅક્સની આવકમાં થતો વધારો એક વિપરીત અસર પેદા કરશે કારણ કે તેના કારણે ભાવવધારો થશે.

જીએસટી હેઠળ નિકાસ સંપૂર્ણપણે અને ઓટોમેટિકલી ઝીરો રેટ ધરાવતી હશે. તેમાં જે ઉત્પાદનની નિકાસ કરાતી હોય તેના ઈનપુટના તમામ સ્થાનિક ટૅક્સને આવરી લેવાશે. તેનાથી ડ્યૂટી ડ્રોબૅક સ્કીમની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો થશે કારણ કે સ્થાનિક ઇનડાયરેક્ટ ટૅક્સ એટલે કે સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટી, સર્વિસ ટૅક્સ, સ્ટેટ સેલ્સ ટૅક્સ, ઈન્ટર-સ્ટેટ સેલ્સ ટૅક્સ અને એન્ટ્રી ટૅક્સ સહિતને લગતા ઈનપુટ ટૅક્સ રિબેટ કરવામાં આવશે. ડ્યૂટી ડ્રોબૅક સ્કીમમાંથી જે નાણાં રિલિઝ કરવામાં આવશે તેનો ઉપયોગ આ સેક્ટરને ટેકો આપવા માટે થશે.

### ભારતીય ટેક્સ્ટાઇલ ઉદ્યોગ પર બ્રેક્ઝિટની અસર

યુકે ટ્રેડ ઍન્ડ ઇન્વેસ્ટમેન્ટ પ્રમાણે યુએસ અને ફ્રાન્સ પછી ભારત એ યુકેમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે. ગયા વર્ષે ભારત અને યુકે વચ્ચે કુલ વ્યાપાર ૧૬.૫૫ અબજ પાઉન્ડનો હતો. ભારત યુકેમાં ફેક્ટરીઓ સ્થાપીને યુકેને બાકીના યુરોપમાં પ્રવેશવાના દ્વાર તરીકે જુએ છે. તેનાથી તે યુરોપના બાકીના દેશોમાં પોતાના ઉત્પાદનો વેચી શકશે. બ્રેક્ઝિટથી આ સ્થિતિ બદલાશે કે નહીં તે મોટો સવાલ છે.

ટેક્સ્ટાઇલ ઉદ્યોગ હંમેશાંથી ભારતના મુખ્ય ઉદ્યોગો પૈકી એક રહ્યો છે જે કૃષિ પછી સૌથી વધારે લોકોને રોજગારી આપે છે. ભારતની કુલ ટેક્સ્ટાઇલ અને વસ્ત્રોની નિકાસમાં ભારતનાં પરંપરાગત નિકાસ બજારો યુએસ અને ઈયુ ૬૦ ટકા કરતા વધારે હિસ્સો ધરાવે છે. ભારત ઈયુમાં ૧૦ અબજ ડૉલરના મૂલ્યના ટેક્સ્ટાઇલ અને વસ્ત્રોની નિકાસ કરે છે જેમાંથી લગભગ ૨૩ ટકા (૨.૫ અબજ ડૉલર) બ્રિટનમાં જાય છે.

આટલા નિકટના વ્યાપાર સંબંધ હોવાના કારણે ભારત બ્રેક્ઝિટને યુકે સાથે નિકટની ભાગીદારી વિકસાવવાની તક તરીકે જુએ છે. લાભ મેળવવા માટે ઉદ્યોગ જગત અને સરકારે નિકટના સહકાર દ્વારા પ્રયાસો કરવા જોઈએ.

### ટેક્નિકલ ટેક્સ્ટાઇલ

ટેક્નિકલ ટેક્સ્ટાઇલ એ ભારતમાં રોકાણ માટેનું ઉભરી રહેલું ક્ષેત્ર છે. ટેક્નિકલ ટેક્સ્ટાઇલમાં એવી ટેક્સ્ટાઇલ સામગ્રી અને પ્રોડક્ટનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ તેની ટેક્નિકલ કામગીરી અને ફંક્શનલ ખાસિયતો માટે થાય છે. ટેક્નિકલ ટેક્સ્ટાઇલ એ ટેક્સ્ટાઇલ ઉદ્યોગમાં એક મહત્ત્વનો હિસ્સો છે અને ભારતમાં હજુ સુધી તેની ક્ષમતાનો પૂરતો ઉપયોગ થયો નથી. લોકોની ખર્ચપાત્ર આવક વધવાની સાથે ટેક્નિકલ ટેક્સ્ટાઇલના વપરાશમાં વધારો થવાની શક્યતા છે.

ટેક્નિકલ ટેક્સ્ટાઈલ્સ એક અનેકવિધ શાખાઓ ધરાવતું ફિલ્ડ છે જેમાં અનેક પ્રકારના વપરાશની શક્યતા રહેલી છે. ટેક્નિકલ ટેક્સ્ટાઇલ ઉદ્યોગની જુદી જુદી આઇટમ્સનું ઉત્પાદન ભારતમાં ધીમી પરંતુ સ્થિર ગતિએ વધી રહ્યું છે. સંભવિત ઉદ્યોગ સાહસિકો અને ગ્રાહકોમાં ટેક્નિકલ ટેક્સ્ટાઇલની જાગૃતિ બહુ ઓછી છે અને ઉદ્યોગ સાહસિકોને માર્કેટ સાઇઝ, ટેક્નિકલ ટેક્સ્ટાઇલની સ્થાનિક અને વૈશ્વિક પરિસ્થિતિની જાણકારી, સરકારી સ્કીમની વિગત, હાલના ટેક્નિકલ ટેક્સ્ટાઇલ ઉત્પાદકો, આયાતકારો, નિકાસકારોની વિગત તથા ટેક્નિકલ ટેક્સ્ટાઇલ મશીનરી ઉત્પાદકોની વિગતની જરૂર છે.

ટેક્નિકલ ટેક્સ્ટાઇલ એ હાઈ ટેક્નૉલૉજીનું નવું સેક્ટર છે જે ભારતમાં ધીમે ધીમે વૃદ્ધિ કરી રહ્યું છે. ટેક્નિકલ ટેક્સ્ટાઇલમાં પ્રોડક્ટની વિશાળ રેન્જ જેમ કે પ્રોટેક, એગ્રોટેક, જિયોટેક, મેડિટેક, સ્પોર્ટેક વગેરે સામેલ છે. આ સેક્ટરને પ્રોત્સાહિત કરવા માટે સેગમેન્ટલક્ષી વલણ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે જેમાં ઓળખવામાં આવેલા ટેક્નિકલ ટેક્સ્ટાઇલ ઉત્પાદનો માટે વ્યૂહરચના વિકસાવીને અમલ કરી શકાય અને તેની પસંદગી માંગની અપેક્ષા મુજબ થવી જોઈએ. તેની પાછળનો ઉદ્દેશ એવો છે કે ભારતે ટેક્નિકલ કાપડનું અગ્રણી આયાતકાર બનવાનું ટાળવું જોઈએ અને અગ્રણી ઉત્પાદન હબ તથા ચોખ્ખું નિકાસકાર બનવું જોઈએ.

### આગળનો માર્ગ

ભારતીય ટૅક્સટાઇલ એપેરલ ક્ષેત્ર માટે લક્ષ્યાંક, વ્યૂહરચના અને કાર્યયોજના પર ટૅક્સટાઇલ મંત્રાલયના રિપોર્ટ મુજબ, ટૅક્સટાઇલ મંત્રાલય માટેના માર્ગ તરીકે

નીચેની ચીજવસ્તુઓનો વિચાર કરી શકાશે.

જ્યારે નિકાસમાં વાર્ષિક ૨૦ ટકાના ચક્રવૃદ્ધિ દર વૃદ્ધિ થવાની સાથે ભારત વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ૩૦૦ અબજના ટેક્સટાઇલ અને એપેરલની નિકાસ કરશે, ત્યારે વાર્ષિક ૧૫ ટકાના ચક્રવૃદ્ધિ દરની નીચી વૃદ્ધિ સાથે ભારત ૨૦૨૪-૨૫ સુધીમાં ૧૮૫ અબજ ડૉલરની નિકાસ કરશે. નિકાસમાં વૃદ્ધિ લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખીને ભારતે ત્યાં સુધીમાં બજાર હિસ્સો ૧૫ ટકાથી ૨૦ ટકા કરવો જોઈએ, જે અત્યારે ૫ ટકા છે. આ ગાળા દરમિયાન ભારતે માળખાગત કાયાપલટ કરવાનો પ્રયાસ કરવો જોઈએ, જેમાં તે અંતિમ ઉત્પાદનોનો ચોખ્ખો નિકાસકર્તા દેશ બની જાય. તેનો અર્થ એ થયો કે રેસા અને યાર્નમાં વૃદ્ધિનો દર ઘટવાની શરૂઆત થવી જોઈએ અને એપેરલ, હોમ ફર્નિશિંગ, ટેક્નિકલ ટૅક્સટાઇલ અને અન્ય અંતિમ ઉત્પાદનોની નિકાસમાં ઝડપથી વધારો થવો જોઈએ. તેનાથી રોજગારીનું મહત્તમ સર્જન થશે અને દેશની અંદર મૂલ્યસંવર્ધન થશે તથા પ્રધાનમંત્રીનું મેક ઇન ઇન્ડિયા અભિયાન આગળ વધશે. આ પ્રક્રિયામાં ૧૮૦ અબજ ડૉલરથી ૨૦૦ અબજ ડૉલરનું રોકાણ થશે અને આશરે ૩.૫ કરોડ વધારાની રોજગારીનું સર્જન થશે.

ભારતે આફ્રિકા, દક્ષિણ એશિયા, સીઆઇએસ અને લેટિન અમેરિકાનાં વિકાસશીલ રાષ્ટ્રોમાં નિકાસ વધારવાનો પ્રયાસ કરવો જોઈએ. ભારતે પ્રતિગામી વેરા-(રેસા પર ઊંચા વેરા અને એપેરલ પર નીચા વેરાની સ્થિતિ)ની સ્થિતિ બદલવી જોઈએ, ભારત-મર્કોસર પીટીએ હેઠળ ટૅક્સટાઇલ અને એપેરલ ચીજવસ્તુઓને સમાવવી જોઈએ, રશિયન કસ્ટમ યુનિયન સાથે એફટીએને આગળ ધપાવવી જોઈએ (આગામી વર્ષોમાં રશિયા મોટું બજાર બની શકશે), વિકસિત દેશો માટે ભારતમાં બનતા રેસાનો ઉપયોગ ફરજિયાત કરવો જોઈએ, જો તેઓ તેમનાં વસ્ત્રોની કરમુક્ત નિકાસ ભારતમાં કરવા ઇચ્છે તો અને અમેરિકાને જીએસપી પ્રોગ્રામમાં એપેરેલ ચીજવસ્તુઓ સમાવવા વિનંતી કરવી જોઈએ.

વર્ષોથી ભારતીય ટૅક્સટાઇલ અને વસ્ત્ર ઉદ્યોગને સરકારી નીતિનો મોટો ફાયદો થયો છે અને નિકાસ બજારમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. જોકે વેપારી સમજૂતીઓની વધતી સંખ્યાઓ સાથે, ખાસ કરીને મેગા ફ્રી ટ્રેડ સમજૂતીઓમાં ટૅક્સટાઇલ અને વસ્ત્રોની આયાત કરતાં દેશોને વધારે પ્રાથમિકતા આપી શકે છે. ભારતીય અર્થતંત્રમાં આ ક્ષેત્રના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સરકાર અને ઉદ્યોગ અતિ સ્પર્ધાત્મક વૈશ્વિક વાતાવરણમાં ઉદ્યોગને મજબૂત સ્થિતિમાં જાળવી રાખવાની જરૂરિયાત વ્યક્ત કરતી વેપારી નીતિ બનાવે તેવી સુનિશ્ચિતતા કરવી જોઈએ. ભારતીય ટૅક્સટાઇલ અને વસ્ત્ર ઉદ્યોગ પ્રચૂર સંભવિતતા ધરાવે છે તથા સરકાર અને ઉદ્યોગ દ્વારા અનુકૂળ નીતિઓ સાથે વૈશ્વિક બજારોમાં અનુકૂળ સ્થાન ધરાવી શકે છે.

ટૅક્સટાઇલ અને એપેરલ ઉત્પાદનોની ભારતીય નિકાસમાં સતત વધારો થઈ રહ્યો છે, પણ આ નિકાસ થોડાં બજારો પૂરતી મર્યાદિત છે. યુરોપિયન યુનિયન અને અમેરિકા ભારતીય નિકાસ બજારના ૫૦ ટકા હિસ્સા સાથે મુખ્ય નિકાસ રાષ્ટ્રો છે.

જો ભારતીય નિકાસકાર પરંપરાગત ઉત્પાદનો અને બજારોથી આગળ વિચારે તથા ટૂંક સમયમાં કામગીરી શરૂ કરે, તો જ વૈશ્વિક વેપારમાં તેનો હિસ્સો વધી શકે છે.

નોંધપાત્ર હિસ્સો મેળવવા ચોક્કસ વ્યૂહરચનાઓ બનાવવી પડશે અને જાપાન, ચીન, બ્રાઝિલ, રશિયા વગેરે દેશોમાં નિકાસ વધારવાના પ્રયાસો કરવા પડશે. દરેક મુખ્ય બજાર માટે ઉત્પાદનોને ધ્યાનમાં રાખવા પડશે. આ માટે ભારતીય ઉદ્યોગને ટૅક્સટાઇલ મંત્રાલય સાથે કામ કરવાની જરૂર પડશે. જે તે દેશમાં નિકાસ વધારવા મંત્રાલય પાસેથી ધિરાણ મેળવવું પડશે અને બજારનો અભ્યાસ કરવો પડશે. આ અભ્યાસ જે તે દેશમાં માર્કેટિંગ વ્યૂહરચનાના અમલીકરણ માટે આધાર તૈયાર કરશે.

ભારતીય ટૅક્સટાઇલ ઉદ્યોગનું ભવિષ્ય ઉજ્જવળ છે. તેની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એમ બંને બજારોમાં માંગ વધવાની આશા છે. ઉપભોગ અને ખર્ચ કરી શકાય તેવી આવકમાં વધારા સાથે રિટેલ ક્ષેત્રએ ગત દાયકામાં ઝડપી વૃદ્ધિનો અનુભવ કર્યો છે, જેમાં માર્ક્સ ઍન્ડ સ્પેન્સર, ગૅસ અને નેક્સ્ટ જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ભારતીય બજારમાં પ્રવેશ કર્યો છે. સંગઠિત એપેરલ સેગમેન્ટ આગામી દાયકામાં ૧૩ ટકાથી વધારે ચક્રવૃદ્ધિ દરે વધવાની અપેક્ષા છે.

શ્યૂટ્સ, મહિલાઓના વેસ્ટર્ન પોશાક, અંતઃવસ્ત્રો, સ્વિમવેર, આઉટવેર વગેરે જેવી કેટલીક અંતિમ ઉત્પાદિત ચીજવસ્તુઓની કેટેગરી છે, જે વૈશ્વિક સ્તરે અબજો ડૉલરનો વેપાર કરે છે, પણ ભારતનો હિસ્સો તેમાં સાધારણ છે. ઉપરાંત જાપાન, રશિયા, ચીન, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા વગેરે જેવાં મોટાં બજારોમાં ભારતનો બજારહિસ્સો અતિ ઓછો છે. આ દેશોમાં હિસ્સો વધારવા ભારતે જે તે દેશની માંગને ધ્યાનમાં રાખીને નીતિ બનાવવી પડશે. શરૂઆતમાં ૪થી ૫ બજારોની ઓળખ કરવી પડશે, જેમાં ભારતીય નિકાસમાં વૃદ્ધિ થઈ શકશે. દરેક બજાર માટે વ્યાવસાયિક એજન્સીઓને લક્ષિત દેશમાંથી રોકવી પડશે, જેથી જે તે દેશને અનુકૂળ વ્યૂહરચના બનાવી શકાય. જ્યારે આ મોંઘું લાગી શકે છે, ત્યારે સફળતા મેળવવાનો આ જ વિકલ્પ છે. દરેક બજાર માટે ભલામણોનું અમલીકરણ કરવા ઉદ્યોગ સાથે ભાગીદારીમાં ટૅક્સટાઇલ મંત્રાલયે સહકાર આપવો જોઈએ. આ પહેલ વર્ષ ૨૦૨૦ સુધીમાં તમામ બજારોમાં લાગુ કરવી જોઈએ.

**વિજયા કટ્ટી ભારતીય વિદેશ વ્યાપાર સંસ્થાના વ્યવસ્થાપન વિકાસ કાર્યક્રમના અધ્યક્ષ અને પ્રોફેસર છે.**

**Email: vijayakatti@iift.edu**

# સિલ્ક કાપડ ઉદ્યોગ: પડકારો અને ભાવિ માર્ગ

બી એસ અંગાડી, કે કે શેટ્ટી અને નાગેશ પ્રભુ



*ભારત - વિશ્વમાં બીજા ક્રમનો મોટો સિલ્ક ઉત્પાદક હોવા છતાં સિલ્કના વૈશ્વિક વેપારમાં ભારતીય સિલ્ક નિકાસનો બજારહિસ્સો નોંધપાત્ર નથી (૧૦ ટકાથી ઓછો). આનું કારણ એ છે કે ભારતમાં ઉત્પાદન થતાં સિલ્કમાંથી ૮૫ ટકાનું વેચાણ દેશમાં જ થાય છે. આમ ભારતમાં સિલ્કની ચીજોનું વિશાળ બજાર છે. જોકે, નિકાસમાં ૧૫ ટકા હિસ્સો વેલ્યૂએડેડ ચીજો સહિત તમામ પ્રકારના સિલ્ક ગુડ્ઝ જેમ કે નેચરલ સિલ્ક યાર્ન, સિલ્ક ફેબ્રિક્સ, રેડીમેડ ગારમેન્ટ્સ, સિલ્ક કાર્પેટ્સ અને સિલ્ક વેસ્ટ્સનો સમાવેશ થાય છે. ભારતની સિલ્ક ચીજોની અમેરિકા, યુરોપિયન દેશો જેવા પરંપરાગત બજારો અને એશિયાનાં નાના બજારોમાં થાય છે. વૈશ્વિક મંદી અને પશ્ચિમી બજારોમાં સિલ્ક ચીજોની ઘટતી માંગને કારણે આટલાં વર્ષોમાં સિલ્ક ચીજોની નિકાસ કમાણીમાં ઘટાડો થયો છે. ૨૦૧૫-૧૬માં નિકાસ કમાણી રૂ.૨૪૯૫.૯૯ કરોડ થઈ હતી. ૧૧મી યોજના તેમ જ ૧૨મી યોજનાના પ્રથમ ચાર વર્ષ દરમિયાન સિલ્ક ચીજોની નિકાસ કિંમત ટેબલ નંબર ૪માં દર્શાવવામાં આવી છે.*

'કા**પડની રાણી'** ગણાતું સિલ્ક (રેશમ) સમયની કસોટીમાં પાર ઊતર્યું છે એટલું જ નહીં, પણ તેની ચમક, મુલાયમપણું, હળવું વજન, આઈસોથર્મલ તત્ત્વો, ડાઈઝ માટેની સરળતા, ટકાઉપણું અને સુંદરતાના ગુણોને કારણે વિશ્વભરમાં તેની બોલબાલા છે. સિન્થેટીક અને નોન-સિન્થેટિક ફાઈબર્સના આક્રમણ છતાં તેણે પોતાનું અનોખું સ્થાન જાળવી રાખ્યું છે. નેચરલ સિલ્કની પાંચ વેરાઈટીનું વેપારી ધોરણે ટ્રેડિંગ થાય છે, જેમાં મલબેરી, ટ્રોપિકલ ટસર, ઓક ટસર, એરી અને મુગાનો સમાવેશ થાય છે. આમાંથી, મલબેરી સિલ્કનું ઉત્પાદન બોમ્બિક્સ મોરી નામના જંતુ દ્વારા થાય છે, જેનું સ્થાનિકીકરણ થાય છે તથા ફૂડ પ્લાન્ટ મલબેરી છે. અન્ય જંતુઓ દ્વારા થતા મલબેરી સિવાયના સિલ્કને હવે નવી ઓળખ આપવામાં આવી છે અને તેને સામૂહિક રીતે 'વાણ્યા સિલ્ક' કહેવાય છે.

**કુદરતી રેશમની પાંચ વાણિજ્યિક જાતો**




સેરિકલ્ચરમાં સિલ્ક મેળવવા માટે સેરીસીજિનયસ જંતુઓનું મોટા પાયે પોષણ કરવામાં આવે છે. સેરિકલ્ચર એ કાપડ ઉદ્યોગમાં સૌથી વધુ શ્રમની જરૂરિયાત માંગ લેતાં પેટા ક્ષેત્રોમાંનું એક છે, તેમાં નીચે જણાવેલી ઓન-ફાર્મ અને નોન-ફાર્મ પ્રવૃત્તિઓનું સંયોજન કરવામાં આવે છે :

* સિલ્કવોર્મ (રેશમના કીડા) ફુલ પ્લાન્ટ્સની વાવણી
* કોકુન્સના ઉત્પાદન માટે રેશમના કીડાનું પોષણ
* સિલ્કના રેશાને ખોલવા માટે રેશમના કીડાના કોશેટો (કોકુન્સ)ને રોલ કરવા
* કોશેટો પછીની અન્ય પ્રક્રિયા જેમ કે, વાળવું, કલર કરવો (ડાઇંગ), ગૂંથણ (વિવિંગ), પ્રિન્ટિંગ અને ફિનિશિંગ.

સિલ્ક કાપડ ઉદ્યોગ યુનાઇટેડ નેશન્સ દ્વારા નક્કી કરવામાં આવેલા ૧૭માંથી ૫ મોટાં સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (SDGs) સાથે તાદામ્ય સાધે છે, જેમાં ગરીબી નાબૂદી, મહિલા સસક્તિકરણ, સાતત્યપૂર્ણ, સર્વસમાવેશી આર્થિક વૃદ્ધિ, સંપૂર્ણ અને ફળદાયી રોજગાર અને ગ્રીન કવર દ્વારા વન સંપદાનું પુન સર્જન અને રિવર્સ લૅન્ડ ડીગ્રેડેશનનો સમાવેશ થાય છે, તેથી આ ઉદ્યોગના મહત્ત્વપૂર્ણ ફાયદા નીચે પ્રમાણે છે :

* હાઈ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR) (શ્રમિકોનું ઊંચું પ્રમાણ), જેમાં મોટા પ્રમાણમાં રોજગાર સર્જનની સંભાવના છે. (પ્રતિ કિલો સિલ્ક ઉત્પાદન પાછળ ૧૧.૦૩ માનવદિન)
* મહિલાઓ (૬૦ ટકાથી વધુ) અને પરિવારજનોને કામ મળતું હોવાથી પરિવારમાંઆવકનુંપ્રમાણ ઊંચુંરહેછે.
* ૬૦ ટકા આવક સિલ્કના પ્રાથમિક ઉત્પાદકો એવા ખેડૂતોને મળે છે.
* હિસ્સેદારી ધનિક ગ્રાહકોથી માંડીને ગરીબો (ખેડૂતો, રીલર્સ અને વીવર્સ) સુધી પહોંચે છે.
* ઈકો-ફ્રેન્ડલી કામગીરીને કારણે જૈવ-વૈવિધ્ય જળવાય છે અને કુદરતી વાણ્યા વન વિસ્તારોને પોષણ આપે છે.
* સિલ્કની આડપેદાશો જેવી કે સેરિસિન, પુપાય (લાર્વા અને પુખ્ત વચ્ચેનું કુમળું સ્વરૂપ ધરાવતું જંતુ) વગેરે વધારાની આવક મેળવી આપે છે.

### સિલ્ક ઉદ્યોગની સ્થિતિ


ભારતીય સિલ્ક ઉદ્યોગ ભારતીય કાપડ ઉદ્યોગનું અભિન્ન અંગ છે. ચીન પછી તે બીજા નંબરનું સિલ્ક ઉત્પાદક છે અને વિશ્વના કુલ સિલ્ક ઉત્પાદનમાં તેનો ૧૪ ટકા હિસ્સો છે.

**વૈશ્વિક સ્તરે કાચા રેશમનું ઉત્પાદન (૨૦૧૫)**

**ભારત ૨૮૫૨૩ એમટી (૧૪ ટકા)**

**ચીન ૧૭૦૦૦૦ એમટી (૮૪ ટકા)**

**અન્ય ૩૫૪૯ એમટી (બે ટકા)**




ભારતીય સિલ્ક ઉદ્યોગનાં જમાં પાસાં નીચે પ્રમાણે છે :

* ચીન પછી સૌથી વધુ સિલ્કનું ઉત્પાદન કરતો દેશ
* વિશ્વમાં સિલ્કનો સૌથી મોટો ગ્રાહક દેશ
* સિલ્કની તમામ પાંચેય વેરાઇટીનું ઉત્પાદન કરતો હોય તેવો વિશ્વનો એકમાત્ર દેશ
* સુપ્રસિદ્ધ ગોલ્ડન મુગા સિલ્કના ઉત્પાદનમાં વૈશ્વિક મોનોપોલી
* સમગ્ર વર્ષ દરમિયાન સેરિકલ્ચર અપનાવવા માટે દક્ષિણ ઝોનમાં કૃષિ-આબોહવાની સાનુકૂળ સ્થિતિ
* સેરિકલ્ચર વિસ્તરણ માટે પુષ્કળ પ્રમાણમાં ખેડાણલાયક જમીન
* ભારતે અત્યંત ક્વોલિફાઇડ અને અનુભવી વિજ્ઞાનીઓ તથા ટેક્નિશિયન્સ સાથેની વિશ્વકક્ષાની સંશોધન સંસ્થાઓ વિક્સાવી છે.
* ભારત પાસે પૂરતા પ્રમાણમાં કુશળ માનવશક્તિ વિક્સાવી છે.

ભારતમાં કાચા સિલ્કનું ઉત્પાદન ૨૦૧૧-૧૨માં ૨૩૦૬૦ મેટ્રિક ટન હતું, જે વાર્ષિક ૫.૪ ટકાના ચક્રવૃધ્ધિ દરે વધીને ૨૦૧૫-૧૬માં ૨૮,૪૭૨ ટન થયું છે. બિવોલ્ટાઇન સિલ્ક ઉત્પાદન ૨૮ ટકાના વિક્રમ ચક્રવૃદ્ધિ દરે વધ્યું હતું. આવી જ રીતે, આ સમય ગાળામાં વાણ્યા સિલ્ક ઉત્પાદને ૧૩.૮ ટકાની વૃદ્ધિ હાંસલ કરી હતી. આયાતના વિકલ્પ એવા બિવોલ્ટાઇન રો સિલ્કનાં ઉત્પાદનમાં વધારાને કારણે કાચા સિલ્કની આયાત ૨૦૧૧-૧૨માં ૫૬૮૩ ટનથી સતત ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૫૨૯ ટન થઇ હતી.

### કાચા સિલ્કની આયાત

ઉલ્લેખનીય છે કે છેલ્લાં પાંચ વર્ષમાં આયાતના વિકલ્પ એવા બિવોલ્ટાઇન રો સિલ્કનાં ઉત્પાદનમાં વધારાને કારણે કાચા સિલ્કની આયાત ૨૦૧૧-૧૨માં ૫૬૮૩ ટનથી નોંધપાત્ર ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૫૨૯ ટન થઇ હતી. વર્ષ ૨૦૧૯ સુધીમાં શૂન્ય આયાત સાથે ભારતને આયાતના વિકલ્પ એવા બિવોલ્ટાઇન રો સિલ્કની આયાતમાં સ્વાશ્રયી બનાવવાનો હેતુ છે. (સ્રોતઃ DGCIS કોલકતા).

### નિકાસ

ભારત વિશ્વમાં બીજા ક્રમનો મોટો સિલ્ક ઉત્પાદક હોવા છતાં સિલ્કના વૈશ્વિક વેપારમાં ભારતીય સિલ્ક નિકાસનો બજારહિસ્સો નોંધપાત્ર નથી (૧૦ ટકાથી ઓછો). આનું કારણ એ છે કે ભારતમાં ઉત્પાદન થતાં સિલ્કમાંથી ૮૫ ટકાનું વેચાણ દેશમાં જ થાય છે. આમ ભારતમાં સિલ્કની ચીજોનું વિશાળ બજાર છે. જોકે, નિકાસમાં

૧૫ ટકા હિસ્સો વેલ્યૂએડેડ ચીજો સહિત તમામ પ્રકારના સિલ્ક ગુડ્ઝ જેમ કે નેચરલ સિલ્ક યાર્ન, સિલ્ક ફેબ્રિક્સ, રેડીમેડ ગારમેન્ટ્સ, સિલ્ક કાર્પેટ્સ અને સિલ્ક વેસ્ટ્સનો સમાવેશ થાય છે. ભારતની સિલ્ક ચીજોની અમેરિકા, યુરોપિયન દેશો જેવાં પરંપરાગત બજારો અને એશિયાનાં નાનાં બજારોમાં થાય છે. વૈશ્વિક મંદી અને પશ્ચિમી બજારોમાં સિલ્ક ચીજોની ઘટતી માગને કારણે આટલાં વર્ષોમાં સિલ્ક ચીજોની નિકાસ કમાણીમાં ઘટાડો થયો છે. ૨૦૧૫-૧૬માં નિકાસ કમાણી રૂ.૨૪૯૫.૯૯ કરોડ થઈ હતી. ૧૧મી યોજના તેમ જ ૧૨મી યોજનાના પ્રથમ ચાર વર્ષ દરમિયાન સિલ્ક ચીજોની નિકાસ કિંમત ટેબલ નંબર ૪માં દર્શાવવામાં આવી છે.

**ટેબલ નંબર ૪. સિલ્ક ચીજોની નિકાસ અને તેમનું મૂલ્ય**

| ચીજવસ્તુઓ | નિકાસ મૂલ્ય (રૂ.કરોડમાં) | | | | |
|---|---|---|---|---|---|
| | ૧૧મી યોજના (૨૦૧૧-૧૨) | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| નેચરલ સિલ્ક યાર્ન | ૧૯.૬૮ | ૨૧.૯૬ | ૩૬.૨૫ | ૨૫.૪૦ | ૩૦.૩૨ |
| સિલ્ક ફેબ્રિક્સ | ૧૪૯૭.૯૭ | ૧૪૧૦.૩૧ | ૧૪૫૫.૬૩ | ૧૪૬૫.૪૪ | ૧૨૮૦.૬૦ |
| રેડીમેડ ગારમેન્ટ્સ | ૭૬૫.૮૩ | ૭૮૭.૧૫ | ૮૭૪.૦૦ | ૧૨૧૪.૦૧ | ૧૦૭૮.૩૯ |
| સિલ્ક કાર્પેટ્સ | ૨૦.૦૮ | ૨૧.૧૪ | ૧૫.૭૧ | ૧૫.૯૭ | ૧૬.૮૮ |
| સિલ્ક વેસ્ટ | ૪૯.૭૭ | ૬૨.૯૭ | ૯૯.૩૦ | ૧૦૯.૧૨ | ૮૯.૮૦ |
| કુલ | ૨૩૫૩.૩૩ | ૨૩૦૩.૫૩ | ૨૪૮૦.૮૯ | ૨૮૨૯.૯૪ | ૨૪૯૫.૯૯ |

(સ્રોતઃ **FTSI & MSFTI, DGCIS, Kolkata**)

**ગુણવત્તા, ઉત્પાદકતા અને રોજગાર સર્જન પર સંશોધન અને વિકાસ (આર ઍન્ડ ડી)ની અસર**

સેન્ટ્રલ સિલ્ક બોર્ડ અને અન્ય રાજ્યોના આર ઍન્ડ ડી પ્રયાસોને કારણે સિલ્કની ગુણવત્તા, જથ્થો અને ઉત્પાદકતા પર નોંધપાત્ર અસર પડી છે. મલબેરી સિલ્કનું ઉત્પાદન પ્રતિ હેક્ટર ૧૯૯૭માં ૪૬ કિલોથી વધીને ૨૦૧૫-૧૬માં વધીને ૧૦૧ કિલો થયું છે પણ રેન્ડિટ્ટાનું ઉત્પાદન આ સમયગાળામાં ૮.૯ કિલોથી ઘટીને ૭.૪ કિલો થયું છે. આ મહત્ત્વપૂર્ણ વધારા માટે સુધારેલા સિલ્કવોર્મ ફૂડ પ્લાન્ટ્સ, ઊંચી ઉપજ આપતા સિલ્કવોર્મ બ્રીડ્સ, ક્વોલિટી સિલ્કવોર્મ સીડનું ઉત્પાદન અને પુરવઠો, આધુનિક કલ્ચર તથા રેરિંગ પ્રણાલિ અપનાવવાને અને કોકોન પછીની પ્રક્રિયામાં સુધારાને આભારી છે.

ભારતીય સિલ્ક ઉદ્યોગ ૧૨ લાખ લોકોએ અપનાવ્યો છે અને તે ૮૨.૮ લાખ લોકોને રોજગારી આપે છે. ઝડપી ઔદ્યોગિકરણ અને ખેડાણલાયક જમીન પર વધતા દબાણ છતાં કાપડ ઉદ્યોગમાં ૨૦ ટકાથી વધુ હિસ્સા સાથે તેણે વૃદ્ધિ અને સાતત્યતામાં ગતિ જાળવી રાખી છે.

**વૈશ્વિક સ્થિતિમાં ભારતીય સિલ્કની સ્પર્ધાત્મકતા**

વૈશ્વિક સેરિકલ્ચર ક્ષેત્રે તાજેતરમાં ઝંઝાવાતી ફેરફાર જોવા મળ્યા છે. ઔદ્યોગિકરણને લીધે અનેક દેશોમાં સિલ્કનાં ઉત્પાદનમાં ઘટાડો થયો છે. કાચા માલના ખર્ચમાં વધારો થવાથી અને કૃષિ શ્રમિકો અન્ય ઉદ્યોગ તથા સર્વિસ ક્ષેત્રમાં જવાથી અનેક દેશોમાં સિલ્કના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે.

સિલ્કનું ઉત્પાદન બીજા કોઈ દેશ કરતાં ભારતમાં સ્પર્ધાત્મક લાભો વધુ છે. આંતરરાષ્ટ્રીય સિલ્ક ઉત્પાદનનો ટ્રેન્ડ સૂચવે છે કે ભારતમાં સેરિકલ્ચર માટે વૃદ્ધિની પ્રચંડ તકો છે. જાપાનમાં સિલ્કનું ઉત્પાદન સંપૂર્ણપણે ઘટી ગયું છે, જ્યારે શક્તિશાળી ચીન ઉત્પાદનની ગતિ જાળવી રાખવા માટે બિન પંરપરાગત ક્ષેત્રોમાં ઉત્પાદન તરફ વળવા પ્રયાસો કરી રહ્યું છે. ચીન કરતાં વધુ ખેડાણલાયક જમીન ધરાવતા ભારતને સાનુકૂળ આબોહવા(દક્ષિણનાં રાજ્યોમાં સિલ્કનું મોટા ભાગનું ઉત્પાદન થાય છે)નો લાભ છે. આને કારણે સમગ્ર વર્ષ દરમિયાન કોકુનનું ઉત્પાદન થાય છે. આમ, ભારત પાસે ઉત્પાદન વધારવાની સારી ક્ષમતા છે. આ ઉપરાંત નિકાસ વધારવાની અને વૈશ્વિક બજારમાં પોતાની બ્રાન્ડ સ્થાપિત કરવાની નોંધપાત્ર સંભાવના છે.

ટેબલ નંબર ૩માં ચીન અને ભારતની તુલનાત્મક માહિતી આપવામાં આવી છે. ટેબલ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે ચીનમાં મલબેરી પાક હેઠળનો વિસ્તાર ભારત કરતાં લગભગ ચાર ગણો છે, જેને કારણે ત્યાં વિપુલ ઉત્પાદન થાય છે.


**ટેબલ નંબર ૩ ચીન વિરુધ્ધ ભારત**

| વિગત | ચીન | ભારત |
|---|---|---|
| આબોહવા | સમશીતોષ્ણ | ઉષ્ણકટિબંધીય, સમ-ઉષ્ણ કટિબંધીય, સમશીતોષ્ણ |
| ઉત્પાદન વ્યવસ્થા | સંગઠિત, મોટા પાયે કોશેટા પૂર્વ અને કોશેટા-પછીના ક્ષેત્રો | અસંગઠિત લઘુ ધોરણે |
| અર્થતંત્ર | સરકાર નિયંત્રિત | બજાર સંચાલિત |
| શેતૂરનો વિસ્તાર (હેક્ટર) | ૮.૨૨ લાખ | ૨.૧૦ લાખ |
| ઉછેરવામાં આવતી જાતિઓ | તમામ બાઈવોલ્ટાઇન | ૭૮ ટકા મિશ્ર ૨૨ ટકા બાઈવોલ્ટાઇન |
| બાઈવોલ્ટાઇન રેશમનો ગ્રેડ | ૬એ સુધી | ૩એ સુધી |
| વપરાશની પેટર્ન | ૮૦ ટકા નિકાસ, ૨૦ ટકા સ્થાનિક | ૮૫ ટકા સ્થાનિક, ૧૫ ટકા નિકાસ અને ૧૧ ટકા આયાત |
| નિકાસની આવક (મિલિયન ડૉલરમાં) ૨૦૧૫-૧૬ | ૩૦૬૮.૯૫ | ૩૮૯.૫૩ |

### વિઝન

દેશભરમાં સિલ્ક સેક્ટરના વિકાસની જવાબદારી સંભાળી રહેલું સેન્ટ્રલ સિલ્ક બોર્ડ ભારતને સિલ્કમાં આયાતમુક્ત કરવા માટે ૨૦૨૦ સુધીમાં આશરે ૮૫૦૦ મેટ્રિક ટન બિવોલ્ટાઇન કાચા સિલ્કનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. તે ભારતને સિલ્કના વૈશ્વિક બજારમાં અગ્રેસર બનાવવાનું વિઝન ધરાવે છે. આ સ્વપ્ન સાકાર કરવા માટે તે વર્ષ ૨૦૩૦ સુધીમાં સિલ્કનું એકંદર ઉત્પાદન વધારીને ૬૦,૦૦૦ ટન કરવાની અને તેની સાથે સાથે આયાતના વિકલ્પ સમાન બિવોલ્ટાઇન રો સિલ્કનું ઉત્પાદન વધારીને ૨૦,૦૦૦ મેટ્રિક ટન કરવાની યોજના ધરાવે છે.

**ટૂંકા અને લાંબા ગાળાના ઉત્પાદન લક્ષ્યાંકો નીચેના ગ્રાફમાં રજૂ કરવામાં આવ્યા છે :**




### પડકારો અને આગામી માર્ગ

૧. **પરંપરાગત સેરિકલ્ચર ક્ષેત્રોમાં શહેરીકરણ**

દેશના પરંપરાગત વિસ્તારોમાં ઝડપી આર્થિક વિકાસની સાથે સાથે ઔદ્યોગિકરણ અને શહેરીકરણ પ્રક્રિયામાં તીવ્ર વધારો થયો છે. આની સાથે સાથે જમીન અને શ્રમ ખર્ચ વધવાથી સેરિકલ્ચરના વિસ્તરણ સામે અવરોધ આવ્યો છે.

મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં જ્યાં પુષ્કળ પ્રમાણમાં જમીન અને શ્રમ સંસાધનો ઉપલબ્ધ છે તેવા બિનપરંપરાગત વિસ્તારોમાં ઉત્પાદન પાયો વિસ્તારવાથી કાચા સિલ્કના ઉત્પાદનમાં મોટો વધારો થશે. આવા વિસ્તારોમાં સેરિકલ્ચર વિકસાવવા માટે કુદરતી સ્થિતિ અને સામાજિક બેઝ હશે.

૨. **આયાતના વિકલ્પ બિવોલ્ટાઇન રો સિલ્કનું ઉત્પાદન વધારવું**

બિવોલ્ટાઇન બ્રીડ્સ ગ્રેડેબલ રો સિલ્કનું ઉત્પાદન કરી શકે છે, જે આપણી પાવર લૂમ્સ માટે જરૂરી તાકાત અને મક્કમતા ધરાવે છે. જોકે, આપણે સ્થાનિક માંગને પહોંચી વળવા પૂરતું પણ બિવોલ્ટાઇનનું ઉત્પાદન કરી શકતા નથી. આપણે આપણી પાવર લૂમ્સની જરૂરિયાતોને પહોંચી વળવા આયાત પર નિર્ભર છીએ અને આપણા દેશમાં બિવોલ્ટાઇન સેરિકલ્ચરને લોકપ્રિય બનાવવું એ પડકાર છે.

બિવોલ્ટાઇન સેરિકલ્ચર માત્ર ટેક્નૉલૉજી-કેન્દ્રી જ નહીં, મૂડી-કેન્દ્રી પણ છે. આ પડકારજનક સંજોગોમાં આપણે ગુણવત્તાસભર બિવોલ્ટાઇન બીજ ઉત્પાદન માટે મોટા પ્રમાણમાં રોકાણની, ખેડૂતો માટેની માળખાગત સુવિધા વધારાવની, કોકુન પછીની પ્રક્રિયા માટે સુવિધા ઍડવાન્સ કરવાની અને ઉદ્યોગના સસક્તિકરણની જરૂર છે. સમયના પરીક્ષણમાં પાર થયેલ બિવોલ્ટાઇન સેરિકલ્ચર ટેક્નૉલૉજી ઉપલબ્ધ છે પણ તે માટે સંભવિત વિસ્તારોમાં મોટા પાયે વિસ્તરણની જરૂર છે. બિવોલ્ટાઇન સેરિકલ્ચરને લોકપ્રિય કરવાનો આધાર ત્રણ પિલ્લર પર રહેલો છે- **'સ્કેલ, સ્પીડ અને સ્કીલ.'** આપણે આપણા ખેડૂતો, રિલર્સ અને વિવર્સની કુશળતા વિકસાવીને બિવોલ્ટાઇન ઉત્પાદન વધારીને ૨૦૦૦૦ મેટ્રિક ટન કરવાની યોજના ધરાવીએ છીએ. આ રીતે આપણે ભારતને સાચા અર્થમાં સિલ્ક લીડર બનાવી શકીશું.

૩. **બિવોલ્ટાઇન કમર્શિયલ સીડનું ઉત્પાદન અને પુરવઠો**

ગુણવત્તાસભર કાચા સિલ્કનું ઉત્પાદન કરવા માટે સિલ્કવોર્મ સીડ (રેશમના કીડાના બીજ) મુખ્ય કાચો માલ છે. દેશમાં આયાતના વિકલ્પ બિવોલ્ટાઇન રો સિલ્કનું ઉત્પાદન વધારવાનો હેતુ છે ત્યારે કૉમર્શિયલ બિવોલ્ટાઇન સીડની જરૂરિયાત પણ તેના પ્રમાણમાં વધશે.

મોટા પાયે બિવોલ્ટાઇન સીડનું ઉત્પાદન કરવા માટે સિલ્કવોર્મ સીડના ખાનગી ઉત્પાદકોની મદદ લેવી જરૂરી બની જાય છે. બિવોલ્ટાઇન્સ સિલ્કવોર્મ સિલ્કવોર્મ સીડનું ઉત્પાદન કરવું હોય તો કોલ્ડ સ્ટોરેજ પ્લાન્ટ, માઇક્રો ક્લાઇમેટિક કન્ડિશન્સમાં ફેરફાર માટે આધુનિક યંત્રો જેવા માળખાંની રચના માટે તથા સીડ કોકુન્સની ખરીદી માટે ભારે રોકાણની

જરૂર પડે. આ ઉપરાંત પરંપરાગત મલ્ટિબિવોલ્ટાઇનમાંથી બિવોલ્ટાઇન તરફ પ્રોડક્શન શિફ્ટ કરવા માગતા આવા ખાનગી બીજ ઉત્પાદકોને પૂરતા પ્રમાણમાં આર્થિક સહયોગ આપવાની જરૂર છે. દેખીતી રીતે, સિલ્કવોર્મ સીડના ઉત્પાદનમાં **ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ** અભિગમ આપણા દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

### ૪. ઘટી રહેલાં જળ સ્તર

ભારતમાં મહદ્ અંશે વરસાદ પર આધારિત પસંદગીના વિસ્તારોમાં જ સેરિકલ્ચર અપનાવવામાં આવે છે. તેથી, સિંચાઇ માટે જળ સ્રોત ચિંતાનું મોટું કારણ છે અને ઘટતાં જળ સ્તર આ ઉદ્યોગ માટે મોટો પડકાર છે.

આ સમસ્યાનો સામનો કરવા માટે ભૂગર્ભ જળ સંસાધનના વધુપડતા ઉપયોગને અટકાવવા ડ્રીપ ઇરિગેશન સિસ્ટમ ફરજિયાત બનાવીને રેઇન વોટર હાર્વેસ્ટિંગ અને જળસંચય પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ખેડૂતોને સરળ અને સ્વીકાર્ય રીતે ટેક્નૉલૉજીનું વિતરણ કરવાથી અને **પર ડ્રોપ મોર ક્રોપ** અભિગમ અપનાવવાથી પાણીનો મહત્તમ ઉપયોગ કરીને સેરિકલ્ચરને પ્રોત્સાહન આપી શકાશે.

### ૫. પરિવર્તનનો પડકાર

ગુણવત્તાસભર કૉમર્શિયલ કોકુન્સનું ઉત્પાદન, આધુનિક યંત્રોનો ઉપયોગ તથા મોડર્ન રિલિંગ ટેક્નૉલૉજી અપનાવવાથી દેશમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક કાચા સિલ્કનું ઉત્પાદન કરી શકાશે. ગ્રેડેબલ સિલ્કનું રિલિંગ સરળ બનાવવું હોય તો રિલિંગ ટેક્નૉલૉજી અને મશીન્સમાં સુધારો કરવો એ સમયની તાતી જરૂર છે. જોકે, સેન્ટ્રલ સિલ્ક બોર્ડે **મેક ઈન ઈન્ડિયાને** પ્રમોટ કરીને મલબેરી કોકુન્સમાંથી સિલ્ક મેળવવા માટે સ્વદેશી બનાવટના ઓટોમેટિક રિલિંગ મશીન (ARM) વિકસાવ્યા છે. આને યુદ્ધના ધોરણે લોકપ્રિય બનાવવા જોઈએ. આ ઉપરાંત, વાણ્યા સિલ્ક માટેની સ્પિનિંગ ડિઝાઇનનું પણ આધુનિકીકરણ કરવું જોઇએ.

### ૬. જિનેટિક બેઝમાં સુધારો અને ઊંચી ઉપજ આપતા બ્રીડ્સનો વિકાસ

ભારત પાસે ઊંચી ઉપજ આપતા અને રોગનો સામનો કરતા તેમ જ બદલાતા જતા વાતાવરણ હેઠળ ટકી રહે તેવા બ્રીડ્સ વિકસાવવા માટે જિનેટિકનો સાંકડો બેઝ છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા જિનેટિક રિસોર્સિસના એક્સચેન્જ માટે અને હાર્ડી બ્રીડ્સના વિકાસ માટે આંતરરાષ્ટ્રીય જોડાણ એ જ એકમાત્ર ઉપાય છે. વાસ્તવમાં, સેન્ટ્રલ સિલ્ક બોર્ડે NIAS, સુકાબા, જાપાન, બલ્ગેરિયા, ઉઝબેકિસ્તાન, રોમાનિયા અને ચીન સાથે આ પ્રકારનાં જોડાણ માટે પહેલ કરી દીધી છે.

### ૭. વૈશ્વિક સ્તરે બ્રાન્ડ માન્યતા

ભારત વિશ્વમાં બીજા ક્રમનુ ંસિલ્ક ઉત્પાદક હોવા છતાં આંતરરાષ્ટ્રીય સિલ્ક વેચાણમાં તેણે હજુ પોતાનું સ્થાન જમાવ્યું નથી. ચીન અને થાઈલૅન્ડને તેમના સિલ્ક માટે જેવી બ્રાન્ડ ઈમેજ મળી છે તેવી વૈશ્વિક માન્યતા ભારતને નથી મળી શકી. આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય સિલ્કની ઈમેજ સુધારવા માટે જેનેરિક સિલ્ક પ્રમોશન કેમ્પેન લોંચ કરવાની જરૂર છે. બ્રાન્ડ બિલ્ડિંગ કવાયતમાં ભારતમાં પ્રોફેશનલ રીતે એક્સ્લુઝિવ ઇન્ટરનેશનલ સિલ્ક પ્રદર્શનો હાથ ધરવાં, આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં ભારતીય નિકાસકારોની ભાગીદારી, ફેશન-કેન્દ્રી નવી એક્સ્લુઝિવ પ્રોડક્ટ્સની રચના અને મિડિયા કેમ્પેન વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ.

### ૮. વાણ્યા સિલ્ક પર ભાર

દેશમાં વાણ્યા સિલ્કનું ઉત્પાદન કુલ રો સિલ્ક પ્રોડક્શનમાં ૨૫ ટકાથી ઓછું છે. એનું કારણ એ છે કે વાણ્યા સિલ્કનું ઉત્પાદન કરતા છોડ (હોસ્ટ પ્લાન્ટ)માટે મર્યાદિત વિસ્તાર છે, હોસ્ટ પ્લાન્ટ માટે ઊંચો પરિપક્વ સમયગાળો છે અને સિલ્કવોર્મ બીજ ઉત્પાદનમાં માગ-પુરવઠા વચ્ચે અવકાશ છે.

કોકુન્સની વધુ સારી ઉત્પાદકતા અને ગુણવત્તાની ખાતરી રાખવા માટે નેચરલ હોસ્ટ ફલોરાનાં સંવર્ધનની અને જંગલ, મહેસૂલ તથા ખાનગી જમીનોમાં વાણ્યા હોસ્ટ પ્લાન્ટ્સનાં બ્લોક પ્લાન્ટેશન્સની જરૂર છે. પરિપક્વ સમયગાળો (જેસ્ટેશન પિરિયડ) ઘટાડવા ઊંચા મૂળ ધરાવતા, વહેલા ફણગો ધરાવતા અને ઝડપથી વૃદ્ધિ ધરાવતા જેનોટાઇપ શોધવા, પત્તાની મહત્તમ ઉપજ કરવા નાના અને ગીચ જેનોટાઇપ્સ વિક્સાવવા, બાયોટિક અને એબાયોટિક સ્ટ્રેસ પ્રત્યે સહનશીલતાં જેવાં પગલાં લેવાથી વાણ્યા સિલ્કના ઉત્પાદનમાં વધારો કરવામાં મદદ મળશે. સિલ્કવોર્મ સીડ પ્રોડક્શન સિસ્ટમને મજબૂત કરવાથી અને મલબેરીની જેમ વાણ્યા સિલ્ક માટે પણ બીજ સંશોધન કરવાથી સમયસર પુરવઠો વધારવામાં મદદ

મળશે.

**૯. સેરિકલ્ચકનું કોર્પોરટાઇઝેશન**

ભારતીય સેરિકલ્ચર નાના અને સીમાંત ખેડૂતો અને નાના રિલર્સ પાસે રહ્યું છે, જયારે આનાથી વિપરીત, ચીનમાં ઉત્પાદકો નાના છે પણ કન્વર્ટર્સ વિશાળ છે. અલબત, આપણે નાના અને સીમાંત ખેડૂતોને સતત ટેકો આપતા રહ્યા છીએ પણ યાંત્રિકીકરણ અને સંબંધિત સપોર્ટ સ્ટ્રક્ચર દ્વારા મોટા પાયે ફાર્મિંગ દાખલ કરી જ શકીએ. આ ઉપરાંત, ટકાઉ બિઝનેસ ઉદ્યોગસાહસ તરીકે સેરિકલ્ચરના કોર્પોરટાઇઝેશનની દિશામાં લાર્જ સ્કેલ કન્વર્ટર્સને પણ પ્રોત્સાહન આપી શકીએ.

**૧૦. ડેમોગ્રાફિક ડિવિડન્ડ અને નવી આશા**

ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જયાં નજીકના ભવિષ્યમાં ૬૦ ટકા વસતિ યુવા (૩૫ વર્ષથી નીચે) હશે. સિલ્ક ઉદ્યોગ માટે આ વધારાનો લાભ હશે. ઉદ્યોગમાં મહિલાઓની ભૂમિકા પણ વધુ અગ્રેસર બની રહી છે અને આને કારણે તેમનું આર્થિક સસક્તિકરણ ઝડપથી વેગ પકડી રહ્યું છે આનું પરિણામ **સબ કા સાથ સબકા વિકાસ** છે.

**૧૧. ધિરાણનો નબળો પ્રવાહ**

જરૂરિયાત ધરાવતા ખેડૂતો, રિલર્સ, વિવર્સ વગેરેને પૂરતા પ્રમાણમાં સંસ્થાકીય ધિરાણ આપવાથી ગુણવત્તા અને ઉત્પાદકતામાં સુધારો થશે અને એ રીતે ચોખ્ખી આવકમાં વધારો થશે.

સેરિકલ્ચરને કૃષિ તથા સંબંધિત પ્રવૃત્તિઓ હેઠળ સમાવવાથી અને રિલિંગ સેક્ટર માઇક્રો, સ્મોલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME)ના માપદંડનું પાલન કરતા હોવાથી તે અગ્રિમ ધિરાણ માટેની લાયકાત ધરાવે છે. બૅન્કર્સ અવેરનેસ પ્રોગ્રામ દ્વારા સેન્ટ્રલ સિલ્ક બ્યૂરોની પહેલ અને સંસ્થાકીય ધિરાણ મેળવવા માટે જોઇન્ટ લાયાબિલિટી ગ્રુપ્સ (JLGs) તરીકે કામ કરતા કમ્યુનિટી બેઝ્ડ ઓર્ગેનાઇઝેન્સ (CBOs)ને ટેકો આપવાથી ધિરાણ પ્રવાહમાં કેટલેક અંશે સુધારો નોંધાયો છે. ભાવિ પહેલમાં બિન-કૃષિ ક્ષેત્રમાં ઊંચા ધિરાણ માટે બૅન્કર્સને માહિતગાર કરવા, સેક્ટરની નાણાકીય જરૂરિયાતને સારી રીતે સમજવા નાબાર્ડના સહયોગમાં રિલિંગ ક્લસ્ટર્સમાં જાગૃતિ કાર્યક્રમ, સેરિકલ્ચર માટે ધિરાણ પ્રવાહ વધારવા નાબાર્ડ તથા અન્ય નાણાં સંસ્થાઓમાં સેરિકલ્ચર માટે ક્રેડિટ ગેરન્ટી ફન્ડ (CGF) રચવા પૉલિસી સ્તરે દરમિયાનગીરી કરવી, ફન્ડની રિકવરી અને રિસાઇકલિંગ સુધારવા માટે લાભાર્થીઓ, વિકાસ એજન્સીઓ, બૅન્કો તથા નાણાં સંસ્થાઓમાં મજબૂત લિન્કેજ વિકસાવીને સેરિકલ્ચર લોનની રિકવરી માટે ત્રિપક્ષીય માર્કેટિંગ ટાઇ-અપની સમીક્ષા /સુધારણા કરવી વગેરેનો સમાવેશ થાય છે.

**૧૨. સેરિકલ્ચર ડેવલપમેન્ટ માટે આઇટી અને રિમોટ સેન્સિંગ એપ્લિકેશન**

દેશના પસંદગીનાં રાજયોમાં સેરિકલ્ચરના વિકાસ માટે વર્તમાન અને સંભવિત વિસ્તારોને ઇસરો રિમોટ સેન્સિંગ સેટેલાઇટ ઇમેજીસ દ્વારા મેપ કરવામાં આવ્યા છે અને સ્કીમનું બિન-પરંપરાગત નવાં ક્ષેત્રોમાં સંગઠિત રીતે અમલ થાય છે. આ કવાયતને મલબેરી અને નોન-મલબેરી સેક્ટરમાં દેશભરમાં પૉલિસી પહેલ તરીકે સામેલ કરવાની દરખાસ્ત છે. ખેડૂતો/ રિલર્સ /વિવર્સને સાચી માહિતી પૂરી પાડવા માટે એપ, નેટ, કિઓસ્ક વગેરે જેવા આઇટી ટુલ્સ મજબૂત કરવા જરૂરી છે અને આ રીતે તેમનું સસક્તિકરણ થશે. ૧૧મી યોજના દરમિયાન નોર્થ ઇસ્ટર્ન સ્પેસ એપ્લિકેશન સેન્ટર (NESAC)ના સહયોગમાં ધ સેન્ટ્રલ સિલ્ક બોર્ડ દ્વારા વિક્સાવવામાં આવેલા પોર્ટલ The SILKS (સેરિકલ્ચર ઇન્ફોર્મેશન લિન્કેજ નોલેજ સિસ્ટમ)થી દેશમાં સેરિકલ્ચરને પ્રોત્સાહન આપવામાં ઘણી મદદ મળશે. આ પોર્ટલને કારણે રિમોટ સેન્સિંગ (RS) અને GIS ટુલ્સનો ઉપયોગ કરીને સેરિકલ્ચર વિસ્તરણ માટે સંભવિત ક્ષેત્રોને શોધી કાઢવામાં આવશે.

**૧૩. સેરિકલ્ચરમાં મિકેનાઇઝેશન**

સેરિકલ્ચરમાં મલબેરી કલ્ટિવેશન, સિલ્કવોર્મ રિયરિંગ, સીડ પ્રોડક્શન, ડિસઇન્ફેક્શન અને કોકુન હાર્વેસ્ટિંગમાં યાંત્રિકીકરણ દ્વારા આધુનિકીકરણના પ્રયાસોને કારણે ઉત્પાદનની સંભાવના વધી છે એટલું જ નહીં, તેનાથી સમય, શ્રમ પણ બચ્યો છે અને ગધ્ધાવૈતરું ઘટ્યું છે. મોટા પાયે ફાર્મિંગ માટે આ પદ્ધતિ આશીર્વાદ પુરવાર થશે.

**૧૪. ભાવમાં અસ્થિરતા**

ખેડૂતો અને રિલર્સને તેમની ઉપજ માટે કોકુન્સ અને રો સિલ્ક માટે સ્થિર અને વળતરદાયી કિંમતની ખાતરી મળવી જોઇએ, જેથી તેમને ઊંચું રોકાણ કરવાની અને વાજબી ભાવે ઉત્પાદન કરવાની પ્રેરણા મળે. વળી મધ્યસ્થીનો ખર્ચ ઊંચો ન હોવો જોઈએ.

માર્કેટિંગ સુવિધાઓ અને કાર્યક્ષમતા

વધારવા માટે નીચે કેટલાંક સૂચનો કરવામાં આવ્યા છે :

- યુનિફાઇડ નેશનલ કોકુન માર્કેટિંગ
- સરકારી બજારોમાં ઇ-ઓક્શનિંગનો પ્રારંભ
- કોકુન બૅન્કની સ્થાપના
- યાર્ન બૅન્કની સ્થાપના

**૧૫. આબોહવા સામે ટકી રહે તેવું સેરિકલ્ચર**

ક્લાઇમેટ રિસાયલેન્ટ (બદલાતી આબોહવા સામે ટકી રહે તેવી) સેરિકલ્ચર ટેક્નૉલૉજીને કારણે કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થશે. કુદરતી અને માનવસર્જિત સંસાધનોનું સતત સંચાલન ક્લાઇમેટ ચેન્જના ક્ષેત્રમાં સાતત્યપૂર્ણ સેરિકલ્ચરનું અભિન્ન અંગ છે. તેની હેઠળ નક્કી કરવામાં આવેલા વિશેષ મુદ્દાઓમાં હાર્ડી બિવોલ્ટાઇન બ્રીડ્સ અને હોસ્ટ પ્લાન્ટ વેરાઇટના વિકાસનો સમાવેશ થાય છે.

**૧૬. આડપેદાશોનો વપરાશ**

સેરિકલ્ચરમાંથી સિલ્કવોર્મ પુપાય, સેરિસિન, સિલ્ક વેસ્ટ, બેસિન રિફ્યૂજ વગેરે જેવી બાયપ્રોડક્ટ્સ નીકળે છે અને તેનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તો સેરિકલ્ચર વધારાની આવક મેળવવા માટે મહત્તમ તક આપે છે.

**૧૭. નોન-ટૅક્સ્ટાઇલ હેતુ માટે સિલ્ક**

ફેબ્રિક્સ બનાવવા માટે સિલ્કના નિયમિત વપરાશ ઉપરાંત સેરિકલ્ચરની બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવા માટે પૂરતી તકો છે. જો તેનો વ્યવહારુ અને વાજબી ઉપયોગ કરવામાં આવે તો સેરિકલ્ચર પ્રોડક્ટ્સનું મૂલ્ય વધારવામાં મદદ મળે છે અને નફાકારકતાનું તંદુરસ્ત સ્તર પણ જળવાઈ રહે છે. બાયોમેડિકલ સાયન્સમાં તાજેતરમાં થયેલી પ્રગતિનો લાભ લઈને સ્કાફોલ્ડ્સ (લાકડાનું કામચલાઉ પ્લેટફોર્મ, પાલખ), સ્પન્જસ, ફિલ્મ્સ, જેલ્સ, નેનો પાર્ટિકલ્સ અને નેનો ફેબ્રિલ્સ બનાવવા બાયોમટીરિયલ તરીકે સિલ્કનો ઉપયોગ થાય છે. ઉચ્ચ મૂલ્ય ધરાવતી આ પ્રોડક્ટ્સથી સેરિકલ્ચર ઉદ્યોગને ચોક્કસપણે લાભ થશે.

**તારણ**

સિલ્ક ઉદ્યોગમાં સતત વૃદ્ધિ પામી રહેલા વૈશ્વિક અને સ્થાનિક માર્કેટ બનવાની સંભાવના છે. આ ઉદ્યોગનાં અનેક અનોખાં પાસાં છે. જેમ કે, ડાઉનસ્ટ્રીમ રોજગાર પૂરો પાડવો, ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં આવક સર્જન, ઓછી આવક ધરાવતા અને સામાજિક રીતે પછાત અને કચડાયેલા જૂથો માટે ઊંચી ભાગીદારી, વિકાસ માટે મહિલાઓની મોટી ભૂમિકા અને નિકાસ કમાણીમાં હિસ્સો. આ તમામ પાસાઓને કારણે સિલ્ક ઉદ્યોગ વ્યવહારુ રોકાણ અને દૂરોગામી વિકાસ આયોજન દ્વારા વધુ વિસ્તરણ માટે આકર્ષક છે.

**સંદર્ભ**


ઍન્ડ્રિયા નેમ્બ્રી, (૨૦૧૪) ગ્લોબલ સિલ્ક ઇન્ડસ્ટ્રીઃ એન એનાલિટિકલ વ્યુ. ઇન્ડિયન સિલ્ક, નં ૫-૭. વોલ્યૂમ. ૫ (૫૩ ઓલ્ડ): ૧૮-૨૨

અંગાડી, બી.એસ. (૨૦૧૩). ઇબવોલ્ટાઇન રો સિલ્ક પ્રોડક્સન સ્ટેટસઃ XII પ્લાન ટારગેટ્સ ઍન્ડ સ્ટ્રેટેજીસ. KSSRDI, બેંગલુરુ, કર્ણાટક ખાતે ૨૪-૨૬ ઑક્ટોબર દરમિયાન 'રિસેન્ટ એડવાન્સિસ ઇન મોડર્ન બાયોલોજી ઍન્ડ સેરિકલ્ચર ફોર વુમન એમ્પાવરમેન્ટ ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ' પર યોજાયેલી રાષ્ટ્રીય પરિષદની કાર્યવાહી. pp ૬૨-૭૦

અંગાડી, બી.એસ. (૨૦૧૪) બિવોલ્ટાઇન સિલ્ક પ્રોડક્શન સર્જીસ ઇન ઇન્ડિયા થ્રૂ ક્લસ્ટર પ્રમોશન પ્રોગ્રામ. ઇન્ડિયન સિલ્ક. નં ૫-૭ વોલ્યૂમ ૫. (૫૩ ઓલ્ડ): ૩૪-૯૯

લિ લોંગ (૨૦૧૪) સેરિકલ્ચર ડેવલપમેન્ટ ઇન ચાઇના. ઇન્ડિયન સિલ્ક, નં ૫-૭ વોલ્યૂમ પાંચ. (૫૩ ઓલ્ડ ૩૪-૩૯

સંજય કુમાર પાંડા (૨૦૧૪) મલબેરી સેરિકલ્ચર ઇન ન્યૂ એરિયા-એમ્પાવરિંગ ટ્રાઇબલ વુમન.

કન્સેપ્ટ પબ્લિશિંગ કંપની પ્રાઇવેટ લિમિટેડ, નવી દિલ્હી

શેટ્ટી, કેકે ઍન્ડ સત્યનારાયણા, કે (૨૦૦૯) સેન્ટ્રલ સિલ્ક બોર્ડ ઇન ટસર ડેવલપમેન્ટઃ એ સેક્ટોરલ પ્રોસ્પેક્ટિવ.

બી. દેઓઘર, ઝારખંડ ખાતે ૮-૯ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ 'અનલિશિંગ ટ્રાઇબલ ઑન્ત્રપ્રિન્યોરશીપ, એ ન્યૂ પેરેડાઇમ ઑફ ટસર ડેવલપમેન્ટ' પર યોજાયેલા વર્કશોપની કાર્યવાહી. pp ૩-૭

શેટ્ટી, કેકે (૨૦૧૪) સેરિકલ્ચર-એ ટુલ ફોર ઇન્ક્લુઝિવ ગ્રોથ ટુ મીટ મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ ઇન ઇન્ડિયા, ઇન્ડિયન સિલ્ક, નં ૫-૭. વોલ્યૂમ ૫. (૫૩ ઓલ્ડ): ૩૦-૩૨.



**બી એસ અંગાડી સેન્ટ્રલ સિલ્ક બોર્ડના પૂર્વ નિયામક છે.**
**કે કે શેટ્ટી સેન્ટ્રલ સિલ્ક બોર્ડના સંયુક્ત સચિવ છે અને એચ. નાગેશ પ્રભુ સેન્ટ્રલ સિલ્ક બોર્ડમાં સભ્ય સચિવ અને સી.ઈ.ઓ. છે.**
**Email:** bsangadi@gmail.com
kks.csb@nic.in, ms.csb@nic.in

# ભારતીય સ્વાતંત્ર્યનું પ્રતીક : ખાદી

એ. અન્નામલાઈ



*ખાદી ચળવળથી ગ્રામીણજનો અને ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણનો માર્ગ મોકળો થયો હતો. ભારતની આઝાદીની ચળવળમાં મહિલાઓની મોટી સંખ્યામાં સહભાગીદારીતાનું એક મુખ્ય કારણ ચોક્કસપણે ખાદી ચળવળનું હતું. તેમણે કહ્યું હતું કે ખાદી જ એક માત્ર સાચા અર્થમાં આર્થિક પ્રસ્તાવક છે કે જે ગામડાંના લાખો લોકોને તેઓ સારું આર્થિક ઉપાર્જનના કરી શકે ત્યાં સુધી તેમને રોજગારી આપવા સક્ષમ છે. કોઈને પોતાના ખેતર, કુટિર અથવા કારખાનામાં યોગ્ય વેતન ના મળે ત્યાં સુધી તે ખાદી ઉત્પાદન દ્વારા આર્થિક લાભ મેળવી શકે છે. યોગ્ય પ્રમાણમાં શહેરો વસાવવાં લાખો ગ્રામીણ લોકોનું સ્થળાંતર કરવું પડે તેવી સ્થિતિમાં ગ્રામીણજનોને જરૂરી આર્થિક સહાય મળી શકે છે. હું માત્ર એક પ્રસ્તાવ રજૂ કરું છું કે જેમાં ખાદી કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે રોજગારી આપવા સક્ષમ છે.*

ખાદી એટલે પૃથ્વી ઉપર જીવતા પ્રત્યેક સાથી વ્યક્તિઓ પ્રત્યે સદ્ભાવના દર્શાવવાની લાગણી. તેનો મતલબ કે એ તમામ બાબતોનો પરિત્યાગ કે જે આપણા સાથી જીવોને હાનિકારક પહોંચાડી શકે. અને જો આપણે આપણા લાખો દેશવાસીઓના મનમાં આ લાગણી સર્જીશું તો આપણું આ ભારત વિશ્વનું કેટલું સરસ મજાનું બની જાય. સીડબલ્યુએમજી, વોલ્યૂમ-૩૪ પાના ૫૨૦) ગાંધી ઈચ્છતા હતા કે, દરેકમાં ખાદી પ્રત્યે આ મુજબની લાગણી અને ભાવના હોવી જોઈએ. એટલું જ નહીં, પણ સમગ્ર માનવજાત એક બને તેવી લાગણી પણ તેઓ ધરાવતા હતા. ખાદી એ માત્ર શરીર ઢાંકવા કાપડનો ટુકડો નથી પણ એક જીવનદર્શન છે જેને ધારણ કરીને તેને અનુસરવાનું છે.

૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ વખતે ગાંધીજીને બિહારના ખેડૂતોની દયનીય સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. ભીલવાડા ગામમાં તેઓ મહિલાને મળ્યાં અને તેની સાથેની વાતચીત દરમિયાન ગાંધીજીને એ જાણવા મળ્યું કે આ મહિલા પાસે બીજી કોઈ સાડી નહીં હોવાથી તે તેની મેલીઘેલી સાડીને બદલી શકે તેમ નથી. આ મહિલા બીજી સાડી ખરીદી શકે તેવી આર્થિક ક્ષમતા ધરાવતી નહોતી. કેમ કે ચંપારણ વિસ્તારમાં પેદા થતી વાદળી રંગની ગળી એ કપડાંને રંગવા માટે એક અનિવાર્ય પદાર્થ હતો અને તેનો જથ્થો અંગ્રેજો લઈ લેતા હતા. તેના કારણે એ જ કાપડ ખેડૂતો માટે મોંઘા ભાવે વેચવામાં આવતું હતું. અંગ્રેજોએ પોતાની ઈજારાશાહી કાયમ રાખવા વાદળી ગળીના પ્લાન્ટ પર કબજો જમાવ્યો હતો. જેની સામે ખેડૂતોએ આંદોલન-સત્યાગ્રહ શરૂ કર્યું હતું. ઈતિહાસ દર્શાવે છે કે એક સમયે આપણે ભારતવાસીઓ ભૂતકાળમાં શ્રેષ્ઠ કપાસ ઉગાડનાર હતા. પરંતુ આપણા દેશમાં ખેડૂતો કપાસ માટે જરૂરી એવી આ ચીજવસ્તુઓથી ભારે પરેશાન હતા. ભારતમાં ખેડૂતો દ્વારા ઉગાડાતુ કપાસ કાચા માલ માટે અંગ્રેજો દ્વારા ઈંગ્લેન્ડ મોકલવામાં આવતું હતું. ઈંગ્લેન્ડમાં માન્ચેસ્ટર અને લેંકશાયરની કાપડ મિલોમાં તેમાંથી કાપડ તૈયાર કરીને પરત ભારત મોકલવામાં આવતું હતું.

આપણો ભવ્ય અને ગૌરવશાળી ભૂતકાળ ક્યાં ? ગાંધીજી પણ એ જગ્યાએથી આવ્યા હતા કે જ્યાં કાંતવું અને વણવું એ સંસ્કૃતિનો એક ભાગ હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતીય ઉપખંડનાં બજારો પર નિયંત્રણો મેળવ્યા બાદ સમગ્ર પરિસ્થિતિમાં ખૂબ ઝડપથી પરિવર્તનો આવ્યાં હતાં. પોતાની જરૂરિયાતો સંતોષવા માટે અને પોતાના બજારલક્ષી વ્યાપારિક હિતો માટે અંગ્રેજ શાસકોએ ભારતીય ગ્રામીણ લોકોના કાપડ-વ્યાપારનો નાશ કરી નાખ્યો હતો.

**ગૌરવશાળી કાપડ કળાજ્ઞાનનો ભૂતકાળ:**

ભારતીય ગળીમાંથી તૈયાર સુતરાઉ કાપડ 'ઈકત' ફારોહના ટીંબામાંથી મળી આવ્યું હતું.

મોંહેજો દરો પુરાતત્ત્વીય સ્થળેથી ગુલાબી રંગનું આ કાપડ અને તેની સાથે તાકો, ગ્રીક અને રોમન વેપારીઓના હિસાબી ચોપડાઓ મળી આવ્યાં હતા. આ હિસાબી ચોપડાઓમાં ભારતના ઉપખંડમાંથી મંગાવવામાં આવતા ઉમદા કાપડનો ઉલ્લેખ જોવા મળે છે. અજંટા અને ઇલોરાની ગુફાઓમાંથી મળી આવેલા ચિત્રોમા વિવિધ ડિઝાઇન અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો ધારણ કર્યાં હોવાનું સ્પષ્ટ જણાય છે. ભારતના તમામ ખૂણે ખૂણે કાપડ વિવિધતા ડિઝાઇનનું અસ્તિત્વ હતું. ડિઝાઇનની સાથે વણાટ, કાપડ રંગવું, કાપડ પર છાપકામ કરવું વગેરેનો પણ સમાવેશ થાય છે. કાપડની ગુણવત્તામાં પણ અલગ અલગ પ્રાંતમાં અલગ અલગ વિવિધતા જોવા મળતી હતી. વાસ્તવમાં કાપડ બનાવવાની પ્રોદ્યોગિકી-ટેક્નૉલૉજીમાં આપણે સ્થાપક અર્થાત્ પાયો નાખનાર હતા.

ભારતનું કાપડ એક ગૌરવ ગણાતું હતું. એટલું જ નહીં તે વખતે કેટલાંક દેશોએ તો ભારતમાંથી કાપડ આયાત કરવા પ્રતિબંધ પણ મૂક્યો હતો. આપણાં ગુણવત્તાયુક્ત વસ્ત્રોથી ઘણા દેશોના રાજવીઓ સુશોભિત થતા હતા. તેમાં હાથવણાટ અને હાથથી કાંતીને તૈયાર થતાં કાપડ ખાદીનો પણ સમાવેશ થાય છે. જે ખાદીનો ભૂતકાળ હતો.

ઇંગ્લૅન્ડમાં તે વખતે ઔદ્યોગિક ક્રાંતિ અને ઉદ્યોગોમાં પાવરલૂમ (ઊર્જા સંચાલિત લૂમ)ના આવિષ્કારથી ભારતના કાપડ ઉદ્યોગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. બ્રિટિશ વસાહતો માટેની નીતિ હેઠળ નવા બનાવાયેલા કાયદાના પગલે નવા વ્યાપારને પ્રોત્સાહન મળ્યું હતું. તે વખતે ભારતમાં ઉત્પાદિત તમામ કપાસનો જથ્થો ઇંગ્લૅન્ડમાં મોકલવામાં આવતો હતો, જેના ખૂબ નીચા ભાવો મળતા હતા. આ કપાસમાંથી બ્રિટિશ કાપડ મિલોમાં કાપડ તૈયાર કરીને ભારતનાં બજારોમાં ઠાલવવામાં આવતો હતો. અને સ્થાનિક બજારમાં આ જ કાપડ ખરીદવાની ફરજ પાડવામાં આવતી હતી.

લાખોની સંખ્યામાં ભારતીય વણાટકારો, કાંતનારો બેરોજગાર થઈ ગયા હતા. ભારતના ગૌરવ સમાન હાથવણાટ અને હાથથી કાંતીને તૈયાર કાપડને ફરજિયાતપણે મારી નાંખવામાં આવ્યો હતો અને તેના કારણે ભારતની મહત્ત્વની કાપડ બનાવવાની ટેક્નૉલૉજી પણ ધીમેધીમે અદશ્ય થઈ ગઈ હતી.

**ખાદી ચળવળ :**

અહીં ગાંધીજીનું આગમન થાય છે. ''૧૯૦૮માં લંડનમાં મેં ચરખો શોધી કાઢ્યો હતો. હું ત્યાં દક્ષિણ આફ્રિકાથી એક પ્રતિનિધિ મંડળ લઇને ગયો હતો. તે વખતે હું ઘણા અગ્રગણ્ય ભારતીયો, વિદ્યાર્થીઓ અને અન્યોના સંપર્કમાં આવ્યો હતો. ભારતની પરિસ્થિતિ અંગે તેમની સાથે ખૂબ લાંબી ચર્ચાઓ થઈ હતી. ચર્ચા દરમિયાન મને ઝબકારો થયો કે ચરખો કાંતવા સિવાય સ્વરાજ નહીં મળે. હું જાણતો હતો કે એક સમયે દરેક જણ રેંટિયો કાંતતા હતા. જોકે હું શાળ (લૂમ) અને રેંટિયા કે ચરખા વચ્ચેનું અંતર જાણતો નહોતો. હિંદ સ્વરાજમાં મેં શાળનો અર્થ રેંટિયો એવું લખ્યું હતું '' (સીડબલ્યુએમજી વોલ્યૂમ-૩૭પાના નં. ૨૮૮)

ગોખલેજીએ ગાંધીજીને ભારતનો પ્રવાસ ખેડવા સૂચવ્યું હતું અને તે સૂચન મુજબ ભારતની વાસ્તવિક સ્થિતિનો જાત અનુભવ અને તાગ મેળવવા ગાંધીજીએ ભારત ભ્રમણની શરૂઆત કરી હતી. ભારતના ગામડાઓમાં તેમણે લોકોને રૂબરૂ મળીને તેમની ગરીબાઈ અને દયનીય કઠિન સ્થિતિ નિહાળી હતી. ખેડૂતો વર્ષમાં અડધોઅડધ સમયતો બેરોજગાર રહેતા હતા. ચંપારણની ઘટનાએ પણ ગાંધીજીને હચમચાવી નાખ્યા હતા અને તેથી તેઓ ઇચ્છતા હતા કે વર્ષમાં ૬ મહિના બેરોજગાર રહેતા ખેડૂતો માટે કોઈ વૈકલ્પિક રોજગારી શોધી કાઢવી જોઈએ. જેથી ખેડૂતો પોતાના સમયનો સદુપયોગ કરીને કંઈક રોજગારી મેળવી શકે, તેમના મનમાં કાંતવું અને વણવું એ બાબતનો વિચાર ઝબક્યો. તેમણે અમદાવાદ ટેક્સ્ટાઇલ મિલ ઓનર્સ ઍસોસિએશનના સહયોગથી આશ્રમમમાં વણાટકામનો પ્રયોગ શરૂ કર્યો. જોકે તરત જ તેમને સમજાયું કે આ પ્રક્રિયા વાસ્તવમાં ભારતીય ઉદ્યોગોને મદદ કરશે અને ખેડૂતોને સીધી રીતે તેનો લાભ નહીં મળે. ગાંધીજીએ ઊર્જાવાન મહિલા ગંગાબહેન મજમુદાર સાથે મુલાકાત યોજી. ભરૂચમાં આયોજિત બીજી ગુજરાત શિક્ષણ પરિષદની બેઠકમાં ગંગાબહેન તેમને મળ્યાં હતાં. ગાંધીજીએ તેમને કહ્યું કે, તેઓ કાંતવાની કોઈ પારંપારિક પ્રક્રિયા શોધી કાઢે અને તે માટે ક્યાં સાધનોનો ઉપયોગ થઈ શકે તે પણ જુએ. ભારતની આ પરિસ્થિતિ હતી.

''આખરે ગુજરાતમાં ફરતાં ફરતાં ગંગાબહેનને બરોડા સ્ટેટ તાબાના વિજાપુરમાં રેંટિયો કે ચરખો મળી આવ્યો હતો. વિજાપુરમાં સારી એવી સંખ્યામાં લોકો પોતાના ઘરમાં ચરખો કાંતવાનું કામ કરતા હતા. પરંતુ અંગ્રેજોની નીતિને કારણે ચરખાથી ઉત્પાદિત ચીજવસ્તુઓનું બજાર જ ન રહેતાં તેઓએ આ ચરખા મૂકી રાખ્યા હતા. અને તેમનો કોઈ ઉપયોગ થયો નહોતો. તેઓ ગંગાબહેન સમક્ષ ઇચ્છા વ્યક્ત કરીને જો તેમને કોઈ નિયમિત કાચો માલ પૂરી પાડે તો તેઓ ફરીથી ચરખો કાંતવા માટે તૈયાર છે. ચરખા દ્વારા તૈયાર સુતરની આંટીઓ ખરીદવાની વ્યવસ્થા અંગે પણ તેઓએ જણાવ્યું હતું. ગંગાબહેને ખૂબ જ ઉત્સાહપૂર્વક મને આ સારા સમાચાર જણાવ્યા હતા.'' (સીડબલ્યુએમજી વોલ્યૂમ-૩૯, પાના નં. ૩૯૧)

ગાંધીજીએ પોતાનાં ખાસ વિશ્વાસુ એવા ગંગાબહેન, મગનલાલ ગાંધી અને આશ્રમના અન્ય મિત્રો દ્વારા ફરી એક વાર હાથથી કાંતવું

અને હાથથી વણાટનો પ્રયોગ શરૂ કર્યો. તેમાંથી જે તૈયાર થતું તેને ખાદી નામ અપાયુ અને ખાદીનો સૌપ્રથમ પ્રયોગ આશ્રમવાસીઓ પર થયો હતો. તેમાંથી સફળતા અને પ્રેરણા મેળવીને તેમનો આ અંગે ખાદીના પ્રયોગો રાષ્ટ્રવ્યાપી બનાવવા અને એક નવી ચળવળના રૂપમાં તેનો અમલ કરવા જણાવાયું હતું.

ગાંધીજીએ હાથથી કાંતેલા અને હાથથી વણેલા કાપડનો નવો ટુકડો રજૂ કર્યો અને તેને ખાદી એવું બ્રાન્ડ નામ આપવામાં આવ્યું હતું, જે ખાદી તરીકે ઓળખાયું હતું. તેમણે ખાદીને એક જીવન દાર્શનિક પાયા તરીકેની પણ નવી ઓળખ આપી અને આઝાદીની લડત ચલાવનાર કૉંગ્રેસ પક્ષને ખાદીનો નવો કાર્યક્રમ પણ આપ્યો હતો.

**સ્વદેશીની ભાવનાઃ**

''ખદ્દર એ સ્વદેશી ચળવળનું મજબૂત અને કેન્દ્રીય સત્ય છે. ખદ્દર વગરની સ્વદેશી ચળવળ એ જીવન વગરના શરીર સમાન છે કે જેનું કામ જમીનમાં દટાઈ જવાનું કે પછી અગનજ્વાળાઓમાં સળગી જવાનું છે. માત્ર ખદ્દર જ એકમાત્ર સ્વદેશી કાપડ છે. જો કોઈ સ્વદેશીનું અર્થઘટન કરવા માંગતા હોય તો ખદ્દર એ સ્વદેશી ચળવળનો શ્વાસ છે જે જીવવા માટે આપણે સૌ લઈએ છીએ. સ્વદેશીનો સ્વાદ તેનો એક લેખ તરીકે સર્વસામાન્યતા ઉપયોગનો નથી. એવો લેખ કે જે સ્વદેશીના નામે હોય અને કોઈ પણ ઉપયોગ કરે. પરંતુ આવો લેખ તૈયાર કરવામાં સર્વ સામાન્યતા દરેક જણ તેના ઉત્પાદન અથવા તેને બનાવવામાં ભાગીદાર બને. એવું પણ કહી શકાય કે કાપડ મિલમાં બનેલું કાપડ સ્વેદશી કહી શકાય પણ તે માત્ર નિયંત્રિત મર્યાદામાં કેમ કે તેની બનાવટમાં ભારતના લાખો લોકો પૈકી ગણ્યાગાંઠ્યા લોકો તેમાં ભાગ લઈ શકે. પરંતુ ખદ્દર બનાવવામાં લાખો લોકો તેમાં ભાગ લઈ શકે. (યંગ ઇન્ડિયા, ૧૭-૬-૧૯૨૬)

હવે ગાંધીજીએ સ્વદેશી ચળવળની શરૂઆત માટેનું વાતાવરણ બનાવવાની તૈયારીઓ હાથ ધરી. જેમાં ગાંધીજીએ હાકલ કરી કે ભારતવાસીઓએ વિદેશી કપડાનો બહિષ્કાર કરવો જોઈએ. ગાંધીજીએ સ્વદેશી ચળવળ દ્વારા લોકોમાં રાષ્ટ્રીયતા-રાષ્ટ્ર ભાવનાની ચિનગારી લગાવીને તેમને જાગ્રત કર્યા હતા. અને ખાદીને રાષ્ટ્રવાદનું પ્રતીક બનાવ્યું. તેમણે ખાદી ચળવળ દ્વારા બ્રિટિશ હકૂમત દ્વારા થતાં શોષણના પાયા ઉપર જ અહિંસાના શસ્ત્રથી વાર કર્યો હતો.

ગાંધીએ ગ્રામીણ અર્થતંત્રને વિકેન્દ્રીયકરણ પદ્ધતિથી પુનઃગઠિત કરવા ખાદીને આઝાદીની ચળવળ અને આઝાદી માટેના કાર્યક્રમોનો એક ભાગ બનાવ્યો હતો. જોતજોતામાં ખાદી આઝાદીના સંઘર્ષનો એક હિસ્સો બની ગયો. તેમણે ખાદી ચળવળને લોકપ્રિય બનાવવા દેશનો પ્રવાસ યોજ્યો હતો.

ખાદીના પ્રારંભિક તબક્કે એક અડચણ આવી અને અડચણ એ હતી ખાદીનો રંગ - સફેદ. તેઓ મહિલાઓ માટે રંગીન ખાદીની સાડી બનાવી શકે તેમ નહોતા. રંગીન બોર્ડર વગરની સફેદ સાડી વિધવાનું પ્રતીક મનાતી હતી. પરિવારમાં સફેદ સાડીને સ્વીકારવા કોઈ તૈયાર થતા નહોતા. તેથી ગાંધીજીએ સફેદનું પુનઃ એવુ અર્થઘટન કર્યું કે સફેદ-શ્વેત એ શુદ્ધતા અને સાદગીનું પ્રતીક છે. તેમણે પોતાનાં પત્ની કસ્તૂરબાને સફેદ સાડી પહેરવાં જણાવ્યું. તેમણે આશ્રમમાં રહેતી અન્ય મહિલાઓને પણ સફેદ રંગની સાડી પહેરવા જણાવ્યું જેથી લોકોમાં તેનો દાખલો બેસે અને તેનું અનુસરણ કરે.

**ખાદી અર્થતંત્ર :**

ખાદી ચળવળથી ગ્રામીણજનો અને ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણનો માર્ગ મોકળો થયો હતો. ભારતની આઝાદીની ચળવળમાં મહિલાઓની મોટી સંખ્યામાં સહભાગીદારીતાનું એક મુખ્ય કારણ ચોક્કસપણે ખાદી ચળવળનું હતું. તેમણે કહ્યું હતું કે ખાદી જ એક માત્ર સાચા અર્થમાં આર્થિક પ્રસ્તાવક છે કે જે ગામડાંના લાખો લોકોને તેઓ સારું આર્થિક ઉપાર્જનના કરી શકે ત્યાં સુધી તેમને રોજગારી આપવા સક્ષમ છે. કોઈને પોતાના ખેતર, કુટિર અથવા કારખાનામાં યોગ્ય વેતન ના મળે ત્યાં સુધી તે ખાદી ઉત્પાદન દ્વારા આર્થિક લાભ મેળવી શકે છે. યોગ્ય પ્રમાણમાં શહેરો વસાવવાં લાખો ગ્રામીણ લોકોનું સ્થળાંતર કરવું પડે તેવી સ્થિતિમાં ગ્રામીણજનોને જરૂરી આર્થિક સહાય મળી શકે છે. હું માત્ર એક પ્રસ્તાવ રજૂ કરું છું કે જેમાં ખાદી કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે રોજગારી આપવા સક્ષમ છે. (ખાદી વાય ઍન્ડ હાઉ, પાના નં. ૩૫)

ઉત્પાદનની વિકેન્દ્રીકરણની પદ્ધતિ ચોક્કસપણે આવકની એક સમાન વહેંચણી કરશે. રાજાજીએ અવલોકન કરતાં જણાવ્યું હતું કે તમે ઉત્પાદન પછી સંપત્તિની વહેંચણી કરી શકતા નથી. તમે લોકોને તે માટે તૈયાર થવા સમજાવવામાં સફળ થઈ શકશો નહીં. પરંતુ તમે ઉત્પાદન પહેલાં જ નિશ્ચિત એક સમાન વહેંચી શકાય તેવી સંપત્તિ ઉત્પાદન કરી શકો છો અને તે જ ખાદી.

ખાદી એ ગ્રામીણ સૌર પદ્ધતિનો સૂર્ય છે. તેના જુદા જુદા ગ્રહો વિવિધ ઉદ્યોગો છે કે જે ખાદીને ટેકો આપે છે અને તેના બદલામાં ગરમી મેળવીને તેમાંથી ઊર્જા પ્રાપ્ત કરે છે તેના વગર અન્ય ઉદ્યોગો વિકસી શકે નહીં. પરંતુ મારી તાજેતરની છેલ્લી યાત્રા દરમિયાન મેં જોયુ કે અન્ય ઉદ્યોગોને વિકસાવ્યા વગર ખાદી લાંબી પ્રગતિ કરી શકશે નહીં. ગામડાંઓની વાત કરીએ તો તેઓ ખાદી દ્વારા તેમનો ફાજલ સમયનો લાભદાયી ઉપયોગ કરી શકે છે. ગ્રામીણ જીવન તેના તમામ મુદ્દાઓને સ્પર્શ

કરશે. (હરિજન, ૧૬-૧૧-૧૯૩૪)

ગાંધીજીને પણ એ બાબતનો ખ્યાલ આવી ગયો કે કૉંગ્રેસમાં ખાદી પ્રવૃત્તિને અલગ કરવા દબાણ થઈ રહ્યું છે અને તેથી તેમણે ખાદી કાર્યને કૉંગ્રેસના સંગઠનાત્મક ટેકાથી દૂર કરવાનો નિર્ણય કર્યો. ૧૯૨૫માં તેમણે ઑલ ઇન્ડિયા સ્પીનર્સ ઍસોસિએશનની સ્થાપના કરી. ઑલ ઇન્ડિયા સ્પીનર્સ ઍસોસિએશનના માર્ગદર્શન હેઠળ ખાદી પ્રવૃત્તિ ભારતના ખૂણે ખૂણે પહોંચી ગઈ જેમાં ખાદી પ્રવૃત્તિને નવા સમર્થકો મળ્યા અને તેનો સહયોગ પાયો સમગ્ર ભારતમાં ફેલાયો હતો.

**સ્વાતંત્ર્ય ચળવળનું પ્રતીકઃ**

આઝાદીની ચળવળ વખતે ચરખો કે રેંટિયો સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રતીક બન્યુ. જ્યારે ખાદી રાષ્ટ્રવાદની એક આગવી ઓળખ બની ગઈ. ભારતે બ્રિટિશ હકૂમતથી દૂર એક કામચલાઉ લોકોની સત્તા - સ્વરાજનો અનુભવ કર્યો. એક સમયે આ દેશમાં અંગ્રેજોની પોલીસથી સામાન્ય લોકો ડરતા હતા. પરંતુ ગાંધીજીની અહિંસાની રણનીતિના પગલે પોલીસ ખાદીધારક લોકોથી ડરવા લાગ્યા હતા. જે સમગ્ર રીતે એક આર્થિક પ્રવૃત્તિ હતી તે એક શક્તિશાળી રાજકીયશાસ્ત્ર બની ગયું હતું.

લીસા ત્રિવેદીએ પોતાના પુસ્તક 'ક્લોથિંગ ગાંધીઝ નેશન'માં અવલોકન કરતાં નોંધ્યુ હતું કે, ખાદીએ બ્રિટિશ વિષયોની સંસ્થાઓને રાષ્ટ્રીય વિષય નાગરિકમાં તબદીલ કર્યું હતું. વસ્ત્ર પરિધાનની નવી રીત-રસમોની શોધ સાથે સ્વદેશી ચળવળકારોએ એક સામાન્ય રસ્તો પૂરો પાડ્યો હતો, કે જેમાં ભદ્ર સમાજના લોકો ખાદી પહેરવાથી એક વિશાળ રાષ્ટ્રીય સમુદાયની ઓળખ પોતાની આપી શકે. વસ્ત્ર પરિધાનના નવા રૂપરંગ સ્વીકારવાની સાથે અંગ્રેજી પદ્ધતિ અને પારંપારિક ધારાધોરણો એમ બન્નેને પડકાર ફેંક્યો હતો. કહેવાતા પાકા ખાદી પહેરનારાઓ પોતાને રાજકીય જમાતના વૈશ્વિક શ્રમિક અને આત્મસંતોષીનો સિદ્ધાંત મનાવ્યો હતો. ખૂબ જ સાદાઈથી કહીએ તો, અંગ્રેજ હકૂમત હેઠળના ભારતમાં ખાદી પહેરનાર લોકો એકબીજાને જોઈને એક જ પરિવાર કે એક જ સમુદાય હોવાનું માનતા હતા. ખાદી જો દરેક લોકોને અંગ્રેજોના સમયમાં ભારતીયમાં તબદીલ ના કરી શકે તો તે ચોક્કસપણે દેખીતી રીતે જ અંગ્રેજ અને પારંપારિક ધારાધોરણોનો ઈનકાર કરે છે તેમ લાગે.

મિશન ખાદી એ માત્ર શહેરોમાં રહેતા લોકોને ફેશનેબલ ખાદી પૂરી પાડવા માટે નથી. શહેરના લોકોને મિલોમાં અન્ય ઉદ્યોગોને પણ કેટલાંક કારીગરોને રોજગારી આપવા માત્ર પણ મિશન ખાદી નથી. પરંતુ તે કૃષિનો વૈકલ્પિક ઉદ્યોગ બને. જોકે આ મિશન હજુ પરિપૂર્ણ થયું નથી.

આ મિશન ધ્યેયને પૂર્ણ કરવા માટે તમામે તેને આપમેળે અપનાવવી પડશે અને તેના ઉપયોગનો સંદેશો ગામેગામ પહોંચડાવો જ પડશે. ગ્રામીણ લોકો જેમ પોતાના માટે રોટલી કે ભાત રાંધે છે તે રીતે પ્રત્યેક ગ્રામવાસી અંગત ઉપયોગ માટે પોતાની ખાદી બનાવે અને જો વધારાની ખાદી હોય તો તેઓ તેનું વેચાણ કરી શકે છે. (હરિજન, ૬-૭-૧૯૩૫)

**આપણી સમક્ષના પડકારોઃ**

ખાદી સામે કેટલાંક મોટા પડકારો છે. જેમ કે ખાદી દરેકને પોષાય તેવા સસ્તાં દરે કઈ રીતે બનાવી શકાય. ઉપરાંત ખાદીના પાયામાં રહેલા મૂળભૂત તત્ત્વો, જીવન દર્શન જેમ કે કારીગરનું ગૌરવ જળવાવવું જોઈએ. તેનું વિકેન્દ્રીયકરણ થવું જોઈએ. અહિંસા અને સાદાઈના ગુણો જળવાવા જોઈએ. ભારત આઝાદ થઈ ગયું છે, તેથી ખાદીની સાથે જોડાયેલી શક્તિશાળી અસરો જેમ કે સ્વાતંત્ર્ય માટેનો સંઘર્ષ અથવા સ્વદેશી ચળવળનો અભાવ છે. હાલમાં ખાદીએ તેના પોતાના જીવન દાર્શનિક પાયા ઉપર જ ઊભા રહેવાનું છે.

તેમાં કોઈ શંકા નથી કે ખાદી કે સુતરાઉ કાપડ પર્યાવરણને અનુકૂળ છે. આપણા હવામાનને અનુકૂળ છે. આપણા શરીર અને શરીરની ચામડીને માટે સારુ છે અને તે કુદરતી ઉત્પાદન છે. મિલમાં ઉત્પાદિત થતાં સુતરાઉ સહિત તમામ સુતરાઉ ઉત્પાદનને તે લાગુ પડે છે. પરંતુ તેના પરીક્ષણનાં જે માપદંડ છે તે ઉત્પાદન, વિતરણ અને ઉપયોગ રહેશે. ખાદી માટે તેનું ઉત્પાદન જ યોગ્ય ટેક્નૉલૉજી સાથે તેના ઉત્પાદકને માટે ઇકો-ફ્રેન્ડલી (પર્યાવરણીય મિત્ર) રહેશે. ઉત્પાદનમાં વિકેન્દ્રીયકરણ પદ્ધતિ અપનાવાથી સમગ્ર સમુદાયને આવકની વહેંચણીમાં મદદ કરશે અને સમુદાય પાસે પૈસા આપશે ત્યારે લોકોની ખરીદશક્તિમાં વધારો થઈ શકશે.

જો આપણે ટકાઉ અને ઇકો-ફ્રેન્ડલી વિકાસ ઇચ્છતા હોઈએ તો આપણી તમામ વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો પાયો ખાદી હોવો જોઈએ. ખાદી ચળવળ લોકોની ચળવળ બનવી જોઈએ. આપણે ખાદીને આપણો રાષ્ટ્રીય પોષાક પણ બનાવી શકીએ. લોકોના મગજ, વિચારો અને માનસિકતા મોટા ભાગે સર્જનાત્મક હોય છે. આપણે ખાદી માટે એવી માનસિકતા સર્જવી પડશે કે ખાદી આપણું પોતાનું કાપડ છે. ખાદીનો ઉપયોગ કરવાથી આપણે પ્રાચીન માનવજાતની અનેક કૌશલ્યતા પૈકી એકનું જતન કરીએ છીએ, તેવી માનસિકતા સર્જવી પડશે.

**એ. અન્નામલાઈ નવી દિલ્હી સ્થિત નેશનલ ગાંધી મ્યુઝિયમમાં નિયામક અને સચિવ છે. હાલમાં તેઓ ગાંધીજી દ્વારા લખાયેલા પુસ્તકોને ડિજીટાઈઝ કરવાની કામગીરી સંભાળે છે.**

Email: nationalgandhimuseam@gmail.com

# ભારતીય શણ ક્ષેત્રને પ્રોત્સાહન - જેપીએમ કાયદો

**સુબ્રતા ગુપ્તા**



*ભારતે તેનાથી એકદમ વિપરીત માર્ગ અપનાવ્યો છે. જેપીએમ કાયદો ઉદ્યોગને સહયોગ પૂરો પાડે છે. બાકી બધું અન્ય ઉત્પાદનો માટે છોડી દેવાયું છે. પરિણામે ઉદ્યોગ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વધુ ને વધુ કાયદા પર નિર્ભર બન્યો છે અને ભાવ નીતિએ તેની સ્પર્ધાત્મકતાને ખતમ કરી દીધી છે. તેથી જેપીએમ કાયદા દ્વારા પૂરા પડાતા રક્ષણથી આગળ નજર દોડાવવાની અને સેક્ટરના વિકાસ તથા સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. શણની મિલોના કામદારો અને ખેડૂતો માટે આવક વધારવાનો હેતુ વધુ સારી રીતે પૂરો થઈ શકે. જો શણના ઉત્પાદનોમાં મૂલ્યવર્ધન વધારવામાં આવે. ડાયવર્સિફિકેશન સાથે નવાં બજારોના સર્જનની તેમાં વ્યાપક સંભાવનાઓ રહેલી છે. ભારતીય શણ ઉદ્યોગ જેપીએમ કાયદાથી આગળ નહીં જૂએ અને પોતાને વૈશ્વિકસ્તરે સ્પર્ધાત્મક નહીં બનાવે ત્યાં સુધી તેનો વિકાસ શક્ય નથી !*

ભારતમાં કપાસ બાદ શણ બીજા ક્રમનું સૌથી મહત્ત્વનું કુદરતી ફાઈબર ઉત્પાદન છે. શણના કેટલાંક સામાજિક, આર્થિક અને પર્યાવરણ સંબંધિત લાભ પણ છે. તે કુદરતી રીતે બેક્ટેરિયા જેવા સજીવો દ્વારા વિઘટનક્ષમ (બાયોડિગ્રેડેબલ) ફાઈબર છે જેથી તે અનેક જગ્યાએ પ્રદૂષણ ફેલાવતા પ્લાસ્ટિકનો વિકલ્પ બની શકે છે. કૃષિ ક્ષેત્રે એકંદરે ભારે વરસાદવાળા વિસ્તારોમાં નીચાણવાળી જમીન પર રોકડિયો પાક લેવાનું મુશ્કેલ હોય ત્યાં ખેડૂતોને પુરક આવક પૂરી પાડે છે. દેશમાં અંદાજે ૪૦ લાખ ખેડૂતો શણની ખેતીમાં રોકાયેલા હોવાનું મનાય છે. શણના ફાઈબરની પ્રોસેસિંગ અને શણના માલના ઉત્પાદનથી અંદાજે અન્ય ૩.૫ લાખ લોકોને રોજગારી મળે છે. અપેક્ષાકૃત શણ પૂર્વીય અને ઉત્તર-પૂર્વીય રાજ્યોના અર્થ તંત્રમાં કૃષિ અને ઔદ્યોગિક બંને ક્ષેત્રમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. છેલ્લાં ૨૦૦ વર્ષથી શણ ઉપયોગી કુદરતી ફાઈબર સાબિત થયું છે. તેની મજબૂતાઈના કારણે પૅકેજિંગ મટીરિયલ્સ અને દોરડાના ઉત્પાદનમાં તે ખૂબ જ ઉપયોગી છે. શણના રેસા કપાસ કરતાં બરછટ હોવાના કારણે કપડાં બનાવવા માટે તે યોગ્ય હોવાનું મનાતું નથી, તેથી મુખ્યત્વે પૅકેજિંગમાં તેનો ઉપયોગ થાય છે. સિન્થેટિક ફાઈબરના આગમન સાથે પૅકેજિંગ મટીરિયલ તરીકે શણની લોકપ્રિયત ઘટી ગઈ. તેનું મુખ્ય કારણ એ હતું કે સિન્થેટિક ફાઈબર શણ કરતાં સસ્તાં છે અને ચોક્કસ જરૂરિયાત મુજબ તેનું ઉત્પાદન થઈ શકે છે. પાછળથી પર્યાવરણ સંબંધિત ચિંતાઓના કારણે અન્ય કુદરતી ફાઈબર્સ સાથે શણે પુનરાગમન કર્યું છે. વધુ સસ્તાં પ્લાસ્ટિક પૅકેજિંગ મટીરિયલ્સે શણને બજારમાંથી બહાર ફેંકી દીધું હતું અને સિમેન્ટ અને ખાતર જેવી કોમોડિટિઝના ઉત્પાદકો તેમનાં પૅકેજિંગ મટીરિયલ્સ માટે શણમાંથી પ્લાસ્ટિક તરફ વળ્યા હતા.

શણની મિલો અને ખેડૂતોને ટકાવવા માટે સક્ષમ શણનાં અન્ય ઉત્પાદનોની ગેરહાજરીમાં કાયદાની મદદથી શણના સૌથી મહત્ત્વના ઉત્પાદન એવા શણની ગૂણોની માગ ઊભી કરવામાં આવી હતી.

ધ જ્યૂટ પૅકેજિંગ મટીરિયલ્સ ઍક્ટ (શણ પૅકેજિંગ મટીરિયલ્સ કાયદો) - પ્રોત્સાહક કે અવરોધક ?

૧૧મી મે ૧૯૮૭ના રોજ ધ જ્યૂટ પૅકેજિંગ મટીરિયલ્સ (પૅકેજિંગ કોમોડિટિઝમાં ફરજિયાત ઉપયોગ) ઍક્ટ, ૧૯૮૭નું જાહેરનામું બહાર પડાયું હતું. આ કાયદા મારફત પ્રત્યેક વર્ષે સરકારે ચોક્કસ કોમોડિટિઝ માટે પૅકેજિંગ મટીરિયલ્સ તરીકે શણનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો છે. આ


કાયદાએ છેલ્લાં ત્રણ દાયકામાં ભારતમાં શણ ઉદ્યોગને અસાધારણ સહયોગ પૂરો પાડ્યો છે.


બાંગ્લાદેશ - શણનું ઉત્પાદન કરતો બીજો એક દેશ છે, જ્યાં હમણાં સુધી શણને સમાન પ્રકારનું રક્ષણ પૂરું પાડવામાં આવ્યું નહોતું. ધ મેન્ડેટરી જ્યૂટ પૅકેજિંગ મટીરિયલ ઍક્ટ, ૨૦૧૦ બાંગ્લાદેશમાં ૧૨મી ઑક્ટોબર ૨૦૧૦ના રોજ અમલમાં આવ્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૧૨થી આ કાયદો અસરકારક બન્યો હતો. એક અહેવાલ મુજબ ૨૦૧૪ના અંત સુધી તેનો વાસ્તવિક અમલ થઈ શક્યો નહોતો. ભારત કરતાં વિપરીત બાંગ્લાદેશ સરકાર પૅકેજિંગ કોમોડિટિઝ માટે શણની ગૂણો સીધી જ ખરીદતી નથી. તેનો સહયોગ પરોક્ષ હોય છે. તે શણ પૅકેજિંગ મટીરિયલના ઉપયોગ માટે વપરાશકારોની જરૂરિયાતના સ્વરૂપમાં હોય છે. આ બાબત એના પર ભાર મૂકે છે, કે બાંગ્લાદેશ શણ ક્ષેત્રના રક્ષણમાં કાયદાની અસરકારકતા શણના પૅકેજિંગના ઉપયોગ માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવાની સરકારની ક્ષમતા પર આધારિત છે.

ભારતમાં હાલમાં અનાજ અને ખાંડ માટે શણની ગૂણોમાં પૅકિંગ થાય છે. અનાજના પૅકેજિંગ માટે જરૂરી જથ્થાબંધ ગૂણો સરકાર સીધી જ શણની મિલો પાસેથી ખરીદે છે. નીચે એક ટેબલ આપવામાં આવ્યું છે, જે છેલ્લાં દાયકા(વર્ષ ૨૦૦૬-૦૭થી ૨૦૧૫-૧૬)માં શણના કુલ ઉત્પાદન સામે અનાજના ફરજિયાત પૅકેજિંગમાં શણની ગૂણોના સરેરાશ ઉપયોગ અને શણના કુલ કાચાના ફરજિયાત પૅકેજિંગમાં રૉ જ્યૂટના ઉપયોગની દૃષ્ટિએ જેપીએમ કાયદાએ કેટલું રક્ષણ પૂરું પાડ્યું તે દર્શાવે છે.

| વર્ષ | શણનું કુલ રૉ ઉત્પાદન ('૦૦૦ એમટી) | શણના માલનું કુલ ઉત્પાદન ('૦૦૦ એમટી) | સરકાર એ/સી. પર કુલ જરૂરિયાત (બી-ટ્વીલ) ('૦૦૦ એમટી) | બી-ટ્વીલથી શણના માલના કુલ ઉત્પાદનની ટકાવારી * | બી-ટ્વીલથી શણના રૉ ઉત્પાદનમાં શણની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૮૦૦.૦ | ૧૩૫૬.૩ | ૪૦૦.૭ | ૨૯.૫% | ૨૨.૩% |
| ૨૦૦૭-૦૮ | ૧૭૮૨.૦ | ૧૭૭૬.૦ | ૫૫૭.૯ | ૩૧.૪% | ૩૧.૩% |
| ૨૦૦૮-૦૯ | ૧૪૭૬.૦ | ૧૬૩૩.૭ | ૫૭૨.૨ | ૩૫.૦% | ૩૮.૮% |
| ૨૦૦૯-૧૦ | ૧૬૨૦.૦ | ૧૩૨૩.૩ | ૫૩૦.૭ | ૪૦.૧% | ૩૨.૮% |
| ૨૦૧૦-૧૧ | ૧૮૦૦.૦ | ૧૫૬૫.૭ | ૬૮૮.૬ | ૪૪.૦% | ૩૮.૩% |
| ૨૦૧૧-૧૨ | ૧૮૪૫.૦ | ૧૫૮૨.૪ | ૮૬૪.૨ | ૫૪.૬% | ૪૬.૮% |
| ૨૦૧૨-૧૩ | ૧૬૭૪.૦ | ૧૫૯૧.૫ | ૮૮૪.૧ | ૫૫.૬% | ૫૨.૮% |
| ૨૦૧૩-૧૪ | ૧૭૮૨.૦ | ૧૫૨૭.૭ | ૭૭૮.૧ | ૫૦.૯% | ૪૩.૭% |
| ૨૦૧૪-૧૫ | ૧૨૯૬.૦ | ૧૨૬૭.૧ | ૭૨૭.૫ | ૫૭.૪% | ૫૬.૧% |
| ૨૦૧૫-૧૬ | ૧૪૪૦.૦ | ૧૨૧૭.૨ | ૮૨૯.૦ | ૬૮.૧% | ૫૭.૬% |

★ નોંધ : અહીં બી-ટ્વીલ સરકાર દ્વારા પ્રત્યક્ષ ખરીદવામાં આવેલી ગૂણોનો ઉલ્લેખ કરે છે.




અનાજ અને ખાંડ - બંને માટે ૧૦૦ ટકા ફરજિયાત પૅકેજિંગ માટે શણની માગ સાતત્યપૂર્ણ રહી હોવા છતાં હકીકત એ છે કે છેલ્લાં દાયકામાં માત્ર અનામતના માર્ગે ખરીદવામાં આવતા જથ્થાનું ઉત્પાદન જ વધ્યું છે. વર્ષ ૨૦૦૬-૦૭માં સરકાર

દ્વારા બી-ટ્વીલની ૪ લાખ એમટીની ખરીદી સામે ૨૦૧૫-૧૬માં ૮.૩ લાખ એમટી બી-ટ્વીલ ગૂણોની ખરીદી કરાઈ હતી, જે એક દાયકામાં ૧૦૭ ટકાનો વધારો દર્શાવે છે. સમાન સમય દરમિયાન રૉ શણનું ઉત્પાદન ૧૮ લાખ એમટીથી ઘટીને ૧૪.૪ લાખ એમટી થઈ ગયું છે. સરકાર દ્વારા રૉ શણના ઉપયોગની દૃષ્ટિએ અસરકારક સંરક્ષણ સમાન સમય દરમિયાન ૨૨.૩ ટકાથી વધીને ૫૭.૬ ટકા થઈ ગયું છે. સરકાર દ્વારા સમાન સમય દરમિયાન ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત શણના બધા જ માલની બી-ટ્વીલ ખરીદી ૨૯.૫ ટકાથી વધીને ૬૮.૧ ટકા થઈ ગઈ છે. નીચેનો ગ્રાફ દર્શાવે છે કે છેલ્લાં વર્ષોમાં અસરકારક અનામતમાં કેવી રીતે વધારો થયો છે.

સંરક્ષણના આ સમય દરમિયાન એવી આશા હતી કે ભારતીય શણ ઉદ્યોગ ડાયવર્સિફાઈ થશે, નવાં ઉત્પાદનો વિકસાવશે અને નવાં બજારો પેદાં કરશે. તેનાથી વિપરીત ઉદ્યોગ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વધુ ને વધુ પ્રમાણમાં જેપીએમ કાયદા પર નિર્ભર રહેવા લાગ્યો. ઉદ્યોગે સ્થાનિક અને નિકાસ બંને ખાનગી બજારોમાં તેની ક્ષમતા ગુમાવી દીધી છે. હાલમાં ઉદ્યોગ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અનાજના પૅકેજિંગ માટે વપરાતી બી-ટ્વીલ ગૂણો અને સરકાર જેવા એક જ ખરીદદાર પર નિર્ભર થઈ ગયો છે. બાંગ્લાદેશના શણ ઉદ્યોગની સરખામણીમાં ભારતીય શણ ઉદ્યોગમાં સ્પર્ધાત્મકતાના અભાવનું આ સંરક્ષણ એક આંશિક કારણ છે. એ સ્પષ્ટ છે કે જેપીએમ કાયદાએ ભારતીય શણ ઉદ્યોગને યોગ્ય રીતે ડાયવર્સિફાઈ થવા પ્રોત્સાહન આપ્યું નથી. નવાં ઉત્પાદનો વિકસાવવાં અને નવું બજાર પેદા કરવાનું પ્રમાણ હજી પણ એકદમ પાયાના સ્તર પર છે.

બાંગ્લાદેશમાં શણ ઉદ્યોગ બજારનાં પરિબળો પર ખુલ્લો પડ્યો હતો. આથી, રૉ જ્યૂટનાં ઉત્પાદન અને નિકાસની દૃષ્ટિએ ભારત કરતાં બાંગ્લાદેશના શણ ઉદ્યોગે ખૂબ જ સારો દેખાવ કર્યો છે. નીચેનું ટેબલ વર્ષ ૨૦૦૮-૦૯થી ભારત અને બાંગ્લાદેશમાં શણનાં રૉ ઉત્પાદન અને પ્રત્યેક દેશમાંથી શણના માલ(ચલણ સંબંધિત વર્ષના સરેરાશ વિનિમય દરના આધારે ભારતીય રૂપિયા સમકક્ષ રૂપાંતરિત કરાયું છે)ની નિકાસ સરખામણી રજૂ કરે છે. એક બાબત સ્પષ્ટ છે કે ભારતીય શણ ઉદ્યોગને સરકાર દ્વારા સંરક્ષણ અપાયું હોવા છતાં રૉ શણનું ઉત્પાદન ઘટ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં ઉત્પાદન વધ્યું છે. નિકાસ મોરચે પણ બાંગ્લાદેશે ભારત કરતાં ઘણો સારો સાતત્યપૂર્ણ દેખાવ કર્યો છે. ભારતમાં ૧૭૩૦૯ મિલિયન રૂપિયાની સરખામણીમાં તેણે વાર્ષિક ૮૮૭૮૭ મિલિયન રૂપિયાની નિકાસ કરી છે.

શણની ભારતીય મિલો વિદેશી બજારોમાં કોઈ નોંધપાત્ર છાપ છોડી શકી નથી ત્યારે બીજી બાજુ બાંગ્લાદેશમાંથી સસ્તી આયાતના પગલે તેણે સ્થાનિક બજારમાં પણ તેની સ્થિરતા ગુમાવી છે. બાંગ્લાદેશ સરકાર દ્વારા અપનાવવામાં આવેલી નીતિઓ, બાંગ્લાદેશમાં ચોક્કસ આંતરિક ખર્ચ લાભ અને ભારતીય ઉત્પાદકોના એકંદરે મંદ પ્રયાસોના કારણે ભારતીય શણ ઉદ્યોગે મોટા સ્પર્ધકની સરખામણીમાં તેની સ્પર્ધાત્મકતા પણ ગુમાવી છે. બાંગ્લાદેશમાં શણની મિલોને એકંદરે ૧૫થી ૨૦ ટકા જેટલો ખર્ચ લાભ મળતો હોવાનું નોંધાયું છે. બાંગ્લાદેશમાં ભથ્થાં ભારતની સરખામણીમાં અંદાજે ૩૦ ટકા જેટલા ઓછા છે અને વીજ દર પણ ૩૫ ટકા જેટલો નીચો છે. શણના માલ પર ૧૦ ટકા નિકાસ સબસિડી (યાર્ન પર ૭.૫ ટકા) સાથે બાંગ્લાદેશ બધાં જ વિદેશી બજારોમાં ભાવની દૃષ્ટિએ ભારતને બહાર ફેંકી દેવા સક્ષમ છે. જો કે, ભારતમાં પણ

**ભારત અને બાંગ્લાદેશ : શણના માલનું ઉત્પાદન અને નિકાસ**

| | *રૉ શણનું ઉત્પાદન ('૦૦૦ ગાંસડી)* | | *કુલ નિકાસ (મિલિયન રૂપિયાંમાં)* | |
|---|---|---|---|---|
| **વર્ષ** | **ભારત** | **બાંગ્લાદેશ** | **ભારત** | **બાંગ્લાદેશ** |
| ૨૦૦૮-૦૯ | ૮૨૦૦ | ૫૧૭૨ | ૧૨૧૬૧.૬ | ૫૬૦૪૫.૮ |
| ૨૦૦૯-૧૦ | ૯૦૦૦ | ૫૯૪૫ | ૮૫૯૪.૬ | એનએ |
| ૨૦૧૦-૧૧ | ૧૦૦૦૦ | ૭૮૦૩ | ૧૮૫૪૧.૫ | ૯૦૯૪૬.૦ |
| ૨૦૧૧-૧૨ | ૧૦૨૫૦ | ૭૪૦૫ | ૨૦૯૪૯.૬ | ૮૧૯૪૧.૪ |
| ૨૦૧૨-૧૩ | ૯૩૦૦ | ૭૫૭૨ | ૧૯૯૧૮.૦ | ૯૬૫૭૮.૭ |
| ૨૦૧૩-૧૪ | ૯૦૦૦ | ૮૦૦૦ | ૨૧૨૧૯.૫ | ૮૯૧૭૨.૭ |
| ૨૦૧૪-૧૫ | ૭૨૦૦ | એનએ | ૧૮૧૩૮.૧ | ૯૭૨૯૫.૯ |
| ૨૦૧૫-૧૬ | ૬૫૦૦ | એનએ | ૧૮૮૯૩.૯ | ૧૦૯૫૬૫.૫ |

રૉ જ્યૂટ ઉત્પાદન (ભારત) : જ્યૂટ એડવાઈઝરી બોર્ડ

રૉ જ્યૂટ ઉત્પાદન (બાંગ્લાદેશ) : એફએઓ

નિકાસ (ભારત) : ડીજીસીઆઈ ઍન્ડ એસ, કોલકતા

નિકાસ (બાંગ્લાદેશ) : એક્સપોર્ટ પ્રમોશન બ્યૂરો ઑફ બાંગ્લાદેશ (www.eub.gov.bd)

બાંગ્લાદેશમાંથી આયાત થતા શણના માલ પર શૂન્ય આયાત જકાતનો અર્થ છે કે ભારતીય બજારમાંથી ભારતીય શણના માલનું સ્થાન સ્થિરતાપૂર્વક બાંગ્લાદેશની આયાતો લઈ રહી છે. પશુચારા (કૅટલ ફીડ) અને મરઘાં ઉદ્યોગ (પોલ્ટ્રી ઈન્ડસ્ટ્રી) શણની ગૂણોના મોટા ગ્રાહકો છે અને તેઓ સંપૂર્ણપણે નિકાસ તરફ વળ્યા હોવાનું મનાય છે. બાંગ્લાદેશમાંથી સસ્તી આયાતોના કારણે તાજેતરના મહિનાઓમાં આંધ્ર પ્રદેશમાં ટ્વાઇન મિલ્સ બંધ થઈ ગઈ છે.

**ફાઈબર અને ફેબ્રિક્સમાં સુધારો**

ભારતીય શણ ઉદ્યોગથી અંતર જાળવવાનું એક મહત્ત્વપૂર્ણ કારણ ભારતમાં ઉત્પાદિત શણના રેસાની ગુણવત્તા છે. સરેરાશ ગુણવત્તાથી લઈને સરેરાશ ગુણવત્તાથી નીચા (ટીડી-૫થી ટીડી-૮) સ્તરે તેનું ઉત્પાદન થાય છે, જે કુલ ઉત્પાદનના બે તૃતીયાંશ કરતાં પણ વધુ ભાગ છે. આ ગુણવત્તાના રેસાનો ઉપયોગ મુખ્યત્વે બરછટ યાર્ન બનાવવામાં થાય છે, જે બી-ટ્વીલ ગૂણો જેવા બરછટ ફેબ્રિક્સના વણાટ માટે યોગ્ય છે. અહીં એવી દલીલ કરાય છે કે ભારત બરછટ રેસાનું ઉત્પાદન કરતું હોવાથી શણની મિલો ગુણોનું ઉત્પાદન કરવાથી દૂર રહી છે અને સરકાર આ ગૂણો માટે બજાર પૂરું પાડે છે. આ તર્ક સંપૂર્ણપણે ખોટો છે. ખેડૂતોને વધુ સારી ગુણવત્તાના ફાઈબર પૂરાં પાડવાં માટે કોઈ પ્રોત્સાહનો અપાતાં નથી તો ઉચ્ચ ગુણવત્તાનાં ફાઈબર માટે પર્યાપ્ત માગ નથી. મોટા ભાગે સરેરાશ ગુણવત્તા અથવા સરેરાશ કરતાં નીચી ગુણવત્તાના રેસા માટેની જથ્થાબંધ માંગ હોવાથી ખેડૂતો વધુ કાળજી રાખવા માટે આતુર થતા નથી અને તેઓ વધુ સારી ગુણવત્તાના ફાઈબરના ઉત્પાદન માટે કોઈ પ્રયાસો કરતા નથી.

શણને પ્રોત્સાહન આપવા માટેનો પડકાર હાઈ ઍન્ડ ઉત્પાદનો માટે મૂલ્યવર્ધન સાથે શણના રેસાના પ્રોસેસિંગમાં છે. એક બાજુ શણના ફાઈબરની ગુણવત્તામાં સુધારાની હાકલ કરાઈ છે, તો બીજી બાજુ વધુ સારી ગુણવત્તાના યાર્નના ઉત્પાદન માટે પ્રોસેસિંગ લાઇનમાં પણ સુધારો જરૂરી છે અને તે જ રીતે વસ્તુઓના ઉત્પાદન માટે સારી ગુણવત્તાનું ફેબ્રિક જરૂરી છે. શણના અર્થતંત્રમાં આ પરિવર્તન ખેડૂતોને તેમના રેસા માટે વધુ સારા ભાવ અપાવશે અને કામદારોને મૂલ્યવર્ધિત પ્રીમિયમ ઉત્પાદનોમાંથી વધુ નફો / ભથ્થાં મળશે.

ઉચ્ચ ગુણવત્તાના ફાઈબરના ઉત્પાદન માટે ખેડૂતોને પ્રમાણિત બિયારણના ઉપયોગ, એક સમાન વાવેતર અને સમયસર લણણી જેવી વધુ સારી કૃષિ પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવા જરૂરી છે. પ્રસારણની વર્તમાન પદ્ધતિ છોડના એક સમાન અને સ્વસ્થ વિકાસને પ્રોત્સાહન આપતી નથી. સમયસર ખાતર અને જંતુનાશકો મળે તે પણ આવશ્યક છે.

ફાઈબરના ઉત્પાદનમાં સૌથી મહત્ત્વનું પગલું રેસા ખેંચવા માટે શણના આખા છોડનું રેટિંગ છે. ગ્રામીણ ભારતમાં પાણીના મર્યાદિત સ્રોતની માંગ વધવા સાથે શણના રેટિંગ માટે ગુણવત્તાયુક્ત પાણીની ઉપલબ્ધતા પણ ઘટી છે. આથી ખેડૂતો બેદરકારીથી રસ્તાની બાજુનાં નાળાંઓમાં શણનું રેટિંગ કરે છે. આ નાળાંઓ તીવ્ર જંતુઓવાળી પરિસ્થિતિમાં ગંદાં અને કાદવવાળાં પાણીથી ખદબદતાં હોય છે. પરિણામે સરેરાશથી સરેરાશ કરતાં ઓછી ગુણવત્તાના ફાઈબરનું ઉત્પાદન થાય છે, જે હાઈ ઍન્ડ ઉત્પાદનો માટે અનુકૂળ નથી.

જ્યૂટ-આઈસીએઆરઈ (જ્યૂટ : ઇમ્પ્રૂવ્ડ કલ્ટિવેશન ઍન્ડ ઍડવાન્સડ રેટિંગ એક્સરસાઈઝ) પ્રોજેક્ટ ૨૦૧૫માં શરૂ કરાયો હતો. ખેડૂતોને રાહત દરે પ્રમાણિત બિયારણ પૂરાં પાડવાં, એક સમાન વાવેતર માટે સીડ ડ્રીલ્સ, સમયાંતરણે નિંદણ કાપવા નેઈલ-વીડર્સ અને જળ મર્યાદિત સ્થિતિઓ હેઠળ કેટલીક નવી વિકસાવાયેલી રેટિંગ ટેક્નૉલૉજીસ પૂરી પાડીને આ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો આ પ્રોજેક્ટનો આશય છે.

રેટિંગની ત્રણ ટેક્નૉલૉજીસ ખૂબ જ સારું પરિણામ દર્શાવે છે. એકમાં રીબન્સ ખેંચવા છોડનું સુશોભન કરાય છે અને ત્યાર બાદ એન્ઝાઇમ્સના વિવિધ સંયોજન સાથે સિન્થેટિક ટેન્ક્સમાં રેટિંગ લઈ જવાય છે. આઈજેઆઈઆરએ અને જેસીઆઇના સહયોગમાં એન્ઝાઇમ્સના સૌથી મોટા ઉત્પાદક નોવોઝાઈમ્સે ખૂબ જ મર્યાદિત પાણીના જથ્થા અને કેટલાંક સપ્તાહના સમયમાં (૧૮-૨૨ દિવસના સામાન્ય રેટિંગ સમય સામે) રેટિંગ માટે આ એન્ઝાઇમ્સ પદ્ધતિ તૈયાર કરી છે.

બીજી ટેક્નૉલૉજી જ્યૂટ-આઈસીએઆરઈ હેઠળ પ્રાયોગિક તબક્કામાં છે, જેમાં પાણીના પરંપરાગત સ્રોતમાં ૧૦-૧૨ દિવસમાં જ આખા છોડના ઝડપી રેટિંગને પ્રોત્સાહન આપવા માટે કુદરતી વાતાવરણમાં બેક્ટેરિયાના એક જૂથનો

ઉપયોગ કરવામાં આવે છે. ત્રીજી ટેક્નૉલૉજી આઈજેઆઈઆરએ દ્વારા ટ્રાયલ હેઠળ છે, જેમાં સમાન હેતુ માટે વિવિધ માઇક્રોબ્સના જૂથનો ઉપયોગ કરાય છે. આ બંને ટેક્નૉલૉજી ખેડૂતો સરળતાથી અપનાવી શકશે, કારણ કે તે વર્તમાન પરંપરાગત રેટિંગ પદ્ધતિની નજીક છે. આ ટેક્નૉલૉજીસ રેટિંગનો સમય ઘટાડવા ઉપરાંત ફાઈબરના ગ્રેડ્સમાં ૧થી ૧.૫ ગ્રેડ્સનો સુધારાની ખાતરી આપશે.

એકંદરે વધુ સારી કૃષિ પદ્ધતિ અને સુધારેલી રેટિંગ ટેક્નૉલૉજીથી ઉત્પાદકતામાં ૧૫ ટકા જેટલો વધારો થવાની સંભાવના છે, જે વૈવિધ્યમાં પણ સુધારો લાવે તેવી સંભાવના છે. પરિણામે ખેડૂતોની આવક ૨૫ ટકા જેટલી વધી શકે છે.

શણના ફાઈબર્સના સરેરાશ અને સરેરાશ કરતાં નીચા ગ્રેડ્સથી વધુ સારા ગ્રેડ તરફ આગળ વધવા માટે ફાઈન યાર્ન અને હાઈ વેલ્યૂના ફેબ્રિક્સના ઉત્પાદન માટે શણના ફાઈબરના પ્રોસેસિંગમાં વપરાતી મશીનરીઝમાં પણ સુધારો જરૂરી છે. શણની મિલોમાં જે મશીનરીઝનો ઉપયોગ થાય છે, તેની ટેક્નૉલૉજીનું સ્તર બ્રિટિશ યુગના સમયનું છે. જ્યૂટ ટેક્નૉલૉજી મિશનના સહયોગથી તાજેતરમાં રજૂ કરાયેલી લેટેસ્ટ મશીનરીઝમાંની ટેક્નૉલૉજી પણ ૧૯૮૦ના દાયકાના સમયની છે.

ટેક્સ્ટાઈલ ક્ષેત્ર લેટેસ્ટ ડેવલપમેન્ટના ભાગરૂપે ભારતમાં કપાસ અને સિન્થેટિક્સ જેવાં અન્ય ફાઈબર્સના અર્થતંત્રથી આગળ વધ્યું છે, જેણે હજી શણના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો નથી. અન્ય ફાઈબર્સ માટે વિકસાવવામાં આવેલી ટેક્નૉલૉજીસનો લાભ લઈને જ્યૂટ પ્રોસેસિંગ મશીનરીઝ વિકસાવવાની તૈયારીઓ ચાલી રહી છે. વધુ આધુનિક મશીન્સ અને વધુ ગુણવત્તાના ફાઇનર જ્યૂટ ફાઈબર્સની ઉપલબ્ધતા સાથે મિલો વધુ સારા યાર્નના ઉત્પાદન માટે પ્રોત્સાહિત થશે, જે હાઈ વેલ્યૂ ઉત્પાદનો માટે પ્રારંભિક મટીરિયલની આવશ્યકતા છે.

આ આધુનિક ઉત્પાદન લાઈન્સ માત્ર ડાઉન સ્ટ્રીમ ઉદ્યોગ અને ગ્રાહકોની જરૂરિયાતો મુજબ સારી ગુણવત્તાના ફેબ્રિક્સના ઉત્પાદનમાં ઉદ્યોગને મદદરૂપ નહીં થયા, પરંતુ કામદારોની ઉત્પાદકતા સુધારવામાં પણ મદદરૂપ થશે.

**ઉત્પાદનો અને સંભાવનાઓ - અનંત**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં મિશ્ર ફેબ્રિક્સ સહિત જ્યૂટ ફાઈબર યાર્ન અને ફેબ્રિક્સનો ઉપયોગ કરતાં બિનપરંપરાગત અને મૂલ્યવર્ધિત ઉત્પાદનો વિકસ્યાં છે. આ ઉત્પાદનોમાં શણની હેન્ડ બૅગ્સ / શૉપિંગ બૅગ્સ, સોફ્ટ લગેજ, ફૂટવેર, 'ફ્લાવર બકેટ્સ' જેવી શણની સુશોભિત વસ્તુઓ, શણનાં ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે. દીવાલ પરના નકશીદાર કાપડ અને ફર્નિશિંગ્સના ઉત્પાદનમાં પણ શણનો ઉપયોગ થાય છે. હાથવણાટના કામળા સહિત જ્યૂટ ફ્લૉર કવરિંગ્સ અને કાર્પેટ્સ પણ પશ્ચિમ અને મધ્ય-પૂર્વના દેશોમાં વિશેષ લોકપ્રિય છે.

વધુમાં શણના વેસ્ટમાંથી હાથ બનાવટના કાગળ, ડાઇનિંગ ટેબલ એસેસરીઝ, ટેબલ મેટ્સ, કુશન કવર્સ અને મેટ્રેસિસ, ટીવી કવર જેવી બેડરૂમ / ડ્રૉઈંગ રૂમની એસેસરીઝ, પેન સ્ટૅન્ડ, સ્ટેશનરી ટ્રે, ફાઇલ કવર અને કૅલેન્ડર્સ જેવી ઑફિસ સ્ટેશનરી જેવી વસ્તુઓ પણ લોકપ્રિય બની રહી છે. પર્યાવરણ અંગે જાગ્રત લોકો થોડાક વધુ નાણાં ચૂકવવાં તૈયાર છે અને તેમનાંમાં સિન્થેટિક ઉત્પાદનોના વિકલ્પ તરીકે શણના ઉત્પાદનનો ઉપયોગ વધી રહ્યો છે. બૅગ્સ, ઘર-સુશોભન, એસેસરીઝ વગેરે સહિત જ્યૂટ ડાયવર્સિફાઈડ ઉત્પાદનોનું નાનું સેગ્મેન્ટ શણની ખેતી પર નિર્ભર લોકો ખાસ કરીને મહિલાઓને સ્વ-રોજગારીની તક પૂરી પાડે છે. આ મહિલાઓએ સ્વ-સહાય જૂથો પણ બનાવ્યાં છે.

હેરરોડ્સ, સાલ્વાટોર ફેર્રાગામો, માર્ક્સ ઍન્ડ સ્પેન્સર અને આઈકેઈએ જેવી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત બ્રાન્ડ્સ શણ અને શણ મિશ્રિત ફેબ્રિક્સના ઉત્પાદનોનું વેચાણ કરે છે. ઈકૉનૉમિક સેક્ટર તેમ જ વોલમાર્ટ અને કેરફોર તથા ટેસ્કો, એએસડીએ, વૅટ્રોસ અને સેન્સબરીસ જેવા જાણીતા બ્રિટિશ હાઈપર માર્કેટ્સ અને શૉપિંગ ચેઈન્સમાં પણ શણની શોપિંગ બૅગ્સનું વ્યાપક સ્તર પર વેચાણ થઈ રહ્યું છે. તેથી ગ્રાહકોના બદલાતા વલણ મુજબ શણનાં ઉત્પાદનોમાં વધુ ને વધુ ડિઝાઇન્સ બનાવવી જોઈએ અને પશ્ચિમી બજારોમાં સારી ગુણવત્તા અને વૈવિધ્યપૂર્ણ ઉત્પાદનો પૂરા પાડવાં જોઈએ. ગ્લોસ્ટર લાઈફસ્ટાઈલ, એન્જેસ, ક્લબ, આર્બર, બેલીફેબ્સ જેવી ભારતીય બ્રાન્ડ્સે આ ત્રણે બજારોમાં પ્રવેશ કર્યો છે.

વણાટના ફેબ્રિક્સ ઉપરાંત શણના ફાઈબરની બરછટ વેરાઈટીના ઉપયોગનું એક મહત્ત્વનું ક્ષેત્ર વણાટ સિવાયનું ટેક્સ્ટાઇલ સ્વરૂપ છે, જે ટેક્નિકલ ટેક્સ્ટાઇલ સેગ્મેન્ટનો ભાગ છે. વણાટ વિનાના જ્યૂટ ફેબ્રિક્સનો ઉપયોગ મુખ્યત્વે હોમ ઇન્સ્યુલેશન અને ઍર કન્ડિશનિંગ તથા ઑટોમોબાઈલ ઇન્ટિરિયર્સમાં થાય છે. વણાટ અને વણાટ વિનાના જ્યૂટ ફાઈબર્સ સાથે કોમ્પોસાઈટ મટીરિયલ્સ બિલ્ડિંગ કોમ્પોનન્ટ્સ, ઑટો ટ્રીમ્સ તેમ જ ફર્નિચર ઉદ્યોગમાં વિશેષરૂપે વિકસાવાયા છે.

બરછટ ફાઈબર્સનો ઉપયોગ વણાટ વિનાના અને વણાટવાળા જૂથ જીઓ-ટેક્સ્ટાઇલ (જેજીટી)માં પણ થાય છે. આ એક નવીન ટેક્નિકલ ટેક્સ્ટાઇલ્સ છે, જે સિવિલ એન્જિનિયરિંગ એપ્લિકેશન્સની વિવિધતામાં માનવ સર્જિત (સિન્થેટિક) જીયોટેક્સ્ટાઇલ્સનું સ્થાન લઈ શકે છે. વિશેષરૂપે બનાવવામાં આવેલું આ ફેબ્રિક્સ જમીન સંબંધિત અનેક સમસ્યાઓનો ઉકેલ લાવવા ડિઝાઇન અને ઉત્પાદન કરાયું છે. તેનો ઉપયોગ માર્ગ બાંધકામ, નદીના પટના સંરક્ષણ, ઢોળાવના સંચાલન અને રેલવે ટ્રેક્સના બાંધકામમાં પણ થઈ શકે છે. ટેક્સ્ટાઇલ્સ મંત્રાલયે તેની ઇકો-ફ્રેન્ડલઇનેસ અને બાયોડિગ્રેડેબિલિટીની દૃષ્ટિએ સમગ્ર દેશમાં સિવિલ એન્જિનિયરિંગના કામમાં જ્યૂટ જીઓ-ટેક્સ્ટાઇલ્સ રજૂ કરવાનો નિર્ણય કર્યો છે.

જ્યૂટ જીઓ ટેક્સ્ટાઇલ નો ઉપયોગ વિવિધ ક્લાઈમેટિક અને જમીનની સ્થિતિમાં સમગ્ર દેશમાં ૨૧૦થી વધુ ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. તેનો હેતુ હાંસલ થઈ ગયા બાદ જેજીટીની બાયો-ડિગ્રેડિબિલિટી અન્ય પ્રકારના જીઓ ટેક્સ્ટાઇલ્સ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ લાભ અપાવશે. પર્યાવરણની જાળવણી માટે વૈશ્વિક ચિંતાના સંદર્ભમાં જેજીટી નીતિઓ ઘડનારાઓ અને સિવિલ એન્જિનિયરિંગમાં વિવિધ જિઓટેક્નિકલ સમસ્યાઓના ઉકેલ માટે એન્જિનિયર્સ માટે કુદરતી ફાઈબરની મજબૂતી દર્શાવશે.

**જેપીએમ કાયદાથી પણ આગળ નજર**

શણ માટે સંભાવનાઓ અનંત છે. ટેક્નૉલૉજીસ અને ઉત્પાદનો પણ વ્યાપક છે. વ્યાપક સ્તર પર આ ઉત્પાદનો માટે ઉદ્યોગ સાહસિક્તાની અછત છે, જે હાઈ વેલ્યૂ વસ્તુઓના ઉત્પાદન મારફત આવક વધારવાના ઊંચા સ્તર પર આ ક્ષેત્રને લઈ જઈ શકે છે. બાંગ્લાદેશનું ઉદાહરણ દર્શાવે છે કે તેમણે શણ ક્ષેત્રને તેની પોતાની રીતે વિકસવા સક્ષમ બનાવ્યું છે. તેની નીતિઓને કારણે રૉ જ્યૂટ ઉત્પાદન અને નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. બજાર માટે સ્પર્ધાએ બાંગ્લાદેશમાં શણ ઉદ્યોગને સ્પર્ધાત્મક બનાવ્યો છે. એક વખત ચોક્કસ સ્તર હાંસલ કરી લીધા બાદ બાંગ્લાદેશ સરકાર ફરજિયાત પૅકેજિંગ સ્વરૂપે તેની સહાયમાં આગળ આવી છે, જે ઉદ્યોગને જરૂરી સહાય પૂરી પાડે છે. આ સિવાય પણ શણની વ્યક્તિગત મિલો બજારમાં સ્પર્ધા લાવી છે.

ભારતે તેનાથી એકદમ વિપરિત માર્ગ અપનાવ્યો છે. જેપીએમ કાયદો ઉદ્યોગને સહયોગ પૂરો પાડે છે. બાકી બધું અન્ય ઉત્પાદનો માટે છોડી દેવાયું છે. પરિણામે ઉદ્યોગ તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વધુ ને વધુ કાયદા પર નિર્ભર બન્યો છે અને ભાવ નીતિએ તેની સ્પર્ધાત્મકતાને ખતમ કરી દીધી છે, તેથી જેપીએમ કાયદા દ્વારા પૂરાં પડાતા રક્ષણથી આગળ નજર દોડાવવાની અને સેક્ટરના વિકાસ તથા સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. શણની મિલોના કામદારો અને ખેડૂતો માટે આવક વધારવાનો હેતુ વધુ સારી રીતે પૂરો થઈ શકે, જો શણના ઉત્પાદનોમાં મૂલ્યવર્ધન વધારવામાં આવે. ડાયવર્સિફિકેશન સાથે નવાં બજારોના સર્જનની તેમાં વ્યાપક સંભાવનાઓ રહેલી છે. ભારતીય શણ ઉદ્યોગ જેપીએમ કાયદાથી આગળ નહીં જુએ અને પોતાને વૈશ્વિકસ્તરે સ્પર્ધાત્મક નહીં બનાવે ત્યાં સુધી તેનો વિકાસ શક્ય નથી. શણ ઉદ્યોગના આ પરિવર્તનના સમય દરમિયાન ઉદ્યોગના રક્ષણ માટે જેપીએમ કાયદો જરૂરી છે. પરંતુ શણ ઉદ્યોગને બચાવવા તેના આધુનિકીરણ અને ડાયવર્સિફિકેશન સાથે કાયદા હેઠળ અનામત ક્ષેત્રોમાં ક્રમશઃ ઘટાડો લાવવો જોઈએ. આ જેટલું જરૂર છે તેટલું જ તે વહેલા કરવાની પણ જરૂરી છે. વૈશ્વિક બજાર પર પ્રભુત્વ મેળવવા આગળ નજર દોડવતા સ્ટેક હોલ્ડર્સે ભારતીય શણ ઉત્પાદકોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવે અને ડાયવર્સિફિકેશન તથા આધુનિકરણને પ્રોત્સાહન આપે તેવા કોઈ મૉડેલ માટે લૉબી કરવાની જરૂર છે.

**સુબ્રતા ગુપ્તા ભારત સરકારના કાપડ મંત્રાલયમાં શણ કમિશ્નર છે.**
Email: subratagupta65@gmail.com

# ભારતમાં કાપડ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે 'કલસ્ટર' અભિગમનું વ્યૂહાત્મક મહત્ત્વ

**ડૉ. એ. કે. કૃષ્ણ કુમાર**



*ભારત કાપડ ઉદ્યોગમાં કેટલાંક સ્પર્ધાત્મક લાભ ધરાવે છે, જેમાં કપાસ, શણ, રેશમ અને ઊન જેવા કુદરતી રેસામાંથી વ્યાપક વૈવિધ્યના રેસા/દિશના ઉત્પાદનનો મજબૂત આધાર, પોલિટેસ્ટર, વિસ્કોર, નાયલોન અને એગ્રિલિક જેવા સિન્થેટિક/માનવ-સર્જિત રેસાના ઉત્પાદનનું માળખું; ઓછી મજૂરે એ મળતાં કામદારો, ઉત્પાદનનો નીચો ખર્ચ અને કાપડ ઉદ્યોગની તરફેણમાં સરકારી નિતિઓનો સમાવેશ થાય છે. કાપડ ઉદ્યોગમાં, તૈયાર કપડાનો વિભાગ સૌથી વધું 'વેલ્યુએન્ડશન'નો લાભ ધરાવે છે તેમ જ રોજગારીમાં પણ વધુ મોટો ફાળો આપે છે. તૈયાર કપડાનો વિભાગ મહિલાઓ માટે રોજગારીને પણ માફકસર અનૂકૂળ છે અને આમ સામાજિક ગતિશીલતા સુધારવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આ ઉદ્યોગની અંતર્ગત હાથસાળ, હસ્તકલા સાથેનું પ્રિન્ટેડ કાપડ, રેશમ વણાટ, રેશમી સાડીઓ જેવા વિશિષ્ટ વિભાગો પણ છે, જેના વિવિધ કલસ્ટર-ઝૂમખા - દેશભરમાં પથરાયેલાં છે.*

વિશ્વના કાપડ ઉદ્યોગ અને વ્યાપારના છેલ્લાં એક દાયકાના વિકાસ ઉપર 'મલ્ટિ-ફાઈલર' એરેન્જમેન્ટના ક્રમશ અંતનો ઘણો મોટો પ્રભાવ પડ્યો છે, જેમાં વિશ્વ વ્યાપારમાં પ્રત્યેક દેશ માટે કોટા નક્કી કરાયા હતા. આનાથી કાપડ અને તૈયાર કપડાના વેપારમાં સૂચક વધારો થયો છે અને ઓછા ઉત્પાદન ખર્ચ ખાસ કરીને ઓછી મજૂરીનાં કાપડ ઉત્પાદન-કેન્દ્રોમાં વેચાણમાં વિશેષ વધારો જોવા મળ્યો છે. મોટી બ્રાન્ડના ઉદ્યોગોએ એમનું ઉત્પાદન એશિયાના દેશોમાં કરાવવાનું શરૂ કર્યું હતું જ્યાં ઉત્પાદન ખર્ચ ઓછો હતો.

આ બધી ઘટનાઓનો કાપડ અને તૈયાર કપડાના ક્ષેત્રમાં વૈશ્વિક વેલ્યૂ ચેઇન ઉપર ઘણો પ્રભાવ પડયો હતો. અમેરિકા, યુરોપીયન યુનિયન, અને જાપાન જેવા વિકસિત દેશોએ આને પગલે પગલે 'હાઈ વેલ્યૂ'ના સ્તરે જેમ કે ડિઝાઈનીંગ, માર્કેટિંગ અને છૂટક વેચાણ ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું જ્યારે ચીન, ભારત, બાંગ્લાદેશ અને વિયેટનામ જેવા વિકસતા દેશોએ વેલ્યૂ ચેઇનના મેન્યુફેકચરિંગના હિસ્સા ઉપર લક્ષ કેન્દ્રિત કર્યું હતું. ૨૦૦૫માં કોટા સિસ્ટમ નાબૂદ થઈ એ પછી કાપડ અને કપડાનો વૈશ્વિક વ્યાપાર, જે ૨૦૦૪માં ૪૫૪ અબજ ડૉલર હતો એ ૨૦૧૩ સુધીમાં વધીને ૭૬૬ અબજ ડૉલર ઉપર પહોંચ્યો હતો. આજે વિકસતા અને ઓછા વિકસિત દેશોનો, કાપડ અને કપડાની વૈશ્વિક નિકાસમાંનો ફાળો લગભગ ૭૦ ટકા છે. વૈશ્વિક નિકાસમાંનો ફાળો લગભગ ૭૦ ટકા છે. વૈશ્વિક કાપડના વ્યાપારનું લગભગ ૭૫ ટકા બજાર યુરોપ, અમેરિકા, ચીન અને જાપાનમાં વિકસ્યું છે. (કાપડ અને કપડાની વૈશ્વિક નિકાસમાં દેશ વાર ટકાવારી આકૃતિ ૧ અને આકૃતિ ૨)

ભવિષ્યનું વિચારીએ તો વૈશ્વિક કાપડ વ્યાપારમાં દર વર્ષે ઓછામાં ઓછા ૭ ટકાનો વધારો થવાની ધારણા છે અને ૨૦૨૫ સુધીમાં એનો એકડો ૧૬૦૦ ડૉલર ઉપર પહોંચશે એવી ગણતરી છે. આમાં તૈયાર કપડાંના વેપારનો વૃદ્ધિ દર વધુ ઊંચો રહેશે અને એથી વિકસતા અને ઓછા વિકસિત દેશોને એમની નિકાસ વધારવા અને એના વધુ દામ મેળવવા માટે વેલ્યૂએડિશન માટે વિપુલ તકો પ્રાપ્ત થશે.

### ભારતનું કાપડ ક્ષેત્ર

ભારત કાપડના વેપારમાં એના નોંધપાત્ર ફાળાને પ્રતાવે વૈશ્વિક કાપડ બજારમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. આમાં

એનાં કુદરતી સાધનોનું ઊંચું સ્તર અને વિશાળ અપ-સ્ટીમ કેપેસિટી મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેની નીચેની હકીકતો પુષ્ટિ કરે છે :

(૧) રેશમ અને કપાસ સૂતરનું વિશ્વનું બીજું સૌથી મોટું ઉત્પાદક

(૨) વિશ્વમાં કાપડના ઉત્પાદનમાં બીજું સ્થાન

(૩) વિશ્વમાં સાળની સૌથી મોટી શક્તિ-સંખ્યા, જે વૈશ્વિક બજારનો ૬૩ ટકા હિસ્સો ધરાવે છે.

(૪) વિશ્વની ત્રાકોમાં ૨૪ ટકા અને રોટરમાં ૮ ટકાનો હિસ્સો

(૫) પ્રમાણમાં ઓછી ખર્ચાળ-સસ્તી કુશળ માનવ-શક્તિ તથા કાપડ ક્ષેત્રે લઘુ અને મધ્યમ કદનાં ઔદ્યોગિક સાહસોને સરકારી સબસિડીનો સ્પર્ધાત્મક ફાયદો.

ઘરેલું કાપડ અને તૈયાર કપડાંના ઉદ્યોગના એકધારા વિકાસને ધ્યાનમાં લેતાં એનું ઉત્પાદન જે ૨૦૧૩-૧૪માં ૯૯ અબજ ડૉલરનું હતું એ ૨૦૨૨-૨૩માં વધીને ૨૨૩ અબજ ડૉલર ઉપર પહોંચવાની ગણતરી છે. કાપડ અને કપડાંની નિકાસ સમાન ગાળામાં ૪૦ અબજ ડૉલરથી વધીને ૨૨૦ અબજ ડૉલર થવાની ધારણા છે. તૈયાર કપડાંની નિકાસ ભારતમાંથી કાપડની કુલ નિકાસમાં લગભગ ૪૦ ટકાનો ફાળો આવે છે.

ભારતના અર્થતંત્રમાં કાપડ ઉદ્યોગનું મહત્ત્વ ઘણું જ છે, જે નીચેની હકીકતો ઉપરથી છત્તું થાય છે :

(૧) દેશની નિકાસની કુલ કમાણીમાં ૧૩ ટકા હિસ્સો

(૨) કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૪ ટકાનો ફાળો

(૩) રોજગારી ક્ષેત્રે ખેતી પછી સૌથી વધુ રોજી કાપડ ક્ષેત્ર પૂરી પાડે છે, જે ૪.૫ કરોડ લોકોની સીધી રોજી પૂરી પાડે છે.

(૪) કુલ ઘરેલું ઉત્પાદનમાં ૪ ટકા હિસ્સો

**સ્પર્ધાત્મક લાભ**

ભારત કાપડ ઉદ્યોગમાં કેટલાંક સ્પર્ધાત્મક લાભ ધરાવે છે જેમાં કપાસ, શણ, રેશમ અને ઊન જેવા કુદરતી રેસામાંથી વ્યાપક વૈવિધ્યના રેસા/દેશના ઉત્પાદનનો મજબૂત આધાર, પોલિયેસ્ટર, વિસ્કોર, નાયલોન અને એક્રિલિક જેવા સિન્થેટિક/માનવ-સર્જિત રેસાના ઉત્પાદનનું માળખું; ઓછી મજૂરે એ મળતા કામદારો, ઉત્પાદનનો નીચો ખર્ચ અને કાપડ ઉદ્યોગની તરફેણમાં સરકારી નીતિઓનો સમાવેશ થાય છે. કાપડ ઉદ્યોગમાં, તૈયાર કાપડાનો વિભાગ સૌથી વધુ ‘વેલ્યૂઍન્ડશન’નો લાભ ધરાવે છે તેમ જ રોજગારીમાં પણ વધુ મોટો ફાળો આપે છે. તૈયાર કપડાનો વિભાગ મહિલાઓ માટે રોજગારીને પણ માફકસર અનૂકૂળ છે અને આમ સામાજિક ગતિશીલતા સુધારવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આ ઉદ્યોગની અંતર્ગત હાથસાળ, હસ્તકલા સાથેનું પ્રિન્ટેડ કાપડ, રેશમ વણાટ, રેશમી સાડીઓ જેવા વિશિષ્ટ વિભાગો પણ છે, જેના વિવિધ કલસ્ટર-ઝૂમખા - દેશભરમાં પથરાયેલાં છે.

કાપડ ઉદ્યોગમાં મધ્યમ અને વિશાળ કદના સ્પિનિંગ એકમો, ખૂબ જ વેરવિખેર વણાટ ક્ષેત્ર જેમાં કેટલાંક લઘુ અને મધ્યમ કદના એકમોનો સમાવેશ થાય છે અપૂરતું મૂડીરોકાણ ધરાવતા પ્રોસેસિંગ ક્ષેત્ર અને ઝડપથી વિકસતા તૈયાર કપડાંના વિભાગનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગ દેશનાં વિવિધ રાજ્યોમાં જુદાં જુદાં ઝૂમખાં કે કલસ્ટરમાં કાર્યશીલ છે. આ કલસ્ટર કાપડ - કપડાંની વેલ્યૂ ચેઈન અથવા તો પ્રોડક્ટ પ્રોફાઈલના એક કે બીજા વિભાગમાં સ્પેશ્યાલિઝેશન નિષ્ણાતી કસળ ધરાવે છે. રાજય વાર કલસ્ટરોની વિલક્ષણતા, નિષ્ણાત કસબ - મુખ્ય લક્ષણોની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે :

| રાજ્ય | સ્થળ | મુખ્ય લાક્ષણિકતાઓ |
|---|---|---|
| ગુજરાત | સૂતર | ● સિન્થેટિક આધારિત અને ગરમ કપડાંમાં નિષ્ણાત |
| રાજસ્થાન | પાલી/બલોટ | ● સિન્થેટિક<br>● પ્રોસેસિંગ |
| બંગાળ | કોલકતા | ● સુતરાઉ/સિન્થેટિક, બાળકોનાં કપડાંના ઉત્પાદનમાં અગ્રેસર |
| કર્ણાટક | બેંગ્લોર | ● સુતરાઉ/સિન્થેટિક<br>● તૈયાર કપડાં |
| ગુજરાત | અમદાવાદ | ● સુતરાઉ<br>● વણાટ, પ્રોસેસિંગ, તૈયાર કપડાં<br>● ડેનિમ |

| | | |
|---|---|---|
| મહારાષ્ટ્ર | સોલાપુર | ● સુતરાઉ<br>● ચાદરો/ટેરી ટુવાલ |
| તમિલનાડુ | કરુર | ● સુતરાઉ<br>● ઘરેલું કામડ |

ઉપરનો કોઠો દર્શાવે છે કે કાપડ ઉદ્યોગ દેશમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ વગેરે જેવાં કેટલાંક રાજ્યોમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગમેતેમ પણ, દેશમાં એવું કોઈ કલસ્ટર નથી/સ્થળ નથી જ્યાં કાપડ ઉદ્યોગની સમગ્ર ઈન્ટિગ્રેટેડ વેલ્યૂ ચેઈન ઊભી કરવામાં આવી હોય.

**વૈશ્વિક સ્પર્ધાત્મકતા**

કાપડ અને કપડાંના વૈશ્વિક વ્યાપારમાં ૩૯.૧૩ ટકાના હિસ્સા સાથે ચીન મોખરાનું સ્થાન ધરાવે છે. ભારત ૫.૧૩ ટકાના હિસ્સા સાથે બીજું સ્થાન ધરાવે છે, જ્યારે બાંગ્લાદેશ ૪.૩૯ ટકાના હિસ્સા સાથે ત્રીજા સ્થાને છે વિયેટનામ આ ક્ષેત્રે ઝડપથી આગળ વધતું જાય છે અને ૩.૭૧ ટકાના હિસ્સા સાથે છઠ્ઠું સ્થાન ધરાવે છે પરંતુ તૈયાર કપડાંના વૈશ્વિક વ્યાપારમાં ભારતનો હિસ્સો માત્ર ૪.૩૩ ટકા છે અને એનું સ્થાન પાંચમું છે જ્યારે બાંગ્લાદેશ બીજું, વિયેટનામ ત્રીજું અને ઈટાલી ચોથું સ્થાન ધરાવી ભારતથી આગળ રહ્યા છે.

ઉપરની હકીકતો એવું દર્શાવે છે કે, ભારત સસ્તી મજૂરીના ઓછા ખર્ચાના લાભ ઉપરાંત ઉદ્યોગ માટેનાં સાધનોનો મજબૂત આધાર, ઈકોસિસ્ટમ તેમ જ ઉદ્યોગ - સાહસિકતાનાં કૌશલ્ય જેવાં મૂળભૂત મજબૂત પાસાં ધરાવવા છતાં વેલ્યૂએડેડ બનાવટોની નિકાસમાં અન્ય દેશોની સ્પર્ધાનો સામનો કરી રહ્યું છે. આગામી વર્ષોમાં કાપડ અને કપડાંના વૈશ્વિક વ્યાપારમાં 'એફટીએ' મોટી ભૂમિકા ભજવશે એવી ધારણા છે. એફટીએનું લક્ષ્ય બાંગ્લાદેશ, વિયેટનામ, કંબોડિયા, મધ્ય અમેરિકા દેશો અને સબ-સહાયન આફ્રિકા દેશો જેવા ચોક્કસ દેશોને ટેકો પૂરો પાડવાનું છે. આમ ભારતે કાપડ ઉદ્યોગના તમામ વિભાગોમાં એક અગ્રણી વૈશ્વિક ભૂમિકા ભજવવા માટે, જેને માટે ભારતમાં વિપુલ પ્રમાણમાં શક્તિ છુપાયેલી છે, વિવિધ બનાવટોની વેલ્યૂ ચેઈનમાંની ખૂટતી કડીઓ પૂરવા ઉપરાંત તૈયાર કપડાંના વેપારમાં એનો હિસ્સો વધારવાનાં પગલાં ભરવાની જરૂર છે.

**બહુ સંખ્ય ઉદ્યોગ સાહસો**

ભારતીય કાપડ ઉદ્યોગનું ક્ષેત્રે વણાટકામ તથા તૈયાર કપડાં જેવા મહત્ત્વના વિભાગો નાના-મોટા ટુકડામાં વહેંચાઈ ગયા છે અને એમાં ખૂબ જ મોટી સંખ્યામાં લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ સાહસો નજરે પડે છે. આનું મુખ્ય કારણ કાપડ મિલોનું વિકેન્દ્રીકરણ છે, કે જે નવીન ટેક્નૉલૉજીમાં મૂડીરોકાણ કરી શકી ન હોતી. બીજું કારણ નાના એકમોનો ઓછો વ્યવસ્થા ખર્ચ છે જેને લીધે ઓછા પડતર ખર્ચનો લાભ મળે છે. વધુમાં કેટલીક સરકારી યોજનાઓ દ્વારા લઘુ અને મધ્યમ કદનાં ઔદ્યોગિક સાહસોને મૂડીમાં સબસિડી પૂરી પાડવામાં આવતાં એના પરિણામે આ એકમો સ્પર્ધાત્મક બન્યા હતા. આમ વણાટ - ગૂંથણ વિભાગમાં વેપારીઓ એમનાં કાપડનું વણાટ - ગૂંથણ જોબવર્કના આધારે કરાવી લે છે જ્યારે તૈયાર કપડાંનો વિભાગ પણ જોબવર્કના આધારે જ કામ કરે છે અને આવી પરિસ્થિતિમાં આવશ્યક સામગ્રી તથા તૈયાર કપડાં ઉપરના સુશોભન વગેરેની સેવા વિશાળ 'સોર્સિંગ' કંપનીઓ પૂરી પાડે છે.

વિકેન્દ્રિત યંત્રસાળો વણાટ વિભાગમાં લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ સાહસોનું પ્રતિનિધિત્વ કરે છે. આ ક્ષેત્રમાં યંત્રસાળના ૫.૪૦ લાખથી વધુ એકમો છે, જેમાં કુલ ૨૪.૫૯ લાખ યંત્રસાળો છે, જે દેશના કાપડ ઉત્પાદનમાં ૬૦ ટકાનો ફાળો આપે છે અને ઉદ્યોગમાંના લગભગ ૬૨ લાખ લોકોને રોજી પૂરી પાડે છે. આ ક્ષેત્રનું ટેક્નૉલૉજીનું સ્તર અલગ અલગ છે, જેમાં સાદી સાળથી માંડીને હાઈટેક શટલલેસ સાળોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં અંદાજે ૧૨૫ લાખ શટલલેસ સાળો છે પણ એક અંદાજ મુજબ આમાંથી ૭૫ ટકાથી વધુ સાળો જરીપુરાણી ૧૫ વર્ષથી પણ વધુ જૂની છે અને એમાં પ્રોસેસિંગ કે ગુણવત્તા નિયંત્રણનાં કોઈ સાધનો/જોડાણો નથી. ગમે એમ પણ છેલ્લાં ૭-૮ વર્ષમાં યંત્રસાળ ક્ષેત્રની ટેક્નૉલૉજીના સ્તરમાં સૂચિક સુધારો અપગ્રેડેશન થયું છે. છેલ્લાં ૮ વર્ષમાં આ ક્ષેત્રે નવી વસાવાયેલી ૫.૪૫ લાખ યંત્રસાળોમાં આશરે એક લાખ શટલલેસ સાળો છે.

**તૈયાર કપડાંના એકમો**

યંત્રસાળ ક્ષેત્રની જેમ તૈયાર કપડાંના વિભાગમાં લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ સાહસોનું પ્રમાણ ઘણું મોટું છે, જે વિશાળ વ્યાપ ધરાવતી જાણીતી બ્રાન્ડ, છૂટક વિક્રેતાઓ તથા નિકાસકારો મળે જોબવર્કના ધોરણે કામ કરે છે.

ભારતીય કાપડ ઉદ્યોગની એક વિશિષ્ટતા વણાટ કામ તથા તૈયાર કપડાં બનાવતાં એકમોની વિશાળ સંખ્યા છે. આ એકમોને મળતી ઊંચી સબસિડી કામદારોને લગતા કામદારો તથા વિશાળ એકમોને જમીન તથા મૂડીરોકાણનાં સાધનો મેળવવામાં પડતી મુશ્કેલીઓ જોતાં એવું જણાય છે કે, આગામી સમયમાં કાપડ ઉદ્યોગ ક્ષેત્ર લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો મહત્ત્વની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે.

એમએફએની ૨૦૦૫માં નાબૂદી થઈ એ પછી કાપડ ક્ષેત્રો વધુ સારા આંતર માળખાંમાં મૂડીરોકાણ કરવાની તાકીદની

જરૂરિયાત ઉભી થઈ હતી. આ ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવતાં લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો પણ આજ પ્રકારના ભય અને પડકારોનો સામનો કરતાં હોવાથી એવું જણાયું હતું કે, દેશમાં કામ ક્ષેત્રના વિકાસ માટે વિશ્વ કક્ષાનું આંતર માળખું વિકસાવવા કલસ્ટરનો અભિગમ સૌથી શ્રેષ્ઠ વિકાસ બની રહેશે. આ અભિગમ આંતર રાષ્ટ્રીય સ્તરે કાપડ ઉદ્યોગ માટે નિશ્ચિત કરાએલા ધોરણોનું પાલન કરવામાં પણ મધ્યરૂપ બનશે એવું જણાયું હતું.

**સંત્રઠિત ટેકસટાઈલ પાર્કની યોજના**

કેન્દ્રીય કાપડ મંત્રાલયે ૧૯૯૯ માં રજૂ કરેલી ટેક્નૉલૉજી અપગ્રેડેશન ફંડ યોજનાને પરિણામે કાપડ ઉદ્યોગ, સ્પર્ધાત્મક દરે ધિરાણના ટેકાથી ટેક્નૉલૉજીની સુધારણા માટે સારૂં એવું મૂડીરોકાણ કર્યુ હતું. કેન્દ્રીય મંત્રાલયે આંતરમાળખાના વિકાસ તથા નિકાસ પ્રોત્સાહન માટે કલસ્ટરના સ્તરં વિવિધ યોજનાઓ પણ શરૂ કરી હતી જેનો કલસ્ટરમાં ના એકમો લાભ લઈ શકે એમ હતા. ગમે એમ પણ આ યોજનાઓમાં જે કેટલીક મૂળભૂત ખામીઓ હતી એને લીધે એને ખાસ આવકાર ન હોત મળ્યો. આ યોજના અને અન્ય પહેલની પુનઃ સમીક્ષા કરવાની જરૂરિયાત ૨૦૦૫માં વર્તાઈ હતી કે જેથી કાપડ ઉદ્યોગમાં આંતર માળખાના ક્ષેત્રે મૂડીરોકાણમાં સહાયક બને એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. ઉદારાકરણ પછીના વૈશ્વિક કાપડ વ્યાપારના ક્ષેત્રે ઉભા થયેલા પડકારોને ધ્યાનમાં લેતાં પણ આવી સમીક્ષા આવશ્યક બની હતી.

કાપડક્ષેત્રમાંના લઘુ અને મધ્યમ ઉદ્યોગ-સાહસો માટે આંતરમાળખાની સગવડો વિકસાવવા એક સંગઠિત અભિગમ ઘડવાના ઉદ્દેશથી ૨૦૦૫માં સંગઠિત ટેકસટાઈલ પાર્ક માટેની યોજના - સ્કીમ ફોટ ઈન્ટીગ્રેટેડ ટેક્સ્ટાઇલ પાર્ક (ટૂંકમાં એસઆઈટીપી) નામની એક નવી યોજનાનો આરંભ કરાયો હતો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ કાપડ ઉદ્યોગના એકમો સ્થાપવા માટે કાપડ ઉદ્યોગને વિશ્વકક્ષાની આંતરમાળખાની સગવડો પૂરીપાડવાનો છે આ યોજના કાપડ ઉદ્યોગનાં એકમોને આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય અને સામાજિક ધોરણોનું પાલન કરવામાં મદદરૂપ બનશે.

**એસઆઈટીપીની વિશેષતા**

એસઆઈટીપીનું માળખું એવી રીતે ઘડાયું છે કે જેમાં આંતરમાળકા વગેરેના પ્રોજેક્ટોનો અમણ કાપડ ઉદ્યોગ, મુખ્યત્વે લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો દ્વારા પ્રમોટ કરાએલા પ્રોજેક્ટ માટેના 'સ્પેશ્યલ પરપઝ વેહિકલ્સ' (એસપીવી) દ્વારા થઈ શકે. ટેકસટાઈલ પાર્ક્સનો અમલ આ એસપીવી દ્વારા થશે અને આ એસપીવીની માલિકી ખાનગી ક્ષેત્રની રહેશે. પાર્કમાંના તમામ એકમો, એમને પાર્કમાં ફાળવવામાં આવેલી જમીનના પ્રમાણમાં એસપીવીના શેરોની ખરીદી કરશે. આ બાબત એસઆઈટીપીની સૌથી મહત્ત્વની આગવી વિશિષ્ટતા છે અને એ સરકારની એક નવતર પહેલ છે. વિશ્વ બૅંકના એક અભ્યાસમાં આ અંગે નીચે મુજબ જણાવાયું છે.

એસઆઈટીપીની સૌથી મહત્ત્વની વિશિષ્ટતા એ છે કે એના દ્વારા પાર્કમાંના એકમોને એનો ઉપયોગ કરનારાઓને ઘણી મોટી ભૂમિકા આપવામાં આવી છે. જે અન્ય યોજનાઓની અમને જાણ છે એમાંથી લગભગ તમામ યોજનાઓથી વિપરીત આ યોજનામાં (એલઆઈટીપીમાં) કેન્દ્ર અને રાજ્ય સરકારોની ભૂમિકા ઘટાડી નાંખવામાં આવી છે, સામાન્ય રીતે કનસલ્ટન્ટસ - સલાહકારોનો જે રીતનો ઉપયોગ થાય છે એનાથી તદ્દન જુદી રીતે એમનો ઉપયોગ થાય છે એનાથી તદ્દન જુદીરીતે એમનો ઉપયોગ થાય છે અને થર્ડપાર્ટી ડેવેલોપર્સ તો બિલકુલ દેખાતા જ નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર પાર્કમાં પેઢીઓનાં જૂથોની રચના, એને ટેકો પૂરો પાડવા અને એની પ્રવૃત્તિઓ ઉપર દેખરેખનું ધ્યાન રાખે છે અને પાર્ક વાંધવાની વિધિસર તથા અવિધિસ્ટની જરૂરિયાતો મુજબની કામગીરીની જવાબદારી આ જૂથોની રહે છે.

આમ એલઆઈટીપી દ્વારા કાપડ ક્ષેત્રને અનુરૂપ ગ્રીનફીલ્ડ ઔદ્યોગિક પાર્કની રચનાને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે. એલઆઈટીવી દ્વારા ઉભી કરાએલા ટેકસટાઈલ પાર્કનો લાભ એ છે કે એમાં આંતરમાળખાની ડિઝાઇન કાપડ ઉદ્યોગની ખાસ જરૂરિયાતો અનુસાર નક્કી કરી શકાય છે. આ રીતે ટેકસટાઈલ પાર્કમાં, કાપડ ઉદ્યોગનાં એકમોમાં ઉત્પન્ન થતાં ગંદા-પ્રદૂષિત પ્રવાહીને ધ્યાનમાં રાખી એના શુદ્ધિકરણ માટેના પ્રોસેસીંગના પ્લાન્ટ ઉભા કરાયા હતા, પાણી અને વીજળી પુરવઠાના નેટવર્કની ડિઝાઇન પણ પાર્કમાંના એકમોની માંગણીના આધારે નક્કી કરાઈ હતી. કાપડક્ષેત્રને સંબંધિત સામાન્ય સગવડો જેવીકે ટેસ્ટીંગ લેબોરેટરી, ઈન્સ્પેક્શન કેન્દ્રો, કૌશલ્ય વિકાસ કેન્દ્રો વગેરેનું પણ આવા પાર્કમાં આયોજન થયું હતું. આમ આવા ટેકસટાઈલ પાર્ક, એવા વિકાસ કેન્દ્રો બની રહેશે, જેની આસપાસ કાપડ ઉદ્યોગને સનુકૂળ ઈકો સ્નસ્ટમ ફુલશે ફાલશે.

એસઆઈટીવીની એક અન્ય લાક્ષણિકતા આ યોજનાના અમલમાં કેન્દ્રીય કાપડ મંત્રાલયને મદદ કરવા માટે વ્યાવસાયિક એજન્સીઓ નીમવાની હતી. આવી એજન્સીઓ, સંબંધિત યોજનાઓ અંત્રે માહિતીનો ફેલાવો કરવો, દરખાસ્તો મેળવવી વિગતવાર, પ્રોજેક્ટ હેવાલો તૈયાર કરવા, આ હેવાલોની એને મંજૂર કરવાની ઓથોરિટી સમક્ષ રજૂઆત કરવી, યોજનાના અમલનું સમયાંતરે મોનિટરીંગ કરવુ અને એનો કેન્દ્રીય મંત્રાલયને હેવાલ આપવાની કામગીરી બજાવે છે. આ અંગે વિશ્વ બૅંકના અભ્યાસમાં એવું જણાવાયું હતું કે, ‘‘આ યોજના ઉદ્યોગસાહસિકોને

પાર્કની રચના અને સંચાલન અંગેની સમગ્ર પહેલના સૂત્રધાર તથા અંતિમ નિર્ણય લેનારાની જવાબદારી સોંપે છે."

કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એક ચોક્કસ ક્ષેત્રમાં મૂડીરોકાણ માટે કલસ્ટર વિકાસના રૂપમાં હાથ ધરાયેલા કાર્યક્રમનું એસઆઈટીપી સૌપ્રથમ ઉદાહરણ છે. આ પછી આ જ પ્રકારની યોજનાઓ ફૂડ પ્રોસેસિંગ, ઇલેક્ટ્રોનિક્સ, ચામડાં અને મશીનરીના ઉદ્યોગોમાં શરૂ કરવામાં આવી છે.

એસઆઈટીપી યોજના વિશાળ ધોરણે સફળ પુરવાર થઈ છે અને અત્યાર સુધીમાં ૭૨ ટેકસ્ટાઇલ પાર્કની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. આ પાર્ક નીચેના કોઠામાંની વિગતો દર્શાવે છે એમ એનો સામાજિક - આર્થિક પ્રભાવ પાડવાની ઘણી વિપુલ શક્તિ ધરાવે છે :

**કોઠો ૨ : એસઆઈટીપીનો સામાજિક આર્થિક પ્રભાવ**

મશીનરીમાં મૂડીરોકાણ : રૂ. ૩૦,૦૦૦ કરોડ
વાર્ષિક ઉત્પાદન : રૂ. ૮૭૦૦ કરોડ
અપેક્ષિત એકમોની સંખ્યા : ૪૦૦૦
રોજગારીની ક્ષમતા : ૪,૫૦,૦૦૦

જે કિસ્સામાં કાપડ ઉદ્યોગના એકમો ટેકસ્ટાઈલ પાર્ક સ્થાપવા માટે પ્રોજેક્ટ એસપીવીની રચના કરે એવા કિસ્સામાં એસઆઈટીપી કલસ્ટર મૉડેલ ઉપર આધારિત હોય છે. આથી વિપરીત એસઈઝેડ ડેવેલોપર મોડ ઉપર આધારિત હોય છે. વિશ્વ બૅંકના અભ્યાસમાં નોંધવામાં આવ્યું હતું કે નોંધપાત્ર વિત્તીય અને નિયમનકારી લાભો પૂરા પાડવા છતાં મેન્યુફેક્ચરિંગના એસઈઝેડની કામગીરી એસઆઈટીપી પાર્કની સમકક્ષ જ રહી હતી.

અહીં એ પણ જણાવવું રહ્યું કે અગાઉની ટેકસ્ટાઈલ કલસ્ટર યોજનાઓને એમાં આપવામાં આવેલી વધુ સહાય-ટેકો છતાં એસઆઈટીપીની સરખામણીએ ઓછી સફળતા મળી હતી. અગાઉની યોજનાઓમાં, પાર્ક માટે જમીનની પસંદગી પાર્કની રચના, સંચાલન અને વ્યવસ્થાપન વગેરે જેવી મુખ્ય કામગીરી માટે સરકારે (કેન્દ્ર કે રાજ્ય) જવાબદાર હતી. આ હકીકત, યોજનાની સફળતા સુનિશ્ચિત કરવામાં પ્રોજેક્ટની માલિકી વિવિધ એકમોને સોંપવાનો લાભ દર્શાવે છે. એસઆઈટીપી હેઠળ વિશાળ શ્રેણીના પાર્ક મંજૂર થયા છે. આમાં તિરુપુર નજીક એક ચાલુ કલસ્ટરમાં ૬૫ એકરમાં ફેલાયેલા વણાટપાર્કથી માંડી વિશાખાપટનમ ખાતે ૧૦૦૦ એકરમાં પાર્ક તેમ જ એસઈઝેડનો સમાવેશ થાય છે. મોટા ભાગના પાર્ક હાલના ટેકસ્ટાઈલ કલસ્ટરમાં અથવા એની નજીક છે કારણ કે આ કલસ્ટરમાંના ઉદ્યોગ સાહસોએ પાર્ક ઊભો કરવામાં પહેલ કરી છે.

એસઆઈટીપી યોજના વ્યાપક ક્ષેણીના રોકાણકારો પાસેથી મૂડીરોકાણ આકર્ષવામાં સફળ રહી છે. આમાં વિશાખાપટનમમાં બ્રાન્ડિક્સ ઇન્ડિયા એપેરલ સિટીમાં સીધા વિદેશી મૂડી રોકાણથી શરૂ કરી તિરુપુર નજીક પાલ્લાડેમમાં ૯૦ લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસોના સંઘના મૂડીરોકાણનો સમાવેશ થાય છે. આ યોજનાએ તેલંગણામાં વણકરો અને અત્યંત કશળ વણકરોને એક એસપીવી રચવા માટે તથા એક હાથસાળ પાર્ક સ્થાપવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

**વિશિષ્ટ એકમોનો અભ્યાસ**

**૧. બ્રાન્ડિક્સ ઇન્ડિયા એપેટલ સિટી પ્રા. લિ.**

એક સુસંગઠિત એવો કાપડ અને તૈયાર કપડાંનો એક વિશાળ પાર્ક ૧૦૦૦ એકર ઉપર પથરાયેલો છે. એસઆઈટીપી હેઠળ રૂ. ૧૩૪ કરોડના ખર્ચે ઊભા કરાયેલા આ પાર્કમાં મેન્યુફેક્ચરિંગ એકમોને વિશ્વકક્ષાની અત્યંત અદ્યતન આંતરમાળખાની તથા અન્ય સામાન્ય સગવડો પૂરી પાડવામાં આવે છે. પાર્કમાં ૧૯ એકમો છે (૧૭ શરૂ થઈ ચૂક્યા છે) જે આશરે રૂ. ૧૧૦૦ કરોડના સીધા વિદેશી રોકાણથી ઊભા થયા છે. સ્પિનિંગ, યાર્નના પ્રોસેસિંગ, કાપડના પ્રોસેસિંગ તેમ જ પોશાકો તૈયાર કરવાનાં આ એકમો હાલમાં ૧૯૦૦૦ લોકોને રોજી આપે છે અને ભવિષ્યમાં કુલ ૩૦,૦૦૦ને રોજી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. આ પાર્કને લીધે વિશ્વનીય વીજપુરવઠા માટે ૨૦૦ મેગાવોટનું વીજળીનું સબસ્ટેશન, દૈનિક ૬૦ મિલિયન લિટર પાણી પૂરૂ પાડતી પાણી પુરવઠાની વ્યવસ્થા, શુદ્ધિકરણની પ્રક્રિયામાંથી પસાર થયેલા ગંદા પ્રદૂષિત પ્રવાહીના સલામત નિકાલની સગવડ, વરસાદનું ૪૦૦ મિલિયન લિટર પાણી સંઘરી શકે એવું તળાવ વગેરે સુવિધાઓ ઊભી થઈ છે આ પાર્કનું હાલનું વાર્ષિક ટર્નઓવર લગભગ રૂ. ૧૪૦૦ કરોડનું છે જે વધીને રૂ. ૬૦,૦૦૦ કરોડ ટન થાય એવી એની ક્ષમતા છે.

**૨. પાલ્લાડેમ હાઈટેક વીવિંગ પાર્ક**

એસઆઈટીપી હેઠળ રૂા. ૫૫.૪૨ કરોડના ખર્ચે ઊભો થયેલો આ પાર્ક દેશનો સૌપ્રથમ સંગઠિત ટેક્સ્ટાઇલ પાર્ક ૬૫ એકટ ઉપર પથરાયેલો છે. કુલ ૯૦ એકમો ધરાવતો આ પાર્ક પાલ્લાડેમ અને એની આસપાસના વિસ્તારોમાંના નાના વણકરોને આકર્ષવામાં સફળ રહ્યો છે અને એમને બૅંકો, સરકાર તથા ઉદ્યોગ સાહસિકો દ્વારા ઊભા કરાયેલા એસપીવી દ્વારા ઊભી થયેલી વ્યવસ્થા હેઠળ વણાટકામની અત્યંત અદ્યતન ટેક્નૉલૉજી પુરી પાડવામાં આવે છે. આ પાર્કમાં આશરે ૨૫૦૦ને સીધી અને ૩૫૦૦ને પરોક્ષ રોજી મળે છે. પાર્કમાં આશરે રૂા. ૨૩૦ કરોડનું રોકાણ થયું છે અને એવું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧૧૦૦ કરોડ છે જે વધીને રૂ. ૨૦૦૦ કરોડ ઉપર પહોંચવાની ક્ષમતા છે.

**મહત્ત્વના પદાર્થપાઠ**

એસઆઈટીપી વિશાખાપટનમમાં

બ્રાન્ડિક્સ ઇન્ડિયા એપેરલ સિટી લિ. જેવા કિસ્સામાં બિન-પરંપરાગત કાપડ ઉદ્યોગ બેલ્ટમાં ગ્રીન ફિલ્ડ કલસ્ટર્સ ઊભા કરી શકી છે અને તિરુપુર નજીક પરંપરાગત ટેક્સ્ટાઇલ કલસ્ટરમા પાલ્લાડેમ હાઈટેક વીવીંગ પાર્ક જેવા બ્રાઉન ફિલ્ડ કલસ્ટર વિકસાવી શકે છે. ઘણા પાર્કોમાં વધુ અને મધ્યમ ઉદ્યોગ સાહસોનું પ્રાધાન્ય છે. આવા એકમોને હાલના ઉદ્યોગ સાહસિકો જેઓ આ કલસ્ટરમાં સક્રિય છે અને પાર્ક મારફત પોતાનું કામકાજ વધારી રહ્યાં છે. એમના દ્વારા મૂડીરોકાણ પૂરું પાડવામાં આવે છે. આ પાર્કમાંના એકમો એમના માર્કેટિંગ તેમ જ માનવશક્તિ વગેરેની જરૂરિયાતો મેળવવા માટે નજીકના કાપડ ઉદ્યોગની ઈકો-સિસ્ટમ ઉપરનું અવલંબન ચાલુ રાખશે. બ્રાન્ડિક્સના કિસ્સામાં એનું મૉડેલ કંઈક જુદુંજ છે અને એ એની સંગઠિત વેલ્યૂ ચેઈન ધરાવે છે અને એણે પાર્કમાં જ એક આગવી ઈકો સીસ્ટમ વિકસાવી છે. નાણાં-ધિરાણ પૂરું પાડવાની એસપીવીની વ્યવસ્થા હેઠળ કામદારોના કૌશલ્ય વિકાસ, વાહનવ્યવહારની સગવડો પૂરી પાડવી વગેરે જેવી સામાજિક કલ્યાણની સેવાઓમાં ભારે મૂડીરોકાણ કરવામાં આવ્યું છે જેનો ઉદ્દેશ કુશળ માનવશક્તિ માટેનો આધાર-પાયો તૈયાર કરવાનો છે. આ પાર્ક એક બંદરની નજીક છે જે નિકાસ માટેની વ્યવસ્થામાં મદદરૂપ બને છે.

દેશમાં કાપડના મેન્યુફેક્ચરિંગ માટેની વિશાળ સંગઠિત સગવડનું નિર્માણ કરવા માટે એસઆઈટીપીના અમલ દરમિયાન શીખવા મળેલા પદાર્થપાઠનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે આ બાબત ખૂબ જ મહત્ત્વની છે, કારણ કે કાપડ ઉદ્યોગમાં માનવશક્તિ ઘનિષ્ટ છે અને એ દેશના ગ્રામ વિસ્તારોમાં લાખો યુવકો અને મહિલાઓને રોજગારી પૂરી પાડી શકે એમ છે. ભારત નિશ્ચિત પણ ચોક્કસ સ્પર્ધાત્મક લાભ ધરાવે છે અને આ ક્ષેત્રે ઘરેલું તેમ જ વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ આકર્ષવા અને એને જાળવી રાખવા, ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરવા, સહાયક ઈકોસિસ્ટમ ઊભી કરવાનું જરૂરી છે. આ સંબંધમાં આ ક્ષેત્રે યોગ્ય ઉત્તેજન-પ્રોત્સાહન પૂરાં પાડવાનું આવશ્યક છે કે જેથી મૂડીરોકાણ ઉપરનું વળતર ઠીકઠીક આકર્ષક બની રહે આ સંબંધમાં ભારતમાં વર્ટિકલી સુસંગઠિત હોય એવી વધુ સગવડો ઊભી કરવી જરૂરી છે જે વૈશ્વિક સપાટીએ સ્પર્ધાત્મક બની રહેશે. આ કારણોસર સ્પિનિંગ, ડાઈંગ, પ્રોસેસિંગ, કટિંગ, સીલાઈકામ, લેબલિંગ અને પૅકેજિંગની સગવડો વિશાળ ધોરણે ઊભી કરવાનું ખૂબ જ જરૂરી છે. આનાથી સમગ્ર વેલ્યૂ મેઈન એક જ સ્થળે વિકસાવવાનું સુનિશ્ચિત કરી શકાશે.

આ સંદર્ભમાં કાપડ તથા તૈયાર કપડાં માટે મેન્યુફેક્ચરિંગના ચોક્કસ પ્રદેશો વિકસાવવાનું ખૂબ જ મહત્ત્વનું છે. આ ક્ષેત્રે મૂડીરોકાણ પ્રોત્સાહિત કરવા અને જાળવી રાખવા ચોક્કસ સીમા નક્કી કરી મૂડી રોકાણના પ્રદેશોનું આયોજન થઈ શકે જ્યાં 'વેલ્યૂચેઈન' વર્ટિકલી સુસંગઠિત કરી, ઘરેલું બજાર માટે તથા નિકાસ માટે તૈયાર કપડાં અને અન્ય કાપડ સંબંધિત ક્ષેત્રો વિકસાવી શકાય. આવાં ક્ષેત્રો આશરે ૧૫૦૦-૨૦૦૦ એકરના વિસ્તાર ઉપર સ્વનિર્ભર મૂડીરોકાણ કેન્દ્રો તરીકે વિકસાવાશે જેમાં ઉત્પાદનનાં એકમો ઉપરાંત વીજળી પાણી વગેરે જેવી આવશ્યક ક્ષેત્ર, માલસામાનની હેરફેર તથા પર્યાવરણની રક્ષણની સગવડો, નિવાસી એકમો તથા જાણકારી અને આરોગ્ય સેવાના આંતરમાળખાની સગવડો ઊભી કરવામાં આવશે.

**અગ્રણી વૈશ્વિક કેન્દ્ર**

ઉપર જણાવ્યું એ મુજબના કાપડ અને તૈયાર કપડાંના વિશાળ મેન્યુફેક્ચરિંગ એકમોના પ્રદેશો રાજ્ય સરકાર દ્વારા એના ચોક્કસ જિલ્લા અથવા ઘટકમાં વિકસાવવામાં આવશે. સૂચિત પ્રદેશ-રિજિયનની સંબંધિત રાજ્ય વ્યૂહાત્મક દૃષ્ટિએ પસંદગી કરશે જે દરમિયાન મજબૂત આંતરમાળખાકીય સગવડો તેમ જ બંદર/વિમાનમથક સાથેની કનેક્ટિવિટી વગેરેનું ખાસ ધ્યાન રખાશે. સંબંધિત રાજ્ય સરકાર આવા પ્રદેશમાં આંતર માળખાની સગવડો, સંસ્થાકીય જોડાણો, નાણાકીય પ્રોત્સાહનો, માનવ શક્તિનો વિકાસ તથા એની નીતિને સુસંગત ઉત્પાદનશક્તિના નિર્માણ માટે પ્રતિબદ્ધતા જાહેર કરી શકે અને એ ઉપરાંત પૂરતું મૂડીરોકાણ આકર્ષવા અન્ય કોઈ વધારાના લાભ પણ પૂરા પાડી શકે. રાજ્યમાં તૈયાર કપડાનાં કેન્દ્રો આવા ચોક્કસ પ્રદેશમાં જ ઊભા કરવાનું સૂચવી શકાય કે જેથી એને કુશળ માનવશક્તિનો પુરવઠા સુનિશ્ચિત કરી શકાય અને એમાં જો કોઈ ખૂટતી કડીઓ હોય તો એ પૂરી શકાય. રાજ્ય સરકાર આ માટે એની આઈટીઆઈ મારફત એન્જિનિયરીંગ અભ્યાસક્રમો શરૂ કરી શકે અને અન્ય સંસ્થાકીય ટેકો પણ પૂરો પાકી શકે.

સૂચિત પ્રદેશો કે રિજિયનને કેન્દ્ર સરકાર દ્વારા સમાન આંતરમાળખાની સગવડો, હાલની વિવિધ યોજનાઓ હેઠળની ખાસ સગવડો તથા યોગ્ય જણાય એવી વધારાની સહાય દ્વારા વધુ મજબૂત કરવામાં આવશે. આંતરમાળખાની ઉત્કૃષ્ટ સગવડો વગેરે વધુ પ્રમાણમાં ઘરેલું મૂડીરોકાણ તથા સીધા વિદેશી મૂડીરોકાણને આકર્ષી શકશે. અને આ સગવડો ભારત સરકારની 'મેક ઇન ઇન્ડિયા'ની પહેલને વધુ વેગ પૂરો પાડી શકશે. આવી પહેલ આવાં સહાયક પગલાં, ભારતને કાપડ ઉદ્યોગમાં એક અગ્રણી વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉપસાવવામાં નિશ્ચિતપણે મોટી મદદરૂપ બનશે એ નિર્વિવાદ છે.

**ડૉ. કૃષ્ણ કુમાર IL&FS કલસ્ટર વિકાસ પહેલ પ્રાઈવેટ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે.**

**Email:** ak@ilfsindia.com

# ભારતીય કાપડ : વૈશ્વિક પરિસ્થિતિ

શ્રી આર. કે. દાલમીયા



*દેશની જીડીપીમાં ૪ ટકા, રોજગારીમાં ૨૧ ટકા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ભારતનો કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે. ભારત તેના ઉત્પાદનના ત્રીજા ભાગના હિસ્સાની નિકાસ કરે છે અને ૧૨ ટકા વિદેશી હૂંડિયામણ મેળવે છે. છેલ્લાં ૧૫ વર્ષમાં આ ઉદ્યોગ ૩ લાખ કરોડનું મૂડીરોકાણ આકર્ષી શક્યો છે. એક કરોડ લોકો માટે રોજગારીની નવી તકો ઊભી કરી છે. આ ઉદ્યોગમાં સૂતરાઉ કાપડનું (૬૫ ટકાથી વધુ) પ્રભુત્વ છે.*

*કાપડ અને વસ્ત્ર ઉદ્યોગનો વિશ્વ વેપાર ૨૦૧૫માં અંદાજે ૭૪૫ અબજ યુએસ ડૉલરનો ગણવામાં આવે છે અને આગામી વર્ષોમાં તે એકંદર સરેરાશ ૬ ટકાના વૃદ્ધિ દરથી વધીને ૨૦૨૦ સુધીમાં ૧૧૨૦ અબજ યુએસ ડૉલર થવાની અપેક્ષા છે. એમાં વસ્ત્રોનો સૌથી વધુ હિસ્સો રહેશે, એ પછી મેઈડઅપ્સ, કાપડ અને યાર્નનો સમાવેશ થશે. કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ દુનિયાભરમાં અને ખાસ કરીને એશિયામાં ૧૭૦ મિલિયન લોકોને રોજગારી આપે છે.*

દુનિયાભરમાં પરિસ્થિતિ સુધરી રહી છે, પણ હંમેશની જેમ ધીમી અને નાજુક ગતિથી. વર્ષ ૨૦૧૫માં વિશ્વ વ્યાપારનું કદ ધીમી ગતિથી વધવાનું ચાલુ રહ્યું હતું અને એક નબળી છતાં ૨.૭ ટકાની હકારાત્મક વૃદ્ધિની છાપ છોડી હતી. આ વૃદ્ધિ મહદઅંશે વિશ્વના જીડીપીના ૨.૪ ટકાના દર સાથે કદમ મિલાવતી જણાઈ હતી. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન(WTO)ના તાજેતરના (જુલાઈ-૨૦૧૬) અહેવાલ મુજબ આ નબળાઈ માટે ચીનની મંદી, મોટાં વિકસિત રાષ્ટ્રોમાં ભારે મંદી, ઑઈલ અને અન્ય કોમોડિટિઝના ઘટતા ભાવ ઉપરાંત વિનિમય દરમાં ભારે વધઘટ જેવાં ભિન્ન પ્રકારનાં પરિબળો કારણભૂત છે.

વર્તમાન પરિસ્થિતિ તરફ જોઈએ તો ડબલ્યુટીઓના અહેવાલ મુજબ, વિશ્વની વ્યાપાર વૃદ્ધિની તરાહમાં કેટલાંક વલણો ઊપસે છે તેનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે. પ્રથમ તો વેપાર વૃદ્ધિની ડૉલર વેલ્યુ ઘટી છે, કદમાં વૃદ્ધિ સ્થિર રહી છે. અને હકીકતમાં થોડો વધારો પણ થયો છે. બીજું આ વેપારનું બંધારણ એવું છે કે કોમોડિટિનો વેપાર ઘટ્યો છે અને તૈયાર માલસામાનના વેપારમાં વૃદ્ધિ થઈ છે. ત્રીજી બાબત એ છે કે 'ફેક્ટરી એશિયા''નું સપ્લાય સાઈડમાં પ્રદાન ઘટ્યું છે. આ ઉપરાંત એશિયાથી માંડીને અમેરિકા/યુરોપની માંગમાં પણ બદલાવ આવ્યો છે. (આ પરિબળના કારણે ૨૦૧૧-૧૩માં વૃદ્ધિને વેગ મળ્યો હતો) અને એણે પણ મર્યાદિત રીતે વેપાર વૃદ્ધિમાં ભાગ ભજવ્યો છે.

૨૦૧૫માં કદની દૃષ્ટિએ વૃદ્ધિ જોવા મળી હોવા છતાં તેને ખાસ મહત્ત્વ અપાયું નથી અને ડૉલરના મૂલ્યમાં વિશ્વ વેપારનું કદ ૨૯૧૫માં (-)૧૩ ટકા જેટલું ઘટીને, ખાસ કરીને નિકાસ કીમતોમાં ઘટાડાને કારણે ૧૬ ટ્રિલિયન યુએસ ડૉલર સુધી પહોંચ્યું.

વિશ્વનાં બજારોમાં વિવિધ સેક્ટરમાં મંદીની વચ્ચે માંગ ઠંડી રહી ત્યારે ભારતના ટેક્સ્ટાઇલ સેક્ટરે નાણાકીય વર્ષ ૨૦૧૬માં અંદાજે ૧ ટકાના દરથી વૃદ્ધિ કરી. આમ એ મંદ હાલતમાં ઉત્તમ દેખાવ કરી શક્યું એવુ કહી શકાય. સમાન ગાળામાં વિશ્વના કાપડ બજારમાં ૫ ટકાના ઘટાડાની તુલનામાં તે નોખુ તરી આવે છે.

**કાપડ ઉદ્યોગ- વેપાર : ભારત અને વિશ્વ**

દેશની જીડીપીમાં ૪ ટકા, રોજગારીમાં ૨૧ ટકા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ભારતનો કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે. ભારત તેના ઉત્પાદનના ત્રીજા ભાગના હિસ્સાની નિકાસ કરે છે અને ૧૨ ટકા વિદેશી હૂંડિયામણ મેળવે છે. છેલ્લાં ૧૫ વર્ષમાં આ ઉદ્યોગ ૩ લાખ કરોડનું મૂડીરોકાણ આકર્ષી શક્યો છે. એક કરોડ લોકો માટે રોજગારીની નવી તકો ઊભી કરી છે. આ ઉદ્યોગમાં સૂતરાઉ કાપડનું (૬૫ ટકાથી વધુ) પ્રભુત્વ છે.

કાપડ અને વસ્ત્ર ઉદ્યોગનો વિશ્વ વેપાર ૨૦૧૫માં અંદાજે ૭૪૫ અબજ યુએસ ડૉલરનો ગણવામાં આવે છે અને આગામી વર્ષોમાં તે એકંદર સરેરાશ ૬ ટકાના વૃદ્ધિ દરથી વધીને ૨૦૨૦સુધીમાં ૧૧૨૦અબજ યુએસ ડૉલર થવાની અપેક્ષા છે. એમાં વસ્ત્રોનો સૌથી વધુ હિસ્સો રહેશે, એ પછી મેઈડઅપ્સ, કાપડ અને યાર્નનો સમાવેશ થશે. કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ દુનિયાભરમાં અને ખાસ કરીને એશિયામાં ૧૭૦ મિલિયન લોકોને રોજગારી આપે છે.

૨૦૧૧થી ૨૦૧૫ના ગાળા દરમિયાન, કાપડ અને વસ્ત્રના ક્ષેત્રએ ૫ વર્ષમાં મૂલ્યની દૃષ્ટિએ ૦.૫૪ ટકાની વૃદ્ધિ દર્શાવી છે. ૨૦૦૮થી ૨૦૦૯ની નાણાકીય કટોકટી દરમિયાન અને ૨૦૧૪ સુધી એશિયાએ વિશ્વના કોઈ પણ અન્ય પ્રદેશની તુલનામાં વિશ્વ વ્યાપારને બેઠો કરવામાં વધુ પ્રદાન આપ્યું છે. આમ છતાં, વિશ્વની આયાતની માંગમાં તેમની પ્રાદેશિક અસર વર્ષ ૨૦૧૫માં મધ્યમ સ્તરની રહી છે, કારણ કે ચીન અને એશિયાના અન્ય અર્થતંત્રોમાં મંદી વર્તાઈ રહી હતી.

કાપડ અને વસ્ત્રોના ટોચના ૧૦ સપ્લાયરોએ જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૧૫ના ગાળામાં ૫૨૫.૩૮ અબજ ડૉલરની નિકાસ કરી હતી, જે ૭૦.૫૩ ટકાનો હિસ્સો દર્શાવે છે.

વર્ષ ૨૦૧૫માં ભારતે કાપડ અને વસ્ત્રોની નિકાસમાં ૩૭.૨૨ અબજ યુએસ ડૉલરનું સ્તર દર્શાવ્યું. કાપડ અને વસ્ત્રોના વેપારમાં તેનો હિસ્સો ૨૦૧૫માં અંદાજે ૫ ટકા જેટલો રહ્યો હતો.

જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન કાપડના ટોચના ૧૦ સપ્લાયરોએ ૩૧૯.૩૫ અબજ યુએસ ડૉલર જેટલી નિકાસ કરી હતી, જે ૭૧.૨૧ ટકા હિસ્સો દર્શાવે છે. વર્ષ ૨૦૧૫માં અમેરિકા કાપડનો સૌથી વધુ આયાત કરનાર દેશ હતો અને તેની આયાતો ૨૯.૦૧ અબજ યુએસ ડૉલરના સ્તરે પહોંચી હતી.

ચીન પછી ભારત કાપડના બીજા નંબરના સૌથી મોટા નિકાસકાર તરીકે ચાલુ રહ્યું હતું અને જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૧૫ દરમિયાન ૨૦.૨૫ અબજ યુએસ ડૉલર જેટલા કાપડની નિકાસ કરી હતી અને વિશ્વ વ્યાપારમાં ૬.૨૮ ટકાનો હિસ્સો નોંધાવ્યો હતો. ભારત ૯.૦૫ ટકાના સૌથી મોટા હિસ્સા સાથે ઈયુમાં (૨૮), ૨.૮૮ અબજ ડૉલરના કાપડના માલ-સામાનની ૨૦૧૫માં નિકાસ કરી શક્યો હતો.

જ્યારે ઘણા દેશોએ કાપડની આયાત વૃદ્ધિમાં નકારાત્મક વૃદ્ધિ દર્શાવી હતી ત્યારે વિયેતનામે ૧૯.૬૬ અબજ યુએસ ડૉલરના કાપડની આયાત કરીને સૌથી વધુ ૫.૪૭ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. એ પછી બાંગ્લાદેશનો નંબર આવે છે, જેણે ૮.૯૪ અબજ યુએસ ડૉલરની આયાતો દ્વારા ૫.૪૫ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી.

આ ગાળા દરમિયાન ભારતે કાપડની તમામ પ્રોડક્ટ્સ (તમામ ફાઇબરનાં કાપડ)ની નિકાસ ૧૮.૬૪ અબજ યુએસ ડૉલર અને સૂતરાઉ કાપડની પ્રોડક્ટ્સની નિકાસ ૧૧.૧૩ અબજ યુએસ ડૉલર જેટલી કરી હતી. ભારતીય કોટન ટેક્સ્ટાઈલની બાસ્કેટમાં ૪૬.૦૯ ટકાના હિસ્સા સાથે કોટન મેઈડ-અપનું પ્રભુત્વ રહ્યું હતું. એ પછી કોટન યાર્ન (૩૪.૦૫ ટકા) અને સૂતરાઉ કાપડ (૧૯.૮૬ ટકા)નો સમાવેશ થાય છે.

વીતેલાં વર્ષોમાં ભારતના કોટન ટેક્સ્ટાઈલ ઉદ્યોગે હંમેશની જેમ તંદુરસ્ત વૃદ્ધિ દર જાળવ્યો છે. ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો હિસ્સો ૧૪ ટકા જેટલો છે અને ભારતની જીડીપીમાં તે ૪ ટકાનો અને નિકાસ કમાણીમાં ૧૩ ટકા હિસ્સો ધરાવે છે. તે ૪૫ મિલિયનથી વધુ લોકોને સીધી અને ૬૦ મિલિયન લોકોને આડકતરી રોજગારી આપે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન આ ઉદ્યોગે વિશ્વમાં મંદી, રૂ જેવા કાચા માલની કિંમતોમાં ચડ-ઊતર, વીજળી અને બળતણ જેવી વપરાશી ચીજોની ઊંચી કિંમત તથા લૉજિસ્ટિક અને ટ્રાન્જેક્શન ખર્ચ જેવા માળખાગત અવરોધોને કારણે સતત પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

આ ગાળા દરમિયાન બાંગ્લાદેશ, વિયેતનામ અને કમ્બોડિયા જેવા સ્પર્ધા કરતા દેશોમાં કામગીરીનું એકીકરણ (consolidation) થયું અને "ગાર્મેન્ટિંગ હબ" ઉભા થયા અને તેના સતત વિકાસને કારણે તેમજ ટેરિફમાં અગ્રતાને કારણે યુરોપિયન યુનિયન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત અર્થતંત્રોએ તેને અગ્રતા આપી. આ અગ્રતાને કારણે ભારતે ઘણાં વસ્ત્રો/કાપડની ચીજવસ્તુઓમાં પોતાનો હિસ્સો ગુમાવ્યો હતો.

**ભારતના કાપડ ઉદ્યોગ અંગે ઓછી જાણીતી હકીકતો**

અન્ય કોઈ દેશમાં એટલા જ કદની સમાન પ્રકારની કંપનીની તુલનામાં ખૂબ જ ઓછા ખર્ચ(ઓવરહેડ)થી કામ કરવાની ભારતનો કાપડ ઉદ્યોગ લાક્ષણિકતા ધરાવે છે. પાંચ દાયકાના સીમાચિહ્નરૂપ ઉત્પાદન અને ખર્ચ અંગેના આંકડાઓ જણાવે છે કે કયા કારણોથી કાપડ ઉદ્યોગ સ્પર્ધાત્મક રહી શક્યો હતો. મોટા ભાગની મિલો ચીનની તુલનામાં પણ સ્પિનિંગ અને વીવિંગ ઓપરેટિંગ મશીનોની ૩૦ ટકા વધુ ઝડપ દાખવીને 'નબળા (lean) ઉત્પાદન' ને અનુસર્યા હતા. કાપડનું ઉત્પાદન કરતા અન્ય દેશોની તુલનામાં ભારતનો ઉત્પાદન ખર્ચ સ્પર્ધાત્મક રહીને સ્પિનિંગ, વીવિંગ અને પ્રોસેસિંગમાં ખર્ચની દૃષ્ટિએ સ્પર્ધાત્મક રહ્યો હતો અને એમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે જાળવી રાખવો જોઈએ.

**કાપડ ક્ષેત્રે રોજગારી**

૫,૦૦૦થી વધુ ટેક્સ્ટાઈલ કંપનીઓ રૂ.૫૦ કરોડથી વધુ નિકાસ ટર્ન ઓવર ધરાવે છે અને આ ઉદ્યોગ રોજગાર નિર્માણમાં ઓછામાં ઓછા ખર્ચે રોજગાર

નિર્માણ કરે છે અને તેમાં મહિલાઓ માટે રોજગારીનું પ્રમાણ ટકાવારીની દષ્ટિએ સૌથી વધુ છે. અન્ય ચીજવસ્તુઓની તુલનામાં ટેક્સ્ટાઈલ પ્રોડક્ટ્સની બાસ્કેટ નિકાસના દરેક રૂપિયા દીઠ વધુ રોજગારી પૂરી પાડે છે અને વિદેશી હૂંડિયામણની સૌથી વધુ ચોખ્ખી કમાણી કરે છે. આ ઉદ્યોગે રોજગાર નિર્માણમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે અને દર ૧ અબજ ડૉલરના ઉત્પાદન દીઠ ૨૫,૦૦૦ વ્યક્તિઓને સીધી રોજગારી મળે છે અને વિદેશી હૂંડિયામણની કમાણી થાય છે. ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના અહેવાલ મુજબ કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ સરકારના 'મેક ઈન ઈન્ડિયા' માટેના પ્રયાસોમાં રોજગાર નિર્માણમાં મહત્ત્વના પ્રદાન દ્વારા મુખ્ય ભૂમિકા ભજવી શકે તેમ છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ ક્ષેત્રમાં એકંદર રોજગારી વર્ષ ૨૦૦૮માં ૩૩થી ૩૫ મિલિયન જેટલી હતી તે ૨૦૨૨ સુધીમાં વધીને ૬૦થી ૬૨ મિલિયન થશે.

### તાકાત અને તકો- એક વિશ્લેષણ

અન્ય બજારોના ઉદ્યોગો સાથે તુલના કરવામાં આવે તો ભારતના કાપડ ઉદ્યોગની ભિન્ન પ્રકારની તાકાત છે. ભારત કાચા માલ અને ખાસ કરીને નેચરલ ફાઈબર બાબતે ઉચ્ચ સ્તરની આત્મનિર્ભરતા ધરાવે છે અને હાલમાં તે વિશ્વમાં રૂનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. અહીં ઓછા ખર્ચે કુશળ માનવબળ આસાનીથી ઉપલબ્ધ છે, જે ઉદ્યોગના વ્યાપક વિકાસમાં યોગદાન આપે છે. ઉદ્યોગ સાહસિકતાનું મજબૂત કૌશલ્ય પણ ભારતના કાપડ ઉદ્યોગની કરોડરજ્જુ સમાન છે.

ભારત કોટન યાર્નના વિશ્વ વેપારમાં આશરે ૨૯ ટકા હિસ્સો ધરાવે છે અને વિવિધ કદના ઉત્પાદન એકમોને કારણે ઉત્પાદનમાં વ્યાપક સુગમતાની સાથે નાના અને કસ્ટમાઇઝ્ડ ઑર્ડર્સ લઈ શકે છે.

ટ્રાન્સ પેસિફિક પાર્ટનરશિપ (ટીપીપી), ટ્રાન્સ એટલાન્ટિક ટ્રેડ ઍન્ડ ઈન્વેસ્ટમેન્ટ પાર્ટનરશીપ (ટીટીઆઈપી), નોર્થ અમેરિકા ગ્રિ ટ્રેડ એગ્રીમેન્ટ (એનએએફટીએ), સેન્ટ્રલ અમેરિકા ળી ટ્રેડ એગ્રિમેન્ટ (સીએએફટીએ) વગેરે જેવા ટ્રેડ બ્લોક્સની રચનાને કારણે વિશ્વ વ્યાપારના ચિત્રમાં પરિવર્તન આવ્યું હોવાના કારણે ભારતની નિકાસને અસર થવા સંભાવના છે. આ ઉપરાંત પર્યાવરણલક્ષી તથા આંતરરાષ્ટ્રીય કામદાર કાયદાઓનું કડક પાલન જેવા બિન-નાણાંકીય (નોન-ફિસ્કલ) મુદ્દાઓ બાબતે પણ યોગ્ય પગલાં લેવામાં નહી આવે તો આ ઉદ્યોગને અસર કરી શકે તેમ છે.

પડકારો હોવા છતાં ભારતના કાપડ ઉદ્યોગમાં વૃદ્ધિની તકો ઉપલબ્ધ છે. આમાં, હાઈ વેલ્યુ પ્રીમિયમ આઇટમ્સનું ઉત્પાદન તથા મૂલ્યવર્ધિત ઉત્પાનોની વેલ્યૂ ચેઈન દ્વારા આગળ ધપવાનો સમાવેશ થાય છે. ટેક્નિકલ ટેક્સ્ટાઈલ પણ ઈનોવેટિવ અને ટેક્નૉલૉજીની દષ્ટિએ સુપિરિયર પ્રોડ્કટ્સ દ્વારા સારી તકો પૂરી પાડી શકે તેમ છે.

છૂટક વેચાણ એકમોની સંખ્યાના વધારાને કારણે પણ હસ્તકલા અને હૅન્ડલૂમ જેવા વિશ્વમાં અપીલ ધરાવતા ઉદ્યોગનાં ક્ષેત્રોને પણ તકો મળી રહેશે.

### સારાંશ

રૂનું ઉત્પાદન કરતા ૨૦ મિલિયનથી વધુ ખેડૂતો તથા ૩૫ મિલિયનથી વધુ લોકોને સીધી રોજગારી આપતાં અને પાયાના કાચા માલ તરીકે રૂનો ઉપયોગ કરતાં કાપડ અને વસ્ત્ર ઉદ્યોગના સસક્તિકરણ માટે દેશમાં પેદા થતા સૂતરાઉ કાપડના ક્ષેત્રે માનનીય વડા પ્રધાને દર્શાવેલા વિઝન અનુસાર ટેક્સ્ટાઈલ બિઝનેસનું કદ હાલમાં ૧૦૮ યુએસ ડૉલર જેટલું છે તે વર્ષ ૨૦૨૩ સુધીમાં વધારીને ૩૦૦ અબજ બિલિયન ડૉલર સુધી પહોંચાડી શકાય તેમ છે.

આ ધ્યેય હાંસલ કરવા માટે કેટલાંક પગલાં લેવાં જોઈએ તે નીચે મુજબ છે :

૧. સંશોધન, ડીઝાઇન, વિકાસ અને માર્કેટીંગની ક્ષમતાના નિર્માણ ઉપર ધ્યાન આપવું.

૨. સ્થાનિક વપરાશ અને દુનિયા માટે ભારતીય હોમ ટેક્સ્ટાઈલ અને ગાર્મેન્ટની બ્રાન્ડ્ઝનું નિર્માણ કરવું.

૩. આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બની ચૂકેલા આ ક્ષેત્રમાં પ્રમાણમાં ઊંચા દરમાં ઘટાડો કરી નિકાસના દ્વાર ખોલીને આગામી ૩થી ૫ વર્ષમાં ઓછામાં ઓછી ૧૦ મિલિયન લોકો માટે રોજગારી પેદા કરવી.

૪. ઇન્ડિયન એફટીએ સાથે યુરોપિયન યુનિયન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સાથે વાટાઘાટોમાં ગતિ લાવવી.

૫. જો, અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવી હોય તો હાલમાં જ્યાં વિયેતનામ જેવા દેશોને ટીપીપીને કારણે લાભ થાય છે ત્યાં, ભારતે ખાસ કરીને વસ્ત્રો બાબતમાં પોતાની પ્રોડક્ટ્સમાં વિધીકરણ લાવવાની જરૂર છે.

૬. રોકાણો અને સીધાં વિદેશી મૂડી રોકાણમાં વધારો કરવો.

૭. ઉત્પાદનમાં તમામ સ્તરે ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય ધોરણો જાળવવાની આવશ્યકતા છે.

૮. તાલીમ, કૌશલ્ય નિર્માણ અને વહીવટી ક્ષમતા દાખવીને તથા કામદાર વર્ગને જાળવી રાખીને ઉત્પાદકતા વધારવી.

**શ્રી આર. કે. દાલમીયા ધ કોટન ટેકસટાઈલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન છે.**
Email: ed@texprocil.org; info@texprocil.org

# 2016-17માં કાપડ ઉદ્યોગની તરાહો

અંજુ મોદી



*એ બાબત અત્યંત સ્પષ્ટ છે કે આપણી ડિઝાઈનનું સૌંદર્ય સમયથી પર એવો વારસો ધરાવે છે, પણ આજની દુનિયામાં જ્યારે સાંસ્કૃતિક અને ડિઝાઈનની સરહદો વધુ ને વધુ પ્રવાહી બનતી જાય છે ત્યારે ભારતીય ડિઝાઈનરોએ પરંપરાગત અભિગમો અંગેનું પુનઃવિશ્લેષણ અને પુનઃસંશોધન કરવાની તથા તેના મૂળ સત્ત્વ અંગે સમાધાન કર્યા વગર આપણાં કાપડ અને વસ્ત્રોને દુનિયાભરમાં પ્રચલિત કરવાની જરૂર છે. આ કારણે મને મારી ડિઝાઈનોમાં હેન્ડલૂમના કાપડ અને પરંપરાગત સરફેસ ટ્રીટમેન્ટનો મહત્તમ ઉપયોગ કરવાની ઈચ્છા થાય છે, પણ તેને આધુનિક સૌંદર્ય સાથે સમન્વય કરીને વર્તમાન સમય સાથે અપનાવવાની ઈચ્છા રહે છે.*

પરિસ્થિતિની એ વક્રતા છે કે હું જ્યારે જ્યારે પણ આગળની તરફ ચાલુ છું ત્યારે ભૂતકાળ તરફ નજર નાખવાની ફરજ પડે છે. મને જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી આ દેશના અદ્‌ભુત સાંસ્કૃતિક વારસાથી મને અત્યંત પ્રેરણા મળી છે અને તેના સૌંદર્ય અને વૈવિધ્યને આત્મસાત્ કરીને જાળવવા માટે આકર્ષણ ઊભું થયું છે. મારા જીવનનાં છેલ્લાં ૨૫ જેટલાં વર્ષો દરમિયાન આ કારણે દેશમાં વિવિધ સ્થળે મેં અદ્‌ભુત પ્રવાસ ખેડ્યા છે અને દૂર દૂરનાં ગામો અને સમુદાયોને મળી છું, જેનાથી મને કાપડના વણાટની પરંપરાગત ટેક્નિક અને કસબીઓ પાસેથી વણાટ અને ડિઝાઈન- પાયાનું વણાટ, વેજિટેબલ ડાઈંગ, બ્લૉક પ્રિન્ટિંગ અને ભરતગૂંથણની ટેક્નિકના નવા અને ઉભરતા પ્રવાહો અંગે જાણવા મળ્યું છે.

એ બાબત અત્યંત સ્પષ્ટ છે કે આપણી ડિઝાઈનનું સૌંદર્ય સમયથી પર એવો વારસો ધરાવે છે, પણ આજની દુનિયામાં જ્યારે સાંસ્કૃતિક અને ડિઝાઈનની સરહદો વધુ ને વધુ પ્રવાહી બનતી જાય છે ત્યારે ભારતીય ડિઝાઈનરોએ પરંપરાગત અભિગમો અંગેનું પુનઃવિશ્લેષણ અને પુનઃ સંશોધન કરવાની તથા તેના મૂળ સત્ત્વ અંગે સમાધાન કર્યા વગર આપણાં કાપડ અને વસ્ત્રોને દુનિયાભરમાં પ્રચલિત કરવાની જરૂર છે. આ કારણે મને મારી ડિઝાઈનોમાં હેન્ડલૂમના કાપડ અને પરંપરાગત સરફેસ ટ્રીટમેન્ટનો મહત્તમ ઉપયોગ કરવાની ઈચ્છા થાય છે; પણ તેને આધુનિક સૌંદર્ય સાથે સમન્વય કરીને વર્તમાન સમય સાથે અપનાવવાની ઈચ્છા રહે છે.

આથી ૨૦૧૬-૧૭ની ટેક્સ્ટાઈલ માટેની ભવિષ્યવાણી એ હોઈ શકે કે ગતિશીલ બનો, જૂનાનો નવા સાથે સમન્વય કરો અને ક્લાસિક ઈન્ડિયન થિમ્સ અને ડિઝાઈનનું નવેસરથી અર્થઘટન કરો. અહીં ટેક્સ્ટાઈલ ડિઝાઈનના કેટલાક પ્રવાહો દર્શાવાયા છેઃ

રંગો - આપણો દેશ રંગોનો પર્યાય ગણાય છે અને ૨૦૧૬-૧૭માં રંગોની સમૃદ્ધિને બિરદાવવાનું ચાલુ રહ્યું છે. ભારતીય ડિઝાઈનો હંમેશાં કુદરતથી વ્યાપકપણે પ્રેરાયેલી હોવાનું જણાય છે. ૨૦૧૬-૧૭માં પાંદડાનો લીલા રંગ અને કમળનો ગુલાબી રંગ તથા ધરતીનાં અન્ય તત્ત્વો જેવા કે રંગીન માટી, મધ/કેરેમલ વગેરે છવાયેલા રહેશે. આનંદ અને ઉત્સાહનો મૂડ છે. આ રંગોની બાબતમાં કોઈ એક જ રંગનું



વર્ચસ્વ (મોનોક્રોમ) કાપડના રંગોમાં પરાપૂર્વથી સ્થાન ધરાવે છે.

સામગ્રી : ફિલ્મ બાજીરાવ મસ્તાની માટે કોસ્ચ્યુમ ડિઝાઈન અંગે સંશોધન કરાયું ત્યારે હું ૫૦૦ કાઉન્ટની ખાદી ઉપર વારી ગઈ હતી અને આપણા દેશના અદ્ભુત કસબથી મારા આ અચરજને બળ મળ્યું. ખાદીનો ઉપયોગ વસ્ત્રોમાં અદ્ભુત રીતે નવેસરથી શરૂ થયો છે અને હવે તે વધુ ને વધુ ગમતું કાપડ બન્યું છે. વર્ષ ૨૦૧૬-૧૭માં નરમ કાપડનો ટ્રેન્ડ રહેશે, પણ તેનું ફિનિશ પ્રાકૃતિક સ્વરૂપનું રહેશે. સુતરાઉ અને રેશમી અથવા તો સુતરાઉ અને વિસ્કોસ જેવા બ્લેન્ડેડ યાર્નની લોકપ્રિયતા ચાલુ રહેશે; કારણ કે તેની ટેક્નિકમાં જૂના હેન્ડલૂમના વણાટની મજબૂતી અને ટકાઉપણું છે, જે વર્તમાન સમયમાં પણ ટકી રહ્યું છે તથા વૈવિધ્યતા ધરાવે છે. ભૂતકાળને વર્તમાનમાં લાવવા ઉપર ધ્યાન અપાશે અને જૂના સમયના કાપડને આધુનિક સ્પર્શ મળતાં મજબૂત સ્થાન હાંસલ થશે. ૨૦૧૬-૧૭માં 'મિલેંગે' (Melange) ટોચ ઉપર રહેશે અને વિવિધ પ્રકારના રંગીન ફાયબરના મિશ્રણ વડે તૈયાર કરાયેલી ઈફેક્ટથી ખૂબ જ કૂલ અને કેજ્યુઅલ ગાર્મેન્ટ બની રહેશે.



ડિઝાઈન : વર્તમાનની સાથે સાથે પૌરાણિક પ્રતીકો, ભૌમિતિક ચોકડી (checks) અથવા સ્ટ્રાઈપ(પટ્ટા)ની તરાહ ૨૦૧૬-૧૭માં ચાલુ રહેશે. કુદરતમાંથી પ્રતીકો પસંદ કરાશે. જેમાં શિકારીની જાળ, ભારતીય પક્ષીઓ જેવાં કે મોર અને પોપટ, ફૂલ અને કુદરતના અન્ય તત્ત્વો ડિઝાઈનના પ્રવાહમાં મજબૂત બની રહેશે. ખૂબ જ પ્રચલિત થયેલી સાંગાનેરી, બાગરૂ, અજરખ જેવી પેટર્નની લોકપ્રિયતા ચાલુ રહેશે અને તે ગાર્મેન્ટથી માંડીને એસેસરીઝ તથા હોમ ફર્નિશિંગમાં પણ દરેક સ્થળે જોવા મળશે. ક્લાસિક અને ભપકાદાર ડેકોરેટિવ તત્ત્વો પર ભાર મૂકીને આધુનિક વૈશ્વિક અને સૌંદર્યલક્ષી ઘટકોનું પુનઃ વિશ્લેષણ કરાશે.

**અંજુ મોદી ફેશન ડિઝાઈન કાઉન્સિલ ઑફ ઈન્ડિયામાં સ્થાપક સભ્યોમાંના એક છે.**
**Email: anjumodi@anjumodi.com**

# ભારતનો શણ ઉદ્યોગ : સમસ્યાઓ અને ભાવિ વિકાસ

ડૉ. રમા શાહ



*શણ ઉદ્યોગ ? ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારત શણ અને શણની બનાવટોનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે એટલું જ નહિ બાંગ્લાદેશ પછીનો બીજા નંબરના નિકાસકાર દેશ તરીકે ભારતની ગણના થાય છે. શણ ઉદ્યોગ લગભગ ૦.૩૭ લાખ લોકોને પ્રત્યક્ષ રોજગારી પૂરી પાડે છે અને આસપાસના ચાર મિલિયન ખેડૂતો ?? આજીવિકાનો આધાર શણ ઉદ્યોગ આપે છે. તેની ઢીલાશ, લંબાઈ, ચમક અને તેના રેશાની એકરૂપતાને કારણે તેની મોટા પ્રમાણમાં માંગ છે. કપાસ પછીની બીજા નંબરની સૌથી મોટી શણની બનાવટો તેની વૈવિધ્યતાને કારણે છે. ચટાઈ, પડદા, ખુરશી, કાર્પેટ, કાપડમાં વણાયેલાં કંતાન, સૂતરી, દોરડા, દોરડા બનાવાનું સસ્તું કાપડ, કેનવાસ, બેઠકની ગાદી ઘર નું રાચરચીલું, ચપ્પલ વગેરે શણની બનાવટોની દેશવિદેશમાં ઘણી મોટી માંગ છે.*

શણ ઉદ્યોગ ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારત શણ અને શણની બનાવટોનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે એટલું જ નહિ બાંગ્લાદેશ પછીના બીજા નંબરના નિકાસકાર દેશ તરીકે ભારતની ગણના થાય છે. શણ ઉદ્યોગ લગભગ ૦.૩૭ લાખ લોકોને પ્રત્યક્ષ રોજગારી પૂરી પાડે છે અને આસપાસના ચાર મિલિયન ખેડૂતોને આજીવિકાનો આધાર શણ ઉદ્યોગ આપે છે. તેની ઢીલાશ, લંબાઈ, ચમક અને તેના રેશાની એકરૂપતાને કારણે તેની મોટા પ્રમાણમાં માંગ છે. કપાસ પછીની બીજા નંબરની સૌથી મોટી શણની બનાવટો તેની વૈવિધ્યતાને કારણે છે. ચટાઈ, પડદા, ખુરશી, કાર્પેટ, કાપડમાં વણાયેલાં કંતાન, સૂતળી, દોરડા, દોરડા બનાવવાનું સસ્તું કાપડ, કેનવાસ, બેઠકની ગાદી ઘરનું રાચરચીલું, ચપ્પલ વગેરે શણની બનાવટોની દેશવિદેશમાં ઘણી મોટી માંગ છે.

**શણ અને મેષ્ટા હેઠળનો વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા**

ભારતમાં વર્ષ ૨૦૦૪-૦૫થી ૨૦૧૪-૧૫ દરમિયાન શણ અને મેષ્ટા હેઠળનો વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા કોષ્ટક ૧માં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧ : શણ અને મેષ્ટા હેઠળનો વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા (૨૦૦૪-૦૫ થી ૨૦૧૪-૧૫)**

| વર્ષ | વિસ્તાર (લાખ હેક્ટર) | ઉત્પાદન (મિલિયન બેલ્સ) | ઉત્પાદકતા (કિલોગ્રામમાં) |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૯.૨ | ૧૦.૩ | ૨૦૧૯ |
| ૨૦૦૫-૦૬ | ૯.૦ | ૧૦.૮ | ૨૧૭૩ |
| ૨૦૦૬-૦૭ | ૯.૪ | ૧૧.૩ | ૨૧૭૦ |
| ૨૦૦૭-૦૮ | ૯.૬ | ૧૧.૨ | ૨૧૦૨ |
| ૨૦૦૮-૦૯ | ૯.૦ | ૧૦.૪ | ૨૦૭૧ |
| ૨૦૦૯-૧૦ | ૯.૧ | ૧૧.૮ | ૨૩૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૮.૭ | ૧૦.૬ | ૨૧૯૨ |
| ૨૦૧૧-૧૨ | ૯.૦ | ૧૧.૪ | ૨૨૬૮ |
| ૨૦૧૨-૧૩ | ૮.૬ | ૧૦.૯ | ૨૨૮૧ |
| ૨૦૧૩-૧૪ | ૮.૫ | ૧૧.૬ | ૨૪૪૯ |
| ૨૦૧૪-૧૫ | ૮.૨ | ૧૧.૩ | ૨૫૦૫ (અંદાજિત) |

પ્રાપ્તિસ્થાન : Ministry of Agriculture

કોષ્ટક ૧ દર્શાવે છે કે વર્ષ ૨૦૦૪-૦૫માં શણ અને મેષ્ટા હેઠળનો વિસ્તાર ૯.૨ લાખ હેક્ટર હતો જે ઘટીને ૨૦૧૪-૧૫માં ૮.૨ લાખ હેક્ટર થયો છે. આજ સમય દરમિયાન શણ અને મેષ્ટાનું કુલ ઉત્પાદન અને હેક્ટરદીઠ ઉત્પાદકતામાં વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૦૪-૦૫માં શણ અને મેષ્ટા હેઠળનું ઉત્પાદન અને ઉત્પાદકતા અનુક્રમે ૧૦.૩ મિલિયન બેલ્સ અને ૨૦૧૯ કિલોગ્રામ હતું જે વધીને આ પ્રમાણ ૨૦૧૪-૧૫માં અનુક્રમે ૧૧.૩ મિલિયન બેલ્સ અને ૨૫૦૫ કિલોગ્રામ થયું છે. આમ શણ અને મેષ્ટા હેઠળ વિસ્તારમાં ઘટાડો થયો છે જ્યારે ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થયો છે.

**શણ ઉદ્યોગની સમસ્યાઓ**

ભારતમાં શણ ઉદ્યોગ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે અને શણ મિલો ભાગ્યે જ તેમની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. શણ ઉદ્યાગની સમસ્યાઓ આ પ્રમાણે છેઃ

- કાચા શણની તંગી
- ભારતમાં શણના માલનો ઊંચો ખર્ચ
- બિનકાર્યક્ષમ અને બિનલાભપ્રદ એકમો માટે ઊંચી કિંમત
- શણ ઉદ્યાગમાં કિંમત નીચી મળતી હોવાથી આ ઉદ્યાગને વિકસાવવા માટે ઉધોગપતિઓ મૂડી રોકાણ કરવા માટે હિચકિચાટ અનુભવે છે.
- શણ ઉદ્યોગ દ્વારા ઉત્પન્ન થતી વસ્તુઓની માંગ આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટતી જાય છે તેથી આ ઉદ્યોગને પ્રોત્સાહન મળતું નથી.
- ઘણાબધા દેશોમાં શણની અવેજીમાં વપરાતી વસ્તુઓ (જેવી કે પ્લાસ્ટિક અથવા તો સિન્થેટિક ફાઈબર જે સસ્તું મળે છે) તેની પસંદગી કરતા હોવાથી શણની માંગમાં ઘટાડો થયો છે.
- બ્રાઝીલ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, ઈજીપ્ત વગેરે દેશોમાં શણ ઉદ્યોગનો ઉત્પાદન ખર્ચ ભારતની સરખામણીમાં ઓછો છે તેથી ભારતે સખત હરીફાઈનો સામનો કરવો પડે છે.
- શણએ રોકડિયો પાક હોવા છતાં ખેડૂતોને તેમાંથી નફો ઓછો થતો હોવાથી હવે ખેડૂતો શણની જગ્યાએ ડાંગરના પાક તરફ વળ્યા છે.
- શણની ખેતી કરનાર ખેડૂતને બિયારણ ઊંચી કિંમતે ખરીદવું પડે છે.
- ધિરાણની સમસ્યા.

**ભાવી વિકાસની સંભાવનાઓ**

શણ અને શણની બનાવટોમાં બાંગ્લાદેશ પછીનો બીજા નંબરનો નિકાસકાર દેશ ભારત છે. આ ઉદ્યોગ ઘણીબધી સમસ્યાઓનો સામનો કરી રહ્યો હોવા છતાં શણ ઉદ્યોગના વિકાસ માટે ભાવિ સંભાવનાઓ દેશમાં રહેલી છે એ માટે :

- કાચા શણની ઉત્પાદકતામાં વધારો કરવા માટે પ્રોત્સાહન અથવા વધુ સારી માર્કેટિંગ અને ભાવસ્થરીકરણ કરવા માટેની વ્યવસ્થા હાથ ધરવી.
- શણની ગુણવત્તા સુધારવા માટે અભ્યાસ અને સંશોધનોને પ્રોત્સાહન આપવા ગ્રેડિંગ અને પૅકેજિંગ તકનિકો અપનાવવી.
- શણ ઉદ્યોગની માંગ માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ઉત્પાદન, સ્પોન્સર, સહાય સંકલન, વૈજ્ઞાનિક તકનિક, પ્રોત્સાહિત સામગ્રી, સાધનો, ઉત્પાદન પદ્ધતિઓ, ઉત્પાદન સબંધિત બાબતોમાં શોધ અને નવી સામગ્રી સાધનોનો વિકાસ કરવો જેથી શણ ઉદ્યોગનો વિકાસ થઈ શકે.
- જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવી
- શણ ઉદ્યોગના સાહસિકો, કલાકારો, ડિઝાઈનર્સ, ઉત્પાદકો, નિકાસકારો, બિનસરકારી એજન્સીઓ, ટેક્નિકલ માર્ગદર્શન અને તાલીમ સહિતના પ્રોજેક્ટ, ઉદ્યોગ સાહસિક વિકાસકાર્યક્રમોનું આયોજન, અને અમલ પ્રદર્શનો સહિત બજાર પ્રોત્સાહનની વ્યૂહ રચના આપનાવવી.


**સમીક્ષા :**

વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ દરમિયાન શણ ઉદ્યોગની દેશની નિકાસ અને આયાતના વલણો જોઈએ તો દેશની કુલ શણની નિકાસ ૧૬૧.૭ મેટ્રિક ટન (રૂા.૧૮૧૩.૮ કરોડ) અને આયાત આ જ વર્ષમાં ૧૭૮.૩ મેટ્રિક ટન (રૂા. ૭૦૩.૯) થઈ હતી. આમ શણ ઉદ્યોગની નિકાસોનું પ્રમાણ વધુ છે. ખેડૂતોને પણ શણ ઉદ્યોગમાંથી વધુ નફો થાય અને આ ઉદ્યોગનો વધુ વિકાસ થાય એ હેતુથી ભારત શણ કોર્પોરેશન (JCI) સરકારના ભાવ સપોર્ટ એજન્સી દેશમાં કાર્યરત છે. જ્યૂટ ટેકનૉલૉજી મિશન (JTM) ભારત સરકારે શણ ઉદ્યોગના વિકાસ માટે અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ કરેલ છે. જેથી શણ ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારો, શણ ઉદ્યોગ સાહસિકો અને અન્ય શણ ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓમાં વૈવિધ્યતા અને ઉન્નત સ્તરના લાભો મળી રહે તે હેતુ ધ્યાનમાં રાખીને આ મિશન માટે (JTM) સરકારે રૂા. ૬૦૦ કરોડની ફાળવણી કરી છે. આ ઉપરાંત (JCI) ભારત શણ કૉર્પોરેશન સબસિડી પણ પૂરી પાડે છે.

**ડૉ. રમા જે. શાહ**
**આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધનસુરા (જિ. સાબરકાંઠા)માં પ્રાધ્યાપક છે.**

# સરદાર વલ્લભભાઈ પટેલ અને બારડોલી સત્યાગ્રહ

ઉર્વીશ કોઠારી



*બારડોલી સત્યાગ્રહનો મુખ્ય હેતુ હતો : જમીન મહેસૂલમાં થયેલા અન્યાયી વધારાનો વિરોધ. એ વિશે સરદારે તેમની ચરોતરી છટામાં કહ્યું હતું:'આ લડત અંગ્રેજનું રાજ્ય ઉથલાવવા માટે છે એવું કોઇ કહેતું હોય તો તેને અક્કલ જ નથી. જે વખતે અમે હિંદુસ્તાન દેશમાં લડી મરીએ છીએ તે વખતે અમે રાજ્ય લઈએ તો પણ ભાગોળે જઈને પાછું આવવું પડે.' બારડોલીની લડતની સરદારી લેતા પહેલા, વલ્લભભાઈએ લડતના મૂળ મુદ્દાનું વાજબીપણું ચકાસી લીધું. તકરારના કેન્દ્રસ્થાને હતો નવો મહેસૂલવધારો. અંગ્રેજી રાજમાં દર ૩૦ વર્ષે મહેસૂલના નવા દર નક્કી થતા હતા એ રિવાજ મુજબ, ૧૯૨૭માં બારડોલી તાલુકાનાં ગામો માટે ૨૨ ટકાનો વધારો જાહેર થયો !*

ઇતિહાસમાં વલ્લભભાઈને સરદારનું બિરુદ અપાવનાર તરીકે ઓળખાયેલો બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮) દાંડીકૂચ પહેલાનો સૌથી વધુ ગાજેલો અને ગૂંજેલો સત્યાગ્રહ હતો. તેની સફળતાથી બે નવા શબ્દપ્રયોગો જન્મ્યા : 'ખેડૂતોના સરદાર' અને 'બારડોલીકરણ'. પહેલો શબ્દપ્રયોગ (થોડા ફેરફાર સાથે) વલ્લભભાઈના વ્યક્તિત્વ સાથે અભિન્નપણે જોડાઈ ગયો; ને બીજો, રાબેતા મુજબ સમય જતાં ભૂંસાઇ ગયો.

કેવો હતો બારડોલી સત્યાગ્રહનો મહિમા, જેની 'વીરભૂમિ બારડોલી' તરીકે નોંધ લેતાં વિખ્યાત સાહિત્યકાર મુન્શી પ્રેમચંદે લખ્યું હતું, 'ધન્ય છે તમને, બારડોલીના વીરો! સશસ્ત્ર સંગ્રામમાં એક સમયે જેમ ચિત્તોડે યશ મેળવીને ભારતનો ચહેરો ઉજાળ્યો હતો, એવો જ યશ બારડોલીના લોકોએ અહિંસક સંગ્રામ દ્વારા હાંસલ કર્યો છે. સિદ્ધાંત ખાતર સર્વસ્વનું બલિદાન આપવાના આવા દાખલા ઇતિહાસમાં ભાગ્યે જ મળે. ('હંસ', નવેમ્બર, ૧૯૩૦)

બારડોલી સત્યાગ્રહનો મુખ્ય હેતુ હતો : જમીન મહેસૂલમાં થયેલા અન્યાયી વધારાનો વિરોધ. એ વિશે સરદારે તેમની ચરોતરી છટામાં કહ્યું હતું,'આ લડત અંગ્રેજનું રાજ્ય ઉથલાવવા માટે છે એવું કોઇ કહેતું હોય તો તેને અક્કલ જ નથી. જે વખતે અમે હિંદુસ્તાન દેશમાં લડી મરીએ છીએ તે વખતે અમે રાજ્ય લઈએ તોપણ ભાગોળે જઈને પાછું આવવું પડે.' બારડોલીની લડતની સરદારી લેતા પહેલાં, વલ્લભભાઈએ લડતના મૂળ મુદ્દાનું વાજબીપણું ચકાસી લીધું. તકરારના કેન્દ્રસ્થાને હતો નવો મહેસૂલવધારો. અંગ્રેજી રાજમાં દર ૩૦ વર્ષે મહેસૂલના નવા દર નક્કી થતા હતા. એ રિવાજ મુજબ, ૧૯૨૭માં બારડોલી તાલુકાનાં ગામો માટે ૨૨ ટકાનો વધારો જાહેર થયો.

વાંધો મહેસૂલ સામે નહીં, પણ તેમાં થયેલા આડેધડ વધારા સામે હતો. સરદારે કહ્યું હતું, 'આપણે સરકાર જોડે કજિયો બાંધવાની ખાતર આ લડત માંડી નથી. તેનું વાજબી લહેણું આપણે દૂધે ધોઈને ચૂકવી આપવું છે.' પણ 'વાજબી' એટલે કેટલું? સરકારનો વિરોધ કરવાનો લોકોનો જુસ્સો કેટલો ટકે? કેટલી ખુવારી એ લોકો વેઠી શકે? એ સવાલોના ખાતરીદાયક જવાબો માટે તેમણે સ્થાનિક કાર્યકરોની 'ઊલટતપાસ' લીધી. મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજ જેવા પોતાના સાથીદારોને પણ બારડોલી રવાના

કર્યા. તેમના તરફથી લોકોની તૈયારી વિશે હકારાત્મક અહેવાલો મળતા, ગાંધીજીના આશીર્વાદથી વલ્લભભાઈએ સત્યાગ્રહની આગેવાની લીધી.

સરદારની પાછળ ગુજરાતના જાણીતા કાર્યકર્તાઓ રવિશંકર મહારાજ, મોહનલાલ પંડ્યા અને દરબાર ગોપાલદાસ પણ બારડોલી પહોંચ્યા. તેમને તાલુકાની જુદી જુદી છાવણીઓના થાણેદાર નીમવામાં આવ્યા. ગાયકવાડના અંગત તબીબ ડૉ.સુમંત મહેતા અને ભૂતપૂર્વ ન્યાયાધીશ વયોવૃદ્ધ અબ્બાસ તૈયબજી પણ સત્યાગ્રહ પૂરતા હોંશેહોંશે 'થાણેદાર' બન્યા.'ચાર કા' તરીકે ઓળખાયેલા સ્થાનિક આગેવાનો કુંવરજી, કલ્યાણજી, ખુશાલજી અને કેશવજી આરંભથી સરદારની સાથે હતા. વહીવટી તંત્રની દૃષ્ટિએ બારડોલી સત્યાગ્રહ નમૂનેદાર ગણી શકાય. તેમાં વલ્લભભાઈની સંગઠન ઊભું કરવાની તાકાત અને તેની પરની પકડ જણાઈ આવી. કેટકેટલાં સક્ષમ વ્યક્તિત્વો બારડોલી સત્યાગ્રહ સાથે સીધી રીતે સંકળાયાં! સ્વામી આનંદે વલ્લભભાઈના મદદનીશ તરીકેનું કામ ઉપાડી લીધું. તેમના કાગળો અને ભાષણોના મુસદ્દા સ્વામી તૈયાર કરતા હોવાનું નોંધાયું છે. સત્યાગ્રહને લગતી પત્રિકાઓ અને બીજું સાહિત્ય તૈયાર કરવાની જવાબદારી ગુજરાતીમાં જુગતરામ દવેએ અને અંગ્રેજીમાં પ્યારેલાલ નાયરે ઉપાડી. લડતનાં ગીતો-કવિતાઓનો વિભાગ રામનારાયણ ના. પાઠક અને કવિ ફૂલચંદ શાહે સંભાળ્યો. મણિબહેન પટેલ ઉપરાંત મીઠુંબહેન પીટીટ, ડૉક્ટર સુમંત મહેતાનાં પત્ની શારદાબહેન મહેતા અને દરબાર ગોપાળદાસનાં પત્ની ભક્તિબા જેવાં બહેનોએ સક્રિય મહિલા આગેવાની પૂરી પાડી.

૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૮થી સત્યાગ્રહ શરૂ થયો. તેમાં બારડોલી તાલુકાનાં સ્ત્રી-પુરુષોએ ભારે હિંમત અને ધીરજ બતાવ્યાં. ખેડૂત માટે સ્વજનથી પણ વધીને ગણાય એવાં જમીન અને ઢોરઢાંખર જપ્ત થયા પછી પણ તે ઢીલા પડ્યા નહીં. રવિશંકર મહારાજ બારડોલી સત્યાગ્રહના પહેલા કેદી બન્યા. ત્યાર પછી ધરપકડોનો દોર ચાલ્યો, પણ લોકો બલિદાન માટે તૈયાર હતા. મુન્શી પ્રેમચંદે સત્યાગ્રહના માહોલનું વર્ણન કરતાં લખ્યું હતું, 'આજે બારડોલી ઉજ્જડ છે. ચોતરફ ધૂળ-રાખ ઊડે છે. આદર્શ ખાતર જાન કુરબાન કરનારા ત્યાંના લોકો બધું છોડીને આજુબાજુનાં રજવાડાંમાં વસ્યા છે. એમ ન માનશો કે તેમની દશા ઉત્તર ભારતના ગરીબ ખેડૂતો જેવી છે. એ લોકો નાના જમીનદારો છે. ઘણા લોકો વર્ષે હજારો રૂપિયા કમાય છે... છતાં સિદ્ધાંત ખાતર તેમણે બધું હોમી દીધું છે.'

બારડોલી સત્યાગ્રહના ટેકામાં કેટલાક સભ્યોએ પોતપોતાની લાગણી મુજબ ધારાસભામાંથી રાજીનામાં આપ્યાં. તેમાં કનૈયાલાલ મુન્શી ઉપરાંત, નજીકના ભવિષ્યમાં સરદારના આકરા ટીકાકાર બનનારા કે. એફ. નરીમાન પણ સામેલ હતા. સરદારના મોટા ભાઈ અને કેન્દ્રીય ધારાસભાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે જૂન, ૧૯૨૮થી લડત ચાલે ત્યાં સુધી મહિને રૂ.૧,૦૦૦ સત્યાગ્રહ માટે મોકલવાનું જાહેર કર્યું. લડતનાં આર્થિક પાસાંનો ઉલ્લેખ કરીને, દાન માટે આડકતરી ટહેલ નાખતાં, ૯ મે, ૧૯૨૮ના 'નવજીવન'માં વલ્લભભાઈએ લખ્યું, ''આજ સુધી લડતનું ખરચ તાલુકાની પ્રજાએ જ ઉપાડી લીધેલું છે. બારડોલી બહારથી તો માત્ર રૂ.૨,૨૨૬-૪-૦ (રૂ. બાવીસસો છવ્વીસ અને ચાર આના) જેટલી રકમ ભેટ મળેલી છે. તાલુકામાંથી રૂ.૧૦,૨૨૭-૧૩-૦ મળ્યા છે. આજ સુધીમાં ઉપજ અને ખરચ લગભગ સરખું થયેલું છે, પરંતુ હવે ખરચ વધતું જાય છે અને સરકારની સખતાઈને પહોંચી વળવા દિવસે દિવસે ખરચ વધતું જ જવાનું. હજુ સુધી જાહેર અપીલ કરીને બહારથી મદદ માગી નથી. બહારથી જે મદદ મળશે તેનો આભાર સાથે સ્વીકાર કરીને, 'નવજીવન'માં તેની પહોંચ સ્વીકારવામાં આવશે.'' ૧૨ જૂન આખા દેશમાં 'બારડોલી દિન' તરીકે ઊજવાયો. કાર્યકર્તાઓ અને નેતાઓના પ્રયાસોથી ટૂંક સમયમાં બારડોલી માટેનો ફાળો રૂ.૨ લાખ સુધી પહોંચ્યો.


વલ્લભભાઈ બારડોલીને દોરતા હતા, ત્યારે ગાંધીજી દૂરથી તેમનું નિરીક્ષણ કરતા હતા. સરદારને તેમણે કહી રાખ્યું હતું, 'મારી હાજરી તમારા ખિસ્સામાં સમજજો. 'વલ્લભભાઈની ધરપકડની શક્યતા ઊભી થતાં ૨ ઑગષ્ટે તે બારડોલી પહોંચ્યા- 'સરદાર'ના 'ગુરૂ' તરીકે નહીં, પણ 'બદલીનેતા' તરીકે. સરકારે વલ્લભભાઈની ધરપકડ ન કરી, એટલે ગાંધીજીને નેતાગીરી લેવાનો વખત આવ્યો નહીં. લગભગ છ મહિનાની લડત પછી, અંગ્રેજ સરકારને નમતું જોખવું પડ્યું. કેદી સત્યાગ્રહીઓને છોડી મૂકવાની,

મહેસૂલવધારા માટે તપાસસમિતિ નીમવાની, જપ્ત કરેલી મિલકતો પાછી આપવાની અને સત્યાગ્રહના ટેકામાં રાજીનામાં આપનારા પટેલો- તલાટીઓને પાછા નોકરી પર લેવાની શરતો સરકારે માન્ય રાખી.

૯ ઑગષ્ટ, ૧૯૨૮ના રોજ બારડોલી સત્યાગ્રહ સમાપ્ત થયો. સરકારે નીમેલી બ્રૂમફિલ્ડ-મેક્સવેલ સમિતિએ તપાસને અંતે ૨૨ ટકાનો (રૂ.૧,૮૭,૪૯૨નો) વધારો ગેરવાજબી ઠરાવ્યો. મહેસૂલવધારાની નવી રકમ રૂ.૪૮,૬૪૮ની કરવામાં આવી. એટલે કે, મહેસૂલવધારો ૨૨ ટકાને બદલે ૫.૭ ટકા જેટલો થયો.

સત્યાગ્રહ વખતે સરદારે બારડોલીના લોકોને પાનો ચડાવતાં કહ્યું હતું, 'તમેડરી ડરીને સુંવાળા થઈ ગયા છો. તમને તકરાર ટંટો કરતાં આવડતાં નથી... અન્યાયની સામે થવાની ચીડ પણ આપણામાં ન રહે એવા સુંવાળા ન થઈ જવું જોઈએ. એ તો બીકણપણું છે. આ તાલુકામાં રાતના બારએક વાગ્યે હું ફરું છું, પણ મને કોઈ 'કોણ' એમ પૂછતું નથી. રવિશંકર (મહારાજ) તો કહે છે કે, આ તાલુકાનાં ગામોમાં અજાણ્યાને કૂતરું પણ ભસતું નથી અને ભેંસ શિંગડું મારવા પણ આવતી નથી. આ તમારી અસરાફી જ તમને નડી છે.'

તો 'બારડોલીનો ચમત્કાર' કેવી રીતે શક્ય બન્યો? ગાંધીજીએ આપેલી સમજૂતી પ્રમાણે, 'વલ્લભભાઈએ તેમને (બારડોલીના લોકોને) સમજાવ્યું કે ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડનાર પર ઈશ્વર રુઠશે, રાજા પણ એની રક્ષા નહિ કરી શકે. એ ધર્મવાટે એમણે સ્ત્રીઓમાં પણ જાગૃતિ આણી... તેઓ (વલ્લભભાઈ) લોકોને એક કરી શક્યા તો તે રામનામથી. એમના સ્વયંસેવકો 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂનમાં લોકોને તલ્લીન કરી દેતા. વલ્લભભાઈ લોકોને સમજાવી શક્યા કે જે ઈશ્વરને નામે આપણે પ્રતિજ્ઞા લીધેલી છે તેને દગો ન દઈએ...જો આપણે અભણ પ્રજામાં કામ કરવું હોય... તેમની સેવા કરવી હોય, તેમને સ્વરાજ્યવાદી એટલે કે રામરાજ્યવાદી બનાવવા હોય, તો તે ધર્મજાગૃતિની મારફતે જ થઈ શકશે એમ એમણે (વલ્લભભાઈએ) જોયું. જો કોઇ વલ્લભભાઈએ બારડોલીમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ કરીને છપાવે તો તે ધર્મનાં વ્યાખ્યાનોનો સંગ્રહ થઈ જશે...લોકોને પોતાની શક્તિનું ભાન કરાવતાં કરાવતાં વલ્લભભાઈને ધર્મજાગૃતિ વિશેષ થઈ. એમનામાં ધર્મજાગૃતિ નહોતી એમ નહિ, પણ ધર્મ કેવી ચમત્કારી વસ્તુ છે તે એઓ બારડોલીમાં શીખ્યા.'



*Dr. Sumant Maheta- Thakkarbapa and other workers*

બારડોલીની લડતને ઈસવી સન પૂર્વે ૪૮૦માં થયેલી થર્મોપીલીની ઐતિહાસિક લડાઈ સાથે સરખાવવામાં આવી. પ્રાચીન ગ્રીસ અને પર્શિયા વચ્ચેની એ લડાઇમાં ગ્રીસના જૂજ સૈનિકોએ પર્શિયન સૈનિકોનાં ધાડાંને થર્મોપીલી(કે થર્મોપીલાઇ)ના સાંકડા વિસ્તારમાં જોરદાર ટર આપી હતી. પહેલી વાર એ સરખામણી અંગ્રેજ રેવન્યુ કમિશનર ઍન્ડરસને આપી, ત્યારે તેનો સંદર્ભ ખેડૂતોને ચેતવવાનો હતો. પાછળથી એ જ ઉપમા સંદર્ભ બદલીને સત્યાગ્રહીઓમાં પ્રચલિત બની. આખી અંગ્રેજ સલ્તનત સામે પડેલા બાથ ભીડનારા બારડોલીના થોડા હજાર સત્યાગ્રહીઓના સંદર્ભમાં એ ઉપમા બંધ બેસે. બાકી, ગદ્દારીથી જેનું પરિણામ પલટાઈ ગયું એ થર્મોપીલાઈની લોહિયાળ લડાઈ અને બારડોલીના અહિંસક સત્યાગ્રહ વચ્ચે વધારે સામ્ય શોધવું મુશ્કેલ છે.

**ઉર્વીશ કોઠારી જાણીતા પત્રકાર, લેખક, વ્યંગકાર અને પ્રકાશક છે. તેમનું પુસ્તક સરદાર : સાચો માણસ, સાચી વાત (૨૦૦૫) સરદારનાં જાણ્યાંઅજાણ્યાં પાસાં વિશે તાજગીસભર વિશ્લેષણ પૂરું પાડે છે.**

# હૅન્ડલૂમ સ્ટોલની ફાળવણી માટે ઓનલાઇન પોર્ટલ

નવી દિલ્હીમાં તાજેતરમાં કાપડ મંત્રાલય દ્વારા હેન્ડલૂમ સ્ટોલ ફાળવણી માટે એક ઓનલાઇન પોર્ટલ શરૂ કરાયું છે. આ પોર્ટલ વીવર ફ્રેન્ડલી પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જે હેન્ડલૂમ સ્ટોલ્સની ફાળવણીને સ્ટ્રીમલાઇન બનાવશે. ડેવલપમેન્ટ કમિશનર, હેન્ડલૂમ્સની કચેરી દ્વારા અંદાજે વાર્ષિક ૩૪૦ માર્કેટિંગ ઈવેન્ટ્સને સહયોગ કરવામાં આવે છે. નવું પોર્ટલ પારદર્શિતા, સરળ પ્રક્રિયા, સરળ ઉપલબ્ધતા અને નવા અરજદારો, વણકરો અને સંસ્થાઓને હેન્ડલૂમ ઉત્પાદનોના માર્કેટિંગ માટે સમાન તક પૂરી પાડશે તેવી અપેક્ષા સેવાય છે.

### ઓનલાઇન પોર્ટલ કેવી રીતે કામ કરશે ?

અગ્રણી અખબારોમાં જાહેરાત મારફત ઓનલાઇન અરજી મંગાવવામાં આવે ત્યારે વણકરો / સંસ્થાઓ ઓનલાઇન પોર્ટલ પર અરજી કરી શકશે. વણકરો / સંસ્થાઓ સૌપ્રથમ વખત ફાળવણી માટે અરજી કરવા નોંધણી કરાવી શકે છે. ત્યાર બાદ તેમનો ડેટાબેઝ સતત અપડેટ કરાશે. સિસ્ટમ તેમને અરજી રજૂ કરવા માટે એક લોગ-ઇન અને પાસવર્ડ ફાળવશે. નોંધણી કરાવ્યા બાદ તેઓ ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન અરજીઓ અરજદાર જે કાર્યક્ષેત્ર હેઠળ આવશે તે વીવર્સ સર્વિસ સેન્ટર (ડબ્લ્યુએસસી)ને આપમેળે મોકલાશે. ચોક્કસ સમયમાં ડબ્લ્યુએસસીસ દ્વારા અરજીઓની ચકાસણી કરાશે અને અરજદારને ચોક્કસ અરજીની ભલામણ નહીં કરવાના કારણોની જાણ કરાશે. ભલામણ કરવામાં આવેલા અરજદારોનાં નામ સિસ્ટમ દ્વારા કેન્દ્રીય સ્તરે એકત્ર કરાશે અને કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો માટે તૈયાર કરાશે. અરજદાર પોર્ટલ પર લોગ-ઇન કર્યા બાદ પોર્ટલમાંથી ફાળવણી પત્રની પ્રિન્ટઆઉટ લેવા સક્ષમ બનશે. ફાળવણી પત્રની પ્રિન્ટેડ નકલ સાથે તેઓ આયોજકોનો સંપર્ક સાધીને તેમને ફાળવાયેલો સ્ટોલ મેળવી શકે છે. વેબલિંક http://handloomstall.gov.in/HEMS/pages/hems_home.action મારફત પોર્ટલ એક્સેસ થઈ શકે છે.

### દેશમાં કુદરતી ગેસને પ્રોત્સાહન આપવા ગેસ ૪ ઇન્ડિયા અભિયાન

આ અભિયાનનો આશય દેશના ઊર્જા બાસ્કેટમાં ગેસનો હિસ્સો વર્તમાન ૯.૫ ટકાથી વધારવાનો છે. ગેસ ઉત્પાદન વધારવા ઉપરાંત સરકાર રાષ્ટ્રવ્યાપી ગેસ ગ્રીડને પ્રમોટ કરવા તથા ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માગે છે. ગેલે ગેસ ગ્રીડની ટેન્ડરિંગ પ્રક્રિયા પૂરી કરી દીધી છે અને પાઈપલાઇન બિછાવવાની વાસ્તવિક પ્રક્રિયા શરૂ કરી દેશે. સરકાર પણ કોલ બેડ મિથેનમાંથી સિન્થેટિક ગેસ પેદા કરવા અને બાયો-સીએનજી અને બાયો-પીએનજીને પ્રોત્સાહન આપવા આગળ વધી રહી છે. નવું એલએનજી ટર્મિનલ્સ પણ આવી રહ્યું છે. ભારતે તર્કસંગત ભાવે ગેસનો અવિરત પુરવઠો મેળવવા માટે વિદેશમાં અસ્ક્યામતો ખરીદી છે અને લાંબા ગાળાના કરાર કર્યા છે.

તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા ગેસ ૪ ઇન્ડિયા અભિયાનનો આશય દેશમાં ગેસના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ ક્ષેત્રમાં કામ કરતી જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓએ કુદરતી ગેસ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે હાથ મિલાવ્યા છે. ગેસ ૪ ઇન્ડિયા અભિયાન કુદરતી ગેસનો રાષ્ટ્રીય, સામાજિક, આર્થિક અને ઇકોલોજિકલ લાભ મેળવવા માટેનું એક અજોડ  ક્રોસ-કન્ટ્રી, મલ્ટીમીડિયા, બહુસ્તરીય અભિયાન છે. દેશના પ્રત્યેક નાગરિકને રાંધવા, પ્રવાસ, તેમના ઘરમાં લાઈટ્સ ઓન કરવા અને તેમના બિઝનેસીસમાં વીજળી પૂરી પાડવાના કોઈ પણ માર્ગમાં કુદરતી ગેસનો ઉપયોગ કરવા જાગૃત બનાવવાનો પણ આ અભિયાનનો આશય છે. આ અભિયાન માટે ટ્વીટર, ફેસબૂક, યુટ્યૂબ, લિંક્ડ-ઇન અને તેની સત્તાવાર બ્લોગ સાઈટ તેમ જ હાઈપર લોકલ સહિતના સોશિયલ નેટવર્ક્સનો ઉપયોગ કરાશે તેમ જ ચર્ચા- સેમિનાર્સ, વર્કશોપ્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમો મારફત ગ્રાહકો સાથે સીધો જ સંપર્ક પણ સધાશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી (રાજ્યકક્ષાના મંત્રી, સ્વતંત્ર હવાલો) શ્રી ધર્મેન્દ્ર પ્રધાને આ અભિયાનની વેબસાઈટ, ટ્વીટર હેન્ડલ, ફેસબૂક પેજ અને  થીમ ગીત લોન્ચ કર્યું હતું.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬
પોસ્ટિંગ તા. ૧ ઓક્ટોબર, ૨૦૧૬

**YOJANA (GUJARATI), October 2016** **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઇતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | | કુલ રૂ. ૨૪૭૮.૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | | |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: (O) 23287291
**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**